સુરેશ સોમપુરા

અઘોરીઓ સાથે પાંચ દિવસ



VISIT…

LANZAROTE Caliente.com

અઘોરીઓ સાથે પાંચ દિવસ

સુરેશ સોમપુરા

પ્રવીણ પબ્લિકેશન
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ - ૧
Website : www.pravinprakashan.com
E-mail : pravinprakashan@yahoo.com

AGHORIO SATHE PANCHA DIVAS
By : SURESH SOMPURA
Published by : PRAVIN PUBLICATION, RAJKOT - 1

અઘોરીઓ સાથે પાંચ દિવસ
અનુભવકથા

પ્રકાશક :
પ્રવીણ પબ્લિકેશન
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ - 360 001
ફોન : (0281) 2232460 / 2234602

આવૃત્તિ સાતમી : 2015
આવૃત્તિ છઠ્ઠી : 2013
આવૃત્તિ પાંચમી : 2009
આવૃત્તિ ચોથી : 1997
આવૃત્તિ ત્રીજી : 1991
આવૃત્તિ બીજી : 1978
આવૃત્તિ પહેલી : 1978

ISBN : 978-81-7790-208-2

કિંમત : રૂ. 160

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

અર્પણ

પ્રિય જિજ્ઞાસુ મિત્રોને
સ્વધર્મના સાથીઓને

મન મેરા પંખી ભયા, જહાં તહાં ઉડ જાય;
જહાં જૈસી સંગત કરે, તહાં તૈસા ફલ ખાય.

મન પંખી બીન પંખકા લખ જોજન ઉડ જાય;
મન ભાવે તાકો મિલે, ઘટમેં આન સમાય.

સાત સમુદ્ર કી ઈક લહર, મનકી લહર અનેક;
કોઈક હરિજન ઉબરા, ડૂબી નાવ અનેક.

મનકી હાર હાર હૈ મનકી જીતે જીત;
પરબ્રહ્મ જો પાઈએ, મનુષ્ય હોય અજીત.

મન સબ પર અસ્વાર હૈ, પેંડા કરે અનંત;
મન હી પર અસ્વાર હો, કોઉક બીરલા સંત.

- સંત કબીર

કથાની કથા

દરેક કથા પાછળ એક કથા રહેતી હોય છે. 'ચમત્કાર ને નમસ્કાર' પછી 'અઘોરીઓ સાથે પાંચ દિવસ' લખવાની શરૂ થઇ. 'ચમત્કાર' વખતે અને પુસ્તકમાં પણ મેં છાપ્યું હતું કે 'ચમત્કાર'નો ઉત્તરાર્ધ હું થોડા સમયમાં પ્રસિદ્ધ કરીશ, પણ એ શક્ય ન બન્યું, કારણ કે ચૈતન્યાનંદ પાસેથી પાછો ફર્યો અને અઘોરી પાસે ગયો તે દરમિયાન જે અનેક લોકો સાથે મારે 'સત્ય' અંગે ચર્ચા થઇ છે કે અનુભવો થયા છે તે પોતાના નામ અથવા તો 'ઓથેન્ટિક' કહી શકાય તેવા શબ્દોમાં પોતાનું મંતવ્ય આપવા તૈયાર ન હતા, એટલે એ વિચાર થોડો મોળો પડ્યો.

એ દરમિયાન મારા મિત્ર શિવાનંદની પ્રેરણાથી અઘોરીઓને મળવાનું થયું. એ અનુભવો લખવામાં પણ એ જ મુશ્કેલી હતી. સાચાં નામો અને સત્તાવાર રીતે પ્રસંગો વર્ણવવા મુશ્કેલ હતા. મેં શિવાનંદને મારી મુસીબત કહી. એણે તરત જ માર્ગ કાઢ્યો. 'સંકલ્પ કરો, સબ ઠીક હો જાયગા.'

અને મેં સંકલ્પ કર્યો. નોંધો પરથી જેમ-જેમ લખતો ગયો તેમ-તેમ એક નવી અનુભૂતિ થવા લાગી. પાંચ દિવસનો એ અનુભવ જાણે ફરીથી, વધુ યથાર્થતાથી, વધુ તીવ્રતાથી થવા લાગ્યો. એ અનુભવ જ જાણે વધુ સત્ય છે, એમ લાગવા માંડ્યું. શિવાનંદને થોડાં પ્રકરણો બતાવ્યાં. એમણે સંતોષ વ્યક્ત કર્યો. 'યહીં સત્ય કથા હૈ.'

અને પછી તો જાણે માર્ગ મળી ગયો. હું સત્યની વધુ ને વધુ નજીક જવા લાગ્યો. આંખેથી જોયું હતું અને કાનેથી સાંભળ્યું હતું તે કલ્પના સાથે એવું એકાકાર થયું કે નિકુંભઆનંદે જયારે એ લખેલું સાંભળ્યું ત્યારે એણે કહ્યું હતું: 'આપને તો શબ્દ-શબ્દ જૈસે ટેપ રિકાર્ડ કર લિયે હૈ'

સાપ્તાહિકોમાં એ હપ્તાવાર છપાવું શરૂ થયું અને વાચકોની ચાહનાનો નવો અનુભવ થયો. કેટલાક રોમાંચ માણતા હતા. કેટલાકે કહ્યું કે અમને ખૂબ ડર લાગે છે. હજારો વાચકો મારી જેમ જ સત્યનો સંગ માણી રહ્યા હતા. એક વાર બંધ થઈ ફરી ચાલુ થઈ, પૂરી થઈ અને હવે પુસ્તક-રૂપે બહાર આવી રહી છે. હજી પણ એક પ્રશ્ન તો અવારનવાર પુછાય છે, 'આમાં સત્ય કેટલું છે? આવું બધું હજી પણ બને છે? આવું બની શકે?'

જવાબ છે: 'હા, આ બધું જ સત્ય છે.'

ફક્ત સવાલ છે સત્યને પારખવાની તમારી શક્તિનો. પ્રસંગોની સત્યતામાં તમને રસ છે? એ તો ઇતિહાસ છે - એક નાટક - માયા.

સત્ય તો અનુભવો વલોવીને નવનીતની જેમ ભાવનામાં મેળવી શકાય. આ પુસ્તક વાંચ્યા પછી એક વાર શાંત ચિત્તે બેસીને બધું જ ભૂલી જવાનો પ્રયત્ન કરી જુઓ. બધા વિચારોને - મને - અઘોરીઓને યાદમાંથી ખંખેરી દો.

પછી બાકી જે રહેશે તે સત્ય હશે. આવો, એ સત્યને જાણવાનો-માણવાનો એક વાર ફરીથી આપણે પ્રયાસ કરીએ.

— સુરેશ સોમપુરા

(૨૬ ઑગસ્ટ, '૭૮)

ત્રીજી આવૃતિ પ્રસંગે

આ પુસ્તક પ્રગટ થયા પછી છેલ્લાં તેર વર્ષમાં મરાઠી ભાષામાં બે વાર, હિંદી ભાષામાં પણ અનેક વાર પ્રસિદ્ધ થયું છે.

કન્નડ અને મલયાલમ ભાષામાં પણ પ્રસિદ્ધ થયું છે.

આ પુસ્તકને આટલી સફળતા મળી એ બદલ આપ સહુનો આભાર માનવા સિવાય હું બીજું શું કરી શકું?

— સુરેશ સોમપુરા

૧ જૂન, ૧૯૯૧

લેખની અન્ય રચનાઓ

કાપાલિકોનાં જગતમાં	(૧૯૯૩)	ગુજરાતી
ઝંખના	(૧૯૬૮)	અપ્રાપ્ય - ગુજરાતી
- અને પછી?	(૧૯૬૯)	હિંદી - ગુજરાતી
ચમત્કારને નમસ્કાર	(૧૯૭૫)	હિંદી-મરાઠી (ગુજરાતી - ૨ આવૃત્તિ)
અઘોરીઓ સાથે પાંચ દિવસ	(૧૯૭૭)	હિંદી - મરાઠી - કન્નડ-મલયાલમ (ગુજરાતી - ૩ આવૃત્તિ)
અભય	(૧૯૭૯)	હિંદી-મરાઠી (ગુજરાતી-૨ આવૃત્તિ)
મંત્ર	(૧૯૮૨)	મરાઠી-ગુજરાતી-કન્નડ
કંપ	(૧૯૮૩)	ગુજરાતી-મરાઠી-કન્નડ
ચોથું પરિમાણ	(૧૯૮૪)	ગુજરાતી-હિંદી-મરાઠી-કન્નડ
સમિધા	(૧૯૮૪)	ગુજરાતી ૪થી આવૃત્તિ
સ્વધર્મ અને કલ્પનાયોગ	(૧૯૮૦)	ગુજરાતી
જૂઠ બોલે કૌઆ કાટે	(૧૯૮૫)	ગુજરાતી
જન્માંતર	(૧૯૮૭)	ગુજરાતી
મારી અનુભવકથા	(૧૯૯૧)	ગુજરાતી

પ્રકરણ ૧

'યુવદર્શન'ની અમારી ઑફિસના ટેબલ પર આવીને બેઠો. સામે ટેબલ પર ટપાલ અને પ્રૂફોનો ઢગલો પડ્યાં હતાં. અખબારો પર એક સરસરી નજર નાખી. કૌભાંડો, અકસ્માતો અને કાવાદાવાના સમાચારોથી મથાળાં ઊભરાતાં હતાં. ડિટેઈલમાં નિરાંતે વાંચવાનો વિચાર કરીને પ્રૂફ વગેરેનો નિકાલ કર્યો. ટપાલનાં પરબીડિયાં પરનાં સરનામાં વાંચ્યાં. કેટલાંકમાં વાર્તાઓ, લેખો હતાં તે એક બાજુ મૂક્યાં. એક વજનદાર અને જરા ચોળાયેલા કવર પરનું મોકલનારનું સરનામું અને અક્ષરો જોઈ આંખોમાં ચમક આવી ગઈ.

દત્તુને ચા લાવવાનું કહી મેં એ ચોળાયેલું કવર ખોલ્યું. પત્ર મારા મિત્ર સ્વામી શિવાનંદનો હતો. ઘણા દિવસે શિવાનંદનો પત્ર મળવાથી રોમાંચ અનુભવ્યો. રોમાંચ અનુભવવાનું એક કારણ બીજું પણ હતું. સ્વામી શિવાનંદને મેં તે સવારે જ યાદ કર્યા હતા. મારે મારા 'ચમત્કારને નમસ્કાર'નાં તૈયાર થયેલાં પ્રકરણો એમને બતાવવાં હતાં, પણ એ અલગારી માણસનું આ ભારતદેશમાં કોઈ નિશ્ચિત ઠેકાણું ન હોવાથી એમનો સંપર્ક ક્યાં સાધવો ? આ પત્રથી કમસેકમ મારી એ ચિંતા દૂર થશે એમ મને લાગ્યું.

મેં પત્ર વાંચવો શરૂ કર્યો. પત્ર હિંદીમાં હતો :

'પ્રિય સુરેશભાઈ,

ઘણા દિવસે પત્ર લખું છું. ગરમીના દિવસો દરમિયાન દક્ષિણ ભારતનાં ગામડાંઓમાં ભટકતો રહ્યો. થોડા જ દિવસથી હરદ્વાર આવ્યો છું.

પાંચેક વર્ષ પહેલાં આપણે જ્યારે બેલૂરમાં હતા ત્યારે આપે એક ઇચ્છા વ્યક્ત કરી હતી, એ તો આપને યાદ હશે જ.

ત્યારે આપે જણાવ્યું હતું કે આપ સાચા અઘોરીઓને મળવા ઇચ્છો છો; ત્યારે આપે એમ પણ કહ્યું હતું કે આપ અનેક કહેવાતા તાંત્રિકો, કાપાલિકો વગેરેને મળ્યા છો, પણ સાચેસાચા અઘોરીઓને ક્યારેય મળ્યા નથી. આપની જિજ્ઞાસુતાનો મને અંદાજ છે, એટલે એ વાત મારા મનમાં કોતરાઈ ગઈ હતી.

અચાનક જ ગઈ કાલે અહીં હરદ્વારમાં બાબા ભૈરવનાથ સાથે મેળાપ થયો. સાડા છ ફૂટની ઊંચાઈ, પડછંદ કાયા, ચહેરા પર શીતળાનાં ચાઠાં મોટી કાળી દાઢીમાંથી પણ ડોકિયાં કરે, વેધક આંખો. અંગ્રેજી અને ફ્રેન્ચમાં પણ ફડકડાટ બોલી શકે છે. કૌપિનધારી એ સાધુ સાથે સ્વાભાવિક જ મેં પરિચય કેળવ્યો. મારા પરિચય પછી એમણે મને જણાવ્યું કે એ અઘોરપંથી છે. સેંકડો વર્ષોની પરંપરામાં જે કેટલાક વામમાર્ગીઓ આ દેશમાં બચ્યા છે તેમાંના એક શ્રી લકુલેશ એમના ગુરુ છે. (લકુલેશ નામ આ પહેલાં પણ જૂના ઇતિહાસોમાં તમે વાંચ્યું હશે.)

એક વિચિત્ર વાત એમણે મને કહી. એમના કહેવા મુજબ આ દેશમાં એકાદ લાખ જેટલા વામમાર્ગીઓ છે. ખુલ્લંખુલ્લા એ અઘોરીઓની જેમ ફરતા કે વર્તતા નથી, પણ શહેરીઓની સાથે ભળીને પ્રતિષ્ઠિત નાગરિકની જેમ જીવન વિતાવતા વામમાર્ગને અનુસરે છે. એમણે જે મને કેટલાંક નામો કહ્યાં તેનાથી હું ચોંકી ઊઠ્યો હતો.

એ પછી એમની સાધનાઓ અને તત્ત્વજ્ઞાન વિશે પણ અનેક ચર્ચાઓ થઈ. સ્વાભાવિક જ મેં એમાં તમારો ઉલ્લેખ કર્યો હતો. કલ્પનાયોગ અને સ્વધર્મ વિશેના તમારા વિચારો પણ એમને જણાવ્યા હતા. એ બધું માનવા તૈયાર ન હતા, પણ પ્રભાવિત થયા હોય એમ દેખાઈ આવતું હતું, ચૈતન્યાનંદ સાથેના તમારા સંબંધો જાણ્યા પછી એમણે તમને મળવાની ઉત્કંઠા દાખવી. એ ચૈતન્યાનંદને ઓળખતા હોય એમ લાગ્યું. જોકે એમણે એ વિશે મને કશું કહ્યું નહીં.

આ પછી એમણે જણાવ્યું કે મધ્યપ્રદેશનાં જંગલોમાં અઘોરીઓ એક ખૂબ જ ગુપ્ત સાધના શિબિરનું આયોજન કરી રહ્યા છે. ભારતના સર્વોચ્ચ - શ્રેષ્ઠ વામમાર્ગી અઘોરીઓ એમાં ભાગ લેશે.

તાત્કાલિક જ મેં પૂછ્યું : 'સુરેશભાઈને તમે એ શિબિરમાં આમંત્રી શકો?'

'એ આવવા તૈયાર થશે?' એમણે પૂછ્યું. એમના આવા સવાલથી પ્રોત્સાહિત થઈ મેં કહી દીધું : 'અવશ્ય, એમને એ ગમશે.'

ખરેખર તો મને ખબર નથી કે આજકાલ તમે કેવા કામમાં રોકાયા છો, તમે જઈ શકશો કે નહીં? આમ છતાં મેં એમને તમે પાંચ વર્ષ પહેલાં દર્શાવેલી ઇચ્છાના આધારે 'હા' પાડી દીધી.

એ પછી એમણે કહ્યું કે એ સાધના સમયે તમને ત્યાં પ્રવેશ મળે એ માટે કોશિશ કરશે.

પણ આ પછી એમણે મને એમની સાધનાની — ભયાકનતાની જે વાતો કરી એ પરથી મેં મનોમન વિચાર્યું કે તમે એ શિબિરમાં ન જાઓ તો સારું. ત્યાં વશીકરણના પ્રયોગો થાય છે. ભયાનક વાઘને વશ કરી બકરી બનાવી દેવાનો દાવો મારી સામે એ અઘોરી બાવા ભૈરવનાથે કર્યો. ચેતુવિદ્યા દ્વારા એ અન્ય માનવીઓ પર કેટલી હદે કાબૂ મેળવી શકે છે એની વિચિત્ર વાતો એમણે મને કરી. મૂઠ દ્વારા સેંકડો માઈલ દૂર બેઠાં-બેઠાં કેવી રીતે કોઈની હત્યા કરી શકાય એ પણ એમણે મને પોતાની લાક્ષણિક ઢબે સમજાવ્યું. જાતીયતા અને જીવન વિશેના એમના વિચારો, સાધનામાં માનવ બલિદાનો વગેરે એમની માન્યતાઓ એટલી ભયાનક છે કે કંપારી છૂટે.

આમ છતાં આપને આ પત્ર લખી રહ્યો છું. આજ સવારે જ ભૈરવનાથ

મને કહી ગયા કે તમે સાધનામાં ભાગ લઈ શકો એવો પ્રબંધ એમણે કર્યો છે. સાધના અમાવાસ્યાની પહેલાં સાતેક દિવસથી શરૂ થશે. અમાવાસ્યા પછી ત્રણ દિવસ ચાલશે. તમે ગમે ત્યારે એ સાધનામાં જોડાઈ શકશો. સાધનાની વિગતો પ્રગટ કરતાં પહેલાં તમારે એમના મુખ્ય અધિકારીની પરવાનગી લેવી પડશે.

આપ આપની ઇચ્છા મને તાર કરીને જણાવશો. આપે સહુ પ્રથમ જબલપુર આવવું પડશે. ત્યાં હું આપને મળીશ. એ પછી બાબા ભૈરવનાથ સાધનાસ્થળે જવા માટે પ્રબંધ કરશે. સાધનાનું કોઈ ચોક્કસ સ્થળ એમણે મને જણાવ્યું નથી.

ચારેક દિવસ હું હરદ્વારમાં જ છું. આનંદ આશ્રમના સરનામે આપ મને જવાબ લખશો.

બાકી કુશળ.

શિવાનંદનાં
સ્નેહસ્મરણ

કેટલીયે વાર સુધી હું પત્ર હાથમાં પકડી બેસી રહ્યો. સામે ચા ઠંડી પડી ગઈ હતી.

સવારે વહેલા ઊઠવાનું. એ જ રોજનો નિત્યક્રમ. ફરવા જવાનું, ચા પીવાની, છાપું વાંચવાનું, જમવાનું, બાળકો સાથે, પત્ની સાથે વાતો અને ચોક્કસ ગાડી યા બસ પકડવાની. પરિચિત ચહેરાઓની પરિચિત વાતો સાંભળ્યા કરવાની. એકાદ ઝોકું ખાઈને ટ્રેનમાંથી ઊતરવાનું અને સંત સરવરના પરબમાંથી ઠંડું પાણી પીને લિફ્ટમાં બેસી ઑફિસે પહોંચવાનું. ડહોળાયેલા રાજકારણની ડહોળાયેલી ચર્ચા, મોંઘવારીની ફરિયાદો, ફરિયાદોની ફરિયાદો અને રોજેરોજ એ જ જોક્સ, હવાઈ ગયેલી વાતો અને ખોટેખોટું હસવાનું અને જેને મળવા ઇચ્છતા ન હોઈએ તેવાને પણ ગંભીર થઈને કહેવાનું : 'ઘણે દિવસે મળ્યા!'

ક્યારેક થાય કે આ બધાથી દૂર ક્યાંક એવા સ્થળે ચાલ્યા જઈએ, જ્યાં આમાંનું કશું ન હોય.

અને આ ઇચ્છા જાણે સ્વામી શિવાનંદના પત્રમાંથી પડઘાતી હતી. અઘોરીઓ, કાલ્પનિક કથાના પેલા ભયાનક બાવાઓ મારી આંખ સામે આકાર ધારણ કરવા લાગ્યા.

મને યાદ આવ્યો પેલો પાંચ વર્ષ પહેલાંનો દિવસ, જ્યારે મેં શિવાનંદ પાસે અઘોરીઓને - સાચા અઘોરીઓને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

તે દિવસે હું, મારો મિત્ર પ્રમોદ અને અમારો પંજાબી સાથી જગજિત બેલૂરના મંદિરની મૂર્તિકલાને અમારા કેમેરાની ફિલ્મો પર ઝડપી રહ્યા હતા.

જગજિત સહજ સ્વભાવની જુવાન હતી. તે દિવસે થોડી અસ્વસ્થ હતી. બે દિવસ પહેલાં જ મૈસૂરમાં એણે એક બાવા સાથે ઝઘડો કર્યો હતો. બહારથી ભલે એ કંઈ બોલતી નહોતી, પણ એની અસ્વસ્થતાનું કારણ હું સારી રીતે જાણતી હતી. સતત બકબક કર્યા કરતી અને વાતવાતમાં હસ્યા કરતી જગજિત આજે ચૂપચાપ ઊંધું ઘાલીને તસવીરો ઝડપ્યા કરતી હતી. એના મનમાં ચાલી રહેલા તોફાનને હું સારી રીતે જાણતી હતી.

એટલામાં જ સ્વામી શિવાનંદ ત્યાં આવી ચડ્યા. એમને જોઈ મને આનંદ થયો, પણ આશ્ચર્ય જરાય થયું નહીં, કારણ કે શિવાનંદને હું છેલ્લાં ચારેક વર્ષથી ઓળખતી થઈ હતી. એ અલગારી યુવાન સ્વામી મહાજિજ્ઞાસુ છે. એમણે કોઈ પણ પંથ યા ધર્મ યા માન્યતાની કંઠી બાંધી નથી. ભારતની અને વિદેશની અનેક ભાષાઓ પર સારો કાબૂ ધરાવે છે. વાચન પણ વિશાળ છે. ભારતભરમાં ઘૂમીને એ ફક્ત અધ્યયન કરે છે — માનવ-સ્વભાવનું. પાંત્રીસેક વર્ષના યુવાન સ્વામી મને અનેક સ્થળે અચાનક ભેગા થઈ જતા.

એ દિવસ અમે સાથે જ વિતાવવાનું નક્કી કર્યું.

સરકીટ હાઉસમાં રાતનું ભોજન પતાવ્યા પછી હું શિવાનંદ સાથે ગપ્પાં મારતી બેઠી હતી, એટલામાં પ્રમોદ હાંફળોફાંફળો આવ્યો અને બોલ્યો: 'જગજિતને ઊલટીઓ થઈ રહી છે.'

હું અને શિવાનંદ, જગજિત જ્યાં સૂતી હતી ત્યાં ગયા. જગજિત ખૂબ બેચેન હતી. આંખો ફાટી ગઈ હતી અને પીડા સહન ન થતી હોય એમ દાંત ભીંસ્યા હતા. બેચેનીમાં એ પથારીમાં પડખાં ફેરવવા લાગ્યો અને કણસવા લાગ્યો. મેં પૂછ્યું: 'શું થાય છે, જગજિત?'

એ માંડમાંડ બોલ્યો: 'આખું શરીર તૂટે છે. ભયાનક પીડા થઈ રહી છે. કોઈ મને જાણે ભીંસી રહ્યું છે.'

હું ધ્રૂજી ઊઠ્યો. મારો ભય સાચો પડી રહ્યો હતો. મેં જગજિતને સાંત્વના આપી. પ્રમોદે ક્યાંકથી લાવીને એને થોડી બ્રાન્ડી પિવડાવી. સરકીટ હાઉસના ચોકીદારને કહી ડૉક્ટરની તપાસ કરાવી, પણ મોડી રાતે ડૉક્ટર મળવાની કોઈ સંભાવના નહોતી.

બ્રાન્ડીની અસરથી જગજિતને થોડી શાંતિ વરતાવા લાગી. એ ઊંઘવા લાગ્યો. પ્રમોદને જગજિત પાસે બેસાડી હું અને શિવાનંદ ફરી બહાર જઈ બેઠા.

'ક્યા બાત હૈ?' શિવાનંદે પૂછ્યું.

'જગજિત માની બેઠો છે કે એને કોઈએ મૂઠ મારી છે.' હતાશાથી મેં કહ્યું.

'મૂઠ!' શિવાનંદે આશ્ચર્યથી પૂછ્યું હતું.

'હા' કહ્યા પછી મેં એમને બે દિવસ પહેલાં બનેલો પ્રસંગ કહી સંભળાવ્યો. તે દિવસ દશેરાનો હતો અને અમે મૈસુરમાં હતા. મહારાજાઓની વિદાય પછી સવારી નીકળે છે, પણ એમાં પહેલાંના જેવો દમામ હોતો નથી. લોકોનો ઉત્સાહ પણ પહેલાં જેટલો ન હોય એ સ્વાભાવિક છે. આમ છતાં 'ફેર અને ફેસ્ટીવલ' સીરીઝ માટે અમે મૈસુરના દશેરાને કેમેરામાં ઝડપવાનો નિર્ણય કર્યો હતો. મૈસુરના મહારાજાના વિશાળ મહેલ સામેના ચોગાનમાંથી સવારી શરૂ થવાની હતી. અમે સામેના એક મકાનની નજીક ઓટલા પર અમારા કેમેરાઓને ટ્રાઈપોડ પર ગોઠવી રહ્યા હતા. કેટલાક લોકો કુતૂહલથી અમને જોઈ રહ્યા હતા. અચાનક એક પ્રચંડ બાવો જગજિતના કેમેરાની આડો આવી ઊભો રહ્યો. જગજિતનો સ્વભાવ આમેય ગરમ છે. એના પંજાબી ખમીરને અનુરૂપ એણે બાવાને ઉદ્ધતાઈથી પડકાર્યો અને કેમેરાની સામેથી હટી જવા કહ્યું. પેલા બાવાએ નરી બેફિકરાઈથી જગજિત સામે જોયું અને ફરી એમ ને એમ ઊભો રહ્યો. આ અવગણનાથી જગજિતનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. એણે બાવાને હાથથી ધક્કો મારી દૂર હડસેલ્યો. બાવો પણ અડિયલ હતો. એ ફરી ત્યાં જ આવીને ઊભો. એ પછી જગજિતે બાવાને ગાળો દેવાની શરૂઆત કરી. થોડી જ વારમાં બન્ને હાથોહાથ આવી ગયા હતા. હું અને પ્રમોદ અમારા કેમેરા સાચવવામાં રોકાયા હતા. અચાનક બાવાએ પોતાનો જોરદાર પંજો જગજિતના ગાલ પર ઝીંકી દીધો. જગજિતના હોઠ પાસેથી લોહી વહેવા માંડ્યું. એ ગુસ્સામાં આવી બાવા પર થૂંક્યો. થૂંક બરાબર બાવાની વિશાળ છાતી પર પડ્યું. બાવાએ એક વિચિત્ર હરકત કરી. એણે ચપળતાથી રસ્તા પર પડેલી ધૂળ ઊંચકી પોતાની છાતી પર પડેલા થૂંક પર નાખી. એ થૂંકવાળી માટીને એણે પોતાની પાસેના એક પાંદડામાં વીંટી લીધી. એ પછી વિચિત્ર રીતે કટાક્ષયુક્ત હાસ્ય કરી જગજિત સામે જોઈ બોલ્યો : 'અબ તૂઝે કોઈ બચા નહીં સકતા, સાલા! મૈં તુઝે ઐસી મૂઠ મારુંગા કી એક સપ્તાહ મેં હી તૂ ખતમ હો જાયગા, ખૂનકી ઊલટિયાં હોગી ઔર તડપતડપ કર મરેગા!' આટલું કહી બાવો ઝડપથી જમા થયેલા ટોળા વચ્ચે અદૃશ્ય થઈ ગયો. જગજિત ક્રોધ અને ભયથી કંપવા લાગ્યો હતો. થોડી જ વારમાં સવારી શરૂ થઈ. અમારો મૂડ ખરાબ થઈ ચૂક્યો હતો. જેમ-તેમ કેટલીક તસવીરો ઝડપી અમે વિદાય લીધી. ત્યારથી જગજિત ગુમસૂમ બની ગયો હતો. તે રાતે એને થોડો તાવ પણ આવી ગયો હતો. મેં એની સાથે વાતો કરવાની કોશિશ કરી, તો એ ફરીફરીને 'મૂઠ' વિશે જ વાતો કરતો. એની વાતો પરથી મને લાગ્યું, એ 'મૂઠ' વિશે ખૂબ જ જોરદાર માન્યતા ધરાવે છે. મેં અનેક રીતે એના મનમાંથી એ વહેમ કાઢી નાખવાની કોશિશ કરી, પણ બધી નાકામિયાબ રહી. એક તો એની માન્યતાઓએ ઊંડી જડ ઘાલી હતી અને ત્યારે એ ખૂબ જ ભયભીત બનેલો હતો.

શિવાનંદ અને હું ચૂપચાપ કેટલોક સમય બેસી રહ્યા. મેં શિવાનંદને કહ્યું: 'તમે તો ભારતમાં અનેક જગ્યાએ ફર્યા છો. તમે સાચા તાંત્રિકો, અઘોરીઓ, વામમાર્ગીઓ જોયા છે ખરા? હું જેમને મળ્યો છું એમાંના મોટા ભાગના બનાવટ કરતા હોય છે અને બાકીના કેટલાક માણસમાં જડ ઘાલી બેઠેલી માન્યતાઓના કારણે નિર્મિત થયેલા ભયનો લાભ ઉઠાવતા હોય છે.

કોઈ સાચા તાંત્રિકો, અઘોરીઓ, વામમાર્ગીઓ હોય તો મારી ઇચ્છા એમને મળવાની છે.'

વર્ષો પછી એ ઇચ્છા પૂરી થવાની ક્ષણ આવી હતી. મેં તરત જ અમારા તંત્રી શ્રી રસિકભાઈ ભુતા પાસે પરવાનગી મેળવી શિવાનંદને તાર કરી દીધો.

'જબલપુર સ્ટેશન પર મળીશ આવતા બુધવારે.'

મેં જવા માટેની તૈયારીઓ આરંભી દીધી. અઘોરીઓ સાથેની મુલાકાત રસપ્રદ થશે એ વિશે મને શંકા નહોતી. આમ છતાં કોઈ ચહેરો મને ત્યાં જતાં રોકવાની કોશિશ કરતો હતો અને એ ચહેરો હતો જગજિતનો.

—પણ મારે તો જગજિતના એ રહસ્યને ઉકેલવા જ અઘોરીઓને મળવાનું હતું. શિવાનંદે જે રીતે એ અઘોરીઓનું ભયાનક વર્ણન કર્યું હતું એથી પણ મારો એમને મળવાનો ઉત્સાહ વધ્યો હતો.

—અને આખરે હું અઘોરીઓને મળવા રવાના થયો.

○ ○ ○

પ્રકરણ ૨

હાવરા મેઇલ વાયા અલાહાબાદમાં સૂવા માટે બર્થ વી.આઈ.પી. ક્વોટામાંથી મળી ગઈ. રિઝર્વ ડબ્બામાં મારો બર્થ નંબર એક હતો. મારી સામે સ્ત્રીઓ માટેની ખાસ કૅબિન હતી અને બાજુની જ બર્થ પર એક હિપ્પી યુગલ બેઠું હતું. સમયસર, બરાબર નવને પંદરે વી.ટી.થી મેઈલ ઊપડ્યો. મુસાફરી દરમિયાન એકલો હોઉં ત્યારે ટ્રેનમાં સૂઈ જવાની મને આદત નથી. સામાનમાં એક નાની બૅગમાં કપડાં અને બીજી એક બૅગ સ્ટીલ કૅમેરા, મૂવી કૅમેરા અને ટેપ રેકૉર્ડરથી ભરી હતી. ટ્રેને દાદર છોડ્યું કે મુસાફરો સૂવાની તૈયારી કરવા લાગ્યા. મેં પણ મારા માથા નીચે મારી બૅગો ગોઠવીને એક પુસ્તક કાઢી વાંચવાની શરૂઆત કરી. ચેકર ટિકિટ ચેક કરવા આવ્યો. હિપ્પી યુગલ મારી સામે આવી ઊભું હતું. એમની ટિકિટો ચેક થઈ ત્યારે મને ખબર પડી કે સ્ત્રીનું નામ લિલિયન અને પુરુષનું નામ ડેનિયલ છે. એ વિધિ પત્યા પછી ફરી મેં મારું ધ્યાન વાંચવામાં પરોવ્યું. અઘોરીઓને મળતાં પહેલાં હું વામમાર્ગ વિશેનું થોડું સાહિત્ય વાંચી લેવા ઇચ્છતો હતો. એ પુસ્તકમાં વામમાર્ગ વિશે વાંચેલી હકીકતો મેં જાતે જ ટપકાવી હતી.

કલ્યાણથી ગાડી ઊપડી ત્યારે મારા વાચનમાં ફરીથી ખલેલ પડી. રેલવે પોલીસે આવીને પેલા હિપ્પી યુગલને જગાડ્યું અને એમની પૂછપરછ ચાલી રહી હતી. પોલીસને શક હતો કે એમની પાસે ચરસ, ગાંજો, અફીણ જેવું કંઈક છે. પોલિસોએ એમનો બધો જ સામાન ફેંદ્યો, સામાન વીંખાતો હતો ત્યારે બન્ને દયામણા ચહેરે પોલીસોની સામે પોતાની નિર્દોષતા સાબિત કરવાની કોશિશ કરી રહ્યાં હતાં.

યુરોપ-અમેરિકાથી આવાં અનેક હિપ્પીઓ ભારતમાં આધ્યાત્મિક શાંતિ શોધવા આવે છે. અહીંના કેટલાય સંતો આવી ગોરી-ગોરી ચામડીવાળા અનુયાયીઓ મળવાથી ગર્વ અનુભવે છે. આ બિચારાઓ ભ્રમણામાં ફસાય છે. ગાંજા-ચરસની ફૂંકના કારણે એમનાં નબળાં મન ભ્રમણાને સુખ માને છે. પછી અઘોરીઓની જેમ દેશમાં હડધૂત બની ભટક્યા કરે છે.

પોલીસોને કશું જ મળ્યું નહીં. બન્ને ધીમું બબડતાં ફરીથી સૂવાની તૈયારી કરવા લાગ્યાં. પોલીસો ચાલ્યા ગયા. કંડક્ટરે લાઈટ બુઝાવી નાખી. આછા બ્લ્યુ રંગની એક બત્તી સળગતી હતી અને હું મારી આગામી મુલાકાત વિશે અટકળો કરવામાં પડ્યો હતો. સ્વામી શિવાનંદના પત્રમાં પૂરી સ્પષ્ટતા ન હતી, છતાં હું એ અઘોરી બાવાઓની સાથેની મારી આગામી મુલાકાતની સંભવિત પ્રશ્નોત્તરી તૈયાર કરી રહ્યો હતો.

અચાનક મેં પેલા હિપ્પીને ઉપરની બર્થ ઉપરથી ઊતરતાં જોયો. એણે

સ્ત્રીને પણ ધીરેથી જગાડી દીધી હતી. ડેનિયલ જાજરૂ પાસેના લાઈટ બોક્સ પાસે ગયો. ખિસ્સામાંથી એક સ્ક્રૂડ્રાઈવર કાઢી એણે લાઈટ બોક્સનું પતરું ખોલી નાખ્યું. પાછળ હાથ નાખી એણે બ્રાઉન પેપરની થેલી કાઢી. થેલી ખોલીને એણે એમાં જોયું. હું સૂતાં-સૂતાં પણ સ્પષ્ટ રીતે એક સફેદ પાઉડરથી ભરેલી પોલીથીન બેગ જોઈ શક્યો. એ સાથે થોડી બીડીઓ પણ હતી. લિલિયને ડેનિયલના હાથમાંથી પેકેટ લઈ પાછું બ્રાઉન પેપરની થેલીમાં મૂક્યું અને બન્ને એક બીડી લઈ ફૂંકવા લાગ્યાં. ચરસની તીવ્ર વાસ ફેલાવા લાગી.

અસલી અઘોરીઓને મળવાની તો હજી વાર હતી, પણ આધુનિક અઘોરીઓને મળવાની તક હું ગુમાવવા માગતો ન હતો. હું ઊભો થઈ એમની સામે ગયો. ધીરેથી અંગ્રેજીમાં કહ્યું : 'હું તમને થોડા સમયથી જોઈ રહ્યો છું.'

'સો વ્હોટ?' લિલિયન બોલી ઊઠી.

'નથિંગ. પણ મારે તમારી સાથે વાતો કરવી છે, મને તમારામાં રસ છે.' મેં અવાજમાં સહાનુભૂતિ અને નજરમાં મિત્રતાનો ભાવ ઉપસાવી કહ્યું.

'શાના વિશે?' હવે ડેનિયલ બોલ્યો.

'તમારા વિશે.'

એ બન્ને અચકાતાં-અચકાતાં તૈયાર થયાં. અમે મારી બર્થ પર બેઠાં. એ બન્ને ઈંગ્લેન્ડથી આવ્યાં હતાં. આધ્યાત્મિક શાંતિની શોધમાં છેલ્લાં બે વર્ષથી ભારતમાં જ છે. નેપાળથી લઈ કન્યાકુમારી સુધી ભટક્યાં છે. ચરસ-ગાંજાનાં બંધાણી બની ચૂક્યાં છે. 'કૅરિયર' તરીકે કામ કરી થોડા પૈસા કમાઈને 'શોખ' પણ પૂરો કરે છે.

'પોલીસ પાસે પકડાયાં હોત તો?' મેં પૂછ્યું.

'ચિંતા નહીં. તમારા પોલીસોને પટાવતાં અમને આવડે છે.' લિલિયન બેધડક બોલી.

'કેવી રીતે?' મેં પૂછ્યું.

'પૈસાથી, શરીરથી.' લિલિયને બેધડક જવાબ આપ્યો. બન્નેની આંખમાં ચરસના નશાની લાલાશ ચડવા લાગી હતી.

'સેક્સ વિશે.....' હું પૂછું તે પહેલાં જ લિલિયન બોલી ઊઠી : 'હું મારી આંખ, મારા હાથ, મારા પગ જે રીતે વાપરું છું તે રીતે જ બેધડક મારી ઇન્દ્રિયોને વાપરું છું. મને સંકોચ નથી અને એ જ અમને 'માસ્ટરે' શીખવ્યું છે.'

'તમારા 'માસ્ટર'નું નામ?' આ હિપ્પીઓ ગુરુને માસ્ટર કહે છે. એણે એક ખૂબ અજાણ્યું નામ કહ્યું. એમની સાથે આધ્યાત્મિક ચર્ચા વ્યર્થ હતી.

'એક પ્રયોગમાં સાથ આપશો?' મેં ફરીથી નમ્રતાપૂર્વક પૂછ્યું.

'શાનો પ્રયોગ?' ડેનિયલે પૂછ્યું. ડેનિયલ ખૂબ ઓછું બોલતો હતો.

'ગાંજા-ચરસના સેવન પછી તમે શું અનુભવો છો એ મારે જાણવું છે.'

'કેવી રીતે?'

'આઈ કેન પુટ યુ ઈન ટ્રાન્સ. હું તમને અભાન અવસ્થામાં સરકાવી દઈશ અને તમે જે અનુભવો છો એ બોલવા લાગશો.' મેં કહ્યું.

'તમે હિપ્નોટીઝમ જાણો છો?' લિલિયને પૂછ્યું.

'હું જે પ્રયોગ કરું છું તેને તમે હિપ્નોટીઝમ કહી શકો, પણ ખરેખર એ હિપ્નોટીઝમ નથી. એ છે ફક્ત એક વિનંતી. હું તમને વિનંતી કરીશ કે તમારા સુષુપ્ત મનમાં ચાલી રહેલી વાતો તમે વર્ણવો અને તમે સહકાર આપવા ઇચ્છશો તો તમે બોલવા લાગશો.'

બન્ને તૈયાર થયાં.

પહેલાં મેં ડેનિયલને વિનંતી કરી. બન્નેમાં ડેનિયલ વધારે નબળા મનનો હતો. ચરસે એના મનને વધુ નબળું બનાવ્યું હતું. એકાદ મિનિટમાં જ એ બોલવા લાગ્યો. મેં ટેપ-રેકોર્ડર કાઢી ટેપ કરવું શરૂ કર્યું. શરૂઆતમાં ખૂબ જ અસ્પષ્ટતા હતી, પણ પછી એ સ્પષ્ટ થતો ગયો. એની ભયાનક ચોંકાવનારી વાતોએ મને સ્તબ્ધ કરી દીધો. લિલિયનનો તો નશો જ ઊતરી ગયો હતો. ડેનિયલની વાત સાંભળી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. વીસેક મિનિટમાં પ્રયોગ પૂરો થયો. ડેનિયલ જાગ્રત થઈ ચૂકયો હતો. લિલિયન વોશ-બેસીનમાં એનું મોઢું ધોવા ચાલી ગઈ. પાછી ફરી ત્યારે એ સ્વસ્થ હતી. પાછા આવી એણે કહ્યું : 'આભાર, તમારો ખૂબખૂબ આભાર! હવે હું ડેનીને લઈને જલદીથી જલદી સ્વદેશ પાછી ફરીશ. એક ઉપકાર મારા પર તમે વધુ કરી શકો તો કરો. એ ટેપ મને આપો. એ ટેપ અમે જ્યારે-જ્યારે સાંભળશું ત્યારે અમને અમારી ભૂલોનું ભાન થશે.'

મેં ટેપ કાઢી લિલિયનને આપી દીધી. ડેનિયલે કહેલા બધા જ શબ્દો મારા સ્મરણમાં અંકાઈ ગયા હતા, મારે એ ટેપની જરૂર નહોતી અને એ બન્નેને એની ખૂબ જ જરૂર હતી.

ઊર્ધ્વગમન કરવા ઇચ્છતું એક મન, એક સંસ્કાર, એક જીવન કેવી રીતે પતનની ખાઈમાં ગબડી પડે છે એની એ દાસ્તાન હતી. એ પ્રસંગે મને અઘોરીઓના તત્ત્વજ્ઞાનને સમજવામાં ખૂબ જ મદદ કરી.

ઊંઘવાની ઇચ્છા નહોતી અને હવે તો ઊંઘ આવે તેમ પણ ન હતી. જેમ-તેમ સવાર પડ્યું. બપોરે બે સવા બે વાગ્યે જબલપુર આવવાનું હતું.

ઈટારસી સ્ટેશને હું ચા પીવા પ્લેટફોર્મ પર ઊતર્યો હતો. ત્યારે લિલિયને આવી કહ્યું: 'પેલા ચરસના પેકેટથી છુટકારો મેળવ્યો છે.'

'સરસ.' પાતળો, ફિક્કો ચહેરો, મેલા ગંધાતા પણ સોનેરી વાળ જેમ-તેમ કપાયા હતા. લિલિયન પહેલાં સુંદર હશે એમ મને લાગ્યું. મેં એને પૂછ્યું: 'તેં ક્યારેય અરીસામાં તારો ચહેરો જોયો છે ખરો? પહેલાંનું સૌંદર્ય ત્યાં છે ખરું?'

એણે જવાબ ન આપ્યો.

'લિલિયન, અમારી ભાષામાં એક સુંદર પંક્તિ છે: 'સૌન્દર્યો પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે.' તમારે જીવનની સુંદરતા પામવી હોય તો આમ અઘોરી બન્યે કેવી રીતે મળશે?'

બપોરના સવા બે વાગ્યે જબલપુરના પ્લેટફોર્મ પર ગાડી પ્રવેશી. ભીડમાં પણ સ્વામી શિવાનંદને ઓળખવા મુશ્કેલ ન હતા. એ હાથ હલાવતા બારી નજીક આવ્યા. હું સામાન લઈ ઊતર્યો. હું અને શિવાનંદ થોડીવાર સુધી એકબીજાનો હાથ પકડી સ્નેહની ઉષ્મા અનુભવતા ઊભા રહ્યા. લિલિયન અને ડેનિયલ પાછળ આવી ઊભાં હતાં. મેં એમની વિદાય લીધી.

શિવાનંદે મારા હાથમાંની બૅગ ઊંચકી લીધી. પૂછ્યું: 'નવાં મિત્રો?'

'ટ્રેનમાં રાતે જ ઓળખાણ થઈ. ઊર્ધ્વગામી બનવા નીકળ્યાં હતાં. કોઈ સાધુ ભારતમાં ભટકાયો અને પતનની ખીણમાં ગબડી પડ્યાં! ચરસનાં કેરિયર બનવા સુધી પતન.'

'—પણ તમે કયો જાદુ એમના પર કર્યો એ મારે જાણવું છે!' શિવાનંદે હસીને 'જાદુ' શબ્દ પર ભાર મૂકીને કહ્યું.

'પોતાની જાતને ભૂલીને દૂર નીકળી ગયેલાં એ બંનેને ફરીથી પોતાની જાતનો પરિચય કરાવી આપવા સિવાય કશું નહીં. એટલું પર્યાપ્ત હતું એમના માટે.'

સ્વામી શિવાનંદના મિત્રો જબલપુરમાં પણ હતા. એક મિત્રને ત્યાં અમે પહોંચ્યા. નાહી, જમીને સ્વસ્થ થયા. શિવાનંદને મેં પૂછ્યું : 'હવે કેવી રીતે કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે?'

'અહીંથી કાન્હા-કિસલી-નેશનલ પાર્ક એકસો ઍંસી કિલોમીટર છે. આપણે એક જીપ ભાડે કરવી પડશે. સોએક કિલોમીટર દૂરના માંડલા ગામે આપણને બાબા ભૈરવનાથનો એક સાથી મળશે. હું ત્યાં ઊતરી જઈશ. તમારે એક અઘોરી સાથે જવાનું રહેશે.'

'ચોક્કસ કઈ જગ્યાએ જવાનું છે?' મેં પૂછ્યું.

'એ તો એમણે મને કહ્યું નથી. કદાચ તમને પણ જાણ થવા દેવામાં આવશે નહીં. અહીંથી દક્ષિણ-પૂર્વમાં ઘીંડોરી, અમરકંટક, બિલાસપુર, ભિલાઈ અને આલાઘાટની વચમાં એક મોટો જંગલ-વિસ્તાર છે, જેમાંથી કાન્હા-કિસલીનો

વિસ્તાર સુરક્ષિત છે, એટલે એ સિવાયના જંગલમાં કોઈ ભાગમાં જવાનું હશે એમ મારું માનવું છે.'

હું થોડો વિચારમાં પડ્યો. ફરી શિવાનંદ બોલ્યા: 'અજાણી જગ્યા અને અજાણ્યા ભયાનક અઘોરીઓ. મેં તમને પત્રમાં પણ ચેતવ્યા હતા. હજી એક વાર વિનંતી કરું છું. ચાલો, પાછા ચાલ્યા જઈએ.'

'શિવાનંદજી, હવે પાછા ફરવાનો કોઈ સવાલ નથી.'

'—પણ તમે અઘોરીઓને મળવા આટલા ઉત્સુક શા માટે છો?' શિવાનંદે અકળાઈને પૂછ્યું.

'શિવાનંદજી, આત્માની માન્યતા અને દૈવી શક્તિના નામે ચાલતાં ધતિંગોને આપણે પડકારતા આવ્યા છીએ. પડકાર ઝીલવાનો સંતોષ મળે એવા કોઈ સમર્થને મળવાની અભિલાષા હજી સંતોષાઈ નથી. એ ઉપરાંત જગજિતનો કિસ્સો તમે જાણો છો. મનની અદ્‌ભુત શક્તિનો તાગ લીધા સિવાય ફક્ત વિચારોનો કોઈ અર્થ નથી.'

'ભયાનક, લોહી-તરસ્યા અઘોરીઓ વચ્ચે જઈ એમની શક્તિઓને પડકારવાનું પરિણામ શું આવશે?' શિવાનંદે પૂછ્યું.

'શુભ.' મેં ટૂંકમાં કહ્યું.

'ખોટું જોખમ લઈ રહ્યા છો.' એમણે ફરીથી મને ચેતવ્યો.

'પાછું ફરવું મારા માટે શક્ય નથી.'

જીપ ભાડે કરી અમે સાંજના લગભલ સાડા પાંચે જબલપુરથી વિદાય લીધી. માર્ગમાં શિવાનંદ સાથે મેં જુદાજુદા વિષયો પર ચર્ચાઓ કરી. મારી ચિંતામાંથી માંડમાંડ એ મુક્ત થયા હતા. દસેક વાગ્યે અમે માંડલા પહોંચ્યા. એક હૉટેલ પાસે જીપને ઊભી રાખી અને ચા પીધી. જીપ ત્યાં જ ઊભી રાખી હું અને શિવાનંદ અઘોરી સાધુની શોધમાં નીકળ્યા. શિવાનંદ માંડલાના માર્ગોથી સારી રીતે પરિચિત હોય એમ મને લાગ્યું.

ચાલીસેક વર્ષનો યુવાન, ગોરો વાન, ખભા સુધી લટકતા કાળા ચમકતા વાળ, સુઘડ રીતે વધારેલી દાઢી, ગ્રીક મૂર્તિ જેવું શરીરસૌષ્ઠવ, મૃદુ અવાજ, મિત્ર બનાવવાની અજબ આવડત અને દૃઢ આત્મવિશ્વાસ એટલે સ્વામી શિવાનંદ. જે ઝડપથી, ચપળતાથી એ માંડલાની અંધારી ગલીઓમાં ચાલી રહ્યા હતા એ જોઈ હું મારા ભારે શરીર માટે શરમ અનુભવતો હતો.

એક સાંકડી ગલીમાં અમે પ્રવેશ્યા ત્યારે કૂતરાઓ ભસી ઊઠ્યા. એક દરવાજા પાસે જઈને શિવાનંદે સાંકળ ખખડાવી. થોડી વાર પછી એક આધેડ સ્ત્રીએ દરવાજો ખોલ્યો. એ શિવાનંદને ઓળખતી હોય એમ પાછળ ખસી ગઈ.

ઘર કોઈ બ્રાહ્મણનું હોય એમ લાગતું હતું. આંગણામાં તુલસીક્યારો અને ઘરની સાદી પણ સ્વચ્છ રચના એની સાક્ષી પૂરતાં હતાં. એક વૃદ્ધ બ્રાહ્મણ ધોતિયાભેર બહાર ધસી આવ્યો. પોતાના બન્ને હાથથી એ જનોઈ વાંસામાં ઘસતો હોય એમ ફેરવી રહ્યો હતો. મેં અભિવાદન કર્યું. એ મારે વિશે જાણતા હોય એમ એમની આંખની ચમક પરથી દેખાઈ આવતું હતું.

એ પછીની ક્ષણે એક ભવ્ય, રુક્ષ, લાલ આંખો અને રુદ્રાક્ષની માળાઓથી વિભૂષિત, આખાય અંગે રાખ ચોળેલો એક ભયાનક બાવો દરવાજામાંથી સહેજ ઝૂકીને બહાર આવ્યો. એના એક હાથમાં ત્રિશૂળ હતું, બીજા હાથમાં પાત્ર. એની જટાના વાળ વડવાઈની જેમ એના ખભા પર ઝૂલતા હતા. દાઢીની પણ એ જ હાલત હતી. શરીર કસાયેલું અને સ્નાયુઓ લોખંડી હતા. એણે તિરસ્કારથી મારી સામે જોયું. એ નજીક આવ્યો ત્યારે તીવ્ર ગંધથી મારું મસ્તક ફાટવા લાગ્યું. એ કર્કશ અવાજે હિન્દીમાં બોલ્યો:

'મેરે સાથ કૌન ચલનેવાલા હૈ?'

શિવાનંદે એ બાવાનું અભિવાદન કરી એની સાથે મારો પરિચય કરાવ્યો. તિરસ્કાર વધુ ઘેરો બન્યો હોય એમ મને લાગ્યું. પછી શિવાનંદે એ બાવાનો પરિચય મારી સાથે કરાવ્યો.

'આ છે બાબા અલખ આનંદ, બાબા ભૈરવનાથના સાથી. એ તમને એમની સાથે સાધનાસ્થળે લઈ જશે.' મેં એમની સામે જોઈ હસવાનો પ્રયત્ન કર્યો. એમણે કોઈ પ્રતિક્રિયા બતાવી નહીં. એ ફરી કર્કશ અવાજે બોલ્યા:

'પહેરવાનાં કપડાં સિવાય તમારે કશું જ લેવાનું નથી. બધો સામાન તમારે અહીં રાખવો પડશે. આ નિશ્ચિત છે.'

'કેમેરા, ટેપ?' હું બોલ્યો.

'કશું જ નહીં. એક ટોર્ચ પણ નહીં. તમારી ઘડિયાળ પણ અહીં મૂકી દેજો.' એણે દૃઢતાથી કહ્યું: 'અને અર્ધા કલાકમાં તમારે મારી સાથે નીકળવું પડશે. તૈયાર રહેજો.' એટલું કહી અલખ આનંદ ફરી અંદર ચાલ્યો ગયો.

હું અને શિવાનંદ એકબીજાને તાકતા ઊભા રહ્યા.

o o o

પ્રકરણ ૩

માંડલાના એ બ્રાહ્મણનું નામ પ્રેમશંકર હતું. એ પ્રેમાળ માણસે અમને પ્રેમથી જમાડ્યા. દરમિયાન જીપમાંથી બધો જ સામાન એમના પુત્રોએ લાવી એમના ઘરમાં મૂક્યો. અલખ આનંદનો સ્વભાવ વિચિત્ર અને અતડો હતો. એના હાથમાંનું ત્રિશૂળ એ જરાય રેઢું મૂકતો જ નહોતો. અમારી સાથે જમવા બેઠો ત્યારે પણ ત્રિશૂળને ખોળામાં લઈને જ બેઠો હતો. પ્રેમશંકર એ અઘોરી બાવાના વિચિત્ર વ્યવહારથી નારાજ હતા, પણ શિવાનંદના કારણે એ નભાવી લેતા હોય એમ મને લાગ્યું. શિવાનંદ પ્રત્યે પ્રેમશંકરને પુષ્કળ માન છે, એ તો એમના વર્તાવ પરથી જ દેખાતું હતું.

અલખ આનંદે મને અડધા કલાકમાં તૈયાર થવા કહ્યું હતું, પણ એમનું સ્ટેશનવેગન જ આવ્યું નહોતું. મેં મારો કૅમેરો, ટેપરેકૉર્ડર વગેરે કીમતી સામાન શિવાનંદની મદદથી અને તેમના જ ભરોસે પ્રેમશંકરને ત્યાં રાખવાનું નક્કી કર્યું હતું. બે જોડ કપડાં સિવાય કશું જ મેં મારી સાથે લીધું નહીં. એની પાસે એક જ જવાબ હતો: 'તમારે કપડાં સિવાય કશું જ લેવાનું નથી.' એ અઘોરી સાથે વિવાદ કરવાનો કોઈ અર્થ પણ નહોતો. શિવાનંદ અને પ્રેમશંકર પાસેથી જાણવા મળ્યું કે સાધના શિબિરમાં લગભગ સોએક અઘોરી બાવાઓ અને કેટલીક સ્ત્રીઓ પણ છે. એમના માટેનો જરૂરી સામાન દરરોજ સ્ટેશનવેગન મારફતે પહોંચાડવામાં આવે છે. કેટલોક સામાન આજુબાજુના આદિવાસીઓ પાસેથી મેળવી લેવામાં આવે છે.

'આમ છતાં આ લોકો સ્થળને છૂપું કેવી રીતે રાખી શક્યા છે?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'આ અઘોરી બાવાઓનો ડર એટલો છે કે સામાન્ય લોકો કે સત્તાવાળાઓ સુધ્ધાં એમની નજીક ફરકતા નથી. એ ઉપરાંત કેટલાક પ્રતિષ્ઠિત અને ઊંચી લાગવગ ધરાવતા લોકોનો પણ એમને સાથ છે.' પ્રેમશંકરે કહ્યું. પછી એમણે કંઈક સ્નેહ અને મમતાથી મને કહ્યું: 'તમે શા માટે આ જોખમ ઉઠાવી રહ્યા છો?'

'ઘણાં કારણ છે. અને ખાસ તો હું આને જોખમ ગણતો નથી. મારી માન્યતાઓ, મારા વિચારો કેટલે અંશે સત્યની નજીક છે એ પણ મારે ચકાસવું છે– આવી મુલાકાત વગર એ શક્ય નથી.'

'મારી એક વિનંતી સ્વીકારશો?' એમણે કહ્યું.

'કહો.'

એમણે ઊભા થઈને દીવાલમાંના એક ગોખલામાંથી એક મોટો દાબડો

કાઢ્યો. દાબડો ખોલી એક આછા નીલા રંગના સ્ફટિકનું શિવલિંગ મારા હાથમાં મૂકી કહ્યું: 'આને તમારી સાથે રાખજો. એ તમારું રક્ષણ કરશે.'

મેં હસીને એમના હાથમાં શિવલિંગ પાછું મૂક્યું : 'તમારી શુભ ભાવના માટે ખૂબ આદર કરું છું, પણ એને હું મારી સાથે લઈ જઈ શકીશ નહીં. એ સાથે લઈ જઉં તો મારા જવાનો અર્થ જ ન રહે.' એ પ્રેમાળ વૃદ્ધ બ્રાહ્મણ મારી સામે તાકી રહ્યો.

શિવાનંદે એમના ખભા પર હાથ મૂકી કહ્યું: 'વહ ઠીક કહતે હૈં. કસોટી સિર્ફ શ્રદ્ધા કી નહીં હૈ, સ્વાભિમાન ઔર અપને મન કી કસૌટી કરની હૈ, આપ બુરા મત માનીએ.'

એટલામાં અલખ આનંદ પ્રવેશ્યો: 'ચલો, અપના વેગન આ ગયા હૈ.'

હું, શિવાનંદ અને પ્રેમશંકર બહાર આવ્યા. મારા હાથમાં મારાં કપડાંની થેલી હતી. શિવાનંદે સ્નેહથી મારો હાથ દબાવ્યો. મેં કહ્યું, 'થોડા દિવસ પછી તમને હું અહીં મળીશ, છ-સાત દિવસ પછી.'

'પાછા ફરતાં એક દિવસ તમારે મારે ત્યાં રોકાવું પડશે.' પ્રેમશંકરે કહ્યું.

મેં જવાબમાં ફક્ત હાથ ઊંચો કરી સમ્મતિ આપી.

સ્ટેશનવેગન પાછળના ભાગમાં કોથળા અને ડબ્બાઓથી ચિક્કાર ભર્યું હતું. આગળની સીટમાં ડ્રાઈવર હતો. એની બાજુમાં પેલો પ્રચંડ અલખ આનંદ બેસે તો મારી સ્થૂળ કાયા માટે ત્યાં ભાગ્યે જ જગ્યા રહે, એટલે મેં કહ્યું: 'હું અહીં પાછળ આ સામાનની બાજુમાં જગ્યા કરી લઈશ.'

'ઠીક હૈ.' અલખ આનંદે કહ્યું.

શિવાનંદે અને મેં થોડો સામાન ખસેડી પાછળ જગ્યા કરી. એ સાંકડી જગ્યામાં હું ટૂંટિયું વાળીને ભરાયો. બન્નેની વિદાય લઈ મેં દરવાજો બંધ કર્યો. ગઈ આખી રાતનો ઉજાગરો અને આખા દિવસની થકવી નાખે એવી મુસાફરીના કારણે મારી આંખો ભારેભારે થઈ ગઈ હતી. આમ છતાં ઊંઘવાની ઇચ્છા નહોતી થતી. એકાદ ઝોકું આવતું અને ફરી આંખો ખૂલી જતી. અલખ આનંદ ચરસવાળી ચલમ ફૂંકતો હતો. એની તીવ્ર વાસ પણ મને જંપવા દે એમ નહોતી. કેટલો સમય એમ ને એમ પસાર થયો એ પણ ખબર ન પડી. એ પછી મને લાગ્યું કે, સ્ટેશનવેગન ઊભું રહ્યું છે. હું એમ જ પડ્યો રહ્યો.

અચાનક દરવાજો ખોલી અલખ આનંદ મારી સામે આવી ઊભો રહ્યો. અંધારામાં પણ એની આંખો હિંસક પશુની જેમ ચમકતી હતી. એક થર્મોસમાંથી પ્યાલામાં કંઈક પ્રવાહી રેડી એ બોલ્યો: 'યે પી લીજીયે, દૂધ હૈ.' કોઈ પણ જાતની દલીલ વગર હું ગટગટાવી ગયો.

એ પછી શું થયું તેની મને ખબર ન પડી.

અલખ આનંદ જોરશોરથી મને હલબલાવી રહ્યો હતો. ઝબકીને આંખો ખોલી ત્યારે મારી સામે દસેક આદિવાસી લાગતાં સ્ત્રીપુરુષો ઊભાં હતાં. બસ્તર વિભાગની જે તસ્વીરો મેં જોઈ હતી એમાં મેં એવો વેશ પહેરેલાં આદિવાસીઓ જોયાં હતાં.....આછું અજવાળું ચારે બાજુ ફેલાયું હતું. મેં ચારે તરફ નજર ફેરવી. જે તરફથી સ્ટેશનવેગન આવ્યું હતું ત્યાં તાજું ઘાસ ચગદાયેલું હતું. ચારે બાજુ ઊંચાંઊંચાં વૃક્ષો હતાં. શેનાં હતાં તેની મને ખબર નથી. શિવાનંદ સાથે હોત તો એણે એકએક વૃક્ષને ઓળખી બતાવ્યું હોત. બીજી તરફ ઊંચો પહાડ હતો.

'આ પહાડ ચડીને પેલી તરફ જવું પડશે.' અલખ આનંદ બોલ્યો. મેં ઊંડો શ્વાસ લીધો. એ અઘોરી બાવો મારી તરફ તિરસ્કારથી જોઈ રહ્યો. પહાડ તો ગમે તેમ ચડી જઈશ, પણ બાવાનો તિરસ્કાર દૂર કરી શકીશ કે કેમ એ વિશે મને શંકા થવા લાગી હતી. મેં પ્રશંસાનું શસ્ત્ર વાપરવાનું નક્કી કર્યું.

'કુદરતે જો મને તમારા જેવું ખડતલ અને સુંદર શરીર આપ્યું હોત તો!' મેં પ્રશંસાથી એની તરફ જોઈ કહ્યું.

'ગાદીતકિયા પર બેસી ફક્ત વિચારો કરવાથી કંઈ વળતું નથી, મહાશય! અઘોરી બની સાધના કરો. શક્તિ પ્રાપ્ત થશે.' એ ગર્વથી બોલ્યો. ઠીક છે. તો આ બાવાને અઘોરી હોવાનું અભિમાન છે... મેં વિચાર્યું. હવે એને જીતવો સહેલો છે. એની નબળી નસ મારા હાથમાં આવી ગઈ હતી, પ્રથમ પ્રયાસે જ.

પહાડ ચડતાં પહેલાં કુદરતી હાજતો પતાવવી જરૂરી હતી. રાતના એ બાવાએ જે કંઈ પિવડાવ્યું હતું એનાથી મારું માથું પણ ભારેખમ લાગી રહ્યું હતું.

'ચા મળી જાય તો-' મેં અલખ આનંદ સામે જોઈ કહ્યું. એ કંઈ પણ બોલ્યા વગર સ્ટેશનવેગનની આગળની સીટ પાસેથી એક થર્મોસ લાવ્યો. મેં પૂછ્યું: 'રાતનું પીણું તો નથી ને?'

'યહ અલગ હૈ, ચાય હૈ.' એના જવાબમાં કંઈક ફરક લાગ્યો, એટલે મેં રાહત અનુભવી. ખાસ તો ભયાનક જંગલ વચ્ચે પણ ચા મળી હતી, એટલે મારો આનંદ ઊછળી રહ્યો હતો. દોઢ કપ જેટલી ચા પીધા પછી માથું કંઈક હળવું થયું.

સ્ટેશનવેગનમાંનો સામાન પેલા આદિવાસીઓએ ઊંચકી લીધો હતો. બારેક આદિવાસીઓ, એમની પાછળ અલખ આનંદ અને સૌથી છેલ્લે હું હતો. જતાં-જતાં મેં સ્ટેશનવેગનનો નંબર જોવાનો પ્રયત્ન કર્યો. મારા આશ્ચર્ય વચ્ચે સ્ટેશનવેગનની નંબર પ્લેટ જ ગાયબ હતી.

સૂરજ ક્ષિતિજ પરથી થોડો ઉપર આવ્યો હતો. માર્ગ ખૂબ વિકટ હતો. થોડી-થોડી વારે મારે શ્વાસ લેવા થોભવું પડતું હતું. મજૂરો તો ખૂબ આગળ નીકળી ગયા હતા. અલખ આનંદને પરાણે મારી સાથે રહેવું પડતું હતું, એટલે

થોડો ચિડાયો પણ હતો. એણે મને એક મોટી લાકડી આપી હતી, જેનાથી એ પહાડ ચડવો સુગમ થયો હતો. બેએક કલાક પછી અમે ટોચ પર પહોંચ્યા. ટોચ પર પુષ્કળ વૃક્ષો હતાં. એ વૃક્ષો વચ્ચે થોડું ચાલ્યા પછી એક ખુલ્લી જગ્યા પાસે લઈ જઈ અલખ આનંદે મને ત્યાંથી તળેટી બતાવી. એ સુંદર દૃશ્યને હું થોડી વાર જોઈ રહ્યો. પહાડની એકદમ નજદીક તળેટીમાં અંગ્રેજી અક્ષર 'યુ'ના આકારમાં એક મકાન દેખાતું હતું. એના છાપરાનાં લાલ નળિયાં કાળાં બની ગયાં હતાં અને મોટા ભાગમાં લીલ બાઝી હોવાના કારણે આજુબાજુના જંગલના લીલા રંગ સાથે આસાનીથી ભળી જતાં હતાં. એ 'યુ' આકારની વચ્ચે ઉપરથી પણ કેટલાક મનુષ્યોની હાલચાલ દેખાઈ આવતી હતી. એમનામાંના કેટલાકનાં વસ્ત્રનો ચમકતો ભગવો રંગ કેસૂડાં ખીલ્યાં હોય એવો લાગતો હતો. હું કેટલોક સમય મંત્રમુગ્ધ બની એ દૃશ્યને જોઈ રહ્યો.

'ચલીએ, હમે ભી વહીં જાના હૈ.'

પહાડનું ઉતરાણ ધાર્યું એટલું આસાન નહોતું. આ તરફ પથ્થર કરતાં માટી વધારે હતી અને વરસાદને કારણે કીચડ બની ગઈ હતી.

'આ જંગલમાં હિંસક પશુઓ છે?'

'ઘણાં. ખાસ કરીને વાઘ. વાઘ કરતાં અહીંના ભેંસા વધારે ભયાનક છે.'

'ભેંસા?'

'અંગ્રેજીમાં બાઈસન કહે છે.'

વિશાળ અણીદાર ભાલા જેવાં બન્ને બાજુ શિંગડાંવાળા કદાવર જંગલી પાડાઓની તસવીર મારી આંખ સામે ઊપસી આવી. ઝાડ પર વાંદરાઓ કૂદાકૂદ કરતા હતા અને થોડે દૂર હરણના ટોળામાંથી હરણ ડોક ઊંચી કરીને કાન અમારા તરફ ઊંચા કરીને જોઈ લેતાં હતાં. 'વો દેખો, ઉસે કાળિયાર કહેતે હૈં!' અલખ આનંદે દૂર એક હરણ જેવા પણ ઊંચા અને કાળા જનાવર પ્રત્યે આંગળી ચીંધી કહ્યું. મને કાળિયાર જોવા કરતાં એના મારા પ્રત્યેના બદલાયેલા વલણથી આનંદ થયો હતો.

અમે છેક તળેટીમાં ઊતરી આવ્યા હતા.

થોડે દૂર પેલું ઉપરથી જોયેલું મકાન દેખાઈ રહ્યું હતું. એક કંપ, એક અગમ્ય લાગણી, એક વિચિત્ર અનુભૂતિ મને થવા લાગી.

એ અઘોરીઓને મળીએ તે પહેલાં અહીં એમનો અછડતો પરિચય આપી દઉં,

ચારેક હજાર વર્ષ પહેલાં આ વામમાર્ગ કે અઘોરી પંથની સ્થાપના થઈ હશે એમ માનવામાં આવે છે. માનવી જેમ-જેમ જીવન વિશે વિચારતો ગયો તેમ-

તેમ એ પ્રકૃતિથી વિમુખ થવા લાગ્યો. મૃત્યુના ભયે અને સ્વાભાવિક જિજ્ઞાસાએ એને ધર્મની કલ્પના આપી. જીવનની ક્ષણભંગુરતાના કારણે કેટલાક તત્ત્વજ્ઞાનીઓ જીવનના મોજશોખથી ઉદાસીન બની ગયા. એમણે ત્યાગનો મહિમા ગાયો, સત્ત્વસંશુદ્ધિમાં ભોગો એમને બાધક લાગ્યા. સગુણ બ્રહ્મના વિચારે પરમાત્માની કલ્પનાને જન્મ આપ્યો. વેદાંત, સાંખ્યશાસ્ત્ર, પુરુષ અને પ્રકૃતિનો ભેદ પાંડિત્યમાં અટવાયાં. સામાન્ય મનુષ્ય 'યોગ'માં માનસિક શાંતિ શોધવા લાગ્યો અને અનેક ભ્રમણાઓમાં ફસાયો.

આનાથી સામા પક્ષે કેટલાક વિચારકોએ ભોગને પ્રાધાન્ય આપ્યું. એમના મૂળ વિચાર મુજબ એમને મનુષ્ય-અવતાર આ સૃષ્ટિ પર એટલા માટે આપવામાં આવ્યો છે કે સ્વર્ગ સમાન આ સૃષ્ટિનો એ યથેચ્છ ઉપભોગ કરી શકે. વેદકાળનાં યજ્ઞાદિક ક્રિયાકાંડોમાંથી જ આ વિચારો ઉદ્ભવ્યા હતા. તે સમયે ક્રિયાકાંડ ફક્ત પોતાના જીવનને સુખરૂપ બનાવવા યોજાતાં હતાં. આ બન્ને શાખાઓ આશરે બેથી અઢી હજાર વર્ષ પહેલાં વધુ સ્પષ્ટ બની અને એકબીજીથી અલગ દેખાવા લાગી. લોકપ્રિય ત્યાગના માર્ગથી - વિચારથી સામી બાજુ જનારા આ બધા વામમાર્ગીઓ કહેવાયા. કાપાલિકો, અઘોરીઓ, તાંત્રિકો અને માંત્રિકો આમાં મુખ્ય હતા.

આ વામમાર્ગીઓમાં પાંચ 'મ'કારનું ખાસ મહત્ત્વ એક યા બીજા સ્વરૂપે હંમેશાં દેખાયું છે: માંસ, મદિરા, મંત્ર, મૈથુન અને મૃત્યુ. આ વામમાર્ગીઓ પશુઓનું બલિદાન તો આપે જ છે, માંસભક્ષણ પણ કરે છે અને તક મળે તો માનવ-બલિ આપતાં પણ અચકાતા નથી. એમના મત મુજબ અન્ય વ્યક્તિની (એમના પંથની બહારની વ્યક્તિની) કોઈ કિંમત નથી. માંસાહાર એમના માટે સહજ છે. મદિરા પીવી એ એમનો ધર્મ છે. મદિરા ઉપરાંત ભાંગ, ગાંજા, ચરસનું સેવન પણ એ કરે છે. મંત્રશક્તિમાં એમને ગજબનો વિશ્વાસ છે. એમનું તંત્રશાસ્ત્ર મૈથુનના અનેક પ્રકારોથી ભર્યું પડ્યું છે. એ વામમાર્ગીઓ જીવનની શરૂઆત જન્મથી નહીં પણ મૈથુન-સંભોગથી ગણે છે. મૈથુનથી શક્તિ પ્રાપ્ત થાય છે એમ એમનું દઢપણે માનવું છે. સ્ત્રીને આ વામમાર્ગીઓ પ્રકૃતિસ્વરૂપ ગણે છે અને પુરુષે એને યથેચ્છ ભોગવવી જોઈએ એમ એમનું માનવું છે. એમના તંત્રશાસ્ત્રમાં અનેક યંત્રોની રચના છે. આ યંત્રો ભૂમિતિના અનેક આકારનાં સંયોજન જેવાં છે. શિવલિંગને આ અઘોરીઓ પુરુષ અને પ્રકૃતિના સંભોગનું પ્રતીક માને છે. કેટલાક વામમાર્ગીઓ શક્તિની પૂજા કરે છે. મહાકાલી અને ચામુંડાની પૂજા આમાં મુખ્ય છે. શિવમંદિર પર મૈથુનની આકૃતિઓ ન હોય તો આ અઘોરીઓ એવાં મંદિરો પર હલ્લો કરી એને તોડી નાખતા એમ પણ કહેવામાં આવે છે. સ્ત્રીઓ સાથે અનેક પ્રકારે શરીરનું સંયોજન કરી કલાકો સુધી એ જ દશામાં પડી રહીને આ અઘોરીઓ અલૌકિક શક્તિ પ્રાપ્ત કરે છે. એમની કોઈ પણ સાધના માંસ, મંદિરા,

મંત્ર, મૈથુન અને મૃત્યુ વગર પૂરી થતી નથી. મૃત્યુને આ અઘોરીઓ સ્વાભાવિક ગણે છે. માનવ ખોપરીઓને એ લોકો પાત્ર તરીકે વાપરે છે. એ ખોપરીમાં જ ખાવું અને પીવું એમના માટે સ્વાભાવિક છે. એક સમયે કુંભના મેળામાં એક અઘોરીએ મને કહ્યું કે એના હાથમાં જે ખોપરી છે તે એના ગુરુની છે! જીવન પ્રત્યેનું એમનું તત્ત્વજ્ઞાન એક જ શબ્દમાં સમાવવું હોય તો એને 'ભોગ' કહી શકાય. મંત્રશક્તિના આ અઘોરીઓ જબરા ઉપાસક હોય છે. મેં વર્ષો પહેલાં એક એવો અઘોરી જોયો હતો જે પોતાનાં બધાં જ કામ મંત્રથી કરતો. મંત્રથી એ પોતાની ચલમ સળગાવતો અને મંત્રથી જ પોતાના ખાલી ખપ્પરમાં મદિરા ભરી દેતો હતો. મૂઠ મારવી, વેતુવિદ્યાથી બીજાનાં તનમન પર કબજો મેળવવો કે વશીકરણથી ગમે તે સ્ત્રીને પોતાના વશમાં કરવી, આ અઘોરીઓ માટે સ્વાભાવિક અને સહજ મનાય છે.

મારા મત મુજબ આ બધી જ માનસિક શક્તિઓ છે. ફરક માત્ર એટલો છે કે એ ખોટા માર્ગે મેળવવામાં આવે છે અને ફક્ત સંહારના કામ માટે જ એનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ વામમાર્ગીઓ હમેશાં સત્તાલાલસામાં ફસાયેલા રહ્યા છે. સીધેસીધી સત્તા હાંસલ કરવામાં એ માનતા ન હોય તોપણ ભારતનો મધ્યકાલીન ઇતિહાસ એવા વામમાર્ગીઓથી ભર્યો પડ્યો છે, જેમણે રાજાઓ પર પોતાનો અધિકાર જમાવી સત્તા ભોગવી હોય.

અમે પેલા મકાનની નજીક પહોંચ્યા. પથ્થરથી બાંધેલું એ મકાન મજબૂત દેખાતું હતું. એક ખૂણામાં લાકડાનો ઊંચો માંચડો બાંધવામાં આવ્યો હતો. મેં અનુમાન કર્યું કે કોઈ રાજાએ પોતાના શિકારના શોખને પોષવા માટે એ બાંધકામ કર્યું હોવું જોઈએ. એ મકાનની બહાર કૂવા પર કેટલાક અઘોરીઓ પાણી ખેંચી રહ્યા હતા. એ બધા અલખ આનંદ જેવા ભયાનક વેશવાળા નહીં પણ ભગવાં વસ્ત્ર પહેરેલા અને સામાન્ય સાધુના દેખાવના હતા. અમને જોઈ એમાંના પાંચેક યુવાન બાવાઓ અમારી તરફ આવ્યા. એમણે અલખ આનંદને અભિવાદન કર્યું અને મારા તરફ જોઈ પૂછ્યું : 'યહી હૈ ક્યા તુમ્હારે અતિથિ?'

'હા.' અલખ આનંદે હસીને કહ્યું.

એમાંના એકે મારી તરફ વ્યંગભરી નજરે જોઈ કહ્યું: 'ચલેગા, બલિદાન કે લિયે અબ બકરે કી કોઈ જરૂરત નહીં પડેગી.' આ સાંભળી બધા બાવાઓ ખડખડાટ હસી પડ્યા. એમના આવા ઉદ્ધત વ્યવહારથી હું સમસમી ઊઠ્યો. એ પછી તો એમણે જે એક પછી એક મારી મજાક ઉડાવવા માંડી એ મેં માંડ સહન કરી. ચૂપચાપ એમને સાંભળી લીધા સિવાય મારો છૂટકો નહોતો. ચોક્કસ, મેં આવા સ્વાગતની આશા તો રાખી જ નહોતી! મારા ચૂપ રહેવાથી એ થોડા શાંત પડ્યા, એટલે મેં એમને કહ્યું:

'જુઓ, હું તમને જોવા, તમને મળવા, તમને સમજવા, તમારી શક્તિઓને ઓળખવા આવ્યો છું. મને મિત્ર તરીકે સ્વીકારશો તો તમારો હું આભારી થઈશ.' મેં બને એટલા નમ્ર બની કહ્યું.

'મિત્ર, હમારી શક્તિયાં દેખોગે?' એ ટોળામાંના એક યુવાન ટીખળી અઘોરીએ મને કહ્યું.

'અવશ્ય.'

'હાથ દિખા તેરા.' એણે આજ્ઞા કરી. મેં મારો જમણો હાથ એની તરફ ધરી દીધો. મારો હાથ પકડી એ મારી આંખોમાં આંખો પરોવી જોતો રહ્યો. એની તેજસ્વી આંખોમાં એક વિચિત્ર પ્રકારની ઘાતક અસર હતી. એક અદૃશ્ય ભયની આછી ધ્રુજારી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ.

'અબ યહ હથેલી યે દીવાલ પર રખો.' એણે આજ્ઞા કરી. મેં યંત્રવત્ મારો પંજો સામેની દીવાલ પર મૂક્યો. 'અબ યહ ચિપક જાયેગી.'

મારો પંજો દીવાલ સાથે ચોંટી ગયો હતો. ખભા પાસેથી હાથ જ ન હોય એમ મને લાગતું હતું. મારું મન, મારું દિમાગ, મારી બુદ્ધિ બહેર મારી ગયાં હોય એમ એક ઠંડો સન્નાટો આખા શરીરમાં વ્યાપી ગયો. દિમાગ અને હાથનો સંબંધ જ જાણે છૂટી ગયો. દિમાગ હાથને આજ્ઞા કરવા જાણે અસમર્થ બની ગયું. મારું આજ્ઞાચક્ર જ જાણે કુંઠિત બની ગયું હતું. એ બાવાઓનું ખડખડાટ હસવું અને મજાક પણ હવે મને સંભળાતાં નહોતાં. એ મજાકમાં ભાગ લેવા મારી સામેનું ટોળું મોટું ને મોટું થતું જતું હતું.

o o o

પ્રકરણ ૪

'નિર્મલ આનંદ, અતિથિ કે સાથ ઐસા વ્યવહાર અચ્છા નહીં, છોડ દીજિયે ઉન્હેં.' એક પ્રભાવશાળી અવાજ મારી પાછળથી આવ્યો. જેને નિર્મલ આનંદ તરીકે સંબોધવામાં આવ્યો હતો તે યુવાન અઘોરી થોડો ખસિયાણો બની મારી પાછળ તાકી રહ્યો. બોલનાર મારી સામે આવ્યો ત્યારે હું એને ઓળખી ગયો. સાડા છ ફૂટની ઊંચાઈ, પડછંદ કાયા, ચહેરા પર શીતળાનાં ચાઠાં, છાતી પર પથરાયેલી કાળી દાઢી અને વેધક આંખો. શિવાનંદે એમના પત્રમાં જેનો ઉલ્લેખ કર્યો હતો એ બાબા ભૈરવનાથ હતા. એમણે મારી તરફ આવી કહ્યું: 'માફ કરજો, એ યુવાન છે અને મજાક કરવાની એને આદત છે.'

એ પછી એમણે ધીરેથી મારા હાથનો સ્પર્શ કર્યો. ધીરેધીરે હાથમાં જાણે ચેતના પાછી આવવા લાગી. હાથમાં લોહી ફરવા લાગ્યું. મારો જમણો હાથ હજી હયાત છે એવી અનુભૂતિ મને ફરીથી થવા લાગી. મેં ધીરેથી મારો હાથ દીવાલ પરથી ખસેડ્યો. ખાલી ચડ્યા પછી જેવી ઝણઝણાટી થાય એવી ઝણઝણાટી અનુભવતો થોડી વાર ડાબા હાથમાં જમણા હાથને પકડીને ઊભો રહ્યો.

એ પછી થોડીવારે એમને નમસ્કાર કરી, મેં કહ્યું: 'શિવાનંદજીને આપકો સ્નેહ ભેજા હૈ.'

'આભાર.' સ્મિત એમના ચહેરા પર ઘનઘોર ઘેરાયેલા આકાશમાં ચમકતી વીજળી જેવું લાગતું હતું.

'યહ હૈ નિર્મલ આનંદજી.' એમણે મારો પરિચય પેલા યુવાન અઘોરી સાથે કરાવ્યો. એ અક્કડ બની મને તાકતો ઊભો રહ્યો: 'ખૂબ જ શક્તિશાળી યુવાન છે. અમારા પરાત્પરજીને એમના પર અપાર શ્રદ્ધા છે.'

મેં હસીને કહ્યું : 'એમની શક્તિનો પરિચય તો થયો, શ્રદ્ધાનો પરિચય બાકી છે.'

એ પછી એમણે મારો પરિચય અન્ય અઘોરીઓ સાથે કરાવ્યો. એમના નામ પરથી મને લાગ્યું કે નીચલી કક્ષાના અઘોરીઓના નામ પાછળ આનંદ લગાડવામાં આવે છે અને ઊંચી કક્ષાના અઘોરીઓના નામ પાછળ નાથ ઉમેર-વામાં આવે છે. પાછળથી મને ખબર પડી હતી કે એમની સર્વોચ્ચ પદવી પરાત્પરની છે, જે શ્રેષ્ઠ અઘોરીના નામની આગળ મૂકવામાં આવે છે.

'નિકુંભ આનંદ!' ભૈરવનાથે બૂમ મારીને કૂવાની પાળ પર બેઠેલા એક યુવાનને બોલાવ્યો. એ અત્યાર સુધી ત્યાં બેઠોબેઠો જ આ બધો તમાશો જોઈ રહ્યો હતો. એ દોડતો અમારી નજીક આવ્યો. ગોરો, હસમુખો, ખભા પર ઝૂલતા

વાંકડિયા કાળા વાળ અને નાની દાઢી. એનો ચહેરો અને ચહેરા પર દેખાતું સ્વાભાવિક સ્મિત ખૂબ જ સુંદર હતું. એણે કમ્મર પર ફક્ત ગોઠણ સુધી પહોંચતું ભગવા રંગનું વસ્ત્ર વીંટ્યું હતું. એનું સુંદર કસાયેલું શરીર વસ્ત્ર વગર જોવું ગમે એવું હતું.

'જી.' કહી એ આગળ આવી ઊભો રહ્યો.

ભૈરવનાથે મારી તરફ ફરી કહ્યું:

'આજથી આ તમારી સાથે રહેશે, આપને સાથ આપશે અને આપને બધું બતાવશે.' મને એ ખૂબ ગમ્યું. સાથી તરીકે એ હસમુખો યુવાન અઘોરી મને યોગ્ય લાગ્યો. ઘડી પહેલાં થયેલી મારી ફજેતીથી ઉત્પન્ન થયેલી ગ્લાનિ કંઈક ઓછી થઈ. મેં એ યુવાન અઘોરીને મારો પરિચય આપ્યો, પણ મને લાગ્યું કે એવા કોઈ શિષ્ટાચારની જરૂર નહોતી. એ પાંચ દિવસ દરમિયાન મેં જોયું હતું કે એ અઘોરીઓ આપસમાં કોઈ શિષ્ટાચારને અનુસરતા નહોતા. પોતાથી મોટાને એ માન આપતા ખરા, અદબ પણ જાળવતા, છતાં કોઈ ખાસ શિષ્ટાચારની આવશ્યકતા નહોતી.

ધીરેધીરે ટોળું વીખરાવા લાગ્યું. હું, ભૈરવનાથ, અલખ આનંદ અને નિકુંભ આનંદ પેલા 'યુ' આકારના મકાનમાં પ્રવેશ્યા. વચ્ચોવચ એક વિશાળ ચોગાન હતું. ત્રણ બાજુ એક ઊંચા ઓટલાની પાછળ વીસેક ઓરડાઓ હતા. આગળના ભાગમાં લાકડાંનો ઊંચો માંચડો બાંધવામાં આવ્યો હતો. પહેલાં આ જગ્યા કોઈ રાજામહારાજાએ શિકાર માટે બંધાવી હોય એમ લાગતું હતું. ચોગાનની વચ્ચોવચ કેટલાક અઘોરીઓ મંત્રોચ્ચાર કરતા કુંડાળું વળીને બેઠા હતા. એ બધા મોટી ઉંમરના હોય એમ લાગતું હતું. એ કુંડાળાની વચ્ચે જરા ઊંચા આસન પર વ્યાઘ્રચર્મ પાથરીને બેઠેલા બે અઘોરીઓ દેખાવ-માત્રથી જ ભયાનક લાગતા હતા. એમની સામે કેટલીક માનવ ખોપરીઓ ઊંધી રાખવામાં આવી હતી. એ ખોપરીમાં લાલ રંગનું પ્રવાહી હતું. એ બન્નેની સામે ચાર યુવાન અઘોરીઓ યજ્ઞ માટે કુંડ બનાવી રહ્યા હતા. છએક ફૂટના એ વિશાળ કુંડની ઈંટો જેમ-જેમ પેલા યુવાન અઘોરીઓ રાખતા ગયા તેમ-તેમ સામે બેઠેલા પેલા બે અઘોરીઓ મંત્ર બોલતા હતા. મંત્રમાં એ દિશાઓના દેવતાઓનું આવાહન કરતા હતા અને પછી એમને ત્યાં સ્થિર થવાની વિનંતી કરતા હતા.

વાયવ્ય ખૂણામાં જ્યારે ઈંટોની સ્થાપના થઈ ત્યારે: 'ક્લીં ઓમ્ ક્લીં સિદ્ધિ નમઃ રુદ્ર રુદ્ર સ્થાપ્યઃ' એમ કહી પછી એ બન્ને સાથે જ બોલ્યા: 'સ્થાને સ્થિરો ભવ ઓમ હ્રીં હ્રીં.' આવી જ રીતે બધી દિશાઓમાં અને ખૂણાઓમાં દેવતાઓની સ્થાપના કરવામાં આવી રહી હતી. ઇશાનમાં યજ્ઞદેવની, અગ્નિમાં સાવિત્રી-દેવતા, ચામુંડા, કાલિકા, નૈઋત્યમાં ઇન્દ્રાદિક દેવોની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાને સ્થિરો ભવ એમ બોલતાંની સાથે જ બન્ને અઘોરીઓ એક

વળેલા પાંદડા વડે પેલી ખોપરીઓમાંથી પેલું લાલ પ્રવાહી લઈ એ દિશામાં છાંટતા હતા. મંત્રો એ બધા એકસાથે ફક્ત એક જ સૂરમાં બોલતા હતા. શબ્દોની સ્પષ્ટતા અને એ જે ઉચ્ચારતા હતા એમાં એમની શ્રદ્ધા દેખાઈ આવતી હતી.

થોડી વાર હું અને નિકુંભ આનંદ ત્યાં ઊભા રહ્યા. એ પછી એણે મારો હાથ ધીરેથી દબાવી ત્યાંથી આગળ જવા ઇશારો કર્યો. અમે ઓટલા પર ચડી ઓરડાઓ પાસેથી પસાર થવા લાગ્યા. એક મોટા ઓરડામાં ત્રીસેક સ્ત્રીઓની સામે બેઠોબેઠો એક જાડો અઘોરી મંત્રોચ્ચાર કરી રહ્યો હતો. એ મંત્રો એટલા ધીરેથી બોલતો હતો કે સાંભળી શકાતા નહોતા. સામે બેઠેલી સ્ત્રીઓ જાણે પ્રતિમા હોય એમ સ્થિર બેઠેલી હતી. ખુલ્લી આંખે એ પેલા અઘોરી સામે પલક પણ ટપકાવ્યા વગર જોઈ રહી હતી. મેં નિકુંભને હાથ પકડી દરવાજા પાસે ઊભો રાખ્યો. હું આશ્ચર્યથી જોઈ રહ્યો. બધી જ સ્ત્રીઓ યુવાન હતી, સુંદર પણ હતી. બધી જ સ્ત્રીઓના વાળ ઓળેલા પણ છૂટા હતા અને કપાળમાં ભસ્મનો મોટો ચાંદલો હતો. એ બધી જ સ્ત્રીઓ પેલા અઘોરીની વશીકરણની અસર નીચે હતી એમ મને લાગ્યું. ઘઉંવર્ણ અને કાળા રંગનો ભેદ પડવા છતાં આ સ્ત્રીઓ ક્યા પ્રદેશની હશે કે ક્યાંથી લાવવામાં આવી હશે તે એમના એકસરખા પહેરવેશથી નક્કી કરવું મુશ્કેલ હતું.

ચારેક સ્ત્રીઓ એમના ચહેરા પરથી આદિવાસી સ્ત્રીઓ હોય એમ લાગતું હતું. સૌથી આગળ બેઠેલી સ્ત્રી ખૂબ સુંદર હતી. એનું ઘઉંવર્ણું શરીર એણે પહેરેલા વસ્ત્રમાંથી પણ પોતાની સુંદરતા વિખેરતું હતું.

બીજી જ ક્ષણે કોઈ પણ જાતની આજ્ઞા કે પ્રતિકાર વગર જાણે એ બધી જ સ્ત્રીઓ કોઈ એક અજ્ઞાત શક્તિ દ્વારા એકસાથે બંધાઈ હોય એમ પગ ઘૂંટણ પાસેથી વાળીને ઊભી થઈ. એ પછી બધી જ સ્ત્રીઓએ એકીસાથે પોતાના પગ સહેજ પહોળા કર્યા. આ સ્થિતિમાં થોડીવાર રહ્યા પછી એ બધી પોતાના હાથ ટેકવી ઝૂકીને માથું ઘુમાવવા લાગી.

'ચલીએ.' નિકુંભ આનંદનો અવાજ સાંભળી મારી સ્તબ્ધતા તૂટી. 'આ શું થઈ રહ્યું છે?' મેં પૂછ્યું. 'બાદમેં બતાઉંગા.' એણે કહ્યું. આગળ વધતાં પહેલાં મેં ફરીથી એક વાર એ ઓરડામાં નજર કરી. હૂ હૂ હૂ અવાજ કરતી એ સ્ત્રીઓ પોતાના હાથ અને પગ ઉપર પોતાના શરીરને આગળપાછળ હલાવી રહી હતી.

એ મકાનના સૌથી છેવાડે આવેલા એક ઓરડા તરફ નિકુંભ આનંદ મને દોરી ગયો. દરવાજો હડસેલી એણે મને કહ્યું: 'અહીં તમારે નિવાસ કરવાનો છે. સ્નાનાદિથી પરવારી આપ રસોઈ કરી શકશો. હું આપના માટે સીધાસામાનની વ્યવસ્થા કરું છું. શૌચાદિ માટે આપે જંગલમાં જવું પડશે. એકલા ન જતાં કોઈને અવશ્ય સાથે લઈ જજો. અહીં સર્પ ઉપરાંત જંગલી જનાવરોનો ભય છે. શૌચ માટે ગયેલાઓને શિયાળ સતાવે છે, એટલે ધ્યાન રાખજો.' નમ્રતાપૂર્વક બોલાયેલા

તેનાં આ વાક્યોએ મારી શૌચ કરવાની ઇચ્છાને જ મારી નાખી. મેં કહ્યું : 'પહેલાં મારી ઇચ્છા સ્નાન કરવાની છે.' મેં થેલીમાંથી વસ્ત્રો કાઢ્યાં એટલે એ મને કૂવા પાસે લઈ ગયો. બાલદીથી પાણી સીંચીસીંચીને એણે મારા પર રેડ્યું. પાછા ઓરડા પર આવ્યા ત્યારે એણે મને કહ્યું: 'ભોજન માટે શું પ્રબંધ કરું?'

'શું મળશે?'

'અહીં બધાં જ માંસાહારી છે. આપના માટે આટા અને દાલની વ્યવસ્થા થઈ શકશે. ફળો અને દૂધ પણ મળશે.'

તે વખતે મારી ઇચ્છા ચૂલો સળગાવીને રાંધવાની જરા પણ ન હોવાથી ફળ અને દૂધ લેવાનું મેં નક્કી કર્યું. નિકુંભે થોડી જ વારમાં બન્ને હાજર કર્યાં. એ ઉપરાંત એ એક પ્યાલામાં કંઈક પ્રવાહી પણ લાવ્યો હતો. મેં એ વિશે પૂછ્યું.

'સોમરસ.' એણે હસીને કહ્યું.

'મદિરા!' હું બોલ્યો.

'પી જુઓ. આપનો થાક ચાલ્યો જશે અને સ્ફૂર્તિ અનુભવશો.'

રોમમાં રોમન બનીને રહેવું એમ મેં નક્કી કર્યું હતું, માંસ ખાઈ શકવાની હિંમત તો નહોતી, પણ એમનો સોમરસ તો ચાખવો જ જોઈએ, એમ મેં વિચાર્યું.

ફળ ખાધા અને દૂધ પીધા પછી મેં એ સોમરસનો પ્યાલો ઉપાડ્યો. સુગંધ શરબત જેવી હતી અને રંગ કેસરમિશ્રિત દૂધ જેવો હતો. સ્વાદ ભાંગ જેવો તીવ્ર હતો. ગળામાં જતાં જ આલ્કોહોલ પીધા જેવી ઝણઝણાટી થઈ આવી.

હું એ ગટગટાવી ગયો. બીજી જ ક્ષણે શરીર હળવું ફૂલ બની ગયું. નિકુંભ આનંદે કહ્યું: 'હવે તમે થોડો સમય આરામ કરો. ચારેક વાગ્યે ભૈરવનાથ આપને પરાત્પર લકુલેશજીને મળવા લઈ જશે.'

મારે પણ આરામની સખત જરૂર હતી. મેં જમીન પર જ હાથનું ઓશીકું કરી લંબાવ્યું. ચિત્રવિચિત્ર અસંબદ્ધ વિચારો અને સપનાંઓથી ભરેલી એ ઊંઘ હતી.

કેટલો સમય વીત્યો હશે તે ખબર નથી, પણ નગારાના એકધારા ઢમઢમ અવાજથી અને કોઈ પશુની દર્દનાક ચીસોથી હું જાગી ગયો. દરવાજા બહાર જઈ ઓટલા પર ઊભો રહ્યો. ચોગાનની વચ્ચોવચ ત્યારે બંધાઈ ચૂકેલી વેદી પાસે અઘોરીઓનું એક મોટું ટોળું જમા થયું હતું. એક અઘોરી ખૂણામાં પડેલું મોટું નગારું સતત વગાડી રહ્યો હતો. ટોળાની વચમાં અને વેદીની તદ્દન નજીક એક પાડો ચીસો પાડતો ઊભો હતો. એક પ્રચંડ કાયા ધરાવતા અઘોરીએ અગાઉના જમાનામાં ગ્રીક લોકો વાપરતા એવી વજનદાર તલવાર પાડાના ગળા પર ધરી રાખી હતી અને બીજા છ-સાત અઘોરીઓ પોતાનાં ધારદાર ત્રિશૂળ પેલા પાડાના

શરીરમાં ચારે તરફથી ભોંકતા હતા. ત્રિશૂળે જ્યાં છિદ્રો પાડ્યાં હતાં ત્યાંથી લોહીની ધારા વહી રહી હતી અને વિશાળ પાડાની ભયાનક ચીસોથી આસપાસનું વાતાવરણ ભયાનક બની ગયું હતું. સૂર્યના તેજમાં દેખાતા પડછાયાઓથી લાગતું હતું કે મધ્યાહ્ન વીત્યાને હજુ બહુ સમય નથી થયો. એ હિસાબે મેં ઊંઘ પણ વીસેક મિનિટ માંડ લીધી હશે.

કેટલાક બાવાઓ ઓટલા પર બેઠા હતા. મારાથી થોડે જ દૂર એક મોટી ઉંમરનો વૃદ્ધ અઘોરી ચલમ ફૂંકતો બેઠો હતો. એ તદ્દન નિર્લેપભાવે આ બધું જોઈ રહ્યો હતો. હું સરકીને એની પાસે પહોંચ્યો. મેં પૂછ્યું:

'યહ લોગ ક્યા કર રહે હૈં?'

એણે એની ઘેઘૂર લાલ આંખે મારી સામે જોઈ કહ્યું: 'વેદી તૈયાર હોને પર આજ યહ પહલા બલિદાન હોગા.' પછી ફરિયાદના સ્વરમાં ઉમેર્યું: 'લકુલેશને સબ શિખાઉ લડકે જમા કિયે હૈં.'

પરાત્પર લકુલેશ પ્રત્યે અહીં કેટલાક અઘોરીઓમાં અસંતોષ છે - હશે એમ મને લાગ્યું. હું ટોળાની વચમાં સરક્યો.

ત્યાંથી વેદી સ્પષ્ટ દેખાતી હતી. વેદીમાં મોટાં-મોટાં લાકડાં ગોઠવવામાં આવ્યાં હતાં. વેદીની એક તરફ છ અઘોરીઓ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા, એમનાથી પણ ઊંચા આસને એક પ્રભાવશાળી અઘોરી બેઠો હતો. દાઢી અને માથાના બધા જ વાળ સફેદ હતા, કપાળ ભવ્ય હતું અને વિશાળ ખભા એના શરીરની ભવ્યતા એ બેઠા હતા છતાંય દેખાડી દેતા હતા. એક ઊંચું ત્રિશૂળ એ બેઠા હતા એની પાછળ જમીનમાં ખોસવામાં આવ્યું હતું. એની આંખો ખુલ્લી હતી, પણ જાણે કશું જ જોતી ન હોય એમ સ્થિર હતી. પેલા જે છ અઘોરીઓ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા તેમાં 'વૈશ્વાનર' શબ્દ સ્પષ્ટ રીતે વારંવાર સંભળાતો હતો, એટલે એ અગ્નિને આવાહન આપી રહ્યા હોય એમ લાગતું હતું.

નગારાના અવાજની ઝડપ વધવા સાથે જ પાડાનો આર્તનાદ પણ વધુ ઘેરો અને કરુણ બનવા લાગ્યો હતો. મંત્રોચ્ચારનો લય અને ઝડપ પણ વધ્યાં હતાં. વેદીની આસપાસનું વાતાવરણ ગરમ થવા લાગ્યું હતું. સૂર્યનાં કિરણો જાણે સમેટાઈ ત્યાં કેન્દ્રિત થતાં હોય એમ શરીર પર ભોંકાવા લાગ્યાં. મારા માથા પરથી પસીનો વહેવા લાગ્યો. મેં જોયું તો ત્યાં ઊભેલા અન્ય અઘોરીઓની પણ એવી જ હાલત હતી. ગરમ ધખધખતી સગડી પરનું વાતાવરણ - હવા ગરમ થઈ જાય અને ઝલઝલાં દેખાય એવાં ઝલઝલાં વેદી ઉપર દેખાવા લાગ્યાં. એ ગરમ બાષ્પની આરપાર દેખાતા અઘોરીઓ પાણીમાં તરતા હોય એવા લાગતા હતા. હું વેદી સામે તાકી રહ્યો. આંખો બળવા લાગી. ગરમી અસહ્ય થવા લાગી હતી અને હું થોડો દૂર ખસ્યો. મારી પાછળ જ નિર્કુંભ આનંદ મારું ધ્યાન રાખતો હોય એમ

ઊભો હતો. મારી તરફ ફરીને હસીને કહ્યું:

'દેખીએ, અભી અગ્નિ પ્રગટ હોગા. આપ યહ દેખના નહીં ચાહતે ક્યા?' એના આ શબ્દોએ મને ફરી આગળ જવા પ્રેર્યો. નિકુંભ આનંદ પણ મારી સાથે જ આવ્યો. અહીંથી હવે વેદી સ્પષ્ટ દેખાતી હતી. અગ્નિ પ્રગટાવવામાં કોઈ ચાલાકી તો નથી કરાતીને એ મારે જોવું હતું. એ સમયે વેદીમાં કશું બળતું હોય એમ લાગતું નહોતું. મંત્રોચ્ચાર કરતા અઘોરીઓ અને વેદી વચ્ચે પણ પુષ્કળ અંતર હતું. તાપ સહન કરતો હું કેટલોક સમય અપલક વેદીને નીરખતો ઊભો રહ્યો.

થોડી વાર પછી મેં સ્પષ્ટ રીતે જોયું કે અગ્નિની એક શિખા વેદીની ઉપર એકાદ ફૂટ ઉપર અધ્ધર હવામાં જ નિર્માણ પામી ગઈ હતી. એ અગ્નિ વધુ સ્પષ્ટ થવા લાગ્યો અને નીચે વેદી પર ઊતરવા લાગ્યો.

મંત્રોચ્ચાર કરતા અઘોરીઓ અને પરાત્પર પણ ઊભા થઈ ગયા હતા. આજુબાજુ વેરવિખેર ઊભેલા અઘોરીઓ પણ હવે નજીક આવી ગયા હતા. એ બધા જ હવે એકીસાથે મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. મંત્રોમાં વૈશ્વાનરનાં અનેક રૂપોનું આવાહન થઈ રહ્યું હતું. વ્યાન, સમાન અને ઉપાન શબ્દો સ્પષ્ટ સાંભળી શકાતા હતા. એ સંસ્કૃત શબ્દો સાથે જ કેટલાક વિચિત્ર શબ્દો પણ એ મંત્રોમાં હતા. મેં આકાશ તરફ એક નજર કરી, સૂર્યનું એક કિરણ આવીને જાણે એ વેદીને સ્પર્શ્યું હોય એમ વેદી ભડભડ પ્રગટી ઊઠી.

જયઘોષથી વાતાવરણ ગાજી ઊઠ્યું. એ પ્રચંડ જયઘોષમાં પેલા પાડાની ભયાનક દર્દનાક ચીસો દબાઈ ગઈ. ગરદન પર તલવાર તોળીને પેલા અઘોરી-ઓએ એક જ ઝાટકે પાડાની ગરદન ઉડાવી દીધી હતી અને એ માથું વેદીમાં જઈ પડ્યું હતું.

પાડાના શરીરમાંથી વહેતું ગરમગરમ લોહી પીવા અઘોરીઓ પડાપડી કરવા લાગ્યા. એ ભયાનક દૃશ્ય જોઈ હું થરથર કંપવા લાગ્યો હતો. નિકુંભઆનંદ મને હાથ ઝાલી દૂર લઈ ગયો.

મેં કંપતા સ્વરે કહ્યું: 'યહ તો હેવાનિયત હૈ.'

'દેખિયે, આપ હમારે મહેમાન હૈં, કૃપયા એસે વિધાન ભવિષ્યમેં યહાં મત કિજીએગા. ઔર આપકો તો અભી બહોત કુછ દેખના હૈ. યહ તો કુછ નહીં હૈ.'

હું આંખો બંધ કરી થોડી વાર ઓટલા પર બેસી રહ્યો. ઓટલા પર બેઠેલો અઘોરી કહી રહ્યો હતો: 'બચ્ચાઓને કંઈ અક્કલ નથી! વ્યર્થ, બધું વ્યર્થ! અમે એક બુંદ લોહી જમીન પર પડવા નહોતા દેતા! બધું જ ચૂસી લેતા શરીર પરથી!'

મેં આંખ ખોલી એના તરફ જોયું, એના હોઠ જાણે કોઈ ભયાનક

લાલસાથી લોહી પીવા તરસી રહ્યા હતા અને આંખોમાં લાચારી હતી.

નિકુંભ આનંદે કહ્યું: 'એ બાબા વિતથનાથ છે. કદાચ તમે નહીં માનો, પણ એ બસો વર્ષથી પણ વધારે ઉંમરના છે. એમણે મૃત્યુંજય મંત્ર સિદ્ધ કર્યો છે.'

હું કંઈક આશ્ચર્યથી એ વૃદ્ધને જોઈ રહ્યો.

'પાંચેક મિનિટ પછી મારે તમને પરાત્પર લકુલેશ પાસે હાજર કરવાનો આદેશ છે.' નિકુંભ આનંદ બોલ્યો.

મેં આકાશ તરફ નજર કરી. છ-સાત ગીધ ચોકની વચ્ચોવચના આકાશ પર ઘૂમી રહ્યાં હતાં અને નીચે હજી પેલા અઘોરીઓની તરસ છિપાઈ ગઈ હોય એમ લાગતું નહોતું.

o o o

પ્રકરણ ૫

ફક્ત થોડા જ કલાકમાં મેં ત્યાં જે જોયું તેનાથી મારી સ્વસ્થતા ખોવાઈ ગઈ હતી. અચાનક બે દિવસનો થાક પણ દેખાવા લાગ્યો. શરીર તૂટવા લાગ્યું અને નિરાશાએ જાણે મને ઘેરી લીધો હોય એમ લાગ્યું. આંખ પરનાં પોપચાં ભારે બનીને આંખ પર ઢળવાં લાગ્યાં. મેં નિકુંભ આનંદને કહ્યું: 'મને દશેક મિનિટ એકાંત જોઈએ, સ્વસ્થ થવા.' એ મને મારા રૂમ પર દોરી ગયો. માટીના ઘડામાંથી પાણી લઈ મેં મારી આંખો પર છાંટ્યું અને દરવાજો બંધ કરી મનને એકાગ્ર અને સ્વસ્થ કરવા યોગમાં બેઠો.

દસબાર મિનિટ પછી સ્વસ્થતા પાછી આવી હતી. મને લાગ્યું હતું કે હવે હું પરાત્પર લકુલેશને મળી શકીશ. હું અને નિકુંભ આનંદ વિશાળ વરંડામાં થઈને જ એ મકાનના મધ્યભાગ તરફ ચાલ્યા. યજ્ઞકુંડ પાસે હજી અઘોરીઓની એ ભીષણ ધમાલ ચાલુ જ હતી. યજ્ઞનો અગ્નિ હવે બરાબર પ્રગટી ચૂક્યો હતો અને એની જ્વાળા અઘોરીઓના ટોળાની ઉપરથી પણ દેખાઈ રહી હતી. વરંડાની બાજુમાં આવેલા મોટા ભાગના ઓરડા બંધ હતા. જે મોટો ઓરડો પરાત્પર માટે હતો તેની નજીક આવ્યા તે પહેલાંના ઓરડામાં યજ્ઞ માટે સમિધ ભર્યું હતું. મેં એ સમિધના ઢગલામાંથી થોડા લાકડાના ટુકડા લઈ લીધા. નિકુંભ આનંદ આ જોઈ હસીને બોલ્યો: 'અબ આપ પૂરે સ્વસ્થ નજર આતે હો.' વેદકાળમાં શિષ્યો જ્યારે ગુરુ પાસે જતા ત્યારે હાથમાં સમિધા લઈને જતા, આ સમિધા વિદ્યાર્થીની પ્રદીપ્ત જિજ્ઞાસાનું પ્રતીક ગણાતી.

એ ઓરડામાં પ્રકાશ ઓછો હતો. એક ખૂણામાં અગ્નિ પ્રગટી રહ્યો હતો એટલે થોડો ધુમાડો હતો. દરવાજાની સામી દીવાલથી થોડે આગળ એક ઊંચા આસન પર પરાત્પર બેઠા હતા. એ વ્યાઘ્રચર્મ પર બેઠા હતા અને આંખો બંધ હતી. એમણે જે રીતે પગને વાળ્યા હતા એ એક વિશિષ્ટ યોગમુદ્રા હતી. સામાન્ય રીતે આપણે એમ બેસી ન શકીએ. મેં ક્યારેક હઠયોગીઓને એમ બેસતા જોયા હતા ખરા. એમની બાજુમાં જ બાબા ભૈરવનાથ બેઠા હતા. જમીન પર એક મોટો જાડો કાગળ પાથરીને એના પર એ કોઈ યંત્રની રચના કરી રહ્યા હતા. યંત્ર ખૂબ જ અટપટું અને ભૂમિતિના અનેક આકારના સંયોજનથી બનાવ્યું હોય એમ લાગતું હતું. મેં ફરીથી પરાત્પર તરફ જોયું. એમનો વર્ણ સફેદ હતો. દાઢી અને જટાના વાળ પણ સફેદ હતા. કપાળ પરની ઊંડી અને ઘણી રેખાઓ એમની મોટી વય દેખાડતી હતી. એ બન્ને સિવાય અન્ય ત્રણ અઘોરીઓ એક ખૂણામાં બેઠા કંઈક વાટી રહ્યા હતા. કોઈ જડીબુટ્ટી યા તો વનસ્પતિની વિચિત્ર વાસ એ જ્યાં વાટતા હતા ત્યાંથી આવી રહી હતી. ભૈરવનાથે મને ઇશારો કરી બેસવા કહ્યું. હું અને નિકુંભ આનંદ પરાત્પરની બરાબર સામે બેસી ગયા. બહાર થતા

કોલાહલ છતાંય એ ઓરડાંનું વાતાવરણ એક અદ્‌ભુત શાંતિમાં ઘેરાયું હતું.

થોડી જ વારમાં પરાત્પર લકુલેશ પ્રત્યે કોઈ અગમ્ય ખેંચાણ થતું હોય એમ મેં અનુભવ્યું. એ એમની પ્રબળ માનસશક્તિથી મારા મન પર પ્રભુત્વ જમાવવા ઇચ્છતા હોય એમ મને લાગ્યું. પહેલાં તો એ ખેંચાણનો પ્રતિકાર કરવાની ઇચ્છા મને થઈ આવી, પણ બીજી જ ક્ષણે મને એમની સાથે તાદાત્મ્ય સાધવાની ઇચ્છા મને થઈ આવી. મારે એ અનુભવ લેવો હતો, એટલે મેં એમના એ આકર્ષણને અનુકૂળ થવાની શરૂઆત કરી. બેચાર ક્ષણમાં જ વાતાવરણમાં શાંતિ છવાઈ ગઈ. મારી આસપાસ કશું જ ન હોય એવો અનુભવ મને થયો. ચારે બાજુ અને ઉપરનીચે પણ અંધકાર સિવાય જાણે કશું જ નહોતું. ન અવાજ, ન પ્રકાશ, ન કાળનું બંધન. મારા માટે એ અનુભવ કંઈ નવો ન હતો. એ પછી થોડા સમયે ભૂમિતિના આકારનાં વિચિત્ર યંત્રો મારી આસપાસ રચાવા લાગ્યાં. એ રેખાઓ મારી નજીક અને વધુ નજીક આવવા લાગી. એમનાં એ યંત્રોની જાળમાં ફસાવાની જરા પણ ઇચ્છા ન હોવાથી મેં ફરીથી મારી પ્રતિકારશક્તિને કામે લગાડી. આકર્ષણ તૂટ્યું તેવી જ મેં આંખો ખોલી નાખી. આ યંત્રજાળથી ચેતવવા બદલ મેં મનોમન સ્વામી શિવાનંદનો આભાર માન્યો. એમણે જબલપુરથી માંડલા જતાં જીપમાં જ અઘોરીઓનાં ચમત્કારક યંત્રોના બંધનની વાત કરી હતી.

મેં આંખ ખોલી કે તરત જ પરાત્પરે પણ આંખો ખોલી. ક્ષણભર અમે બન્ને એકબીજાને તાકતા રહ્યા. મેં આગળ ઝૂકીને એમના પગ પાસે સમિધાનો ઢગલો કર્યો. એમણે ધીરગંભીર અવાજે પૂછ્યું: 'કઈ જિજ્ઞાસાથી અહીં આવ્યા છો?'

'આપ મારી સમિધા સ્વીકારો છો?' મેં પૂછ્યું.

'અવશ્ય.' એમણે ચહેરાની તંગ રેખાઓને કંઈ ઢીલી કરતાં કહ્યું.

'હું મારા જ્ઞાનને ચકાસવા આવ્યો છું અને આપની પાસેથી જ્ઞાન લેવા આવ્યો છું.' મેં નમ્રતાથી કહ્યું. પછી ઉમેર્યું: 'જીવનહસ્યને જાણવું એ જ મારી જિજ્ઞાસા છે!'

'સ્વામી શિવાનંદે કહ્યું હતું કે તમે જીવનરહસ્યને જાણ્યું છે!' એમણે આશ્ચર્યના ભાવ સાથે પૂછ્યું.

'આ મારા મિત્ર સ્વામીએ કંઈક મારી વધુપડતી પ્રશંસા આપની સામે કરી હશે.' મેં કહ્યું:

'જીવનના રહસ્યને જ હું અંતિમ સત્ય માનું છું અને સત્ય હંમેશાં આપણાથી બે કદમ આગળ ચાલે છે.'

'સત્ય અંતિમ નથી હોતું. છેક છેલ્લે જ પામી શકાય એવું સત્ય તો સનાતન છે. સત્ય સત્ય જ છે.' એ ચર્ચામાં ઘસડાયા એટલે મને આનંદ થયો.

'સત્ય જ્ઞાનથી જ પામી શકાય છે, અને તમે જે વાત કરો છો તે

હકીકતની - પદાર્થની કરો છો.' એ કંઈક ગૂંચવાયા અને પૂછી બેઠા : 'કૈસે?'

'હજારો વર્ષ પહેલાં આપણે આ પૃથ્વીને સ્થિર અને બ્રહ્માંડનું કેન્દ્ર માનતા હતા. સૂર્ય-તારાઓને આપણે આપણી આસપાસ ઘૂમતા અનુભવતા હતા. હકીકતમાં તો ત્યારે પણ સૂર્યની આસપાસ પૃથ્વી અને અન્ય ગ્રહો ઘૂમતા હતા. સૂર્ય પણ બ્રહ્માંડના એક રજકણની જેમ ક્યાંક ફેંકાઈ રહ્યો છે, પણ પૃથ્વીને કેન્દ્રમાં રાખીને વિચારતા માનવી માટે એ ત્યારના જ્ઞાન પ્રમાણે સત્ય જ હતું. આજના આપણા જ્ઞાન પ્રમાણે પૃથ્વી, સૂર્ય, નિહારિકાઓ, વિશ્વો અને બ્રહ્માંડની ગતિ પણ સત્ય છે, પણ કાલે વધુ જ્ઞાન મળતાં એ કદાચ અસત્ય પણ પુરવાર થાય, માટે સત્ય, સત્ય હોવા છતાં અજ્ઞાનના કારણે આપણે એને પામી શકતા નથી. બીજા શબ્દોમાં કહું તો સત્યનું જ્ઞાન એ જ અંતિમ સત્ય હોઈ શકે.' એમને સાંભળવાને બદલે એમને હું સંભળાવી રહ્યો છું એનું ભાન થતાં જ અટક્યો અને કહ્યું: 'એટલે જ એ અંતિમ સત્યના જ્ઞાનની શોધમાં તમારી પાસે મારી સમગ્ર જિજ્ઞાસા લઈને આવ્યો છું.'

'પ્રશ્ન પૂછો, હું જવાબ આપીશ. જિજ્ઞાસુએ હમેશાં સવાલ પૂછવા જોઈએ.' એમણે ધીરગંભીર અવાજે કહ્યું.

'તમારા મત પ્રમાણે બ્રહ્માંડ, વિશ્વ, સૂર્યમંડળ અને આ પૃથ્વી પર જીવનની ઉત્પત્તિ કયા હેતુથી થઈ છે?'

'વૃદ્ધિ પામવા માટે, વિસ્તરવા માટે.'

'વધુ સ્પષ્ટતા ઇચ્છું છું. શાની વૃદ્ધિ, શાનો વિસ્તાર?'

'આ સૃષ્ટિ ભોગપ્રધાન છે. અહીં ભોગ-ઉપભોગનો જ વિસ્તાર શક્ય છે. બ્રહ્માંડના મૂળ જડ પદાર્થને જ્યારે ચેતનાએ ભોગવ્યો ત્યારે જ બ્રહ્માંડ ઉત્પન્ન થયું. સૂર્યે પૃથ્વીને ભોગવી ત્યારે જ આ પૃથ્વી પર જીવન ઉત્પન્ન થયું. ચેતના જડને ભોગવે એ જ આ સૃષ્ટિ - સમગ્ર બ્રહ્માંડનો મૂળ હેતુ છે. ભોગથી જ કાળ વિસ્તાર પામે છે અને ભોગથી જ દ્રવ્ય અને ચેતના પણ વિસ્તાર પામે છે. અગ્નિ સમિધને ભોગવે છે તેમ પુરુષે પ્રકૃતિને ભોગવવી જોઈએ.

આ વિશ્વમાં એકમાત્ર કાળ સત્ય છે. કાળના ક્ષયથી જ ભોગની વૃદ્ધિ થાય છે. સુજ્ઞોએ એટલે જ આ કાળને ભોગવવો જોઈએ.'

'કાળને સત્ય તરીકે કેવી રીતે ઓળખી શકાય?' મેં પૂછ્યું.

'ક્ષણના સ્વરૂપે. દરેક ક્ષણ એ કાળનું સૂક્ષ્મતમ રૂપ છે અને પ્રત્યેક ક્ષણ સત્ય છે.'

'કાળને ભોગવવાથી શું પ્રાપ્ત થાય છે?'

'પ્રત્યક્ષ રીતે શક્તિ અને પરોક્ષ રીતે મુક્તિ.'

'વિસ્તારથી સમજાવવાની પ્રાર્થના કરું છું.' મેં નમ્રતાથી કહ્યું.

'કાળનું પ્રાકૃતિક અને ભૌતિક રૂપ સ્ત્રી છે. સ્ત્રીને ભોગવવાથી જ પુરુષ વિસ્તાર પામે છે, વૃદ્ધિ પામે છે, એની શક્તિમાં અગણિત વધારો થાય છે. એ શક્તિ જ આખરે પુરુષને મુક્તિ આપે છે, અર્થાત્ શક્તિમાનને જ મુક્તિ મળે છે.'

'આપ કઈ શક્તિની વાત કરો છો?'

'પ્રકૃતિને ભોગવવાની શક્તિની. એ શક્તિ મંત્ર દ્વારા પ્રાપ્ત થાય છે. મંત્ર યોગ દ્વારા પ્રાપ્ત થાય છે. સ્ત્રી-પુરુષ-સંભોગ એ સર્વશ્રેષ્ઠ યોગ છે. એ યોગ જેમ જીવનની શરૂઆત છે એવી જ રીતે મૃત્યુ એ એનો અંત છે.'

'સ્ત્રી પુરુષને ભોગવે છે કે પુરુષ સ્ત્રીને ભોગવે છે?' મેં પૂછ્યું.

'હકીકતમાં બન્ને સ્ત્રી-પુરુષ ચેતનાઓ વિશ્વના જડ તત્ત્વને એટલે કે સ્ત્રી-પુરુષરૂપી શરીરને ભોગવે છે. આ શક્તિ પ્રાપ્ત કરવાનો સંયોગ છે.'

'મૃત્યુ પછી શક્તિઓનું શું થાય છે?'

'પ્રકૃતિમાં ફરી વિલીન થાય છે. અન્ય પુરુષ-ચેતના એને ભોગવીને ફરી પ્રાપ્ત કરે છે. કાળનું ચક્ર એમ જ ચાલ્યા કરે છે.'

મેં આગળ કોઈ પ્રશ્ન પૂછ્યો નહિ. એમના જ્ઞાનમાં ગૂંચવાડાઓ સિવાય કશું હતું. નહિ. અનંત પ્રશ્નો પૂછ્યા કરું છતાંય એ પોતાની માન્યતાઓના વર્તુળમાંથી બહાર નીકળશે નહીં એમ મને લાગ્યું. અંતે મેં કહ્યું: 'મારા માટે આજે આટલું પર્યાપ્ત છે એમ મને લાગે છે.'

એમણે ગર્વથી કહ્યું: 'જીવનનું સનાતન સત્ય મેં તને કહ્યું છે. આ પચાવવું મુશ્કેલ છે. તું અહીં આ શક્તિનો પ્રત્યક્ષ પરિચય કેળવે એમ હું ઇચ્છું છું.'

'એ જ મારો આશય છે. આપે સુવિધા આપી મને ઉપકૃત કર્યો છે એ બદલ હું આપનો ખૂબ આભારી છું.'

એ પછી એમણે મને કેટલાક પ્રશ્નો મારા વિશે પૂછ્યા. મારા કેટલાક અનુભવો મેં એમને સંભળાવ્યા અને મેં વિદાય લીધી.

એક પછી એક ઝડપથી બનતા બનાવો અને પરાત્પરની મુલાકાત પછી હું થાક્યો હતો. કંઈક શાંતિની અને શાંતિથી વિચારવાની જરૂર હતી. મેં નિકુંભ આનંદને કહ્યું: 'અહીં નજીકમાં મકાનની બહાર આપણે જંગલમાં ફરીએ એવી મારી ઇચ્છા છે.' એણે સમ્મતિ આપી: 'આપ અહીં થોભો. હું મારું ત્રિશૂળ લાવું છું.' એમ કહી એ ચાલ્યો ગયો. ત્યાંનું ભયાનક વાતાવરણ મને ગૂંગળાવતું હતું. લોહી-માંસની વિચિત્ર વાસ અને અઘોરીઓના ભયાનક ચહેરાઓ - મને થયું કે હું મારું માનસિક સંતુલન ખોઈ બેસીશ. પરાત્પરની મુલાકાતથી પણ મને સંતોષ થયો નહોતો. નિકુંભ આનંદ એનું ચમકતું અને વજનદાર ત્રિશૂળ લાવ્યો એટલે

અમે બહાર નીકળ્યા. સંધ્યાકાળ થવાને હજી ઘણી વાર હતી, એટલે એકાદ કલાક આમ ફરવામાં કોઈ વાંધો નહોતો. થોડીવાર સુધી અમે બન્ને કંઈ પણ બોલ્યા વગર ચૂપચાપ ચાલતા રહ્યા. પાંદડાંનો ખડખડાટ કે કોઈ પંખીનો અવાજ અથવા વાંદરાઓની ચિચિયારીઓ અને કૂદવાના અવાજ સિવાય ખૂબ જ શાંતિ હતી. થોડીવારે નિકુંભ આનંદે પૂછ્યું: 'અહીં આવીને પસ્તાવો તો નથી થતો ને?'

'પસ્તાવો તો નહીં પણ નિરાશા જરૂર થઈ છે. હું જે શોધવા આવ્યો છું તે મને મળેશું ખરું?' અમે એક તૂટેલા ઝાડના આડા પડેલા થડ પર બેઠા.

'નિરાશા શા માટે?' નિકુંભ આનંદ બોલ્યો.

'જ્ઞાનનો પ્રકાશ મને તમારા પરાત્પરમાં જોવા મળ્યો નહીં.' મેં નિરાશ સ્વરે કહ્યું.

બન્ને જણ થોડી વાર હાથમાં પાંદડાંઓ લઈ તોડવાની રમત કરતા રહ્યા. 'નિકુંભજી, આપ વામમાર્ગી કૈસે બને? પૂછના તો નહીં ચાહિયે ફિર ભી પૂછ રહા હું, આપકે પૂર્વાશ્રમ કે બાર મેં.'

'મેં મેરે માબાપકા એક હી લડકા થા. મારો બાપ મોટો જમીનદાર હતો. એણે મને ભણાવી ડૉક્ટર બનાવ્યો. કેટલાક પ્રસંગો એવા બન્યા કે જીવન પરથી, સંસાર પરથી, સમાજ પરથી મારો વિશ્વાસ ઊઠી ગયો. હું શાંતિની શોધમાં રખડ્યો અનેક ગુરુઓ પાસે. આખરે મારી મુલાકાત બાબા ભૈરવનાથ સાથે થઈ. એમનામાં મને શક્તિનાં દર્શન થયાં અને હું અઘોરી બન્યો.'

નિકુંભ આનંદ એના પૂર્વાશ્રમમાં એક ડૉક્ટર હતો એ જાણી મને સુખદ આશ્ચર્યનો ધક્કો જ લાગ્યો: 'આપ સચમૂચ ડૉક્ટર થે?' હું પૂછી બેઠો.

એણે હસીને કહ્યું: 'સર્ટિફિકેટ્સ તો જલા દિયે, વરના બતા દેતા આપકો!'

હું આ વાત આગળ વધારું તે પહેલાં જ એ ઊભો થયો અને કંઈક અવાજ સાંભળ્યો હોય એમ દૂર જોવા લાગ્યો. હું પણ ઊભો થયો. એક પ્રચંડ અને વિકરાળ દેખાવવાળા અઘોરીના બન્ને હાથમાં એક દસ-બાર વર્ષની આદિવાસી કન્યા હતી. એ બેભાન હોય તેમ અઘોરીના બન્ને હાથ પર લટકી રહી હતી. એ અઘોરી ઝડપથી અમારી તરફ આવી રહ્યો હતો અને એની સાથે જ એક આધેડ ઉંમરની સાધ્વી જેવી દેખાતી પ્રતિભાશાળી સ્ત્રી પણ આવી રહી હતી. સ્ત્રીએ ફક્ત એક ભગવું વસ્ત્ર ધારણ કર્યું હતું. વાળ છૂટા હતા અને ગળામાં રુદ્રાક્ષની માળા હતી.

નિકુંભ આનંદ ધીમેથી પણ ઝડપથી બોલ્યો: 'વો અદિતિ હૈ - સબ અઘોરિયોંકી માતા. બલિદાન કે લિયે કન્યા લાઈ હૈ. ઔર વો હૈ બાબા વામદેવ - મહાશક્તિમાન ઔર શાયદ સબસે અધિક પ્રતિભાશાલી.'

નિકુંભ આનંદના આ શબ્દો સાંભળી મારી બુદ્ધિ બહેર મારી ગઈ. આ

અઘોરીઓ શું પેલી નિર્દોષ કન્યાનું બલિદાન આપી દેશે? અઘોરી વામદેવ અને અદિતિ નજીક આવી પહોંચ્યાં. નિકુંભ આનંદે એમની સાથે મારો પરિચય કરાવ્યો. હું તો અપલક પેલા અઘોરીના હાથમાંની કન્યાને જ તાકી રહ્યો હતો. માતા અદિતિ કંઈ બોલી પણ એ મારી સમજમાં આવ્યું નહીં. હું અને નિકુંભ આનંદ પણ એ બન્નેની સાથે જ પાછા ફર્યા. અમે પેલા મકાન પાસે પહોંચ્યાં ત્યારે સૂરજ ઢળવાની તૈયારીમાં હતો. વામદેવને અને અદિતિને જોઈને ઘણા અઘોરીઓ 'મા શક્તિ કી જય'નો જયઘોષ કરતા સામે આવવા લાગ્યા. સોએક જેટલા અઘોરીઓ જે રીતે ત્રિશૂળ ઉછાળીઉછાળીને બૂમો પાડતા હતા એ દૃશ્ય જ મહાભયાનક હતું. આખુંય સરઘસ ફરીથી પેલી યજ્ઞવેદી પાસે આવ્યું. ત્યાં એક ઘાસમાંથી બનાવેલી ચટાઈ બિછાવવામાં આવી. વામદેવે એના પર પેલી કન્યાને સુવડાવી.

થોડી જ વારમાં કેટલાક અઘોરીઓ માટીના ઘડામાં પાણી ભરી લાવ્યા. અદિતિ અને બીજી બે સ્ત્રીઓએ આગળ આવીને પેલી બેભાન કન્યાનાં વસ્ત્રો અને કોડી મણકાના અલંકારો કાઢી નાખ્યાં. ઘડામાંના પાણીથી એ છોકરીને સ્નાન કરાવવામાં આવ્યું. એ પછી એ કન્યાને એક લાલ વસ્ત્રમાં વીંટવામાં આવી.

પરાત્પરની મુલાકાત વખતે મેં જે ત્રણ અઘોરીઓને વનસ્પતિ વાટતા જોયા હતા તે એક પાંદડામાં એ વનસ્પતિનો વાટેલો લોંદો લઈને આવ્યા. એમાંથી કેટલોક ભાગ લઈને અદિતિએ એ છોકરીના શરીર પર ચોપડ્યો. એ પછી એણે એ છોકરીના થોડાક વાળ ખેંચીને તોડી નાખ્યા. એ વાળ એણે વામદેવને આપ્યા. વામદેવે એ વાળ પેલા વનસ્પતિના બાકી રહેલા લોંદા સાથે ભેળવી દીધા. એ લોંદામાં જમીન પરથી સ્નાન કરાવતાં ભીની થયેલી થોડી માટી ભેળવી, એણે ઢીંગલી જેવી પૂતળી તૈયાર કરી.

બધા જ અઘોરીઓ પણ જાણે આ પ્રયોગ પહેલી જ વાર જોઈ રહ્યા હોય એમ જરા પણ અવાજ કર્યા વગર સ્તબ્ધતાથી જોઈ રહ્યા હતા. એ ભયાનક ખામોશીને ચીસ પાડીને ચીરી નાખવાની મને ઇચ્છા થઈ આવતી હતી, છતાં હું લાચાર બની એ તમાશો જોઈ રહ્યો હતો.

ઢીંગલી તૈયાર થતાં જ વામદેવે પેલી કન્યાના ઉતારી નાખેલાં વસ્ત્રો-માંથી એક ચીરો ફાડી, સાડીની જેમ પેલી ઢીંગલીને વીંટાળ્યો. ઢીંગલીને એણે યજ્ઞની નજીક વેદી પાસે મૂકી. છોકરી બેભાન હતી. એના શ્વાસના કારણે છાતી ઊંચીનીચી થતી હતી અને ફક્ત એ જ એના જીવિત હોવાની નિશાની હતી. વામદેવ ઢીંગલી અને કન્યાની સામે બેઠા. એ ખૂબ જ મોટેથી મંત્રો બોલતા હતા. મંત્રો એવી વિચિત્ર ભાષામાં બોલાતા હતા કે તીવ્ર સ્વરો સિવાય કશું સમજાતું નહોતું. ત્યાં સુધી અન્ય અઘોરીઓ ચૂપચાપ ઊભા જ હતા. પરાત્પર લકુલેશ ક્યારે આવ્યા અને એ ટોળાની આગળ આવી ઊભા રહ્યા એ પણ ખબર પડી ન હતી. થોડી વાર શાંતિ છવાઈ ગઈ. વામદેવ ઊભા થઈને એક અટપટું મંત્ર સાથ

સહજતાથી રચી નાખ્યું. ત્રિકોણ, ચોરસ અને ગોળના આકારો એકબીજામાં ગૂંથાયા હોય એવું એ યંત્ર હતું.

એ સમય દરમ્યાન શાંતિ ભયાનક હતી. દરેક અઘોરી અપલક આ ક્રિયા જોઈ રહ્યો હતો. મારા માથા પરથી પસીનો નીકળી કાન પાસે થઈ વહેવા લાગ્યો. પગ ઠંડા પડી ગયા હોય એમ નિર્જીવ જેવા લાગતા હતા. ત્યાં ઊભેલા અનેક અઘોરીઓની હાલત પણ એવી જ હતી. એક દર્દનાક ચીસ પાડવાની ઇચ્છા થઈ આવતી હોવા છતાં ત્યાંની ભયાનક શાંતિ મારું ગળું દબાવી બેઠી હતી. જડ સ્તબ્ધતાના ભયાનક વજન નીચે અમે બધા જ જાણે દબાઈ ચૂક્યા હોઈએ એમ સ્થિર પૂતળાની જેમ ઊભા હતા.

અચાનક વામદેવે એક તીક્ષ્ણ હથિયાર પોતાના હાથમાં લીધું. બેએક ફૂટ લાંબું એ કોઈ સીધી તલવારના ભાગ જેવું હતું. પેલી ઢીંગલી ઉપર એણે એ હથિયારને હવામાં અધ્ધર કેટલીયે વાર સુધી તોળી રાખ્યું. મારું ગળું સુકાવા લાગ્યું હતું, આંખો બળવા લાગી હતી. મેં ચારે તરફ જોયું. કેટલાક અઘોરીઓએ મશાલો પ્રગટાવી હતી. યજ્ઞના અગ્નિનો પ્રકાશ વામદેવના ચહેરા પર અને પેલા તીક્ષ્ણ હથિયાર પર ચમકી રહ્યો હતો. અચાનક એણે હથિયાર નીચે લાવી તેની તીક્ષ્ણ ધાર પેલી ઢીંગલીને ફક્ત અડકાડી.

એ સાથે જ ભયાનક ચીસ પાડીને પેલી માસૂમ છોકરીએ પોતાની અસહ્ય પીડા વ્યક્ત કરી. વામદેવ ઢીંગલીના જુદેજુદે ઠેકાણે હથિયાર ભોંકતો રહ્યો અને પેલી છોકરી વેદનાની ચીસો પાડતી રહી.

આ ત્રાસજનક દૃશ્ય કોઈ પણ માનવી માટે અસહ્ય હતું. મેં પાંચ વર્ષ અગાઉ આ જ રીતે જગજિતને તડપતો અને વેદનાની ચીસો પાડતો જોયો હતો. એ ચીસોને, એ વેદનાને હું આજ સુધી ભૂલી શક્યો નથી. એ માસૂમ છોકરી પર તો મારી નજર સામે જ સિતમ થઈ રહ્યો હતો. મને ચક્કર આવવા લાગ્યાં. મેં બાજુમાં ઊભેલા નિકુંભ આનંદના ખભા પર હાથ મૂક્યો. અમે બન્ને ચૂપચાપ એ ટોળામાંથી બહાર નીકળી આવ્યા.

'યહ લડકી કા બલિદાન કબ હોગા?' મેં ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'પાંચ દિનકે બાદ અમાવાસ્યા કો.' નિકુંભ આનંદે પણ શુષ્ક અવાજે જવાબ આપ્યો.

થોડી વાર પછી છોકરીની ચીસો સંભળાતી બંધ થઈ અને જંગલીઓના રૂંવાડાં ઊભાં કરી દે એવા જયઘોષથી વાતાવરણ ગાજી ઊઠ્યું.

થોડી જ વારમાં રાતનો અંધકાર છવાઈ ગયો. અઘોરીઓએ ચારે બાજુ મશાલો પ્રગટાવી હતી.

○ ○ ○

પ્રકરણ ૬

હું અને નિકુંભ આનંદ મારી ઓરડી પાસે પહોંચ્યા ત્યારે એક અઘોરી દરવાજા પાસે જ ઊભો હતો, બોલ્યો: 'માતા અદિતિજીને આપકે લિયે સ્ટવ ઔર થર્મોસ ભેજે હૈં. આશા હૈ ઇસસે આપકો સુવિધા હોગી ઔર ભોજન કે પ્રશ્ચાત્ અવશ્ય મિલને કો કહા હૈ.' મેં એનો અને માતા અદિતિજીનો આભાર માન્યો. ખાવાની જરા પણ રુચિ ન હોવા છતાં સ્ટવની સુવિધા મળવાના કારણે ખીચડી બનાવી લીધી. થર્મોસમાં દૂધ હતું. નિકુંભ આનંદ જે સીધુંસામાન લાવ્યો હતો તેમાં ચા બનાવવા માટેની સામગ્રી હતી જ. નિકુંભ આનંદને પણ મેં મારી સાથે ભોજન લેવા આમંત્રણ આપ્યું, પણ એણે કહ્યું: 'અમને અઘોરીઓને આ સાધના દરમિયાન એકસાથે જ ભોજન લેવાનો આદેશ છે એટલે આપ ક્ષમા કરજો. કલાક પછી હું આપને લેવા આવીશ. આપણે સાથે જ માતા અદિતિ પાસે જઈશું. માતા ભાગ્યે જ કોઈને મળે છે. આપ ભાગ્યશાળી છો કે માતા અદિતિએ આપને સામેથી મળવા માટે આમંત્રણ આપ્યું છે.' એ ગયો અને હું મારા ભાગ્ય પર વિચારતો રહ્યો.

પેલી માસૂમ છોકરીનો ચહેરો આંખ સામે તરવરવા લાગ્યો. એનું બલિદાન રોકી શકાય? મારે શું કરવું જોઇએ? ચૂપચાપ જોતા રહેવું? હું કરી પણ શું શકું? મારા કહેવાથી જ શું આ અઘોરીઓ એ છોકરીનું બલિદાન આપવાનો વિચાર માંડી વાળશે? એક ક્ષણ માટે તો એવો વિચાર પણ આવી ગયો કે સવારે જ મારે અહીંથી ચાલ્યા જવું. કમસેકમ આ ભયાનક કાર્યક્રમના સાક્ષી બનવામાંથી તો એ રીતે છુટકારો મળી શકશે! આટલું જોયા પછી આ અઘોરીઓ મને હવે કાલે અહીંથી જવા દેશે ખરા? એમની સાધનામાં દખલ કરવાનો કોઈ અધિકાર મને છે ખરો ? શિવાનંદે આ માટે પહેલાં પણ મને ચેતવ્યો હતો, સલાહ પણ આપી હતી: ચૂપચાપ જોયા કરજો.

માતા અદિતિને મળવાથી કંઈ માર્ગ સૂઝશે - મેં આશાસ્પદ રીતે વિચાર્યું.

એકાદ કલાક પછી નિકુંભ આનંદ આવ્યો. એ ભૂતપૂર્વ ડૉક્ટર અઘોરીના ભયાનક વેશમાં હોવા છતાં મને એના તરફ મિત્ર જેવો ભાવ થવા લાગ્યો હતો. એ એક સમયના સંસ્કારી ડૉક્ટરે અઘોરીઓનું ઘૃણાસ્પદ ભોજન એમની સાથે કેવી રીતે કર્યું હશે? સાથે જ મને યાદ આવ્યું કે બપોરે પાડાનું લોહી પીવામાં એ નિકુંભ આનંદે કોઈ દિલચસ્પી બતાવી નહોતી. તે સમયે તો એની સાથે વધુ વાતો કરવાનો સમય નહોતો, પણ નિકુંભ આનંદના જીવનની ભીતર ઊતરવાનો- ઊંડાણથી ઊતરવાનો મેં નિર્ણય કરી લીધો હતો.

અમે બન્ને માતા અદિતિના ઓરડા પાસે પહોંચ્યા. એ અમારી પ્રતીક્ષા જ કરી રહ્યાં હોય એમ બેઠાં હતાં. એમની બાજુમાં જ સવારે મારો હાથ ચોંટાડી

દેનાર નિર્મલ આનંદ બેઠો હતો. મને જોઈ એણે પોતાનું તોફાની સ્મિત કર્યું. મેં મારા હાથ જોડી હસીને જવાબ આપ્યો. પેલી માસૂમ છોકરીના વિચારોમાં અને એને જોવામાં જ મેં માતા અદિતિને ખૂબ ધ્યાનથી જોયાં ન હતાં. ફક્ત પહેલી જ નજરે એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ મને યાદ રહી ગયું હતું, પણ અત્યારે અહીં મશાલના પ્રકાશમાં મેં એમને ખૂબ ધ્યાનથી જોયાં. ચહેરો તામ્રવર્ણો હતો અને મશાલના પ્રકાશના કારણે સોનેરી લાગતો હતો. છુટા વાળમાં છૂટાછવાયા સફેદ વાળ દેખાઈ આવતા હતા. આંખો ખૂબ જ આકર્ષક હતી, પણ ધ્યાનથી જોતાં જ એ આંખોમાંના ઝેરીલા સાપોની જીભ ફુત્કારવા લાગી જતી. કોઈ વિષકન્યાની હોય એવી એ આંખો ઝેરીલી અને મદીલી હતી. આંખ પરની ભ્રમર પાતળી અને ધારદાર હતી. આંખોથી ચહેરો સાવ અલગ પડી જતો હતો. કોઈ મમતાભરી સ્ત્રીના ચહેરા પર શેતાનની આંખો બેસાડી દીધી હોય એમ મને લાગ્યું. આમ છતાં એ આંખો આકર્ષક હતી. એ આકર્ષણ કદાચ સામી વ્યક્તિને લકવો લાગુ પાડી દે એવા જાદુઈ વશીકરણનું હતું.

મેં થાકીને એના ચહેરા પરથી આંખો હટાવી લીધી. એણે હસીને મારા સ્વાગતમાં બે શબ્દો કહ્યા. મેં એમનો આભાર માન્યો.

'તમે આ બલિદાન શા માટે આપો છો ? બલિદાન શું આવશ્યક છે ?'

ખૂબ અચકાતાં-અચકાતાં હું પૂછી બેઠો.

'તમે ભોજન કર્યું ? શા માટે ? ભોજન કરવું શું આવશ્યક છે ?' એણે સામો પ્રશ્ન કર્યો.

'ભોજન અને બલિદાનમાં મોટો ફરક છે. ભોજન જીવવા માટે આવશ્યક છે, બલિદાન વ્યર્થ.' મેં દલીલ કરી.

'ભોજન જીવવા માટે આવશ્યક છે. બલિદાન સારી રીતે જીવવા માટે આવશ્યક છે.'

'સારી રીતે !'

'સારી રીતે એટલે શક્તિમાન બનીને, સત્તાધીશ બનીને. શક્તિમાન અને સત્તાધીશ બનવા માટે બલિદાન આવશ્યક છે. શક્તિમાન અને સત્તાધીશ બન્યા સિવાય જીવવાનો કોઈ અર્થ નથી. અમારા માટે જીવવું - સંપૂર્ણ રીતે જીવવું એ જ ધર્મ છે. તમારી નજરે એ અમારો અઘોર ધર્મ છે - હશે. અમારી નજરે એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.' માતા અદિતિના શબ્દોમાં દૃઢતા હતી. પરાત્પર કરતાં આમના વિચારો પણ વધુ સ્પષ્ટ અને ઘડાયેલાં હશે એમ લાગ્યું.

'બીજાનું - અન્યનું મૃત્યુ નિપજાવી જીવનને શ્રેષ્ઠ કરે એને ધર્મ કહેવાય ?' મેં પૂછ્યું.

'જીવવું એ જ ધર્મ છે. કેવી રીતે? શા માટે? - આ પ્રશ્નો ગૌણ છે. એ મહત્ત્વનાં છે, ધર્મ નથી.' એમનું આ વાક્ય ખૂબ જ સ્પષ્ટ હતું. અલબત્ત, મારા વિચારોથી એ ખૂબ જ અલગ હતું. પંડિત વર્ષો સુધી માથાં પછાડ્યા કરે છતાં ન તોડી શકે એવો એ તર્ક હતો. પણ જીવનને, ધર્મને જેણે બૌદ્ધિક રીતે નહીં પણ ભાવનાત્મક રીતે સ્વીકાર્યું હોય એના માટે આ વાક્ય પડકારરૂપ હતું. મારે એ પડકાર ઝીલવો જ પડે. બૌદ્ધિક કક્ષાએ ચાલી રહેલી દલીલબાજી ભાવનાત્મક સપાટી પર લઈ જવી મુશ્કેલ હોય છે અને એ પણ અદિતિ જેવી સ્ત્રી સાથે તો ખાસ, એમ મને લાગવાથી મેં એમને બોલવા દીધાં. એમનું પાંડિત્ય ખલાસ થવા દો. કદાચ ત્યાંથી જ ભાવનાત્મક માર્ગ શરૂ થતો હશે. મને અદિતિના મમતાભર્યા ચહેરા પર વિશ્વાસ મૂકવાની ઇચ્છા થઈ આવી.

એ અર્ધો કલાક સુધી મને અઘોરીઓનું તત્ત્વજ્ઞાન સમજાવતાં રહ્યાં. વેદકાળ પહેલાંથી એમણે શરૂઆત કરી: બ્રહ્મવાદ, કાળવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, ભૂતવાદ, યોનિવાદ, પુરુષવાદ, એતત્સંયોગવાદ, આત્મવાદ અને દેવાત્મકશક્તિવાદ.

આ બધા જ પુરાણા વાદોનો સહારો લઈ એ પોતાના અઘોરપંથનું સમર્થન કરતાં રહ્યાં : 'કાળનું મૂર્ત રૂપ સૂર્ય છે. આ સમગ્ર સૃષ્ટિ કાળના મોઢામાં બલિદાનનો કોળિયો છે. જન્મ-મૃત્યુ, દુઃખ-સુખ આ બધાં જ એ કાળચક્રના આરા છે. મન્વન્તરો અને પ્રલયોરૂપી કાલાગ્નિમાં આ સૃષ્ટિ બલિદાન બની હોમાયા કરે છે. મનુષ્યના જઠરાગ્નિમાં આ સૃષ્ટિ બલિદાન બની હોમાયા કરે છે. મનુષ્યનો જઠરાગ્નિ પણ એક યજ્ઞ છે અને મહાકાળનું એક મુખ છે. એ પણ અન્નરૂપે સૃષ્ટિનું બલિદાન ઇચ્છે છે. આ મહાકાળના ભવ્ય પ્રવાહમાં પાંચ પ્રકારની લહરીઓ ઊઠે છે જેને પાંચ પ્રકારનાં જ્ઞાન પણ કહેવામાં આવે છે. અવ્યક્તાત્મા, વિજ્ઞાત્મા, પ્રાણાત્મા અને ભૂતાત્મા, એ જ્ઞાનનાં આત્મિક સ્વરૂપો છે. આત્મા ઉપરાંત સમગ્ર સૃષ્ટિ જડ અને ચેતનની બની છે. ચેતન જડનું ભક્ષણ કરીને જ કાળપ્રવાહને વહેતો રાખે છે. અગ્નિ વાયુરૂપે ચેતનાનું અને સમિધરૂપે જડનું ભક્ષણ કરે છે. મનુષ્ય પણ જળ, વાયુ અને અન્નરૂપે ચેતના અને જડનું ભક્ષણ કરીને જ કાળપ્રવાહની એક લહરી બને છે. કાળના આ મહાયજ્ઞમાં આહુતિઓ આપીને જ શક્તિમાન બની શકાય છે. શક્તિમાન જ કાળના પ્રવાહ પર તરીને જીવી શકે છે. નિર્માલ્યો એનાં બલિદાન બનીને એ યજ્ઞમાં સહાયરૂપ બને છે.' એમનું આ વિશદ અને અર્ધો કલાક ચાલેલું ભાષણ સાંભળ્યા પછી હું બોલ્યો, 'સ્વભાવમેકે કવયો વદન્તિ, કાલં તથાન્યે પરિમુહ્યમાના:'

મારું આ વાક્ય સાંભળતાં જ એમની આંખો ક્રોધથી સળગી ઊઠી. આમ છતાં મેં જોયું કે એમના ચહેરા પરની શાંતિમાં જરાય ફેરફાર થયો ન હતો. અત્યાર સુધી શાંત બેઠેલો નિર્મલ આનંદ બોલી ઊઠયો: 'તમે અમારા અતિથિ છો.

અમને પરિમુક્ષમાન - મોહગ્રસ્ત કહેતાં પહેલાં આપે આપની શક્તિનો વિચાર કરી લેવો જોઈએ.'

હું ક્ષણભર ખામોશ ઊભો રહ્યો, વિચારતો: આ ધમકી છે? આમ છતાં મેં પૂછ્યું: 'આપ શકિત કોને કહો છો?'

નિર્મલ આનંદ જ બોલી ઊઠ્યો: 'મેં સવારે જ મારી શક્તિનો પરિચય તમને આપ્યો છે. અમારા અલૌકિક ચમત્કારો તમે આજે જોયા જ હશે.'

'જોયા છે, આમ છતાં આને હું અલૌકિક શક્તિ નથી માનતો.'

'તો જાદુ માનો છો? છળકપટ માનો છો?'

'ના, શક્તિ અને સાધનાનો વ્યય.' મારા આ ઘાથી અદિતિ અને નિર્મલ આનંદ બન્ને સ્તબ્ધ બની જોઈ રહ્યાં. નિકુંભ આનંદ તરત બોલી ઊઠ્યો: 'માતાજી, હમેં આજ્ઞા દેં. અતિથિ કો અપના અગલા કાર્યક્રમ દિખાને મુઝે લે જાના હૈ.' નિકુંભ આનંદની આ ચાલાકી પર અમે ત્રણેય હસી પડ્યાં. માતા અદિતિનું હાસ્ય ખૂબ જ નિખાલસ હતું. એવા જ નિખાલસ શબ્દોમાં એ બોલી : 'તત્ત્વચર્ચાના બદલે પ્રત્યક્ષ પરિણામ જોયા પછી જ આપના મનનું સમાધાન થશે.'

'એવી આશા સાથે જ હું અહીં આવ્યો છું.'

અમે વિદાય લીધી.

'આગળનો કાર્યક્રમ શું છે?' ચાલતાં-ચાલતાં જ મેં નિકુંભ આનંદને પૂછ્યું.

'તમે ચર્ચા કરતાં ક્યાંક ઝઘડી પડશો.' એ ચિંતાથી બોલ્યો, 'અહીં માતા અદિતિ હતાં એટલે વાંધો નહોતો. વામદેવજી હોત તો આપની સ્થિતિ ખરાબ થઈ ગઈ હોત.' હું ફક્ત બેફિકરું હસ્યો.

'એક પ્રશ્નનો જવાબ તમે આપશો?' મેં નિકુંભ આનંદને પૂછ્યું.

'પૂછો.'

'સવારથી અહીં જોઈ રહ્યો છું: બધા જ અઘોરીઓ બધા કાર્યક્રમમાં ભાગ નથી લેતા. એમ શા માટે? દાખલા તરીકે તમે જ ઘણાય પ્રયોગમાં ભાગ નથી લીધો.'

'દીક્ષાર્થીઓ જ સાધનામાં ભાગ લે છે. એવા દીક્ષાર્થીઓ આ સાધના શિબિર વખતે ત્રીસ છે. જેને તમે બપોરના પાડાનું લોહી પીવા માટે પડાપડી કરતા જોયા હતા એ બધા જ દીક્ષાર્થીઓ છે. એ સિવાય વિધિ કરાવનારા, દીક્ષા આપનારા ગુરુઓ છે, માર્ગદર્શકો છે. મારા જેવા ફક્ત અનુભવ લેવા આવેલા અઘોરીઓ પણ છે, જે વ્યવસ્થા સંભાળે છે.'

'તમે હજુ દીક્ષા નથી લીધી?' મેં પૂછ્યું.

'અઘોરીઓના અનેક પંથો આજે ભારતમાં છે. [illegible] તત્ત્વજ્ઞાન અને અઘોર ક્રિયાઓની સાધના કરનારા અઘોરીઓ કહેવાય છે. તેઓ ધર્મની ઉત્પત્તિ વિશે તો જાણતા જ હશો. બે મુખ્ય ક્રિયાઓમાં જે ડાબી તરફ ઝૂકતો હતો એ વામમાર્ગ કહેવાયો - આજકાલ તમે જેમ કેટલાકને 'લેફ્ટિસ્ટ' કહો છો તેમ. આ અસુરોનો માર્ગ પણ કહેવાય છે. લોકાયતદર્શન જે [illegible] પણ પ્રચલિત હતું એ આ વામમાર્ગનો મુખ્ય આધાર છે. [illegible] વાદી દાર્શનિકોની જેમ અઘોરીઓ પણ '[illegible]'માં માને છે. એ ઘટનાઓનું કારણ શોધતા નથી, સ્વીકારી લે છે. જીવનમાં એક અકસ્માત જે બની જાય છે તે જ સંયોગ છે. પ્રથમ અમને આ જ્ઞાનદીક્ષા આપવામાં આવે છે. એ જ્ઞાનદીક્ષા મેં લીધી છે. એ પછી મંત્ર-તંત્રની દીક્ષા છે. એક વખત થયું જ 'યદૃચ્છા' સ્વીકારી લીધા બાદ મંત્ર-તંત્રથી પ્રકૃતિને ભોગવી, શક્તિ પ્રાપ્ત કરી, 'યદૃચ્છા' ને 'સ્વેચ્છા' માં ફેરવવાની આ વિદ્યા છે. જેમ એક પહેલવાન ઉસ્તાદ પાસેથી કુસ્તી શીખીને પછી અન્ય પહેલવાનોને પડકારતો ફરે છે એવું જ આ છે. પહેલાં પ્રકૃતિની શક્તિને સ્વીકારો અને પછી એને પડકારો - વધુ શક્તિમાન બનવા માટે. આ તંત્ર-મંત્ર- દીક્ષામાં શક્તિની આરાધના જ મુખ્ય છે. એ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી જ સર્વોચ્ચ અઘોરી બની શકાય છે. એ ખૂબ જ કઠિન માર્ગ છે.'
નિકુંભ આનંદનું ભણતર મને સ્પષ્ટ રીતે સમજાવવામાં વધુ અનુકૂળ લાગ્યું. એ અમને બન્નેને સહાયક હતું. થોડી વાર રોકાઈને એ બોલ્યો, 'તમે વિધિઓ જોઈ રહ્યા છો. બહારથી જોવાનું ભાગ્ય તમને પ્રાપ્ત થયું છે, પણ તમે મંત્રો તો પામી ન જ શકો. હવે અહીં દીક્ષાર્થીઓ એમનું નૃત્ય કરશે, જે મધરાત સુધી ચાલશે. આપ થાક્યા ન હો તો એ જુઓ.'

થાકનો કોઈ સવાલ જ ન હતો. આ અદ્ભુત અનુભવો જોઈ ક્યારેક વિચિત્ર ભાવો મનમાં ઊઠતા : ડર, ભય, ક્રોધ, હતાશા. આમ છતાં થાકવાનો સવાલ જ નહોતો. હું અહીં જોવા - સમજવા આવ્યો હતો. હું અને નિકુંભ આનંદ ઓટલા પર બેઠા. મશાલોના પ્રકાશમાં વાતાવરણ વધુ ભયાનક લાગતું હતું. સ્વચ્છ આકાશમાં તારાઓ વધુ સ્પષ્ટ અને જાણે નીચે ઊતરી આવ્યા હોય એમ લાગતા હતા. અઘોરીઓનું ટોળું ધીરેધીરે યજ્ઞકુંડની આસપાસ જમા થઈ રહ્યું હતું.

થોડી જ વારમાં ત્રીસેક જેટલા અઘોરીઓ એક કતારમાં યજ્ઞકુંડની સામે ઊભા હતા. જ્યારે વામદેવ એમની તરફ ગયા ત્યારે એ બધાએ શક્તિદેવીનો જયઘોષ કર્યો. એ પછી બધા પોતાનું માનવખોપરીનું પાત્ર આગળ ધરી ઊભા રહ્યા. એક અઘોરીએ તેમાં પ્રવાહી રેડવાની શરૂઆત કરી. નિકુંભ આનંદે મને કહ્યું: 'એ સોમરસ છે, પણ તમે પીધો હતો તેનાથી વધારે તેજ અને વધુ 'ઉત્તેજક'. બધા જ અઘોરીઓનાં પાત્ર ભરાઈ ગયાં પછી એ સહુએ સમૂહ-મંત્રોચ્ચાર શરૂ કર્યો. ઘણા સમય સુધી એ મંત્રોચ્ચાર ચાલ્યા પછી વામદેવની આજ્ઞા મળતાં જ એ

બધા અઘોરીઓ સોમરસને પી ગયા. ખોપરીમાંથી પીતી વખતે મોઢાની બન્ને તરફથી પ્રવાહીની ધારા વહીને એમની વિશાળ છાતી પર પડતી હતી, એનો રંગ લાલ હતો અને મારા પૂછવા પછી નિકુંભ આનંદે કહ્યું કે એમાં રક્ત ભેળવવામાં આવ્યું છે. અચાનક નગારાના પ્રચંડ અવાજથી અને મોટા જયઘોષથી અઘોરીઓ જે તરફ જોવા લાગ્યા હતા એ તરફ અમારું ધ્યાન દોરાયું. અમે બેઠા હતા એની પાછળના ઓરડામાંથી જ અદિતિ પેલી યુવતીઓ, જેને મેં આવતી વખતે વશીભૂત થયેલી જોઈ હતી, એ સૌ સાથે બહાર આવી રહ્યાં હતાં. એ યુવતીઓએ અત્યારે શણગાર કર્યો હતો, પણ એમનાં ઘાટીલાં વક્ષઃસ્થળ ખુલ્લાં હતાં. ફક્ત આદિવાસીઓની જેમ એમણે કમર પર જ વસ્ત્ર વીંટાળ્યું હતું. સવારે જોયેલા છૂટા વાળ અત્યારે વ્યવસ્થિત રીતે માથા પર બાંધ્યા હતા. એ યુવતીઓ અત્યારે પણ સંમોહનમાં હોય એમ જ ચાલતી હતી. એ સરઘસની છેલ્લે સંમોહન કરનાર પેલો જાડો અઘોરી હતો.

યુવતીઓ ચોકની વચમાં આવી કે તરત જ અઘોરીઓ ઉન્મત્ત બની ચીસો પાડી નાચવા લાગ્યા. નગારાનો અવાજ એકધારો અને તાલબદ્ધ બનવા લાગ્યો. દીક્ષાર્થી અઘોરીઓ અને આ યુવતીઓ સામસામે કતારમાં ઊભીને નાચવા લાગ્યાં. યજ્ઞમાં વધુ સમિધ નાખ્યા પછી એ ભડભડ બળવા લાગ્યો હતો. એની શિખાઓ પણ જાણે આ અઘોરીઓ સાથે નૃત્ય કરતી હોય એમ લાગતું હતું. એ અગ્નિના તેજમાં નૃત્ય કરતા અઘોરીઓ ભયાનક લાગતા હતા. પોતાના ડાબા હાથમાં રહેલી ખોપરીને એ જમણા હાથમાંના ત્રિશૂળ સાથે ભટકાવીને તાલ આપતા. યુવતીઓને ટાંપી રહેલી એમની આંખોની રતાશ અમે બેઠા હતા ત્યાંથી પણ સ્પષ્ટ દેખાતી હતી.

મેં નિકુંભ આનંદને ધીરેથી પૂછ્યું: 'આ યુવતીઓ પણ દીક્ષાર્થી છે?'

'ના, દીક્ષાર્થીઓએ પીધેલા સોમરસ જેટલું જ એમનું મહત્ત્વ છે. સાધકની સાધના માટેના સાધન સિવાય એ યુવતીઓ કશું જ નથી.'

'સાધના પછી એમનું પણ બલિદાન આપી દેવાશે?' કંપતા ધીમા અવાજે મેં પૂછ્યું.

'ના.' નિકુંભ આનંદ ધીરેથી બોલ્યો.

'તો એમનું શું થશે ?'

'એમને છોડી દેવામાં આવશે.'

'આ યુવતીઓને ક્યાંથી લાવવામાં આવી છે?'

'એ તમારે જાણવાની જરૂર નથી.' પહેલી વખત એણે ચિડાઈને જવાબ આપ્યો. હું ચૂપ થઈ ગયો. થોડીવાર પછી એ જ બોલ્યો: 'માફ કરજો. કેટલાક સવાલોના જવાબ આપવાનો મને અધિકાર નથી. આવા સવાલો તમે બાબા

ભૈરવનાથ માટે રાખી મૂકો. યોગ્ય લાગશે તો એ જ તમને જવાબ આપશે.'

'દિલગીર છું.' મેં કહ્યું અને નૃત્ય જોવામાં પરોવાયો.

હવે એક પાતળો અને લાંબો અઘોરી નૃત્ય કરતી યુવતીઓ અને અઘોરીઓની વચમાં નાચવા લાગ્યો હતો. એના શરીરમાં કોઈ ભૂત પ્રવેશ્યું હોય એમ એ બેફામ કૂદકા મારતો હતો, ધૂણતો હતો અને ચીસો પાડતો હતો. નગારાનો અવાજ મોટો અને ઝડપી બન્યો હતો. વચમાં નાચતા એ અઘોરીએ યજ્ઞમાંથી બે સળગતાં લાકડાં ખેંચ્યાં અને બંને હાથમાં લઈ નાચવા લાગ્યો. યુવતીઓ આ કશું જોતી જ ન હોય એમ મત્ત બનીને નાચતી હતી. ધૂણતાં-ધૂણતાં એ અઘોરીએ લાકડાંના સળગતા છેડા પોતાના હાથમાં પકડ્યા. ક્ષણભર એ થોભ્યો અને ફરી નાચવા લાગ્યો. એ નાચતો હતો ત્યારે એવું લાગતું હતું કે જાણે એના બંને હાથ સળગી રહ્યા છે. પાંચેક મિનિટ સુધી સળગતાં લાકડાં સાથે નાચ્યા પછી એણે એ બંને લાકડાં ફેંકી દીધાં અને પોતાના વિશાળ પંજાઓ બતાવતો નાચવા લાગ્યો.

મધરાત નજીક આવી રહી હતી. ખોપરીઓના ઠમકારા અને નગારાના અવાજ સાથે હવે રડવાનો એક વિચિત્ર અવાજ સંભળાવા લાગ્યો. પહેલાં તો એ અવાજ ક્યાંથી આવે છે એ ન સમજાયું, પણ નિકુંભ આનંદના કહેવાથી ખબર પડી કે બહાર જંગલમાં શિયાળના રડવાનો એ અવાજ હતો. કોઈ ધીરેથી ગાતું હોય તોપણ જંગલમાં માઈલો સુધી એ અવાજ રાતની શાંતિમાં સાંભળી શકાય છે, જ્યારે આ તો અનેક શિયાળવાંઓના રડવાનો તીવ્ર અવાજ હતો. એ રડવાના અવાજ અને નગારાના અવાજ વચ્ચે સ્પર્ધા ચાલી રહી હોય એમ એકબીજાના અવાજને દબાવી દેવા માટે એ બંને અવાજો વધુ ને વધુ તીવ્ર થવા લાગ્યા. હવે જાણે કશું સંભળાતું ન હતું. ઘુવડના, ચામાચીડિયાંના અવાજો પણ એમાં ભળ્યા હોય એમ મને લાગ્યું. ક્યાંકથી ચીસો સંભળાવાનો ભ્રમ થવા લાગ્યો. મેં કાન ઉપર હાથ મૂકી દીધો. હાથ ઠંડા પડી ગયા હોય એમ મેં અનુભવ્યું.

યુવતીઓ અને અઘોરીઓ હવે એકસાથે ગોળ ફરતાં નાચતાં હતાં. એમના નૃત્યમાં તાલનું પ્રમાણ ઘટવા લાગ્યું હતું, માદકતા વધવા લાગી હતી. અઘોરીઓએ ત્રિશૂળ અને ખોપરીઓને ફેંકી દીધાં હતાં. એ હવે સાથેની યુવતીને ઊંચકી લેતા અને નાચવા લાગતા, ક્યારેક યુવતીને આલિંગનમાં જકડી લેતા અને નાચવા લાગતા. યુવતીઓ ચાવી દીધેલી પૂતળીઓ હોય એમ એમને સાથ આપી રહી હતી. એક સમયે બે અઘોરીઓ એક જ યુવતીને ખેંચવા લાગતાં થોડું ઘમસાણ મચ્યું, પણ વામદેવે એમને તરત જ અલગ પાડ્યા. થોડી વાર પછી બધી જ મશાલો બુઝાવી નાખવામાં આવી. ફક્ત યજ્ઞમાં અગ્નિના પ્રકાશને કારણે મકાનની દીવાલો પર નાચતા પડછાયા હવે વધુ ભયાનક દેખાવા લાગ્યા હતા. નાચના કારણે ઊડતી ધૂળ અને ધુમાડાના કારણે દૃશ્ય ધૂંધળું થવા લાગ્યું હતું. આમ છતાં સ્પષ્ટ જોઈ શકાતું હતું કે અઘોરીઓ અને યુવતીઓએ પોતાનાં વસ્ત્રો

ફગાવી દીધાં હતાં. અચાનક અવાજો બંધ થઈ ગયા. કેટલીય પળો સુધી ફક્ત શાંતિના અનુભવ કરતાં ઊભાં રહ્યાં. દૂર જંગલમાંથી કંઈક વિચિત્ર અવાજ આ શાંતિનો ભંગ કરતો હતો ખરો. અઘોરીઓએ પોતાના હાથમાં યુવતીઓને ઊંચકી લીધી હતી અને ધીરેધીરે ગોળ ફરતા હતા.

નિકુંભ આનંદ ખૂબ જ ધીરેથી મારા કાનમાં બોલ્યો: 'આ જગતમાં અઘોરી સિવાય અન્ય કોઈ માનવીએ જે તંત્રસાધનાનું દૃશ્ય જોયું નથી એ હવે આપને જોવા મળશે. ઉત્તેજિત ન થશો. મૈથુન દ્વારા શકિત પ્રાપ્ત કરવાનું અઘોરીઓનું આ અલૌકિક તંત્ર છે.'

હું પણ સંમોહિત થયો હોઉં તેમ એકીટસે જોવા લાગ્યો.

o o o

પ્રકરણ ૭

રાત ખૂબ વીતી ચૂકી હતી અને પરોઢ થવાને હવે થોડી જ વાર હતી, છતાં ઊંઘવાની ઇચ્છા થતી નહોતી. મચ્છરોનો ત્રાસ, ભયાનક રોમાંચક રાત, થાક અને ઉજાગરા પર વિજય મેળવી ચૂકી હતી. મારા લીધે નિકુંભ આનંદ જાગતો હતો એનું પણ મને ખૂબ દુઃખ હતું. યજ્ઞના અગ્નિનું રક્ષણ કરવા બે અઘોરીઓ ત્યાં બેઠા હતા. કેટલાક છૂટાંછવાયાં તાપણાં કરી જાગતા હતા અને મોટા ભાગના અઘોરીઓ પોતાનું વસ્ત્ર પગથી માથા સુધી ઓઢીને ઘોરતા હતા.

હું વીતી ચૂકેલા કલાકોને વાળોગતો હતો.

નિકુંભે કહ્યું એમ એ અલૌકિક અને અદ્દ્ભુત દૃશ્ય હતું. ત્રીસેક યુવાન યુગલો પ્રકૃતિના શ્રેષ્ઠ બંધનમાં બંધાયાં હોય, રાતનો અંધકાર થીજી ગયો હોય અને આકાશના તારાઓ જાણે છેક છત સુધી નીચે ઊતરી આવ્યા હોય એવું એ મનભર દૃશ્ય હતું. પાડાનું લોહી પીતા અઘોરીઓને જોઈ મને જે જુગુપ્સા થઈ આવી હતી એનો અંશ પણ એ તાંત્રિક ક્રિયા જોતાં મેં અનુભવ્યો નહોતો. ખૂબ જ સ્વાભાવિક, સાવ નૈસર્ગિક અને પ્રાકૃતિક લાગતી હતી એ ક્રિયા! બાળકને ધવડાવતી માનું ચિત્ર જે ભાવ ઉપજાવે એ ભાવ જ મારા મન પર મૈથુનનાં દૃશ્યોએ ઉપસાવ્યા. કશું જ બીભત્સ નહીં, કશું જ અશ્લીલ નહીં!

સાગરમાં ઊઠતાં મોજાંઓની જેમ જાણે 'પુરુષ'માં સમાઈ જવાની ભાવના ઊઠે અને મસ્તીભર મોજાં કિનારા પર પછડાય, 'પુરુષ'ને પોતાની આર્દ્રતાથી ભીંજવી નાખે અને પાછાં સાવ સ્વાભાવિક રીતે વીખરાઈ જાય! હવાની લહેરખી ફૂલ સાથે અડપલું કરે અને આંખનાં આંસુ સાથે ભળી જાય! કશું જ દ્વૈત નહીં, ફક્ત અદ્વૈત. પુરુષ અને પ્રકૃતિનો ભેદ ભૂંસાઈ ગયો હોય અને કંઈક નવો આકાર જન્મવાનો હોય એની પ્રતીક્ષા...

બે કલાક જેટલો સમય ચાલેલા એ સંયોગે ફક્ત એક જ છાપ છોડી મારા મન પર, અદ્દ્ભુત! પહેલી વાર હું અઘોરીઓના કોઈ કર્મથી - કોઈ ક્રિયાથી પ્રભાવિત થયો હતો.

મેં નિકુંભ આનંદને પૂછ્યું: ' તાંત્રિક મૈથુન વિશે તમારી પ્રતિક્રિયા રહી? તમે અઘોરીઓ જીવનમાં મૈથુનને કેટલું મહત્ત્વ આપો છો?'

'મૈથુન સિવાય મનુષ્ય યા અન્ય જીવન સંભવિત નથી. મૈથુનને અમે જીવનદાયિની ક્રિયા માનીએ છીએ. અલબત્ત, અમે બ્રહ્મચારીઓ છીએ, છતાં અમારું બ્રહ્મચર્ય અલગ છે. ધાર્મિક ક્રિયા સિવાય કોઈ અઘોરીને મૈથુન કરવાનો અધિકાર હોતો નથી. આ ધાર્મિક પ્રક્રિયા પણ ફક્ત જાહેર સમારંભ વખતે જ થઈ શકે છે. આ ક્રિયાસમયે પણ સ્ખલન ન થવું જોઈએ. સ્ખલનને માનસિક વ્યભિચાર ગણવામાં આવે છે.'

થોડી વાર પછી એ ફરી બોલ્યો: 'અમારા આ તંત્રને પશુપતિનાથ શિવના તત્ત્વજ્ઞાનનો આધાર છે. મૈથુન જેટલું કુદરતી છે એટલું જ બ્રહ્મચર્ય અકુદરતી છે. અકુદરતી બ્રહ્મચર્યનો વિચાર પણ પાછળથી, બૌદ્ધધર્મના આગમન પછી વિકાસ પામ્યો છે. બ્રહ્મચર્યનો પ્રચલિત અર્થ ઘણો ખોટો છે.'

બ્રહ્મચર્ય સમાજ - સમગ્ર સમાજ માટે જેમ શક્ય નથી એમ અઘોરીઓનું તાંત્રિક મૈથુન પણ સમગ્ર સમાજ માટે શક્ય નથી. અઘોરીઓના એ અંગેના તત્ત્વજ્ઞાનને જો સામાન્ય રીતે અપનાવવાનું જ હોય તો આ રીતે અપનાવી શકાય:

મનુષ્યને શારીરિક મૈથુન કરતાં માનસિક મૈથુન જ વધારે નુકસાન કરે છે. મનથી એ વિશે પ્રયત્ન કરી મનમાંથી એ વિચારો કાઢી નાખીને ફક્ત કુદરતી રીતે જ જ્યારે ઇચ્છા થાય ત્યારે મૈથુન નુકસાન કરતાં ફાયદો કરે છે.' મારી નિકુંભ સાથેની ચર્ચાનો આ ટૂંકસાર હતો.

અહીં આ સંદર્ભમાં એક બીજો પ્રશ્ન પણ ચર્ચવા જેવો છે. મનુષ્ય વિચારતો થયો ત્યારથી એને જેમ જન્મ અને મૃત્યુ મૂંઝવતાં રહ્યાં છે તેમજ મૈથુને પણ એને મૂંઝવ્યો છે. આનંદની ચરમસીમાએ લઈ જતી આ ક્રિયાએ એને પ્રથમ વાર પરમાનંદનો સ્વાદ લગાડ્યો. એ ક્ષણિક આનંદને કાયમી બનાવવા માટે માનવીએ ફાંફાં માર્યાં છે. એની સાથે જ એનો ધાર્મિક, સામાજિક અને રાજકીય ઇતિહાસ સંકળાયેલો છે. માનવીનો ઉત્કર્ષ અને પતન પણ મહદ્અંશે આ 'પરમ-આનંદ'ના લોભ સાથે જોડાયાં છે.

તે જ રીતે પેલા બસો વર્ષની વયના અઘોરી વિતથ સાથે મારે જે ચર્ચા થઈ એનો મુખ્ય વિષય એ જ હતો. મેદાન વચ્ચે જ્યારે સામૂહિક તાંત્રિક પ્રયોગ ચાલી રહ્યો હતો ત્યારે વિતથે મને એક પ્રયોગ કરી બતાવ્યો હતો. એ પ્રયોગ હઠયોગનો હતો, પણ અનેક હઠયોગીઓના પ્રયોગ જોયા હોવા છતાં એ પ્રયોગ મેં પ્રથમ વાર જ ત્યાં જોયો હતો.

પાણીના નાના ટબમાં બેસીને પેટ સંકોચી, શરીરના સ્નાયુઓ અને વાયુઓનું નિયમન કરી, કેટલાક હઠયોગીઓ 'બસ્તીપ્રયોગ' એટલે કે ગુદા દ્વારા પાણી ખેંચવાનો પ્રયોગ કરે છે. આનાથી એમનાં આંતરડાં સાફ રહેતાં હોય છે. એક હઠયોગીને કુંભના મેળામાં વીસેક લાડુ ખાધા પછી પેટનાં સ્નાયુ વલોવી, બસ્તીપ્રયોગ કર્યા પછી પંદર મિનિટમાં જ ફરી સાવ ખાલી પેટે ખાવા માટે તૈયાર જોયો હતો. અહીંના પ્રયોગમાં વિતથ પદ્માસન વાળીને બેઠા. એ પછી વાતાવરણમાં રહેલી શક્તિને પોતાની જનનેન્દ્રિય દ્વારા ચૂસી લેવાનો પ્રયોગ એમણે મને બતાવ્યો. એ પ્રયોગ પછી વિતથના ચહેરા પર અને શરીરમાં અદ્ભુત શક્તિનો તરવરાટ ચોક્કસ અનુભવી શકાતો હતો.

એમણે મને એનું રહસ્ય પણ બતાવ્યું. ખૂબ જ અટપટી એ ક્રિયા અને

અડધો કલાક ચાલેલા આ પ્રયોગ પછી મને સમજાયું કે એ પોતાના મનને તૈયાર કરવા સિવાય કશું જ નહોતા કરતા.

મેં એમને જ્યારે એ કહ્યું ત્યારે એમણે મને એક કરોડ રૂપિયાની સલાહ આપી: 'તારા જ્ઞાનને કદી સીધું સરળ ન બનાવતો, એને અટપટું અને જટિલ બનાવ. બજારમાં એ લાખોના ભાવે વેચાશે.'

એમની વાત પણ સાચી હતી. થોડા જ સમય પહેલાં એક ભાઈ એમની સમસ્યા લઈ મારી પાસે આવ્યા હતા. એમની સમસ્યા સમજી લઈ, એ ફક્ત માનસિક ભ્રમણા હતી એમ મેં એમની સાથે બે કલાક ચર્ચા કરી પ્રયત્નપૂર્વક સમજાવ્યું. આ માટે એ ઇચ્છતા હતા છતાં એમને એક પૈસાનો પણ ચાર્જ કર્યો ન હતો. થોડા દિવસ પછી મને ખબર પડી કે એમણે મારી કોઈ સૂચનાનો અમલ કર્યો નહોતો, પણ એક ફકીર પાસેથી પાંચસો રૂપિયા ખર્ચી એક માદળિયું લાવી ગળામાં બાંધ્યું હતું !

વિતથ જે પ્રયોગ કરતા હતા એ પ્રયોગમાં પ્રથમ પગથિયું કુંડલિની જાગ્રત કરવાનું છે. આ કુંડલિની પણ ભગવાન જેટલી જ રહસ્યમય શોધ છે. શાશ્વત આનંદનો સ્રોત આ કુંડલિનીને માનવામાં આવે છે. યોગીઓ નાભિની નીચે અને પેડુની આસપાસ ક્યાંક આનું સ્થાન કહે છે. કેટલાક યોગીઓ આને જીવનશક્તિનો કુંડ કહે છે, તો કેટલાક એને નાગની જેમ કૂંડાળું વાળીને બેઠેલી મહાશક્તિ કહે છે. એક આધુનિક વૈજ્ઞાનિક અભિગમ અપનાવી બેઠેલા યોગીએ મનુષ્યના ઘટઘટમાં (CELLS) વ્યાપેલી ચેતનાને કુંડલિની કહી છે. આ કુંડલિની જાગ્રત કરવા માટે યોગીઓ અનેક પ્રયોગ કરે છે. શ્વાસ-પ્રશ્વાસથી લઈને હઠયોગનાં અનેક આસનો આના માટે સૂચવાયાં છે.

એક પૂજ્ય જૈન સાધુ પાસે હું વિપશ્યના સાધનાનો અભ્યાસ કરતો હતો. કાયાનુપશ્યના, વેદનાનુપશ્યના, ચિતાનુપશ્યના અને ધર્માનુપશ્યના વગેરે એના વિવિધ અનુભવો છે. અન્તર્વિપશ્યનાના અનુભવમાં મને એમણે કુંડલિની જાગ્રત કરવાની ક્રિયા શીખવી હતી.

એ પછી બીજા એક યોગીએ કુંડલિની જાગ્રત કરીને કેવી રીતે ષટ્ચક્ર-ભેદન કરવું એ પણ શીખવ્યું. 'કુંડલિની શકિતનો પ્રવાહ છેક નીચેથી સહસ્રાર સુધી લઈ જવો, આનંદનો અનુભવ કરવો.'

આ બધી ક્રિયાઓ પછી મને એક વાત સમજાઈ કે કુંડલિની જાગ્રત કરવાનું એકમાત્ર પ્રયોજન શાશ્વત આનંદની પ્રાપ્તિ છે. આનંદ પ્રાપ્ત કરવા માટે કરાયેલી અનેક શોધોમાંની એક અદ્ભુત શોધ એટલે કુંડલિની. અનેક વર્ષના પ્રયોગો પછી આની મેં સાવ સહેલી વ્યાખ્યા બાંધી.

જ્યારે વર્ષો પહેલાં બાળપોથીમાં હતો ત્યારે એ બાળપોથીમાં એક વાક્ય

આવતું. સવાર પડે એટલે સૂરજ ઊગે. ગોખીગોખીને આ વાક્ય આત્મસાત્ થઈ ગયેલું. વર્ષો પછી એક પ્રેસમાં નોકરી કરતો હતો ત્યાં એ જ બાળપોથી છપાતી હતી. એ જ વાક્ય! સવારે પડે એટલે સૂરજ ઊગે. મેં લાગતાવળગતાઓનું ધ્યાન ખેંચ્યું. આખરે એ વાક્ય ફેરવાયું: 'સૂરજ ઊગે એટલે સવાર પડે.' હકીકતમાં સૂરજ ઊગે ત્યારે જ સવાર પડે છે, પણ આપણે એમ માની લઈએ છીએ કે સવાર પડે છે ત્યારે સૂરજ ઊગે છે.

કુંડલિનીનું પણ આમ જ છે. હજારો વર્ષોથી લાખો યોગીઓ એમ માને છે કે કુંડલિની જાગ્રત થવાથી પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. કેટલાક પરમસુખ અથવા પરમશક્તિની પ્રાપ્તિ પણ માને છે. હકીકતમાં આનંદ પ્રાપ્ત થતાં જ કુંડલિની જો હોય તો આપોઆપ જાગ્રત થાય છે. જેમ સૂરજ ઊગ્યા પછી સવાર પડે કે ન પડે, કોઈ ફરક પડતો નથી, એમ જ આનંદ પ્રાપ્ત થયા પછી કુંડલિની જાગ્રત થાય કે ઊંઘતી રહે કોઈ ફરક પડતો નથી.'

'નિકુંભ આનંદજી, મૈંને કિતનોં કો યહ બતાયા હૈ, લૈકિન સહજતાસે આનંદ પ્રાપ્ત કરના કિસીકો અચ્છા નહીં લગતા. એમને તો જોઈએ છે જટિલ ઉપાસના, ગૂંચવનારું જ્ઞાન અને ભ્રમણાઓમાં અટવાવે તેવો આડંબર.'

નિકુંભ આનંદ ખામોશીથી મને તાકી રહ્યો, પછી બોલ્યો: 'અમને શિવાનંદજીએ એક વાત કરી હતી તમારા એક તસવીરકાર મિત્ર વિશે. તમે એને મૂઠની ભ્રમણામાંથી બચાવી શક્યા ન હતા.'

'સચ હૈ. સીધીસાદી વાતો એના ગળે ઉતારી શકવા હું અસમર્થ પુરવાર થયો હતો. અંધશ્રદ્ધાની એ વાતેય સાંભળવા જેવી છે.'

'મારે સાંભળવી છે.' નિકુંભ આનંદે કહ્યું. અમે બન્ને બહાર જનાવરોને દૂર રાખવા માટે પ્રગટાવેલા અગ્નિ પાસે જઈ બેઠા. હું ભૂતકાળને યાદ કરવા લાગ્યો. એ વાત યાદ કરવી ગમે એવી તો નહોતી છતાંય....

*

રાતભર હું અને પ્રમોદ વારફરતી જગજિત પાસે બેસી જાગતા રહ્યા. ઊંઘમાં કણસવા અને ક્યારેક વિચિત્ર રીતે પીડા થતી હોય એમ રડી પડ્યા સિવાય એણે કોઈ હરકત કરી નહોતી. સવારે એ જાગ્યો ત્યારે થાક અને નિરાશા એના ચહેરા પર દેખાતાં હતાં.

એને ડાકબંગલામાં જ આરામ કરવાનું કહી હું અને પ્રમોદ ફરી બેલૂરની મૂર્તિકલાને તસવીરોમાં ઝડપવા પહોંચી ગયા. આખા દિવસના પરિશ્રમ દરમિયાન અમને જગજિતની ખોટ તો વરતાતી જ હતી, પણ કામમાં અમે એની ચિંતાને ભૂલ્યા હતા.

સામાન પૅક કરીને જવાની જ તૈયારી કરતા હતા, ત્યાં ડાકબંગલાનો ચોકીદાર અમને શોધતો આવી ચડ્યો. એનો ગભરાયેલો ચહેરો જોઈને જ મને શંકા થઈ, નક્કી જગજિતને કંઈક થયું છે! અમે જીપમાં તરત જ પાછા ફર્યા. ચોકીદારે કહ્યું હતું કે, જગજિતને ખૂબ જ તાવ આવી ગયો છે. જતાં-જતાં એક ડૉક્ટરને પણ સાથે લીધો હતો.

અમે પહોંચ્યા ત્યારે સ્વામી શિવાનંદ જગજિત પાસે બેઠા હતા. એમને જોઈ મને થોડી શાંતિ થઈ. એમણે ક્યાંકથી કોલન વૉટર મેળવી જગજિતના માથા પર એનાં પોતાં મૂક્યાં હતાં. ડૉક્ટર જગજિતને તપાસવા લાગ્યા. એમણે થર્મોમિટર જગજિતના મોઢામાં મૂક્યું. સ્ટેથોસ્કોપ લઈ એ જગજિતની છાતી અને પેટ તપાસવા લાગ્યા. જોરજોરથી શ્વાસ લેવાના કારણે જગજિતની છાતી ઊંચી-નીચી થઈ રહી હતી. થોડી વાર પછી ડૉક્ટર સ્ટેથોસ્કોપને ઝાટકવા લાગ્યો. તેની આ હરકત મને વિચિત્ર લાગી. ફરીથી એણે સ્ટેથોસ્કોપ છાતી પર મૂક્યું. થોડી વાર ધ્યાનથી સાંભળવા લાગ્યો. પછી સ્ટેથોસ્કોપ કાઢી એણે કંઈક વિચિત્ર ભાવ સાથે કાનમાંથી કંઈ કાઢવા માગતા હોય એમ આંગળી ફેરવી. મેં આશ્ચર્યથી પૂછ્યું.

'વોટ્સ ધ ટ્રબલ, ડૉક્ટર!?'

'સરપ્રાઇઝિંગ! નો વોઇસ એટ ઓલ!' આટલું કહી એ પોતાના સ્ટેથો-સ્કોપને ઝાટકવા લાગ્યા. કદાચ સ્ટેથોસ્કોપ ખરાબ થઈ ગયું હશે. મેં જગજિતની છાતી પર ઝૂકીને મારો કાન માંડ્યો. નગારું વાગતું હોય એમ એની છાતીના ધબકારા સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા. મેં ડૉક્ટરને કહ્યું: 'તમારું સ્ટેથોસ્કોપ ખરાબ થયું હશે!' એણે સ્ટેથોસ્કોપ ફરી કાનમાં ઘાલી પોતાની છાતી પર મૂક્યું: 'ઇટ્સ વર્કિંગ!' પછી ફરી જગજિતની છાતી પર મૂક્યું. ફરી એ જ તકલીફ! સ્ટેથોસ્કોપ મૂકી એણે પણ મારી જેમ પોતાનો કાન જ જગજિતની છાતી પર મૂક્યો.

થોડી વાર પછી એણે જગજિતના મોઢામાંથી થર્મોમિટર કાઢ્યું. કેટલીયે વાર સુધી થર્મોમિટર જોયા પછી એ બોલ્યો:

'ધીસ ઇઝ સરપ્રાઇઝિંગ! એણે મારા હાથમાં થર્મોમિટર મૂક્યું. મેં આમતેમ ફેરવીને જોયું. પારો નોર્મલ ટેમ્પરેચરથી પણ નીચે ઊતરી ગયો હતો. મને આશ્ચર્ય થયું. જગજિતનું શરીર તો ભઠ્ઠીની જેમ ધગધગી રહ્યું હતું!

'તમારું થર્મોમિટર ખરાબ હશે.' મેં શંકા વ્યક્ત કરી.

એણે થોડી વાર પોતાના બન્ને હાથ વચ્ચે થર્મોમિટર પકડી રાખ્યું, પછી જોયું અને મારા હાથમાં આપ્યું: 'જુઓ, હવે નોર્મલ ટેમ્પરેચર બતાવે છે.'

એ રૂમમાંના અમે બધા જ સ્તબ્ધ બની ગયા હતા. આ કેવી રમત હતી? એ ચમત્કાર હતો કે અમારી ભ્રમણા? થર્મોમિટર અને સ્ટેથોસ્કોપ લઈ અમે ત્રણેય એને તપાસતા રહ્યા, પણ પરિણામમાં કોઈ ફરક નહોતો.

મેં ડૉક્ટરને તાવ ઊતરે એવી અને સારી રીતે ઊંઘી શકે એવી દવા આપવાની વિનંતી કરી. એણે પેનીસીલીનનાં ઇન્જેક્શન અને કેટલીક દવાઓ આપ્યાં. સાથે જ તાવ હોય ત્યારે માથા પર કોલન વૉટરનાં પોતાં અથવા બરફ મૂકવાની સૂચના આપી. એ ગયા ત્યારે વિચિત્ર રીતે બબડતા હતા અને હાથના વિચિત્ર ચાળા કરતા હતા.

કલાક સુધી અમારામાંથી કોઈ કશું જ બોલ્યું નહીં. જગજિતની હાલત એવી જ હતી. મેં બેરાને કંઈક નાસ્તો અને ચાપાણીની વ્યવસ્થા કરવા કહ્યું. ભૂખ અમને કકડીને લાગી હતી.

જમ્યા પછી હું અને શિવાનંદ વાતો કરતા બેસી રહ્યા. અલબત્ત, અમારી વાતોનો વિષય પેલો અઘોરી અને મૂઠ જ હતો. સ્ટેથોસ્કોપ અને થર્મોમિટર જેવી વસ્તુઓની નિષ્ફળતાએ મને ખૂબ વ્યગ્ર બનાવ્યો હતો. રહીરહીને મને શંકા થયા કરતી હતી કે આમાં પેલા ડૉક્ટરની કોઈ ચાલાકી તો નહીં હોય ને? ફરી થતું કે એ શા માટે આમ કરે? મેં, શિવાનંદે અને પ્રમોદે પણ થર્મોમિટર અને સ્ટેથોસ્કોપ તપાસી જોયાં હતાં. અમને એમાં કશું જ એબ્નોર્મલ લાગ્યું નહોતું.

વર્ષોના પ્રયોગો, સાધના અને અનેક અનુભવો પછી મેં જે મેળવ્યું હતું એ બધું શું સાવ વ્યર્થ, ખોટું હતું? આત્મા જેવું કશું જ નથી. ચમત્કારોના નામે ધતિંગ જ ચાલે છે. દૈવી-આસુરી શક્તિના નામે ફક્ત માનસિક શક્તિના જ પ્રયોગો કરવામાં આવે છે. ગુરુ ચૈતન્યાનંદ સાથે વિતાવેલા એ દિવસો અને પછી પણ અનેક વર્ષોની મથામણે મેં એ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વર્ષોના પ્રયોગો અને સાધના પછી એને દૃઢ કર્યું હતું. આજે એકાએક એને જબરદસ્ત ધક્કો લાગ્યો હતો.

બીજે દિવસે અમે પેલા ડૉક્ટરની તપાસ કરી, તો એ જગજિતને તપાસવા તૈયાર જ ન થયો. ભયના કારણે એ રાતે ઊંઘી શક્યો ન હતો અને પોતે જ તાવમાં પટકાઈ પડ્યો હતો.

સવારે જગજિતનો તાવ કંઈક ઊતર્યો હતો. અમે ત્યાંનું કામ પડતું મૂકી બેંગ્લોર પાછા ફરવાનું નક્કી કર્યું. બપોર સુધીમાં સામાન પૅક કરી અમે રવાના થયા ત્યાં જગજિતે ફરીથી થોડી સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. સ્વામી શિવાનંદે બેએક દિવસ પછી બેંગ્લોરમાં મળવાનું વચન આપી વિદાય લીધી.

મેં જગજિતને સમજાવવાની કોશિશ શરૂ કરી.

'જગજિત, તું શા માટે તારા મન પર એ પ્રસંગનો બોજ લઈને બેઠો છે? ભૂલી જા એ અઘોરી! એની મૂઠનો કોઈ અર્થ નથી. તારા મનમાં છુપાયેલો ડર જ તારા પર સવાર થઈ ગયો છે. એ ડરને મનમાંથી કાઢી નાખ.' જગજિત અન્યમનસ્ક-ભાવે મને સાંભળી રહ્યો. એ પછી મેં એને મનની અજબ શક્તિ વિશે

કલાકેક ભાષણ આપ્યું. અનેક મારા અને બીજાના અનુભવોની વાતો કરી. મન કેવી રીતે ભ્રમણા ઊભી કરી મનુષ્યને ચકરાવે ચડાવે છે એની દાખલા-દલીલો સાથે ચર્ચા કરી.

*

અમે બૅંગ્લોરમાં અમારી હૉટલ પર પહોંચ્યા. એ પ્રવાસ દરમિયાન અમે એ હૉટલને જ અમારું હેડક્વાર્ટર રાખ્યું હતું. આજુબાજુના વિસ્તારોમાં બે-ચાર દિવસનો પ્રવાસ ખેડી અમે ત્યાં પાછા ફરતા. એ હૉટલના મેનેજરના સહકારથી અમે અમારા રૂમના બાથરૂમને થોડો ફેરફાર કરી ડાર્કરૂમમાં ફેરવી નાખ્યો હતો. રોલ ડેવલપ કરવાનું અને થોડી આવશ્યક પ્રિન્ટો કાઢવાનું કામ અમે ત્યાં જ પતાવી લેતા.

બૅંગ્લોર પહોંચી, જગજિતની ઇચ્છા ન હોવા છતાં અમે એક સારા ડૉક્ટરને બોલાવ્યો. એને અમે બધી જ વાતો કરી. એણે થોડીક દવાઓ - ઇન્જેક્શનો આપ્યાં અને જગજિતને સંપૂર્ણ આરામ લેવાની સલાહ આપી.

બીજે દિવસે જગજિતે વધુ સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. એણે થોડો ખોરાક પણ લીધો. મેં અને પ્રમોદે બૅંગલોરમાં થોડું શૂટિંગ કરવાનું નક્કી કર્યું. જગજિતને ડાર્કરૂમમાં રોલ ડેવલપ કરવાની સૂચના આપી, જેથી એ પોતાના મનને કોઈ કામમાં રોકી રાખી શકે.

ચારેક કલાક પછી હું અને પ્રમોદ પાછા ફર્યા ત્યારે જગજિત ડાર્કરૂમમાં હતો અને અંદરથી કોઈ ગીત ગણગણવાનો અવાજ આવતો હતો. મેં પ્રમોદ સામે જોયું. અમારા બન્નેના ચહેરા પરથી ચિંતાનાં વાદળ હટવા લાગ્યાં. મેં ઇન્ટરકોમ પર ઇડલી અને કૉફી લાવવાની સૂચના આપી અને કોચ પર લંબાવ્યું.

થોડી વાર પછી બાથરૂમનું બારણું ખૂલ્યું. જગજિત હાથમાં ભીના રોલ સાથે બહાર આવ્યો. એના અસલી મૂડમાં અમારી સામે જોઈ બોલ્યો: 'ક્યોં બે, કબ આયે?' અમે કંઈ જવાબ આપીએ તે પહેલાં જ એણે ભયાનક ચીસ પાડી. અમે બન્ને ચમક્યા. મેં એની તરફ જોયું ત્યારે એ પોતાના બન્ને હાથમાં ડેવલપ કરેલો ભીનો રોલ પકડી ઊભો હતો અને થરથર કાંપતો હતો. એના ચહેરા પર ભયાનક ભયની છાયા હતી. હું અને પ્રમોદ એની તરફ ધસ્યા. એણે મારા હાથમાં રોલ આપ્યો અને એ ચક્કર ખાઈ જમીન પર ફસડાઈ પડ્યો.

મેં રોલમાં જોયું. રોલની દરેક ફ્રેમ પર પેલા અઘોરીનો ભયાનક ચહેરો અંકાયેલો હતો.

બીજી જ ક્ષણે મારો હાથ પણ ધ્રૂજવા લાગ્યો.

*

પ્રકરણ ૮

પ્રમોદને દોડાવી પહેલાં તો ડૉક્ટરને બોલાવ્યો. ડૉક્ટર આવ્યો ત્યાં સુધી જગજિત ભાનમાં આવી ચૂક્યો હતો, પણ એની હાલત ખુબ જ ખરાબ થઈ ચૂકી હતી. મને ઓળખતો ન હોય એમ મારી સામે તાકી રહ્યો હતો. આંખો ભયથી ફાટી પડશે એમ પહોળી થઈ ગઈ હતી. ડૉક્ટરને સાચી વાત કહેવી કે કેમ એ એક વિમાસણ હતી. પ્રમોદને મેં ડૉક્ટરને એમ કહેવા કહ્યું હતું કે, 'દર્દીને વીજળીનો ઝાટકો લાગ્યો છે.' બેલૂર ખાતે જે ડૉક્ટર પાસે દવા કરાવી હતી એને પણ અમે અઘોરીબાવાની વાત નહોતી કરી. અઘોરીની વાતો ડૉક્ટરને સમજાવવી મુશ્કેલ હતી તે કરતાં પણ અમારા માટે હાસ્યાસ્પદ પરિસ્થિતિ ઊભી કરે એવી વધારે હતી.

આ ઉપરાંત હવે આ બીમારી વિશે જગજિતની મા અને પત્નીને પણ જાણ કરવી જરૂરી હતી. એક વિચાર એવો પણ આવ્યો કે બધું કામ પડતું મૂકીને પાછા મુંબઈ - ઘેર ચાલ્યા જઈએ.

બાહ્ય રીતે હું થોડો સ્વસ્થ દેખાતો હતો, પણ અંદરથી તો હું ખૂબ હલબલી ગયો હતો. આવી સ્ટેથોસ્કોપ, થર્મોમિટર અને ફિલ્મના રોલની વાત મને બીજા કોઈએ કરી હોત તો એને હું માનવા તૈયાર ન જ થાત. એને બનાવટ કહી ઉતારી પાડત. આવી વાતો કરનારને બેવકૂફ કહી મેં હસી કાઢ્યો હોત.

સાત વર્ષ પહેલાં હું ચૈતન્યાનંદથી છૂટો પડી ઘેર આવ્યો એ પછી ચૈતન્યાનંદે આપેલી શક્તિનો ખરો પ્રભાવ હું અનુભવવા લાગ્યો હતો. શરૂઆતમાં તો એ શક્તિ મને વરદાન જેવી લાગી હતી, પણ પાછળથી જણાયું કે એ શક્તિ એક શાપ સમાન છે. કોઈના મનની વાત જાણવી સહેલી છે, પણ એને પચાવવી મુશ્કેલ છે. વિચાર કરો કે તમે અન્યના મનની વાત જાણી શકવા શક્તિમાન બન્યા છો, પણ અન્ય - તમારાં સગાં, મિત્રો વગેરે તમારા વિશે જે વિચારે છે એને પચાવી શકવા - સહી શકવા તમે સમર્થ છો ખરા? મારી હાલત એક એવા પાગલ જેવી બની ગઈ હતી કે જેને બધે જ પોતાના દુશ્મન દેખાતા હોય! પાગલ થઈ જવાની અણી પર હતો ત્યારે જ મને ફરી અંબિકાદીદીનો મેળાપ થયો. એ ફરી મુંબઈ આવ્યાં હતાં.

હું એમને મળ્યો ત્યારે એ થોડાં સુકાયાં હતાં પણ વધુ પ્રભાવશાળી અને પ્રતિભાવાન બન્યાં હોય એમ મને લાગ્યું. મારી સ્થિતિ એથી ઊલટી હતી, એટલે એમને મળતાં પણ મેં સંકોચ અનુભવ્યો. એમણે મને પ્રથમ સમાચાર શ્રી ચૈતન્યાનંદના અવસાનના આપ્યા. ખૂબ જ દુઃખી થઈ મેં એ સમાચાર સાંભળ્યા હતા.

'એમણે મારે માટે કોઈ સંદેશો આપ્યો હતો?' મેં પૂછ્યું.

'એમણે તમારી પાસે ખૂબ આશાઓ રાખી હતી.'

'હું તો નિરાશ બન્યો છું.' મેં વ્યથિત થઈ એમને મારી મનઃસ્થિતિ કહી.

થોડી વાર પછી દીદીએ કહ્યું: 'કર્ણપિશાચિની સાથેસાથે જ એમણે તમને કલ્પનાયોગ પણ શીખવ્યો હતો એ શા માટે ભૂલી જાઓ છો?' મને યાદ આવ્યું, પણ હું ચૂપ બેસી રહ્યો. દીદી બોલ્યાં: 'અન્યના મન કરતાં પોતાના મનને જાણવું જ વધારે જરૂરી છે. એટલે જ તમને ગુરુજીએ કલ્પનાયોગ શીખવ્યો હતો. ગુરુજીની પણ એ જ ઇચ્છા હતી કે તમે કલ્પનાયોગને સાધ્ય કરો. એ જ તમારા મનને બળવાન બનાવશે.'

આમ છતાં દીદીએ કહી એટલી એ વાત સહેલી નહોતી જ. કર્ણપિશાચિનીના મોહમાંથી છૂટતાં અને કલ્પનાયોગને સાધતાં બીજાં સાત વર્ષ નીકળી ગયાં. આમ છતાં જેમજેમ મનની શક્તિઓ વધવા લાગી તેમતેમ જગતનાં અનેક રહસ્યો આંખ સામે ખૂલવા લાગ્યાં. શરૂઆતમાં ચૈતન્યાનંદજીએ કરેલી સંસારમાં રહેવાની આજ્ઞા ખૂબ જ ખટકતી હતી, પણ પાછળથી એ પાછળનો એમનો હેતુ પણ કળાવા લાગ્યો હતો. જંગલમાં કદાચ વધુ શાંતિથી જીવી શકાતું હશે, પણ માણસો વચ્ચે રહીને, માણસોને જે રીતે સમજી શકાય છે એ રીતે જંગલમાં એકાંતમાં રહી સમજી શકાતાં નથી.

ચમત્કારો પાછળનાં ધતિંગ, ધર્મગુરુઓની દંભી વાતો, ધર્મના પડદા પાછળ અધર્મ અને માનવીની અંધશ્રદ્ધા, કેટકેટલા પંડિતો, વિદ્વાનો, આચાર્યો, સંતો, ભક્તો સાથે જીભાજોડી કરી મનની અને ફક્ત મનની અદ્ભુત શક્તિઓ જ્યારે જાણી ત્યારે હું એક એવા નિષ્કર્ષ પર પહોંચ્યો હતો કે આ જગતમાં દૈવી જેવું કશું જ નથી. બધો જ ફક્ત મનની શક્તિનો ચમત્કાર છે. આ પ્રમાણે મેં કેટલાય ધુતારાઓને ખુલ્લા પણ પાડ્યા હતા.

- પણ તે દિવસે ન ઉકેલાય એવો સવાલ મારી સામે આવી ઊભો હતો. ડૉક્ટરે જગજિતને તપાસ્યા પછી થોડી દવાઓ લખી આપી હતી. જગજિત ઊંઘતો હતો. મેં ડાર્કરૂમમાં જઈ બીજા રોલ પણ તપાસ્યા. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન જે રોલ જગજિતે એક્સ્પોઝ કર્યા હતા તેમાં ક્યાંક ને ક્યાંક પેલા અઘોરીની આકૃતિ દેખાતી હતી. ક્યાંક ઝાંખી, ક્યાંક સ્પષ્ટ, ક્યાંક ફક્ત એનો ચહેરો દેખાતો હતો, તો કેટલાકમાં એ આખો દેખાતો હતો. મારા અને પ્રમોદના એક્સ્પોઝ કરેલા રોલમાં ક્યાંય કોઈ ખરાબી નહોતી.

મારી કેટલીયે માન્યતાઓ, કેટલાય વિચાર, કેટલાંય સત્યો કડડભૂસ કરતાં તૂટી પડ્યાં હતાં.

આ રહસ્યનો ઉકેલ એ પછી છેક ત્રણ વર્ષે મને મળ્યો.

એ પ્રસંગ મુંબઈનો હતો. એક લગ્નસમારંભની તસવીરો ઝડપવાનો

ઑર્ડર મને ત્યારે મળ્યો હતો. ઑર્ડર કન્યાપક્ષ તરફથી હતો. કન્યાને હું ઓળખતો હતો. કન્યાવાળી પાર્ટી માલદાર હતી અને કુટુંબ વિશાળ હતું, એટલે તસવીરો પણ ખૂબ ઝડપવાની હતી. આગલી રાતના મોડે સુધી કન્યાવાળાને ત્યાં રાસ-ગરબાની તસવીરો ઝડપી - પાછો વહેલી સવારથી વિધિઓની તસવીરો ઝડપવા લાગ્યો હતો. ખડે પગે ચાલેલું આ કામ મોડી રાત સુધી કન્યાવિદાય પછી પણ, ઘેર કોડીઓ રમાઈ ત્યાં સુધી ચાલ્યું. કન્યાનાં માબાપ જેટલો હું પણ થાકીને લોથપોથ થઈ ગયો હતો.

બે દિવસ પછી રોલ ડેવલપ કર્યા પછી સુકાયા ત્યારે મેગ્નિફાયર નીચે એને તપાસતો હતો ત્યારે ચારેક તસવીરો બગડી હોય એમ મને લાગ્યું. નેગેટિવમાં તો સ્પષ્ટ દેખાતું નહોતું એટલે મેં એની પ્રિન્ટો કાઢી.

પહેલી તસવીર પોંખવા સમયની હતી. સાસુ પોંખે તે પહેલાં કન્યા દરવાજે આવેલા વરરાજાને હાર પહેરાવે એવો રિવાજ છે. મેં એન્લાર્જરમાં નેગેટિવ મૂકી ઈઝલ પર છાયા જોઈ ત્યાં પણ કશું સ્પષ્ટ સમજાયું નહીં. મેં ફૂલ સાઈઝની પ્રિન્ટ કાઢી, પ્રિન્ટનો કાગળ ડેવલપરમાં નાખી ફેરવતો રહ્યો. એકાદ મિનિટ પછી તસવીર આકાર ધારણ કરવા લાગી. બીજી મિનિટે તો એ સ્પષ્ટ થઈ આવી. મેં ડાર્કરૂમની લાલ સેઈફ લાઇટમાં એને જોઈ અને ચમક્યો.

તસ્વીર ખૂબ જ સ્પષ્ટ અને સરસ હતી. ફક્ત વરરાજાનું માથું જ દેખાતું ન હતું! હાઈપોમાં નાખી, પ્રિન્ટ ફિક્સ કર્યા પછી મેં એને બત્તી સળગાવી જોઈ. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. માથું અજબ રીતે અદૃશ્ય હતું! માથાની પાછળનો માણસ સ્પષ્ટ દેખાતો હતો. વરરાજાના માથાની જગ્યાએ કંઈક ધૂંધળી છાયા જેવું હતું!

બીજી તસવીર હસ્તમેળાપના સમયની હતી. એની પણ મેં પ્રિન્ટ કાઢી. એ તસવીરમાં વરરાજાના હાથ ડબલ દેખાઈ રહ્યા હતા અને માથાની જગ્યાએ બીજી કોઈ વ્યક્તિનું માથું હતું.

ત્રીજી તસવીર રીસેપ્શન સમયની અને ચોથી તસવીર કન્યાવિદાયના સમયની હતી. એ બન્ને તસવીરોમાં પણ વરરાજાની જગ્યાએ જ કંઈક તકલીફ હતી. ડબલ એક્સ્પોઝ (તસવીર પર તસવીર) થયું હોય એમ વરરાજા પર એક અન્ય પુરુષ-મનુષ્યાકૃતિ દેખાતી હતી.

મને ડબલ મૂંઝવણ થઈ. એક તો આનું રહસ્ય શું હશે તે સમજાતું નહોતું. કેમેરા કે ફિલ્મ કે મારા લીધે આ થયું હોય એ અસંભવિત હતું. એ ઉપરાંત કન્યાપક્ષવાળાને હવે હું એમની તસવીરોનું આલ્બમ કેવી રીતે આપીશ એ પણ સવાલ હતો. પોંખતાં પહેલાં કન્યા વરરાજાને હાર પહેરાવે છે તે અને હસ્તમેળાપ સમયની તસવીરો તો આલ્બમમાં ખાસ જોઈએ જ. એ ન હોય તો મારે જવાબ શું આપવો?

કંઈ ઉકેલ ન સૂઝતાં મેં બીજી તસવીરોની પ્રિન્ટો તૈયાર કરી નાખી. બીજા દિવસે કન્યાને ત્યાં ફોન કરી જાણ કરી કે 'તસવીરો તૈયાર છે, પણ આલ્બમમાં ચોડતાં પહેલાં જો વરકન્યા એ તસવીરો જોઈ લે તો સારું.' કન્યાના પિતાએ કહ્યું કે એ બંનેને એ સાંજે મારે ત્યાં મોકલશે. આ ફોન કરવા પાછળ મારો આશય એટલો જ હતો કે હું જાણવા ઇચ્છતો હતો કે વરરાજા સલામત તો છો ને? કન્યાના પિતાનો જવાબ સાંભળ્યા પછી મને શાંતિ થઈ.

સાંજ પછી કન્યા એકલી જ મારા ઘેર આવી.

અમારો પરિચય તો હતો જ. મેં પૂછ્યું: 'કેમ એકલાં?'

એણે હસીને કહ્યું : 'એ એમના ઑફિસના કામમાં રોકાયેલા છે.'

મેં એને તસવીરો બતાવી. વીસેક મિનિટ તસવીરો જોયા પછી એ બોલી: 'આમાં હું એમને હાર પહેરાવું છું તે અને હસ્તમેળાપની તસવીરો ક્યાં છે?'

'એ બગડી ગઈ છે.' મેં સંકોચથી કહ્યું.

'એમ કંઈ ચાલે? એ તસવીરો તો ખાસ જોઈએ જ ને?'

'ઊભાં રહો, એ તસવીરો હું તમને બતાવું છું.' એમ કહી મેં એમની સામે પેલી ચારેય તસવીરો મૂકી દીધી. થોડી વાર એ તસવીરોને તાક્યા પછી એણે મને પૂછ્યું: 'આ કેવી રીતે થયું છે ?'

'હું પણ તમને એ જ પૂછવા માગું છું.'

છોકરી સાયકોલોજીમાં પીએચ.ડી. થયેલી હતી. એની સાથે ઘણીવાર માનસશાસ્ત્ર વિષે મેં ચર્ચાઓ પણ કરી હતી.

'આ તસવીરમાં આ બીજો ચહેરો દેખાય છે - ખબર છે, કોનો છે?' એમ તસવીરમાં જ્યાં ઝાંખી છાયા દેખાતી ત્યાં આંગળી મૂકી એણે મને પૂછ્યું.

'મને કેવી રીતે ખબર પડે?'

'એ ચહેરો દિનેશનો છે.' કંઈક કંપતા અવાજે એ બોલી.

'ઓહ!' મારા મોઢામાંથી ઉદ્ગાર સરી પડ્યો. દિનેશ વિષે એણે મને વાત કરી હતી. એ જ્યારે એસ. એસ. સી.માં હતી ત્યારે આ દિનેશ એની બાજુમાં રહેતો હતો. એ કન્યાએ પ્રથમ પ્રેમ એ દિનેશ સાથે કર્યો હતો. લગ્ન કરવાનું એકબીજાએ વચન પણ આપ્યું હતું, પણ થોડા જ દિવસ પછી દિનેશનું અવસાન ટાઈફોઈડની લાંબી બીમારી પછી થયું હતું.

'તમને ખબર છે-' એ ક્યાંક દૂર જોતી હોય એમ દીવાલ પર આંખો ટેકવી બોલી: 'હું જ્યારે એમને વરમાળા પહેરાવી રહી હતી ત્યારે મને દિનેશ યાદ આવ્યો હતો. દિનેશને અંતરમાંથી હું ભુલાવી શકી નથી. હસ્તમેળાપ સમયે પણ એ જ મને યાદ આવ્યો હતો.'

એ છોકરી દૃઢ મનોબળવાળી હતી, એટલે વાંધો ન આવ્યો. એની જગ્યાએ અન્ય કોઈ છોકરી હોત તો ભૂતની ભ્રમણામાં એવી ફસાઈ હોત કે...હું કલ્પી નથી શકતો.

એ પછી એકાદ વર્ષ અમારી 'યુવદર્શન'ની ઑફિસમાં તે સમયે કામ કરતો મારો સહકાર્યકર મહિમ પાંધી એક વિદેશી સામયિકમાંથી એક લેખ મને બતાવવા લાવ્યો હતો.

લેખ 'થોટોગ્રાફ્સ' ની બાબતમાં હતો. આ લેખે મારા મનમાં ઘોળાતાં ઘણાં રહસ્યો ઉકેલી નાખ્યાં.

ટેડ સીરીઓસ નામના એક અમેરિકને કેમેરા સામે ઊભા રહીને પોતાના વિચારોના ફોટોગ્રાફ્સ લેવડાવ્યા હતા. આ પ્રયોગો 'લાઈફ' મેગેઝિન ઉપરાંત ત્યાંના કેટલાક વૈજ્ઞાનિકોએ પણ ચકાસ્યા હતા. ડેનેવરના વિખ્યાત માનસ-ચિકિત્સક ડૉ. જૂલે આઈઝનબોએ 'ધી વર્લ્ડ ઑફ ટેડ સીરીબોસ' નામનું પુસ્તક પણ બહાર પાડ્યું હતું. આ પ્રયોગો જોકે સો ટકા સાચા પુરવાર થયા ન હતા, પણ મનની વિશિષ્ટ શક્તિ વિશે જરૂર પ્રકાશ પાડતા હતા.

એ લેખ પછી ફરી મનની શક્તિ વિષેના મારા વિશ્વાસમાં ભરતી આવી. ત્યાર પછી હું એમ માનતો હતો કે મન - ફક્ત મન પર અથવા ચેતનયુક્ત પદાર્થ પર જ પોતાનો પ્રભાવ પાડી શકે છે, પણ એ પછી મને સમજાયું - મન કેવી રીતે જડ પદાર્થ પર પણ પોતાનો પ્રભાવ પાડે છે. હકીકતમાં તો આ વિશ્વમાં જડ પદાર્થ જેવું કશું નથી. આપણને જડ લાગતો પદાર્થ પણ ચેતનાથી ધબકતો હોય છે. આજે આપણે અણુ-પરમાણુના વિજ્ઞાનને જાણીએ છીએ. ઇલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રિટોન વિશે પણ જાણતા થયા છીએ. જડ દેખાતાં ટેબલ-ખુરશીમાં પણ, આ પરમાણુમાં અજબ ચેતના ધબકે છે એ આપણે જાણીએ છીએ.

એ પછી મેં ફિલ્મ પર જે પ્રયોગ કર્યા, મનની અદ્‌ભુત શકિતની સીમાના સીમાડાઓ એટલા વિસ્તર્યા કે જાણે એ બ્રહ્માંડના ગર્ભને પણ આંબી ગયા. આ જ્ઞાન પ્રાપ્ત કરવામાં મને કલ્પનાયોગ એટલો કામ લાગ્યો કે ત્યારે જ મને શ્રી ચૈતન્યાનંદે આપેલા એ અદ્‌ભુત વરદાનની કિંમત સમજાઈ.

આ વિશ્વમાં સર્જન અને સંહાર, જન્મ અને મૃત્યુનું એક આદિ-નાટક ચાલી રહ્યું છે, ચાલ્યા જ કરશે. આ નાટક અહેતુક કે ફક્ત મનોરંજન માટે નથી. એ સહેતુક છે, એ કંઈક નિપજાવવા ઇચ્છે છે. એ કેવું નીપજે છે એ તો આ નાટકમાં ભાગ લેનારા પર આધાર રાખે છે.

સર્જન માટે સૌપ્રથમ કલ્પના આવશ્યક છે. કોઈ પણ વસ્તુનું કલ્પના સિવાય નિર્માણ થઈ શકતું નથી. આ કલ્પના આપણું મન કરે છે. આ મન બે રીતે કામ કરે છે. એ સર્જન કરવા માટે હંમેશાં તત્પર રહે છે. યોગ્ય બુદ્ધિ, સંસ્કાર અને

ભાવના હોય તો અને જેવાં હોય તેવાં- એ મનને સહાય કરી સર્જન કરે છે. કવિ કવિતા લખે છે, ચિત્રકાર ચિત્ર દોરે છે, એન્જિનિયર સ્થાપત્ય અથવા યંત્રોનું નિર્માણ કરે છે, વૈજ્ઞાનિકો અવનવા આવિષ્કારો કરે છે - આ બધાં જ સર્જન પાછળ મન રહ્યું છે, એ નક્કી.

આ મન મંત્રશક્તિ દ્વારા પણ સર્જન કરી શકે છે. ત્યારે એને ભૌતિક પદાર્થની જરૂર પડતી નથી. જેમ કે એક માંત્રિક પોતાની મંત્રશક્તિ દ્વારા અદૃશ્ય રીતે સૂર્યનાં કિરણોને ભેગાં કરી અગ્નિ પ્રગટાવી શકે છે, એવી જ રીતે એક વૈજ્ઞાનિક ફોસ્ફરસની શોધ કરી, દીવાસળી બનાવી, અગ્નિ પ્રગટાવવાનું કામ સહુ માટે સહેલું બનાવી શકે છે. આ જ મનની શક્તિ જો માનવીના કાબૂમાં ન રહે તો એ યંત્રની કમાનની જેમ છટકીને બેફામ રીતે વર્તે છે. ત્યારે એ અજબ તમાશા કરે છે. આને આપણે ભૂત-પ્રેત સાથે સાંકળી લઈએ છીએ. એ આગના ભડકા બની આંખ સામે આવે છે.

આપણે નબળું મન અને સબળું મન એવો પ્રયોગ અનેક વાર કરીએ છીએ. હકીકતમાં આ ખોટું છે. મન નબળું-સબળું હોતું નથી. મન બધે જ એક સરખું શક્તિમાન છે. એનો ઉપયોગ કરનાર અને એને કાબૂમાં રાખનારા આપણાં બુદ્ધિ અને સંસ્કાર જ નબળાં-સબળાં હોય છે. વીજળીનો પ્રવાહ તો એકસરખો જ શક્તિશાળી હોય છે, પણ કેટલા વોલ્ટનો બલ્બ લગાડ્યો છે એના પર પ્રકાશનો આધાર રહે છે. વીજળીનો ખુલ્લો રહી ગયેલો વાયર જેમ ખતરનાક છે એમ નિયંત્રણ વગરનું મન પણ ખતરનાક બની શકે છે. ક્યારેક ભયના કારણે અન્ય કોઈ કારણસર મન પરનું નિયંત્રણ માનવી ખોઈ બેસે છે ત્યારે આ મન ભયાનક બને છે. એ ઇચ્છે તો દીવાલ પરની ચાલતી ઘડિયાળ અટકી પડે છે, એ ઇચ્છે તો આકાશમાંથી વિમાન તૂટી પડે છે. એ ઇચ્છે તો કોઈ મૃત્યુ પામે છે, એ ઇચ્છે તો જડ પદાર્થ પણ એની ઇચ્છા પ્રમાણે વર્તે છે.

ફિલ્મનું નિર્માણ પણ કોઈ વૈજ્ઞાનિકના મને કરેલી કલ્પના પર આધારિત છે. કચકડાની પટ્ટી પર ચોપડવામાં આવેલું ઈમલ્શન જેમ પ્રકાશ માટે સેન્સીટીવ હોય છે એમ જ ક્યારેક મનની અજબ શક્તિના કારણે મનમાં ઉદ્ભવતા વિચારો માટે પણ સેન્સીટિવ બની શકે છે.

થોટોગ્રાફ્સની પાછળ આ જ સિદ્ધાંત કામ કરતો હતો.

આપણે ક્યારેક સાંભળીએ છીએ કે કોઈનાં કપડાં આપોઆપ ફાટે છે, ક્યારેક કોઈના શરીર પર આપોઆપ ચીરા પડે છે, ક્યારેક ઘરનું ફર્નિચર આપોઆપ ખસવા લાગે છે, ત્યારે આપણે એને ભૂતપ્રેતનો પ્રભાવ માની લઈએ છીએ. હકીકતમાં તો આ મનુષ્યના અનિયંત્રિત મનની ધમાલ હોય છે. જેમ સુનિયંત્રિત, કલ્પનાશક્તિ મનની શક્તિની કોઈ સીમા નથી, એવી જ રીતે આ

અનિયંત્રિત મનની શક્તિઓની પણ કોઈ સીમા નથી.

પણ ત્યારે મને આ ખબર નહોતી.

હું વિમાસણમાં માથે હાથ દઈ બેઠો હતો. જગજિત ઊછળતો, પછડાતો, બેફામ ગાળો બકતો વધુ ને વધુ એ અઘોરીના ત્રાસની અસર નીચે આવી રહ્યો હતો. બીજા દિવસે મેં અને પ્રમોદે બેંગ્લોર છોડવાનો નિશ્ચય કરી લીધો. આર્થિક રીતે અમને ઘણું નુકસાન વેઠવું પડે એમ હતું પણ અમે લાચાર હતા.

બૅગ-બિસ્તરા બાંધી તૈયાર કર્યાં. અમારી સામે મુખ્ય સવાલ તો જગજિતને કેવી રીતે લઈ જવો એ જ હતો. ક્યારેક તો એ એવો તોફાને ચડતો કે ચાર માણસો પણ એને ઝાલી ન શકતા. આ હાલતમાં પ્લેનમાં કે ટ્રેનમાં મુસાફરી કરવી યોગ્ય નથી હોતી. અમે કોઈ એવી મોટી કાર કે સ્ટેશનવૅગનની શોધમાં હતા કે જેમાં અમે જગજિતને આરામથી લઈ જઈ શકીએ.

એટલામાં શિવાનંદ ત્યાં આવી ચડ્યા. મેં એમને પરિસ્થિતિ સમજાવી. થોડી વાર વિચાર કરી એમણે કહ્યું: 'અહીંથી ચાલ્યા ગયા પછી તમે માનો છો કે એ સારો થઈ જશે?'

'કહેવાય નહીં, પણ હવે હું એને એની મા અને પત્નીને સોંપી દેવા ઇચ્છું છું.'

'એમ કરવાથી કશું વળશે નહીં. આપણે એના મનમાંથી પેલા અઘોરીનો ભય કાઢવાની જરૂર છે. આપણે ગમે તેમ કરી એ અઘોરીને પકડી અહીં લાવવો જોઈએ. એ અઘોરી જ જગજિતના મનમાંથી એનો ભય દૂર કરી શકશે. આપણે અહીંથી ચાલ્યા ગયા તો આ શક્યતા જ નહીં રહે.'

મેં પ્રમોદ સામે જોયું, એણે કહ્યું: 'સ્વામીજી ઠીક કહે છે, ભય હોય કે ગમે તો હોય, આપણે એ અઘોરીને પકડી, એની માફી માગી, જગજિત પાસે માફી મગાવી, એની પાસેથી જ આને જીવતદાન અપાવવું પડશે.'

ફિલ્મના રોલ પર અઘોરીની તસવીરો જોયા પછી મને પણ લાગ્યું હતું કે એ અઘોરીના પગ પકડી માફી માગી લેવી જોઈએ.

મેં કેટલીક નેગેટિવો લઈ એ અઘોરીની તસવીરોની પ્રિન્ટ કાઢી. અમે બન્નેએ અલપઝલપ પાંચેક મિનિટ જ એને જોયો હતો. એના પ્રચંડ શરીર અને ભયાનક ચહેરાની કેટલીક અસ્પષ્ટ રેખાઓ સિવાય કશું જ યાદ આવતું નહોતું. પણ તસવીરો જોઈને તો હું વધારે ચોંકી ઊઠ્યો. એનો ચહેરો ખૂબ ભયાનક હતો. ગાલ પરથી શરૂ થતો એક લાંબો ચીરો છેક કપાળ પાસેના વાળ સુધી પહોંચ્યો હતો. ગળામાં જે માળા પહેરી હતી તેમાં રુદ્રાક્ષની સાથે જ હાડકાંના નાના ટુકડા પણ પરોવેલા હતા. જમણો કાન બૂટ પાસેથી ચિરાયેલો હતો.

જગજિત ઘેનની દવાની અસર નીચે ત્યારે સૂતો હતો. મેં પ્રમોદને સૂચના આપી કે ડૉક્ટરને કહી એને ઘેનની નીચે ઊંઘતો જ રાખે. હૉટલના મૅનેજરને પણ જગજિતની થોડી ભલામણ કરી. જગજિતના ધમપછાડાથી એ ગભરાયો હતો. અમને વહેલી તકે હૉટલ ખાલી કરવાની એણે નમ્રતાપૂર્વક સૂચના પણ આપેલી, પણ અમારી સમજાવટથી એ બે-ત્રણ દિવસ માટે થોભી જવા તૈયાર થયો હતો.

હું અને શિવાનંદ એ અઘોરીને શોધવા મૈસૂર ઊપડ્યા.

*

પ્રકરણ ૯

મૈસૂર પહોંચ્યા ત્યારે દસ વાગવાની તૈયારી હતી. સ્વામી શિવાનંદે જીપ પોતાના એક ઓળખીતાના ઘર પાસે લેવરાવી. આ સ્વામીનું એક મહાસુખ એ છે કે એને ભારતના ગમે તે શહેર કે ગામમાં અનેક મિત્રો છે. અનેક સાંકડી ગલીઓમાંથી ડાબા-જમણે પસાર થયા પછી અમે એક મોટા દરવાજાવાળા ડેલા પાસે આવી થોભ્યા. દરવાજા પર એક લાઈફ સાઈઝનો નંદી કર્ણાટકની સંસ્કૃતિના પ્રતીક જેવો સિમેન્ટ કોંક્રિટમાંથી બનાવી, એના પર રંગ ચડાવી, રંગીન બનાવવામાં આવ્યો હતો. મ્યુનિસિપાલિટીની રોડ લાઈટમાં કાળા આકાશની પૃષ્ઠભૂમિ પર એ જીવંત લાગતો હતો.

શિવાનંદે જ દરવાજો ખખડાવ્યો. થોડી વાર પછી એક ફક્ત લુંગી પહેરેલા વૃદ્ધે આવી દરવાજો ખોલ્યો. સ્વામી સામે એ થોડી વાર આશ્ચર્યથી જોતો રહ્યો. પછી દરવાજામાંથી હટીને આવકાર આપતાં કન્નડ ઢંગના અંગ્રેજીમાં બોલ્યો: 'સ્વામી, અત્યારે તમને જોઈ આશ્ચર્ય થયું, પણ હું તમને આવકારું છું!'

શિવાનંદે મારો પરિચય એક તસવીરકાર મિત્ર તરીકે કરાવ્યો. તકલીફ બદલ ક્ષમા માગી અને અમારા બન્ને માટે તેમ જ જીપના ડ્રાઈવર માટે એકબે રાત રહેવાની સગવડ માગી. એ વૃદ્ધ ખૂબ જ નમ્રતાથી બોલ્યા:

'રહેવાની વિશાળ જગ્યા છે, પણ હું એકલો અને વૃદ્ધ છું, એટલે કોઈ સેવા નહીં કરી શકું, એનો મને અફસોસ છે.'

અમે એમનો આભાર માની જીપમાંથી સામાન બહાર કાઢ્યો.

એ વૃદ્ધ વિષે શિવાનંદે મને જીપમાં જ પરિચય આપ્યો હતો. વૃદ્ધ કન્નડ ઉપરાંત સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. એમના રસનો વિષય હતો ગૂઢવિદ્યા. મૈસૂર જેવા મોટા શહેરમાં એક અઘોરીને શોધી કાઢવાનું કામ સહેલું તો નહોતું જ એ મને બેંગલોરથી નીકળ્યા પછી સમજાયું હતું. શિવાનંદે કહ્યું હતું કે આ વૃદ્ધને એ અઘોરી મળ્યો હશે, તો એ આપણને જરૂર એનું ઠેકાણું બતાવશે. અનેક મંત્રતંત્ર જાણનાર આ વૃદ્ધ વિદ્વાનને ઓળખતા હતા. એ ઉપરાંત આ વૃદ્ધ અમને મૂઠમાંથી છૂટવાની કોઈ તરકીબ પણ બતાવી શકે એવી શક્યતા હતી.

હું અને શિવાનંદ સ્વસ્થ થઈ એ વૃદ્ધના ખંડમાં પહોંચ્યા. ટેબલ-લેમ્પના પ્રકાશમાં એ કોઈ ખૂબ પુરાણું પુસ્તક વાંચી રહ્યા હતા. પુસ્તકની જર્જરિત હાલત જોઈને જ એ પુરાણું અને અગત્યનું હોવાની ખાતરી થતી હતી. અમને જોઈ એમણે એ પુસ્તક ખૂબ સંભાળપૂર્વક બાજુએ મૂક્યું. ખુરશી પર બન્ને પગ ચડાવી આરામથી બેસી એ સ્વામી તરફ જોઈ બોલ્યા: 'ઘણા સમયે તમે આ તરફ આવ્યા છો.' આ સમયે ચહેરા પર વિદ્વત્તા છલકતી હતી. કપાળ પરની રેખાઓ નોટબૂકમાં

દોરેલી લાઈનો જેવી પાતળી અને સીધી હતી. જાડાં ચશ્માંમાં છુપાયેલી આંખોનાં મોતિયો અને થોડીથોડી વારે ઊભરાતાં પાણી એમણે વાંચેલાં પુસ્તકોની જાણે સાક્ષી પૂરતાં હતાં. ચારે બાજુની દીવાલો સાથે જડાયેલા કબાટમાં અનેક પુસ્તકો હતાં. એ ઉપરાંત ટેબલ અને બાજુના એક શૉ-કેસ પર જેમતેમ રખાયેલાં પુસ્તકોમાંથી વચમાં રખાયેલી કાગળની અનેક ચબરખીઓ લટકતી હતી. એમણે પોતાનાં વાંચવાનાં ચશ્માં ઉતારી બાજુ પર મૂક્યાં અને બીજાં લાંબે જોવાનાં ચશ્માં આંખ પર ચડાવ્યાં. મુંડન કરાવેલા માથા પર હાથ ફેરવી પોતાની વિશાળ જાડી અને સફેદ ચોટલીની ગાંઠ બાંધવાની અને છોડવાની રમત શરૂ કરી.

સ્વામી શિવાનંદે અંગ્રેજીમાં એમને જગજિતનો કિસ્સો સંભળાવ્યો. એ સાંભળી એ થોડી વાર ચૂપ બેઠા રહ્યા. પછી ફક્ત હોઠ ફફડાવતા હોય એમ બોલ્યા: 'શાણ્ડિલ્યનાથ !...ભયાનક !'

એમનો 'ભયાનક' શબ્દ અમને ટાઢ ચડાવી દેવા પૂરતો હતો, પણ એ જે નામ બોલ્યા એ પરથી એ અઘોરીને જાણતા હોવા જોઈએ એમ મને આશા બંધાઈ. મેં મનોમન શિવાનંદનો આભાર માન્યો. એ ન હોત તો મૈસૂરમાંથી એ અઘોરીનો પત્તો મળવો જ અશક્ય હતો.

'અત્યારે જ તમે ચામુંડા ટેકરી પર જાઓ તો એ મળી શકે.'

'ચામુંડા ટેકરી !' મેં આશ્ચર્યથી પૂછ્યું, 'પણ એ ખૂબ મોટી ટેકરી છે. એને અમે રાતના ત્યાં ક્યાં શોધશું?' ચામુંડા ટેકરી મૈસુર શહેરથી પંદર-વીસ કિલોમીટર દૂર હતી. ત્યાં ચામુંડાદેવીનું પ્રસિદ્ધ મંદિર છે અને એક વિશાળકાય મહિષાસુરની મૂર્તિ છે એ પણ મને ખબર હતી. એ ઉપરાંત કર્ણાટકના પ્રતીક જેવી એક વિશાળ નંદીની મૂર્તિ પણ આ ટેકરી પર છે.

થોડી વાર વિચારી એમણે કહ્યું: 'આપ ચામુંડાદેવીના મંદિરે જ ચાલ્યા જાઓ. ત્યાં આસપાસ કોઈને પૂછજો. પત્તો મળી જશે.' થોડી વાર પછી એ બોલ્યા: 'એ અઘોરી ગઈ કાલે જ મારી પાસે આવ્યો હતો. એ આજકાલ વશીકરણની સાધના કરી રહ્યો છે. આજ શરદપૂનમ છે. એ આખી રાત સાધનામાં હશે. શરદપૂનમ વશીકરણની સાધના માટે શ્રેષ્ઠ રાત છે.'

'પણ આ તો મૂઠ...?' મેં અચકાતાં પૂછ્યું.

'અત્યારે સમય ન બગાડો. કદાચ એ તમને કાલે ન પણ મળે.' એ વૃદ્ધે ચેતવણી આપી.

હું અને શિવાનંદ એમનો આભાર માની બહાર નીકળ્યા. સૂવાની તૈયારી કરતા ડ્રાઈવરને જગાડ્યો અને અમે ચામુંડા હિલ તરફ રવાના થયા.

ચાલીસેક મિનિટ પછી અમે જ્યારે ટેકરીનું ચઢાણ ચડી ચામુંડામાતાના મંદિર પાસે પહોંચ્યા ત્યારે રાતના સાડાબાર થવા આવ્યા હતા. સ્વચ્છ આકાશમાં

પૂનમનો ચંદ્ર પોતાની સોળે કળાએ પ્રકાશ્યો હતો, પણ એ બધું જોવાની અમને ફુરસદ નહોતી. મંદિરની બહાર આવેલા ફૂલહારવાળાઓની દુકાનો તો બંધ હતી, પણ કેટલાક લોકો એ બાંકડાઓ પર સૂતા હતા. સ્વામીને અને મને જીપમાંથી ઊતરતા જોઈ એમાંના કેટલાક જાગ્યા અને અમારી પાસે આવ્યા. સ્વામીએ એમને અઘોરી વિષે પૂછ્યું. કોઈ હિન્દી કે અંગ્રેજી પૂરું જાણતું નહોતું. મૂળમાં અઘોરી શબ્દ જ એમને સમજાતો ન હતો. મેં મારી પાસેની તસવીર કાઢી એમને બતાવી. ભૂત જોયું હોય એમ ભયના માર્યા બધા અમારી પાસેથી રફુચક્કર થઈ ગયા, પણ એ પરથી અમને ખાતરી થઈ કે એ બાવો આટલામાં જ ક્યાંક હશે અને આ લોકો એના વિશે જરૂર જાણતા હશે.

શું કરવું એ ન સૂઝવાથી અમે જીપમાં થોડી વાર બેઠા રહ્યા. દસેક મિનિટ પછી જવાની તૈયારીમાં હતા ત્યાં એક છોકરડો અમારી પાસે આવ્યો: 'હું તમને ઠેકાણું બતાવું તો તમે કેટલા રૂપિયા આપશો?' હાથથી રૂપિયાની નિશાની કરતાં એણે ભાંગીતૂટી હિન્દીમાં કહ્યું. મને રોષ ચડી આવ્યો. ક્યાંક કોઈની જિંદગીનો સવાલ હતો અને એ મૂરખ સોદાબાજી કરી રહ્યો હતો! મેં ગુસ્સો દબાવી પૂછ્યું: 'કેટલા?'

એણે બે આંગળી બતાવી.

મેં એને જીપમાં બેસી જવા કહ્યું. એ બેઠો તેવા જ મેં તેના હાથમાં પાંચ રૂપિયા મૂક્યા. ખુશ થઈ ડ્રાઈવરને ખભે હાથ ફટકારી એણે જીપ ચાલુ કરવા કહ્યું.

દસેક મિનિટ વાંકાચૂંકા રસ્તા પસાર કર્યા પછી એણે જીપ એક ઝાડી પાસે ઊભી રખાવી. ચંદ્રના પ્રકાશમાં ત્યાં એક પગદંડી દેખાતી હતી. એણે આંગળી ચીંધી એ માર્ગ બતાવ્યો અને બોલ્યો: 'ઇધર સે થોડે આગે ચલે જાના.' જીપ ત્યાં જ ઊભી રાખી, ડ્રાઈવરને અમે પાછા ફરીએ ત્યાં સુધી રાહ જોવાની સૂચના આપી, હું અને સ્વામી પગદંડી પર આગળ ચાલ્યા. શરદપૂનમની એ રાત ખરેખર સુંદર હતી - હશે, પણ મારું દિલ આશંકાઓથી ધડકતું હતું. મધરાતે એક ક્રૂર અને ભયાનક અઘોરીને જંગલમાં મળવાની હિંમત સાથે સ્વામી શિવાનંદ ન હોત તો મેં કરી ન હોત.

શિવાનંદની પાછળપાછળ હું ચાલ્યો જતો હતો. પાંચેક મિનિટ પસાર થયા પછી એકાએક કોઈક મન લોભાવનારી સુગંધનો અનુભવ થયો. જેમજેમ આગળ વધતા ગયા તેમતેમ એ સુગંધ વધુ ને વધુ તેજ થવા લાગી.

એ પછી તો એ સુગંધ જ જાણે અમને ખેંચતી હોય એમ અમે આગળ વધવા લાગ્યા. અમે શા માટે ત્યાં આવ્યા હતા, જગજિતની બીમારી અને પેલો ભયાનક અઘોરી પણ જાણે ભુલાઈ ગયા! અમે યુગોથી ફક્ત પેલી અલૌકિક સુગંધની પાછળ ભટકતા હોઈએ, એને શોધતા હોઈએ તેમ આગળ ને આગળ વધી રહ્યા હતા. અમે સ્થળ અને કાળનું ભાન પણ ગુમાવી બેઠા હતા.

ગીચ ઝાડી પછી એકાએક એ વૃક્ષોની વચ્ચે એક નાની ખુલ્લી મેદાન જેવી જગ્યા આવી. મારી આગળ ચાલતા શિવાનંદ થોભી ગયા. એમણે મારો હાથ ઝાલી મને ઊભો રાખ્યો ન હોત, તો હું પણ આગળ વધી ગયો હોત. મેં ચમકીને એ ખુલ્લા મેદાનમાં જોયું. ત્યાં અઘોરી બેઠો હતો. એની સામે જ એક સ્ત્રી પણ બેઠી હતી.

અમે બન્ને એક ઝાડની પાછળ છુપાયા. થોડા જ વાર દૂર પેલા અઘોરીને પ્રત્યક્ષ જોઈ મારી છાતી જોરજોરથી ધડકવા લાગી હતી. એ અઘોરી એવી રીતે ત્રાંસો બેઠો હતો કે અમે એની પીઠના થોડા ભાગ ઉપરાંત એનો ચહેરો પણ જોઈ શકતા હતા. સામે બેઠેલી સ્ત્રીનો ચહેરો અમારી તરફ જ હતો. એ સ્ત્રી ત્રીસેક વર્ષની યુવાન પણ સાવ સામાન્ય દેખાવની હતી. જરા સ્થૂળ કાયા પર એણે ભારે શણગાર સજ્યો હતો. દાગીનાની અને ભારે કિંમતની સાડીની જરીની ચમક ચંદ્રપ્રકાશમાં સ્પષ્ટ દેખાતી હતી. એ બન્નેની વચમાં થાળી કે ત્રાંસ જેવું કોઈ પાત્ર હતું. તેમાંનું પ્રવાહી શું છે તે ત્યાંથી દેખાતું નહોતું, કારણ કે તેમાં આકાશની મધ્યમાં આવેલા ચંદ્રનું પ્રતિબિંબ પડી રહ્યું હતું. અઘોરીના હોઠના ફફડાટ પરથી એ મંત્રજાપ કરી રહ્યો હોય એમ લાગતું હતું. થોડી-થોડી વારે એ પેલા પ્રવાહીમાં આંગળી બોળીને પેલી સ્ત્રી પર એ પ્રવાહી છાંટતો હતો. આમ કરતી વખતે પાત્રમાંનું પ્રવાહી હાલી ઊઠતું. પ્રતિબિંબ ટુકડા બની ચમકતું અને સ્ત્રી પ્રવાહીના છંટકાવના કારણે આંખ ખોલી પેલા અઘોરી સામે જોતી હતી.

પેલી અલૌકિક સુગંધનું કેન્દ્ર એ અઘોરી જ હતો.

એકાદ કલાક સુધી એ વશીકરણની સાધના ચાલતી રહી. ચંદ્ર હવે પશ્ચિમ તરફ ઢળવા લાગ્યો હતો. એકાએક પેલા અઘોરીએ એની સામે બેઠેલી સ્ત્રીને ઊભી થવાની આજ્ઞા કરી હોય એમ એ ઊભી થઈ. ઊભા થયા પછી એણે પોતાનાં બધાં જ વસ્ત્ર અને અલંકારોનો ત્યાગ કર્યો. ચંદ્રપ્રકાશમાં એનું ગૌર નગ્ન શરીર સ્પષ્ટ દેખાતું હતું. અઘોરીએ એ સ્ત્રીના હાથમાં પેલા પ્રવાહીનું પાત્ર મૂક્યું. એણે એમાંથી થોડું પ્રવાહી પીધું અને બાકીનું પ્રવાહી પોતાના શરીર પર ઢોળ્યું. એ પછી એ કંઈ પ્રતિજ્ઞા કરતી હોય એમ બન્ને હાથ છાતી પર મૂકી અઘોરી સામે જોઈ બોલી. શબ્દો સ્પષ્ટ સંભળાતા હતા, પણ કન્નડ ભાષામાં હોવાથી હું સમજી શક્યો નહીં. એ પછી અઘોરી પ્રસન્ન થયો હોય એમ ઊઠ્યો અને પેલી સ્ત્રીના માથા પર હાથ મૂકી એને આશીર્વાદ આપ્યા. પેલી સ્ત્રી પોતાનાં વસ્ત્રો અને અલંકારો ફરી ધારણ કરવા લાગી ત્યાં સુધીમાં અઘોરીએ પોતાનો પથારો વીંટી લીધો હતો.

એની પ્રસન્નતાની ક્ષણનો ઉપયોગ કરી લેવાની ઇચ્છાથી હું શિવાનંદનો હાથ ખેંચી ઝાડીની બહાર નીકળ્યો. ખખડાટ સાંભળી એ અઘોરીએ ત્રાડ પાડી કહ્યું: 'કૌન હો? વહીં ઠહરો.'

'હમે આપસે મિલના હૈ.' હું બોલ્યો અને મારા અવાજમાંની ધ્રુજારીથી મને જ ડર લાગ્યો - ક્ષોભ પણ થયો.

એણે પોતાના હાથમાં ત્રિશૂળ ઊંચકી લીધું. એ બે ડગલાં મારી તરફ ધસ્યો. ત્યાં જ શિવાનંદ મારી આગળ ઊભા રહ્યા: 'શાણ્ડિલ્યનાથ, ક્ષમા કરો! પંડિતજીને હમેં આપકે પાસ ભેજા હૈ. યહ મેરા મિત્ર હૈ ઔર ઇન્હીકા એક મિત્ર આપકી અવજ્ઞા કરનેકા ફલ ભુગત રહા હૈ. હમ ક્ષમા માંગને આયે હૈં.'

'હઠ જાવ મેરે સામને સે.' એના અવાજમાં ક્રોધ ભભૂકતો હતો: 'યહાં આનેકી તુમને ધૃષ્ટતા કી હૈ. ઈસી ક્ષણ યહાં સે ચલે જાવ, વરના તુમ્હારી હાલત ભી બૂરી હો જાયગી.'

એ અમારી કોઈ વાત સાંભળવા જ તૈયાર ન થયો. પેલી સ્ત્રીને લઈ એ ચાલતો થયો. હું અને શિવાનંદ મૂઢની જેમ થોડી વાર ત્યાં જ ઊભા રહ્યા.

હવે પેલી સુગંધનો પ્રભાવ નાશ પામ્યો હતો અને અઘોરી પહેલાં જ્યાં બેઠો હતો ત્યાંથી બળતા માંસની દુર્ગંધ આવી રહી હતી.

*

સવારે નિત્યકર્મથી પરવારી અમે એ કન્નડ વિદ્વાન સામે બેઠા હતા. ટૂંકમાં જ રાતે જે બન્યું તે અમે એમને કહ્યું. એ સાંભળ્યા પછી એમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું: 'એ સુગંધ મોહનિદ્રા માટે હતી. તમને બન્નેને એનાથી નિંદર કેમ ન આવી એનું મને આશ્ચર્ય થાય છે ! શાણ્ડિલ્યને પણ થયું જ હશે ને એટલે જ એ ક્રોધે ભરાયો હશે !' એ સાધનામાં હતી તે સ્ત્રી બાબત એમણે જણાવ્યું કે એ અહીંના એક મોટા વેપારીની પત્ની છે. પતિને વશ કરવા માટે એણે પેલા અઘોરી પાસે વશીકરણ- સાધના કરાવી છે.

'આપ આ મંત્રતંત્રની શક્તિમાં કેટલો વિશ્વાસ કરો છો?' મેં જાણવા માટે પૂછ્યું.

'વિશ્વાસ !?' આશ્ચર્ય અને આઘાતથી એમણે કહ્યું: 'મારી આખી જિંદગી મેં આ રહસ્યનું અધ્યયન કરવામાં વિતાવી છે.'

'આપ કયા નિષ્કર્ષ પર પહોંચ્યા છો?' મેં પૂછ્યું.

'આ જગતમાં એવી કેટલીયે ચમત્કારક ઘટનાઓ બને છે, જેનું આપણે રહસ્ય પામી શકતા નથી. એ ગૂઢ શક્તિ છે. એ આપણે સામાન્ય લોકો ન સમજી શકીએ એવું વિજ્ઞાન છે.'

'કદાચ એ અજ્ઞાન પણ હોઈ શકે?' મેં પૂછ્યું.

'જ્ઞાનની કોઈ સીમા નથી અને અજ્ઞાનનો કોઈ અંત નથી.' એ ગંભીરતાથી બોલ્યા. મને લાગ્યું કે એમને આ ચર્ચા કરવી ગમતી નથી. વાતને બીજે પાટે વાળવા મેં કહ્યું:

'આપે આ અલભ્ય પુસ્તકો મેળવ્યાં છે, કંઈ કેટલુંય જ્ઞાન મેળવ્યું હશે. આપ અમૂલ્ય જ્ઞાન કોને આપી જશો ?'

'જ્ઞાન મેળવવું સહેલું છે, એટલું આપવું સહેલું નથી.'

આ પછી મનની શક્તિઓ વિશે મેં એમને કહ્યું. મન જ આ ભૂતાવળની માયા રચી માણસને ભરમાવીને એને ભયભીત કરે છે. ચૈતન્યાનંદ સાથેના કેટલાક પ્રસંગો મેં એમને કહ્યા. મારી આ માન્યતા કેવી રીતે દૃઢ થઈ એ પણ મેં એમને સમજાવ્યું.

'છતાં તમે તમારા મિત્રને ભયમાંથી મુક્ત નથી કરી શકતા?!' એ વૃદ્ધે વ્યંગભરી નજરે મારી સામે જોઈ કહ્યું.

'હું મારી જિંદગીમાં આજ જેટલો ક્યારેય નિરાશ થયો નથી. સમજાતું નથી મારી ક્યાં ભૂલ થઈ છે! આજે એમ લાગે છે કે જાણે ફરીથી મારે એકડે એકથી ઘૂંટવાની તૈયારી કરવી પડશે.'

એ કદાચ પહેલી વાર હસ્યા.

'ક્યાં ભૂલ થઈ છે, કહું?'

'અવશ્ય, મને આનંદ થશે.' મેં નમ્રતાથી કહ્યું.

'માનવીના અહંને તમે નથી ઓળખતા. બધા જ માનવીઓ કંઈ સરળ નથી હોતા. એટલે જ આપણા ઋષિમુનિઓએ જ્ઞાનને ગૂઢ અને ગુપ્ત રાખ્યું છે. દાખલા તરીકે તમે તમારા મિત્રને કહો છો કે તારું મન નબળું છે, એટલે તારા પર અઘોરીનો ભય સવાર થઈ ગયો છે. તમારો મિત્ર તમારી વાત સત્ય હોવા છતાં નહિ સ્વીકારે, કારણ કે ત્યાં એનો અહં ઘવાશે. કોઈ માનવી પોતાનું મન નબળું છે એમ સ્વીકાર કરવા તૈયાર ન થાય. એમના પર ભૂત કે કોઈ અઘોરી સવાર થઈ ગયો છે એમ જ્યારે એમને લાગે છે ત્યારે એમનો અહં સંતોષાય છે. એ પોતાને કોઈ વિશિષ્ટ વ્યક્તિ માનવા લાગે છે. એટલે જ ત્યાં તમારો સીધો-સરળ અભિગમ કામ આવતો નથી. અહીં તો ભૂવા અને અઘોરીઓ જ કામ લાગે, એટલે જ હું તમને કહું છું કે જ્ઞાનને સરળ બનાવી જેને-તેને આપવાથી તમારે નુકસાન જ સહન કરવું પડશે. જ્ઞાનને ગૂઢ બનાવો - સરળ નહીં, અઘરું બનાવો અને પછી જુઓ, આ મનુષ્ય તમારી પાછળ કેવા ભાગતા આવે છે તે,' એ એકીશ્વાસે આટલું બોલી ગયા.

'પણ હું એને અપરાધ ગણું છું. એ સત્તાલાલસા છે અને સત્તાલાલસા જેવું અક્ષમ્ય, ભયાનક પાપ એકેય નથી. જ્ઞાનીઓએ જ્ઞાનને ગૂઢ પોતાની સત્તા જમાવવા માટે બનાવ્યું છે, નહીં કે જ્ઞાનનું રક્ષણ કરવા માટે. જ્ઞાનને કોઈ રક્ષણની જરૂર નથી. સુગંધને ડબામાં પૂરી રાખી ન શકાય.'

'સત્તાથી જ જ્ઞાનનું રક્ષણ થાય છે.' એમણે કહ્યું.

'આ ઢોંગ છે. સત્તાથી કદી કોઈ સારું કામ ન થઈ શકે. આ જગતમાં માનવીનું સત્યાનાશ સત્તાખોરીએ કાઢ્યું છે. તાકાતવાન અહીં રાજા બની, નિર્બળને દબાવે છે. બુદ્ધિશાળી મૂર્ખ પર, અજ્ઞાની પર સત્તા જમાવવા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે. પૈસાદારો ગરીબો પર સત્તા જમાવવા ઇચ્છે છે અને આ સત્તાલોલુપ વર્ગ ઇચ્છે છે કે શાસિતો સદા નિર્બળ, નિર્જ્ઞાન અને નિર્ધન રહે. માનવી અને માનવીની શક્તિઓમાં કોઈ તફાવત હોય એમ હું માનતો નથી. જે તફાવત છે એ સત્તાલોલુપ માનવો વડે નિર્મિત છે.' હું થોડો આવેશમાં આવી બોલવા લાગ્યો.

'તમે તમારા મિત્ર માટે શું કરશો?' એમણે પૂછ્યું.

'ફક્ત પ્રયત્ન.' હું બોલ્યો, 'અત્યારે એ સિવાય હું કશું કરી શકું એમ પણ નથી. મહાશય, કદાચ હું ભૂલ્યો હોઈશ, મારી ભૂલ થતી હશે, પણ મને એક શ્રદ્ધા છે કે સત્યના માર્ગે છું. આ અઘોરીનો પ્રભાવ મારા મિત્ર પર કેમ પડ્યો છે એના રહસ્યની કદાચ અત્યારે મને ખબર નથી, પણ એક વાત ચોક્કસ છે કે એ મારા અને મારા મિત્રના અજ્ઞાનનું પરિણામ છે અને આ અજ્ઞાન સામે લડવામાં હું માનું છું. હારજીતનો મારા માટે કોઈ પ્રશ્ન નથી. આવા એક અથવા અનેક પ્રસંગ પછી કદાચ - કદાચ નહીં, ચોક્કસ જ હું સત્યને પામીશ એની મને શ્રદ્ધા છે.'

'શુભેચ્છાઓ સિવાય હું તમને શું આપી શકું?' એ વૃદ્ધે કહ્યું.

'આશીર્વાદ.'

બપોરે હું અને શિવાનંદ મૈસૂર શહેરમાં ગયા. ત્યાં એક હૉટલવાળો અમને ઓળખતો હતો, કારણ કે પાંચ દિવસ પહેલાં અમે એ જ હૉટલમાં ઊતર્યા હતા. ત્યાંથી હું બેંગલોર પ્રમોદને ટ્રંકકોલ કરવા ઇચ્છતો હતો. મેનેજરને કહી અમે બેંગ્લોરથી હોટલનો નંબર માગ્યો. નંબર લાગે એની રાહ જોતા હું અને શિવાનંદ બહાર લોન્જમાં બેઠા. બન્ને જગજિત વિશે જ વિચારતા હતા, છતાં ખામોશ હતા. શિવાનંદ સાથે દિવસો અને રાતો મેં ચર્ચામાં વિતાવ્યાં છે. કંઈ કેટલાંયે સત્યોને પામવા માટે અમે સાથે કોશિશ કરી છે. અનેક વાર કેટલાય પંડિતો સાથે અમે વિવાદ કર્યો છે. શિવાનંદ પુરાણ અને શાસ્ત્રોના સારા અભ્યાસી છે. વેદ-ઉપનિષદનાં કેટલાંય રહસ્યો હું એમની પાસેથી શીખ્યો હતો. આજ એ પણ મૂંઝાઈને ચૂપ હતા. મારી મન:સ્થિતિ તો અતિવિકટ હતી.

અર્ધાએક કલાક પછી નંબર લાગ્યો. ફોન પર હૉટલનો મેનેજર હતો. મેં એને પ્રમોદને બોલાવવા કહ્યું. મેનેજર ખૂબ જ વ્યગ્ર હતો, રોષમાં પણ હતો. એ બોલ્યો: 'ભાઈસાબ, તમારા દર્દીને હવે અહીંથી વહેલી તકે લઈ જાઓ તો સારું! મારી હૉટલ ખાલી થઈ રહી છે. આમ જ ચાલશે તો મારે હૉટલ બંધ કરી

ભીખ માગવી પડશે!'

'પણ એવું તે શું બન્યું છે?' મેં કંઈક ચિંતાથી પૂછ્યું.

'એ તો તમારા મિત્રને જ પૂછો! અને હા, હવે જો તમે રાત સુધીમાં હૉટલ ખાલી ન કરી તો મારે પોલીસમાં ખબર કરી તમારા મિત્રને હૉસ્પિટલમાં ભરતી કરાવવો પડશે. આ હૉટલ છે, કંઈ ગાંડાની હૉસ્પિટલ નથી.' એ પછી એણે ફોન પ્રમોદને આપ્યો.

'શું છે, પ્રમોદ?'

'ભાઈસા'બ, અહીં તો મુસીબતનો પાર નથી, કાલ રાતે એક એવો બનાવ બન્યો કે...' એ અચકાયો.

'શું બન્યું, પ્રમોદ? જગજિતને કેમ છે?' મેં વ્યગ્ર થઈને પૂછ્યું. થોડી વાર ખામોશી છવાઈ રહી. પછી પ્રમોદ ખૂબ જ ધીરેધીરે બોલ્યો.

'ગઈ કાલે રાતના જગજિતને ઘેનની દવા આપ્યા પછી એ ઊંઘતો હતો, એટલે નિશ્ચિંત થઈ હું હૉટલના બીજા ગ્રાહકો સાથે અગાશીમાં પત્તાં રમવા ગયો. શરદપૂનમની રાતના કારણે ઘણા લોકો અગાશીમાં જાગતા હતા. પત્તા રમતાં રાતના બે ક્યારે વાગી ગયા તે પણ ખબર ન પડી. અચાનક જગજિતની ચીસ સાંભળી હું આપણી રૂમ પર દોડ્યો. રૂમ પર મેં બહારથી તાળું માર્યું હતું. એ એમ જ બંધ હતું. તાળું અને દરવાજો ખોલી હું અંદર પ્રવેશ્યો. બત્તી કરી. જગજિત મદદ માટે બૂમો મારતો હતો. એના ચહેરા પરથી લોહી નીકળતું હતું. ગાલ પરથી કપાળ સુધી પહોંચતો એક લાંબો અને ઊંડો ઘા એના ચહેરા પર હતો. મેં જગજિતને પૂછ્યું, 'શું થયું, જગજિત?' એ ભયભીત નજરે કેટલીય વાર મારી સામે જોઈ રહ્યો, પછી રડી પડ્યો અને બોલ્યો: 'પ્રમોદ, પેલો અઘોરી અહીં આવ્યો હતો. મારો જીવ લેવા. એણે મારા ચહેરા પર એના ત્રિશૂળનો ઘા કર્યો અને બોલ્યો: તને હું ખતમ કરીશ. હું ચીસ પાડી ઊઠ્યો. એ ચાલ્યો ગયો. પ્રમોદ! પ્રમોદ! એ મને મારી નાખશે!... જગજિતના ચહેરા પર બહુ ઊંડો ઘા થયો છે. એ ખૂબ ગભરાયો છે.'

થોડી વાર તો મેં સ્તબ્ધ થઈ આ સાંભળ્યા કર્યું. પછી પૂછ્યું, 'પ્રમોદ, તેં શું કહ્યું, અઘોરી આવ્યો હતો? તેં અઘોરીને જોયો હતો?!'

'મેં જોયો નહોતો પણ જગજિતે જોયો હતો.'

'એ કેવી રીતે બને? એ અઘોરી પર નજર રાખતા તો હું અને શિવાનંદ આખી રાત અહીં હતા!?' હું આશ્ચર્યથી બરાડી ઊઠ્યો.

'જગજિતના ચહેરા પરનો ઘા હકીકત છે. આવો ઘા કોઈ પોતાના હાથે

પોતાના ચહેરા પર ન કરે. ચૌદ ટાંકા લેવા પડ્યા અને એક બીજી વાત. રાતના ઓરડામાં એક વિચિત્ર સુગંધ આવી રહી હતી. આવી સુગંધ મેં ક્યારેય નથી અનુભવી - ઊંઘ લાવી દે એવી.' પ્રમોદ ગંભીરતાથી ધ્રૂજતા અવાજે બોલ્યો.

ચક્કર આવતા હોય એમ હું બાજુના સ્ટૂલ પર ફસડાઈ પડ્યો. 'રાત સુધી અમે પાછા ફરીએ છીએ. ત્યાં સુધી તું ગમે તેમ સાંભળી લેજે, પ્રમોદ!' મેં ફોન મૂકી દીધો.

'આપણે પોલીસને જાણ કરવી જોઈએ. પોલીસની મદદથી જ હવે અઘોરીને પકડવો પડશે.' મેં નિશ્ચય સાથે શિવાનંદને કહ્યું. પણ એ નિશ્ચયનાં કેવાં ભયાનક ફળ અમારે ભોગવવાં પડશે એની મને ત્યારે ખબર નહોતી.

*

પ્રકરણ ૧૦

પોલીસ સ્ટેશનમાં જવાનો પ્રસંગ મારા જેવાના જીવનમાં ભાગ્યે જ બને. મુંબઈના વાદળી રંગના પોશાકનો રુઆબ મેં જોયો છે. દિલ્હીના ઘોડા પર ઘૂમતા શાનદાર પોલીસોને પણ જોયા છે. એ સહુમાં વધુમાં વધુ નબળા અને સાવ સાદા અને સ્વયંસેવક લાગે એવા પોલીસો અમે મૈસૂરમાં જોયા હતા. ત્યાં પોલીસો રસ્તા પર ભાગ્યે જ દેખાય અને દેખાય તોય ઓળખવા મુશ્કેલ પડે એવો એમનો યુનિફૉર્મ હોય છે.

હું અને શિવાનંદ અમારી હૉટલ પાસેના જ એક પોલીસ સ્ટેશને પહોંચ્યા. આ ટેબલ પરથી પેલા ટેબલ પર અને પેલા ટેબલ પરથી બીજા ટેબલ પર કેટલીક વાર ઘૂમ્યા. પછી એક સબઇનસ્પેક્ટરે અમને સામે ખુરશી પર બેસવા કહ્યું. અમે કોઈ ખૂન જેવા ગંભીર ગુના માટે નહીં પણ એક બાવા સામે ફરિયાદ નોંધાવવા આવ્યા છીએ એમ જાણી એ ઉદાસીન બની જૂના કેસના કાગળો ઉથલાવવા લાગ્યો.

આખરે કંટાળી મેં એને કહ્યું: 'જુઓ, હું એક અમેરિકન કંપનીનો અહીંનો પ્રતિનિધિ છું' અને એમના વતી તસવીરકાર તરીકે અહીં કામગીરી કરું છું. મારો મિત્ર એક ભયાનક ષડ્યંત્રમાં ફસાયો છે. આપ મારી વાત પર ધ્યાન નહીં આપો તો મારે કમિશનરસાહેબને ફોન કરવો પડશે !' કડક રીતે ઉચ્ચારાયેલા મારા શબ્દો પછી એણે મારા તરફ ધ્યાન આપ્યું. કાગળ-પેન તૈયાર કરી એણે મને કહ્યું: 'બોલો, તમારું નિવેદન હું નોંધી લેવા તૈયાર છું.'

'ફક્ત નિવેદન નોંધવાથી કંઈ નહીં વળે. તમારે તાત્કાલિક મને કોઈ ઈન્સ્પેક્ટરની સેવા આપવી પડશે. મારા મિત્ર વિરુદ્ધ હત્યાની પેરવી કરનાર એક અઘોરી બાવાની તમારે ધરપકડ કરવી પડશે.'

'પહેલાં તમે વિગતો કહો, એ પછી જ હું શું કરવું તે નક્કી કરીશ.'

મેં શરૂઆતથી એને મારી કથા કહી.

વાત સાંભળ્યા પછી એ ખડખડાટ હસી પડ્યો: 'આ પોલીસ સ્ટેશન છે, મહેરબાન! આવી પગ- માથા વગરની તમારી વાત સાંભળી તમે એમ ઇચ્છો છો કે હું એક નિર્દોષ બાવાને પકડી લઉં?'

એને ખૂબ સમજાવ્યો પણ એ અમારી વાત માનવા તૈયાર જ નહોતો થતો. હકકીતમાં એની જગ્યાએ હું હોત તોપણ આ વાત માનવા તૈયાર ન થાત!

થાકીને અમે પાછા પેલા વૃદ્ધ વિદ્વાનના ઘરે પહોંચ્યા. એમને બધી વિગત જણાવી. પેલા અઘોરીને અમે આખી રાત અમારી સામે જંગલમાં સાધના

કરતો જોયો હતો, છતાં એ છેક બૅંગલોર પહોંચી જગજિતને કેવી રીતે ઇજા પહોંચાડી શક્યો હશે એ મને સમજાતું નહોતું. ચકરાઈ ગયેલા મારા દિમાગમાં અનેક પ્રશ્નો ઊઠતા હતા, પણ ત્યારે એ પંડિત પાસે એના ઉત્તરો મેળવવાનો સમય પણ ક્યાં હતો?

આમ છતાં મારા કેટલાક પ્રશ્નોના જવાબમાં એ વૃદ્ધે કહ્યું: 'સમય અને જિજ્ઞાસા જ તમને એના જવાબ મેળવી આપશે.'

મુખ્ય સમસ્યા હતી એ અઘોરીને સમજાવવાની અને ફરી જગજિત પાસે લઈ જવાની. કોઈ પણ હિસાબે એ બન્ને સામસામા આવે અને જગજિત માફી માગી લે તો એ બચી શકે. અમે એ વૃદ્ધ પંડિતને આમાં કંઈક મદદ કરવા કહ્યું.

થોડી વાર એ વિચારમાં રહ્યા, પછી બોલ્યા : 'એક માર્ગ છે. રાતવાળી સ્ત્રી જો તમને મદદ કરે તો તમે એ અઘોરીને સમજાવી શકો અથવા એની મદદ મેળવી શકો.'

મેં અધીરાઈથી પૂછ્યું: 'એ કેવી રીતે બને?'

'એ સ્ત્રીને પણ બાવાએ ફસાવી છે.' થોડી વાર અટકી એ બોલ્યા: 'તમે ગયા પછી એ બાઈ અહીં આવી હતી.'

હું અને શિવાનંદ સાથે બોલી ઊઠ્યા, 'ખરેખર!'

'હા.' વૃદ્ધે ખોંખારો ખાઈ બોલવાનું શરૂ કર્યું: 'તમે એને શપથ લઈ કંઈક બોલતાં સાંભળી હતી. એ બાઈ એમ માને છે કે તમે એ શપથ સાંભળી લીધા છે. એને ખબર નથી કે તમે બન્ને કન્નડ ભાષા જાણતા નથી. હવે ભયની મારી એ મારી પાસે આવી હતી — એ કહેવા કે હું તમને સમજાવું કે તમે એ ભયાનક શપથની વાત બહાર ન પાડો.'

'શાના હતા એ શપથ?' મેં આશ્ચર્યથી પુછ્યું.

બોલવું કે ન બોલવું એ અસમંજસમાં રહ્યા પછી થોડી વારે એ વૃદ્ધે મોં ખોલ્યું, 'પોતાના પ્રથમ પુત્રને અઘોરીને સુપરત કરી દેવાનું વચન હતું!'

હું અને શિવાનંદ સ્તબ્ધ બની ગયા. થોડી વાર પછી શિવાનંદ બોલ્યા: 'આ તો ભયાનક કહેવાય !'

'પતિ મળતો હોય તો કોઈ પણ સ્ત્રી પોતાનાં થનારાં અનેક બાળકોમાંથી એકાદને દાનમાં આપી દે.' એ વૃદ્ધ સ્વાભાવિકતાથી બોલ્યા.

'પણ આમાં એ સ્ત્રી અમને મદદરૂપ કેવી રીતે બની શકે?' મેં સ્ત્રી, એના પતિ અને થનાર બાળકની ફિકરમાં પડ્યા વગર જ પૂછ્યું.

'તમે એને મળો, તમે એ શપથ વિશે જાણો છો એમ કહો અને મદદ કરે તો એ શપથ એના પતિથી ગુપ્ત રાખવાની ખાતરી આપો.'

આ બધું ભયાનક હતું. હું એક પછી એક એવા પ્રસંગોમાં અનાયાસ સપડાયે જતો હતો કે એમાંથી નીકળવું મારા માટે મુશ્કેલ બની રહ્યું. ખરી રીતે તો આ પ્રસ્તાવ પેલી સ્ત્રીને બ્લેકમેઈલ કરવાનો જ હતો. પાખંડીઓ અને ધુતારા સામે લડનારા હું અને શિવાનંદ જ બ્લેકમેઈલનો આશરો કેવી રીતે લઈ શકીએ?

મેં શિવાનંદ સામે જોયું.

'આપણે આપણા કોઈ અંગત સ્વાર્થ માટે આ નથી કરવાના. આપણે તો ફક્ત એટલું જ ઇચ્છીએ છીએ કે એ આપણો મેળાપ પેલા અઘોરી સાથે કરાવી આપે અને શક્ય હોય તો જગજિતને એ અઘોરી પાસેથી માફી અપાવે.'

ખરેખર તો એ બધાં બહાનાં હતાં. મુસીબતના કારણે અમારું ધૈર્ય ક્યાંક ચરવા ચાલ્યું ગયું હતું. અમે એક પણ સાચો નિર્ણય લઈ શકતા નહોતા. અમારે જ્યારે જગજિત પાસે રહી એની સારવાર કરવાની અને ધૈર્ય બંધાવી હિંમત આપી આમાંથી બચાવવાની જરૂર હતી, ત્યારે મૈસૂરમાં બેઠાબેઠા અઘોરીને આંતરવાની કોશિશમાં પડ્યા હતા!

વૃદ્ધ પાસેથી સરનામું લઈ અમે એ સ્ત્રી પાસે પહોંચ્યા. વૃદ્ધે એક ભલામણપત્ર લખી આપ્યો હતો.

એક માળના સુંદર મકાન પાસે અમારી જીપ ઊભી રાખી. અમે વૃદ્ધ પંડિતનો પત્ર દરવાનને આપ્યો. થોડી વાર પછી પેલી સ્ત્રી ગેલેરીમાં દેખાઈ. સાદાં વસ્ત્રોમાં એ થોડી સૌમ્ય પણ ઠસ્સાદાર લાગતી હતી. એણે દરવાનને અમને પ્રવેશ આપવા સૂચના કરી.

એક વિશાળ અને અદ્યતન રીતે શણગારાયેલા ખંડમાં અમને બેસાડી નોકર એ સ્ત્રીને બોલાવવા ગયો.

તૂટીફૂટી હિન્દીમાં અમે એ સ્ત્રી સાથે વાતચીત શરૂ કરી.

રાતના અમે એને જે સ્થિતિ અને ઢંગમાં જોઈ હતી એ યાદ કરી. એ ખૂબ સંકોચ અનુભવતી હોય એમ મને લાગ્યું. ટૂંકમાં મેં એને જગજિતની કથા કહી.

એણે ખૂબ અચકાતાં અને ખરા શબ્દોને શોધવાની કોશિશ કરતાં-કરતાં જે કહ્યું તેનો સાર આ હતો: એ પોતે પણ એમ અનુભવતી હતી કે પેલા શાણ્ડિલ્ય-નાથ અઘોરીએ એને ફસાવી છે. એક વર્ષ પહેલાં એ શાણ્ડિલ્યનાથના પરિચયમાં આવી હતી. પતિપ્રેમ અને પુત્રૈષણાથી પ્રેરાઈ એણે એની ભક્તિ શરૂ કરી હતી. અનેક વાર અનેક જાતની સાધનાઓ માટે પેલા અઘોરીએ એની પાસેથી પૈસા પડાવ્યા હતા. ગઈ રાત્રે તો એણે એની પાસે એના પ્રથમ પુત્રની પણ માગણી કરી હતી. એ ખૂબ અવશ બની એ બધું સહન કર્યે જતી હતી. આમાંથી છૂટવાનો એને કોઈ રસ્તો સૂઝતો ન હતો. પોતાની કથા કહેતાં-કહેતાં એ રડી પડી. હું મૂંઝાયો.

મદદ માગવા જતાં મદદ કરવી પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી.

થોડી વાર વિચારી શિવાનંદ સાથે મસલત કરી મેં એને કહ્યું: 'તમે તમારું નિવેદન પોલીસમાં નોંધાવો તો એને પકડવો સહેલો છે.'

એ ચોંકી પડી: 'ના, ના! એમ કરું તો દુનિયામાં મારો ફજેતો થાય અને મારા પતિને ખબર પડે તો મારે આત્મહત્યા જ કરવી પડે! હું મરવું જ વધુ પસંદ કરું.'

'તો તમે અઘોરીને જગજિતને માફ કરવા સમજાવી શકશો?'

'એ શક્ય નથી.' એ બોલી.

અમે ત્રણેય થોડી વાર ખામોશ રહ્યાં.

'એક માર્ગ છે.' એ બોલી. અમે કંઈક આશાથી એની સામે જોયું. 'મારા એક મિત્ર છે. એ કોઈક ઇન્સ્પેક્ટરને ઓળખે છે. એને પૂછી જોઉં.'

અમને તો કંઈક પણ મદદની જરૂર હતી. ડૂબતો તણખલાને ઝાલે એ પ્રમાણે અમે એનો આ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

એણે કેટલાક ટેલિફોન ખખડાવ્યા. કન્નડમાં એ જે વાત કરતી હતી એમાં અમને કંઈ સમજાતું નહોતું. ઘર અને એ સ્ત્રીના સ્વભાવ અને રીતભાત પરથી એ આદર્શ ગૃહિણી લાગ્યા વગર ન રહે. દેખાવમાં પણ સુંદર તો હતી જ. આવી સ્ત્રીને એનો પતિ શા માટે તિરસ્કારતો હશે એ સમજાતું નહોતું.

થોડી વાર પછી અમારી પાસે આવી એણે કહ્યું: 'વાત થઈ ગઈ છે. તમને એ ઇન્સ્પેક્ટર મદદ કરશે. પણ આ બધું ઑફ ધ રેકર્ડ રહેશે. તમે મારા વિશે જબાન સાવ બંધ રાખશો એમ માનું છું.'

અમે એને ખાતરી આપી. એણે અમને એક સરનામું લખી આપ્યું અને અમે ત્યાંથી વિદાય થયા.

એ ઇન્સ્પેક્ટર મહાઅનાડી હતો. ઊંચા અને જામેલા શરીરના કારણે એ બીજાથી જુદો પણ લાગતો હતો. વાતવાતમાં 'બાસ્ટર્ડ' અને 'સન ઑફ એ બિચ'ની ગાળો ભાંડવાની એને આદત હતી.

'બતાવો સાલા બાસ્ટર્ડને! કૂતરીનાને દંડો મારી સીધો ન કરી નાખું તો મને કહેજો!' એણે જીપ પર મુક્કીઓ પછાડતાં કહ્યું.

ચામુંડી હિલના બધા જ ખૂણેખાંચરે જીપ દોડાવી. એકબે જગ્યાએ તો જાણવા મળ્યું કે એ થોડી વાર પહેલાં અહીં હતો, પણ હમણાં જ ચાલ્યો ગયો. સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો. હું અને શિવાનંદ ખૂબ જ નિરાશ થઈ ગયા હતા, જગજિતની ચિંતા સતાવી રહી હતી. પ્રમોદને અમે તે દિવસે પાછા ફરવાનું કહી ચૂક્યા હતા. એ બિચારા પર શી વીતતી હશે એની પણ મને ફિકર હતી. એની મા અને પત્નીને અમે કંઈ પણ જાણ નહોતી કરી એનો પણ વસવસો થયા કરતો

હતો. મેં શિવાનંદને કહ્યું: 'આજે એ અઘોરીનો પત્તો નહીં મળે તો હું બેંગલોર
જઈશ. વહેલામાં વહેલી તકે હું જગજિતને એના ઘેર પાછો પહોંચાડવા ઇચ્છું છું.'

મહિષાસુરના પ્રચંડ પૂતળા પાસે ડ્રાઈવરે જીપ ધીમી પાડી. 'શું થયું?' મેં
ડ્રાઈવરને પૂછ્યું, 'વોહ પૂતલે કે પીછે કોઈ હૈ.'

જીપ થોડી વધુ નજીક ગઈ કે પૂતળાંની પાછળથી પેલો અઘોરી દેખાયો.
મેં ઇન્સ્પેક્ટરને કહ્યું: 'વોહી હૈ!' અમે હજી કંઈ કહીએ તે પહેલાં તો એ અનાડી
ઇન્સ્પેક્ટર જીપમાંથી કૂદ્યો અને અઘોરી તરફ ગાળો દેતો દોડ્યો. હું અને શિવાનંદ
એને શાંત રહેવાની બૂમો પાડતા એની પાછળ દોડ્યા. ઇન્સ્પેક્ટરે નજીક જઈ
અઘોરીનો હાથ પકડી લીધો! 'સાલા બાસ્ટર્ડ કા બચ્ચા, અબ ચલો સીધા પોલીસ
સ્ટેશન પે. દસ સાલ જેલ મેં ન ઠૂંસવા દિયા તો દેખો!'

શાણ્ડિલ્યનાથ ક્રોધથી ભભૂકતી આંખે અમારી સામે જોઈ રહ્યો હતો.
એના એ ભયાનક દેખાવથી અમે સ્તબ્ધ બની ગયા હતા. એણે પોતાના થેલામાં
છૂટો હતો તે હાથ નાખ્યો અને એકાદ વેંત જેટલું માટીનું પૂતળું ખેંચી કાઢ્યું. એ
પૂતળું અમને બતાવી એ બોલ્યો: 'તુમને તુમ્હારે દોસ્તકી મોત બૂલા લી હૈ!' આમ
કહી એણે બીજા હાથથી પૂતળાની ડોક તોડીને ફેંકી દીધી. પૂતળું પગ પાસે ફેંક્યું
અને એને પગથી મસળી બોલ્યો: 'અબ ચલો તુમ્હારી જેલમેં. મેં દેખતા હૂં તુમ
કૈસે મુજે વહાં બંધ કરતે હો!'

હવે અમારો ઇન્સ્પેક્ટર પણ કંપવા લાગ્યો હતો. એનો બધો જ ગુસ્સો
કોણ જાણે ક્યાં રફુચક્કર થઈ ગયો. શિવાનંદે એ અઘોરીને વિનંતીભર્યા સ્વરે
ઘણી કાકલૂદી કરી, પણ શાણ્ડિલ્યનાથનો ગુસ્સો ઓછો ન થયો.

અમે નિરાશ થઈ પાછા ફર્યા. અઘોરી પર કંઈ પગલાં લેવાની અમારી
હિંમત નહોતી. મારી આંખ સામે પેલા પૂતળાના ટુકડા અને ડોક તરવર્યા કરતાં
હતાં. ઇન્સ્પેક્ટરનો બબડાટ ચાલુ હતો.

ઇન્સ્પેક્ટરને બજારમાં ઉતારી, હું અને શિવાનંદ વૃદ્ધ પંડિતના ઘરે
પહોંચ્યા. જે બન્યું હતું તે અમે એને કહ્યું. એમણે પણ અમને તરત જ જગજિત
પાસે પાછા ફરવાની સલાહ આપી, સાથે એક યંત્ર આપ્યું. કાગળ પર ચીતરેલું એ
રક્ષાકવચ હતું. 'આ તમને કેટલું ઉપયોગી થશે એ મને ખબર નથી, પણ જગજિતને
સાથે રાખવા કહેજો. ઈશ્વરની ઇચ્છા હશે તો બધું સારું થશે.'

અમે આઠેક વાગ્યે ત્યાંથી રવાના થયા.

મૈસૂર છોડ્યા પછી સૂમસામ સડક પર જીપ ભાગતી હતી, ત્યારે અમે
પણ ચૂપચાપ બેઠા હતા. વદ એકમની ચાંદનીના કારણે ધરતી વિચિત્ર અને
બિહામણી લાગતી હતી. અચાનક યાદ આવવાથી મેં શિવાનંદને પૂછ્યું:

'સ્વામીજી, આપને અઘોરી કો ધ્યાન સે દેખા થા?'

'ક્યાં?' એમણે આશ્ચર્યથી સામો પ્રશ્ન પૂછ્યો.

'આપણે બન્ને વાર અઘોરીને મળ્યા, પણ એની સામે શાંતિથી જોવાની જાણે આપણને ફુરસદ જ મળી નથી. હું એનો ચહેરો યાદ કરું છું તો મને એના ચહેરા પર ગાલથી કપાળ સુધી જતો લાંબો ચીરો હોય એવું યાદ નથી આવતું. એનો કાન પણ કપાયેલો નહોતો, જેવો પેલી તસવીરમાં છે. તસવીરમાંના ચહેરામાં એ અઘોરીના ચહેરા સાથે ઘણું સામ્ય છે, છતાં એ ચહેરો પેલા અઘોરીનો જ છે એમ કહી શકાય એટલું સામ્ય છે ખરું?'

શિવાનંદ થોડી વાર ચૂપ રહ્યા પછી બોલ્યા: 'કાલે પ્રમોદે તમને જગજિતની ઈજા વિશે કંઈ કહ્યું હતું ને!'

એમના એ પ્રશ્નના સૂચિતાર્થથી હું ચમકી ઊઠ્યો. વાદળ પાછળ ચંદ્ર ચાલ્યો જવાથી ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. પ્રમોદે કહ્યું હતું: જગજિતના ચહેરા પર ગાલથી કપાળ સુધીનો ત્રિશૂળનો ઊંડો ઘા થયો છે. હું કંપી ઊઠ્યો.

જગજિત સાથેની દોસ્તીના રખડપાટના દિવસો યાદ આવ્યા. અમારી અનેક યાત્રાઓનો એ સાથી હતો. દિલેર, હિંમતબાજ, ખુશખુશાલ, હોશિયાર. ફોટોગ્રાફીના અનેક કરિશ્માઓ મને એણે શીખવ્યા હતા. કોઈ પણ કેમેરો એ આસાનીથી વાપરી શકતો. એક વાર ગુરુમંત્ર આપતો હોય એમ એણે મને કહ્યું હતું: 'દરેક કેમેરાને એની વિશિષ્ટતા હોય છે. એની શક્તિ અને શક્તિની મર્યાદા હોય છે. ફોટોગ્રાફરે આ બન્નેમાં અંતિમોને પહેલાં જાણી લઈને જ એનો ઉપયોગ કરવો જોઈએ.' એનાં આ વાક્યોને મેં મારી ડાયરીમાં નોંધી રાખેલાં. કેમેરાને તો ઠીક પણ એ પછી મનુષ્યોને સમજવા માટે પણ મને એ વાક્ય ઘણું ઉપયોગી થયું હતું. જગજિતનું જીવન ગરીબી અને અભાવો વચ્ચે વિકસ્યું હતું. તે બાપના સખત દાબ વચ્ચે ઊછર્યો હતો. બાપ પ્રત્યે એને સખત ઘૃણા હતી. એ કહેતો: 'બાપના મર્યા પછી જ હું જીવતાં શીખ્યો છું.' એનો એ રોષ એટલી હદે વિકાસ પામ્યો હતો કે કોઈ બુઢ્ઢાને એ સહન કરી શકતો નહિ.

એક વાર બસમાં મુસાફરી કરતા હતા, ત્યારે અમારા એક મિત્રે ઊઠીને એક બુઢ્ઢાને જગા આપી હતી. જગજિત એ મિત્ર સાથે બાખડી પડ્યો હતો — એટલું ઝઘડ્યો કે એણે બુઢ્ઢાને એ સીટ પરથી ઊઠવાની ફરજ પાડી હતી. મોટી ઉંમરનાઓ પ્રત્યે તિરસ્કાર સિવાય એનામાં કોઈ અવગુણ ન હતો.

જગજિત, જગજિત અને જગજિતના જ વિચારોથી મન ભરાઈ ગયું હતું.

જગજિત અમારી જીપ પાછળ દોડી રહ્યો હતો. 'બચાવો બચાવો'નો આર્તનાદ અમને સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો. મેં જીપ રોકવા ડ્રાઈવરને કહ્યું. એણે એનું મોં મારી તરફ ફેરવ્યું ત્યારે હું હેબતાઈ ગયો. એ પેલા અઘોરીનો ચહેરો

હતો. એણે અટ્ટહાસ્ય કર્યું અને જીપ જોરથી દોડાવી. જગજિત પણ વેગથી અમારી પાછળ દોડી રહ્યો હતો. એને ખેંચી લેવા મેં મારો હાથ લંબાવ્યો. એણે પણ હાથ લંબાવ્યો, પણ એ હાથને આંબી શક્યો નહીં. 'જીપ રોકો, જીપ રોકો, મહેરબાની કરી જીપ રોકો'ના પોકારના ઉત્તરમાં ફક્ત ભયાનક હાસ્ય સાંભળવા મળતું હતું. હવે તો જગજિતની પાછળ પણ અઘોરીઓનું એક મોટું ટોળું ચીસો પાડતું દોડતું હતું. જીપ રોકવામાંય મોત હતું. એક અઘોરીએ પોતાના પ્રચંડ ત્રિશૂળનો જગજિત પર ઘા કર્યો. ત્રિશૂળ પ્રચંડ વેગથી જગજિત તરફ આવી રહ્યું હતું. મેં જગજિતને હટી જવા બૂમ મારી. એ હટ્યો. ત્રિશૂળ અમારી જીપના ટાયર સાથે ભટકાયું. એક ભયાનક ધડાકો થયો.

હું ઝબકીને જાગ્યો ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. શિવાનંદ મને ઢંઢોળતા મારી સામે ઊભા હતા. જરા સ્વસ્થ થયો કે ડ્રાઈવરનો અવાજ સંભળાયો: 'સા'બ, ટાયર બર્સ્ટ હો ગયા હૈ. ટાયર બદલને કે લિયે થોડી દેર ઠહેરના હોગા.'

હું અને શિવાનંદ નીચે ઊતરી સડક પાસેના એક પથ્થર પર બેઠા. શિવાનંદે પૂછ્યું: 'શું થયું હતું?'

'કશું નહીં, એક ભયાનક સ્વપ્ન.'

પંદરેક મિનિટમાં જ ડ્રાઈવરે ટાયર બદલી નાખ્યું. અમે ફરીથી મુસાફરી ચાલુ કરી. આ વખતે હું શિવાનંદ સાથે વાતોએ વળગ્યો. ફરીથી ઊંઘીને મારે ભયાનક સ્વપ્નાં નોતરવાં નહોતાં. પોણાએક કલાકના એકધારા ડ્રાઈવિંગ પછી ડ્રાઈવરે એક નાના ગામ પાસે ગાડી ફરી રોકી. 'સા'બ, મુઝે ચા પીના પડેગા. બડી નિંદ આ રહી હૈ.' ન છૂટકે અમારે એ વિલંબ સહન કરવો પડે એમ હતો.

એક નાની હૉટેલમાં ઘૂસી અમે ત્રણ ચા બનાવવાનો ઑર્ડર આપ્યો. સમય પસાર કરવા મેં શિવાનંદને પૂછ્યું: 'તમે શું ધારો છો'- વૃદ્ધ મહાશયે આપેલા રક્ષાકવચથી જગજિતને ફાયદો થશે?' આમ કહી મેં એ રક્ષાકવચનો કાગળ શોધવા ખિસ્સામાં હાથ નાખ્યો. એ ત્યાં નહોતો. શિવાનંદ બોલતા રહ્યા. એ દરમિયાન મેં બધાં જ ખિસ્સાં ફંફોસી નાખ્યાં. એ ક્યાંય નહોતો!'

'શું થયું?' શિવાનંદે પૂછ્યું.

'રક્ષાકવચના યંત્રવાળો કાગળ ક્યાંક ખોવાયો લાગે છે.'

શિવાનંદે માંરા સવાલના જવાબમાં કહ્યું હતું: 'એ કદાચ તણખલું હોય તોય આપણે અત્યારે ડૂબી રહ્યા છીએ ત્યારે એને પકડવા સિવાય છૂટકો નથી.' અને હું હવે એ તણખલું પણ ખોઈ બેઠો હતો.

આ પહેલાં હું અનેકને પરિસ્થિતિથી હતાશ ન થવાની અને મુસીબતોનો સામનો કરવાની શિખામણ આપી ચૂક્યો હતો. ખરેખર તો ત્યાં સુધી મને ખબર નહોતી કે સાચી હતાશા અને મુસીબત કોને કહેવાય. જ્યારે મુશ્કેલ પરિસ્થિતિ

સામે આવે છે ત્યારે ભલભલા પોતાનું ધૈર્ય કેવી રીતે ગુમાવી બેસે છે એનો પણ ત્યારે જ મને અનુભવ થયો.

બેંગલોરની બત્તીઓ દેખાઈ ત્યારે તો મધરાત ક્યારની વીતી ચૂકી હતી. ચાંદો પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો. આકાશમાં નાની-નાની ગમગીન વાદળીઓ શોકસભામાં સામેલ થઈ હોય એમ ચૂપચાપ હતી. જીપના અવાજથી ભડકેલા કૂતરા ભસવા લાગ્યા. કોઈ રડીને ભયાનક આલાપ છેડવા લાગ્યા હતા. મારું મન આશંકાઓથી ધડકવા લાગ્યું હતું. એક પછી એક સૂમસામ ગલીઓ અને ઊંચાનીચા રસ્તા વટાવતા અમે આગળ વધી રહ્યા હતા. કોઈ રાક્ષસના કોપથી આખું શરીર એકાએક ખાલી થઈ ગયું હોય એમ ક્યાંય કોઈ માણસ પણ દેખાતો નહોતો.

પણ અમારી હૉટલ સામે માણસોનું એક નાનું ટોળું જમા થયું હતું. અમે રહેતા હતા એ રૂમની બારી ખુલ્લી હતી. બધા જ રૂમોની બત્તીઓ સળગતી હતી.

હું અને શિવાનંદ કૂદીને જીપની બહાર નીકળ્યા.

ભીડમાંથી માર્ગ કાઢતા ટોળાની મધ્યમાં પહોંચ્યા ત્યારે મને ચીસ પાડવાની ઇચ્છા થઈ આવી, પણ ગળું રૂંધાઈ ગયું હતું. રડવાની ઇચ્છા થઈ આવી પણ આંખો સુકાઈ ગઈ હતી.

જગજિત ત્યાં ફૂટપાથ પર પડ્યો હતો. ખોપરી ભાંગી ગઈ હતી. લોહી વહી રહ્યું હતું. ગઈ કાલે ફોન પર પ્રમોદે કહ્યું હતું એમ એના ગાલ પરથી કપાળ પર ચીરો પણ સ્પષ્ટ દેખાતો હતો. એના ટાંકા તૂટી ગયા હતા અને તેમાંથી લોહી વહી રહ્યું હતું. ડાબો કાન ગાયબ હતો.

એક જવાન ભ્રામક માન્યતાનો ભોગ થઈ ત્યાં પડ્યો હતો, પણ એનું મોત ભ્રમણા નહોતી, એ હકીકત હતું.

પોલીસના ચોપડે નોંધાયું - માંદગીથી કંટાળી જગજિત નામના યુવાને આત્મહત્યા કરી.

*

ઠરી ગયેલા તાપણાને સંકોરતા નિકુંભ આનંદે મને પૂછ્યું: 'અઘોરીઓનો આવો ભયાનક અનુભવ હોવા છતાં તમે અહીં આ અઘોરીઓ વચ્ચે આવવાની હિંમત કેમ કરી?'

મેં ઠંડા અને સ્વસ્થ અવાજે કહ્યું: 'જગજિતના મોતનો બદલો લેવા હું અહીં આવ્યો છું.'

કોઈ પાગલને જોઈ રહ્યો હોય એમ નિકુંભ આનંદ મને જોઈ રહ્યો.

*

'કોઈ પાગલ જ આવી હિંમત કરી શકે. તમે અઘોરીઓની શક્તિઓનો ખૂબ ઓછો અંદાજ આંક્યો છે, મહાશય! અને ગઈ કાલે તમારો હાથ ચીંટાડી દેનાર નિર્મલ આનંદ તો અમારો એક સાવ નવો અને સામાન્ય અઘોરી છે એ ન ભૂલશો.' નિકુંભના શબ્દોમાં ચેતવણી સાથે થોડો ઉપહાસ પણ સ્પષ્ટ વર્તાતો હતો.

પરોઢની ગુલાબી ઠંડી વાતાવરણના કારણે જરા કઠોર લાગવા લાગી હતી. ઠંડી ઉડાડવા કે પછી જગજિતની યાદના અંતે થયેલા ક્ષોભને ખંખેરવા મેં મારા હાથ ઠરી રહેલા તાપણા પર ફેલાવી શેકવા માંડ્યા.

'નિકુંભ આનંદ!' હું હસવાનો પ્રયત્ન કરતાં બોલ્યો: 'હું અહીં તમારા અઘોરીઓ સાથે કુસ્તી કરવાનો નથી, નથી એમને અખાડામાં ઊતરવાનું આહ્વાન કરવાનો. બદલો લેવાની મારી રીત મારી છે. સમય આવ્યે તમને એ સમજાશે. અત્યારે તો ફક્ત હું તમને મારી તૈયારીઓ વિશે જ કંઈક કહેવા ઇચ્છું છું.'

'એ પહેલાં હું તમને ચેતવવા ઇચ્છું છું. હું પણ એક અઘોરી છું એ ન ભૂલશો.' નિકુંભઆનંદ કંઈક આવેશમાં આવી બોલ્યો.

'મને ખબર છે અને યાદ પણ છે, એટલે જ તમને હું આ કહેવા ઇચ્છું છું.'

'કહો.' એના અવાજમાં નરી શુષ્કતા હતી.

'જગજિતનો કાંડ બન્યો એ પહેલાં હું મારી જાતને 'રેશનલ' - બુદ્ધિવાદી માનતો હતો. ચૈતન્યાનંદના સહવાસ પછી મને એમની કૃપાથી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થઈ હતી. એમની આજ્ઞા અનુસાર એ શક્તિઓનો મેં વધુ અભ્યાસ-ઊંડાણપૂર્વકના અભ્યાસ અર્થે જ ઉપયોગ કર્યો હતો. કર્ણપિશાચિની - અન્યના મનની વાત જાણવા કરતાં મને કલ્પનાયોગ - પોતાના મનની વાત અને શક્તિ જાણવામાં વધુ સાર્થકતા લાગી. વાંચવું-વિચારવું-ચર્ચવું-આચરવું વગેરે અનેક પ્રકારે સંસારમાં જીવતાં હું પરમ ચેતનાની શક્તિઓ અનુભવવા લાગ્યો. બૌદ્ધિકતા પર વધુ અવલંબનના કારણે દરેક ક્રિયાને હું બુદ્ધિનાં ત્રાજવાં પર મૂલવતો. બૌદ્ધિકોની જેમ હું પણ ચમત્કારો શક્ય નથી એમ માનતો હતો.

પણ એ મારું અજ્ઞાન હતું, એ મને જગજિતના પ્રસંગ પછી સમજાયું. આ પ્રસંગ મેં જેમને કહ્યો છે એ મારા પર હસ્યા છે. આજે પણ આ પ્રસંગની સત્યતા પર હસનારા અનેક છે. મને એનો ક્ષોભ નથી, કારણ કે હું જાણું છું કે જગજિતનો પ્રસંગ નહોતો બન્યો ત્યારે હું પણ એમનામાંનો જ એક હતો. અહીં

ગઈ કાલે મેં જોયેલા અનેક પ્રસંગોને પણ ન માનનારા મને મળશે, કારણ કે એમને મનની પ્રચંડ શક્તિ વિશે ખબર નથી, મને પણ નહોતી.

કર્ણપિશાચિની-કલ્પનાયોગના કારણે હું એમ માનવા લાગ્યો હતો કે હું મન વિશે સંપૂર્ણ જાણું છું, પણ એ પછી મને સમજાયું કે હું જેને ઓળખતો હતો એ તો મનની પ્રચંડ શક્તિનો એકમાત્ર અંશ - હજારમો કે લાખમો અંશ જ હશે.

જગજિતના પ્રસંગને હું મારા જીવનનો શાપ સમજવા લાગ્યો હતો. પાછળથી મને સમજાયું કે ભીષણ - દર્દનાક પ્રસંગે મારી દૃષ્ટિ બદલવામાં એક મોટો ભાગ ભજવ્યો છે.

દેખીતી રીતે હું ખૂબ જ વિચલિત બન્યો હતો, કારણ, જાણ્યે-અજાણ્યે મારું અભિમાન ઘવાયું હતું. આ પ્રસંગ મારા જીવનમાં અને મારા જ મિત્ર સાથે શા માટે બન્યો એ ત્યારે મને સમજાયું નહોતું.

ચિંતન અને મનની ગહેરી સૃષ્ટિમાં ખૂબ મથ્યા પછી મને અહં અને અકસ્માત નામના પ્રકૃતિના બે ગુણોનો પરિચય થયો.

મૈસૂરના પેલા વૃદ્ધ પંડિતે મને અહં વિશે થોડો પરિચિત તો કર્યો જ હતો. વધુ ચિંતન પછી આ અહંના વિસ્મયજનક ચમત્કારો, ભ્રમણા ઉપજાવવાની એની ગજબનાક શક્તિનો મને અનુભવ થયો.

મનુષ્ય વિચારે છે, કલ્પનાના ઘોડા દોડાવે છે, આત્મા કે પરમાત્માની વાત કરે છે, અરે, જ્યારે 'હું'ને ભુલાવવાની વાત કરે છે ત્યારે પણ કેન્દ્રમાં એનો અહં હોય છે. અહંથી છુટકારો પામવો અતિમુશ્કેલ છે. ચેતના શરીરથી મુક્ત થઈ શકે છે, પણ મનુષ્ય અહંથી મુક્ત થઈ શકતો નથી. અહંથી છુટકારો અશક્ય નહીં તો અતિ મુશ્કેલ છે.

ભારતીય તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ તપાસીએ તો શ્રુતર્ષિ ઐતરેય, ઋગ્વેદના ઐતરેય આરણ્યકમાં કહે છે: 'પ્રજ્ઞાનં બ્રહ્મ'. જ્ઞાનતત્ત્વ એ જ બ્રહ્મ છે. બ્રહ્મને ઓળખવા માટે ઉપયોગમાં આવતી બુદ્ધિને જ એમણે બ્રહ્મ માની. એ પછી શ્રુતર્ષિ ઉદ્દાલક આરુણિએ સામવેદના છાંદોગ્ય ઉપનિષદમાં 'તત્ત્વમસિ'- 'તું જ બ્રહ્મ છે.' એમ કહ્યું. આ બધું સરળ અને સચોટ તત્ત્વજ્ઞાન હતું, કારણકે બ્રહ્મને જ બ્રહ્મ કહેવું એનાથી બીજી વાત કઈ હોઈ શકે ? એ પછી દેવર્ષિ વરુણે આનંદને બ્રહ્મ કહ્યો, કારણ કે આનંદની ભાવના જ મનુષ્યજીવનમાં શ્રેષ્ઠ છે અને બ્રહ્મ આનંદ ન હોય તો અન્ય શું થઈ શકે? હવે પછી આવ્યા યાજ્ઞવલ્ક્ય યોગેશ્વર, જેમણે કહ્યું: 'અહં બ્રહ્માસ્મિ.' આ આખરી અને અંતિમ ફેંસલો હતો. બધા જ પ્રશ્નોનો એકમાત્ર ઉત્તર બુદ્ધિ કોણ છે? કોની છે? તું શાના આધારે છે? આનંદ કોના માટે છે? બધું જ મારા માટે તો પછી મારા સિવાય અન્ય બ્રહ્મ કેવી રીતે હોઈ શકે? 'અહં બ્રહ્માસ્મિ' બ્રહ્માંડના કેન્દ્ર સુધી પહોંચાડીને માનવીનો અહં એને ફરી પાછો પોતા

પાસે લાવ્યો. એક મહાન શોધની એને ભ્રમણા થઈ આવી. બધું જ જ્ઞાન અટકી ગયું અને અંત આવી ગયો.

આ છે અહંની શક્તિ, ભ્રમણા...!

માનવી બુદ્ધિનો ઉપયોગ કરી વિચારે છે ત્યારે એ પોતાથી આગળ વધી શકતો નથી. એ પોતાને જ કેન્દ્ર માને છે. એ પોતાની સામે એક ઇશ્વરને - પરમેશ્વરને ઊભો કરી દે છે - પોતાની સેવા કરવા માટે, જન્મ આપવા માટે, પોષણ કરવા માટે અને સંહાર કરવા માટે પણ એ પરમેશ્વરને એક વ્યક્તિ, પોતાની જ પ્રતિકૃતિ ગણે છે. મનુષ્ય શરીર અને બુદ્ધિથી જ્યારે સાધના કરે છે ત્યારે આ જ પરિણામ આવે છે.

હકીકતમાં આપણે શક્તિને શોધવાની જરૂર છે, ચેતનાનું મૂળ શોધવાની જરૂર છે. અંધકાર સામે પ્રકાશને મૂકીને આપણે પ્રકાશને વખાણીએ છીએ. આ ભૂલ છે. સાધના પ્રકાશ પાછળની શક્તિની હોવી જોઈએ. ઝળાંહળાં થતા વીજળીના ગોળામાં કશી જ શક્તિ નથી, શકિત છે વીજળીમાં. ઈશ્વર એ પણ ચેતના છે, શક્તિ છે. એ શક્તિ પણ પ્રચંડ છે. એના કરોડમાંના પણ કરોડમા ભાગના અંશની શક્તિનો પણ આપણને પરિચય નથી.

આપણું મન એ શક્તિનો અંશ છે અને એ અંશના પણ કરોડમા ભાગને આપણે ઓળખતા નથી.

એ પ્રચંડ શક્તિને જે ઓળખતા નથી એ ચમત્કારમાં શંકા ઉઠાવે છે. હું પણ એમ જ કરતો હતો. જેવી એ મહાશક્તિની એક ઝલક પામ્યો કે મારો ગર્વ ઓગળવા લાગ્યો અને સ્વાભિમાન જાગ્રત થયું.

બૌદ્ધિકો ફક્ત બુદ્ધિની શક્તિને ઓળખે છે. વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ એની સીમા છે. મનોવિજ્ઞાનીઓ મનની ફક્ત થોડી, બહુ જ થોડી સીમિત શક્તિને ઓળખે છે. ફક્ત યોગીઓ જ એ અગાધ શક્તિનો પરિચય પામે છે, નથી સમજતા એ ઉપહાસ કરે છે.

અહીં એક અજબ કિસ્સો તમને કહેવા ઇચ્છું છું. અવારનવાર તમે ક્યાંક પથ્થરના પડવાના, ભૂતના વળગાડના કિસ્સા સાંભળ્યા હશે. પુનર્જન્મની સ્મૃતિના પણ અનેક કિસ્સાઓ સાંભળવા અને જોવા મળશે. આવા અનેક કિસ્સાઓમાં મેં જાતતપાસ કરી હતી. સંતોષ થાય એવું પરિણામ, એવું કારણ ક્યાંયથી જાણવા મળ્યું નહીં.

કુંભમેળામાં એક યોગીનો પરિચય થયો. મનની અગાધ શક્તિનો એમને પરિચય હતો. સાધના પણ પુષ્કળ કરી હતી. મેં એમને મારી આશંકાઓ જણાવી. કશો જ જવાબ ન આપતાં એ યોગમુદ્રામાં સ્થિર થયા. અમારા બન્નેથી થોડે દૂર એક મોટો પથ્થર પડ્યો હતો. વીસેક કિલો વજન હશે. મને એમણે ત્યાં જોવા કહ્યું.

પાંચેક મિનિટ પછી મારા આશ્ચર્ય વચ્ચે એ પથ્થર જમીનથી અધ્ધર ઊંચકાયો, હવામાં થોડી વાર સ્થિર રહ્યો. આ દરમિયાન કેટલાય નાના-નાના પથ્થરો અમારી આસપાસ પડવા લાગ્યા હતા.

દસેક મિનિટ પછી બધું જ શાંત થઈ ગયું.

'આ મનની શક્તિ છે.' એમણે કહ્યું: 'અનેક લોકો શંકા કરે છે ત્યારે અમે આને દૈવી શક્તિ કહીએ છીએ. અલબત્ત, એ દૈવી જ છે. તેં તારી નજરે આ જોયું છે. મનની શક્તિનો આ અજબ ચમત્કાર ન માનનારને એક સવાલ પૂછી જોજે- આ પૃથ્વીનો ગોળો, આ પ્રચંડ સૂર્ય, અનેક ગ્રહો અને ઉપગ્રહો, નિહારિકાઓ અને વિશ્વો અને બ્રહ્માંડો અવકાશમાં અધ્ધર ઝૂમી રહ્યાં છે, પ્રચંડ વેગથી ઘૂમી રહ્યાં છે અને કોઈ અગોચર સ્થળે ધસમસી રહ્યાં છે એમ તમે માનો છો ખરા? કઈ પ્રચંડ શક્તિના કારણે એ શક્ય બન્યું છે? એ શક્તિની તમે કલ્પના કરી શકતા હો, એમાં વિશ્વાસ મૂકી શકતા હો, તો આ નાનકડા મને કરેલા નાનકડા ચમત્કારમાં અવિશ્વાસ મૂકવાની જરાય જરૂર નથી.'

મનની આ અજબ શક્તિ અને અહં જ્યારે ટકરાય છે ત્યારે ભૂતપ્રેત જન્મે છે અને મનની શક્તિ અને અહં જ્યારે હાથ મિલાવે છે ત્યારે ભગવાન પેદા થાય છે.

પુનર્જન્મ, ભૂતપ્રેતના વળગાડના અનેક કિસ્સાઓની પાછળ ઘવાયેલો અહં પડ્યો હોય છે. મન સર્વ વ્યક્તિને છે. એ સરખું જ શક્તિશાળી છે. સંસ્કારો અને અજ્ઞાન જ્યારે આ મનની શક્તિઓને દબાવે છે અને એ દબાવ અસહ્ય બને છે, ત્યારે એવી વ્યક્તિનું મન બળવો કરે છે. ક્યારેક ઢોંગ હોય છે પણ મહદ્ અંશે તો માનસિક ભ્રમણા હોય છે. આવી વ્યક્તિઓ સાંભળેલી વાતોના આધારે અવનવી વાતો ઉપજાવી કાઢે છે. અજાણપણે એમનું કલ્પનાશીલ પણ અનિયંત્રિત મન જ એમને આમ કરવા પ્રેરે છે.

એક ભૂતના વળગાડના કિસ્સામાં બ્રાહ્મણનો યુવાન છોકરો કડકડાટ ઉર્દૂ બોલવા લાગતો. એક મુસલમાન મૌલવીને બોલાવીને એ શું બોલે છે તે ચકાસવામાં આવ્યું ત્યારે ખબર પડી કે વર્ષો પહેલાં રેડિયો પર સાંભળેલું ઉર્દૂમાં રજૂ થયેલું ભાષણ જ એ બોલતો હતો. એ ભાષણ સિવાય એને ઉર્દૂ આવડતું નહોતું. એના અજ્ઞાત શક્તિશાળી મને સ્પષ્ટ અને સાચા ઉચ્ચારો સાથે એ ભાષણ યાદ કરી લીધેલું. જાગ્રત અવસ્થામાં એ યુવાનની સ્મરણશક્તિ સામાન્ય હતી. પુનર્જન્મની યાદના અનેક કિસ્સાઓમાં ભૂતકાળમાં અજ્ઞાત મને નોંધેલા અને યાદ રાખેલા કિસ્સાઓ એવી રીતે કલ્પનાશીલ મન સાંકળી લે છે કે એ વ્યક્તિ ભ્રમણાને સત્ય માનવા લાગે છે. બાહ્ય રીતે નબળા મનની લાગતી આવી વ્યક્તિઓનું શક્તિશાળી, અનિયંત્રિત મન પોતાની પ્રચંડ શક્તિથી અનેક તોફાનો કરે છે. મનની શક્તિઓ આવા બનાવોમાં ઝંઝાવાતી વંટોળની જેમ કેન્દ્રિત થાય છે અને

એવા ચમત્કારો કરે છે કે જોનાર એને ભૂતપ્રેતનો ઉપદ્રવ જ સમજી બેસે છે. જગજિતના કિસ્સામાં એના મને જ ભ્રમણાઓ ઉત્પન્ન કરી, પોતાના મનમાં કોતરાઈ ગયેલી અઘોરીની છબીને ફિલ્મની પટ્ટી પર ઉપસાવી હતી. એ જ તોફાની મને કલ્પનામાં અઘોરીનું સર્જન કરી, એને ઘાયલ કર્યા અને બારીમાંથી કૂદકો મારવા પ્રેર્યો હતો. ભય અને ડરના કારણે એના મનની બધી જ શક્તિ અઘોરી અને મૂઠની ભ્રમણા પર કેન્દ્રિત થઈ હતી. એનું તોફાની બનેલું મન ધર્માંપિટરના કાર્યમાં અવરોધ પેદા કરી શકે છે એ વિશે જેને શંકા હોય તેણે આ વિશ્વમાં રહેલી ધ્વંસાત્મક સંહારક શક્તિનો વિચાર કરી લેવો જોઈએ.

પ્રકૃતિનો અકસ્માત કરવાનો ગુણ જાણી લેવાથી આ વધુ સ્પષ્ટ થશે. પણ અકસ્માતના ગુણ વિશે વાત કરીએ તે પહેલાં અહં અને મનની શક્તિ હાથ મેળવી કેવી રીતે ઈશ્વરનું સર્જન કરે છે તે પણ સમજી લઈએ.

ઈશ્વર નામની વ્યક્તિ અને આત્મા નામનો પદાર્થ મનુષ્યની કલ્પનાની પેદાશ છે. એમાં જેને શંકા હોય એણે મનને અને એની શક્તિને ઓળખી નથી. ઈશ્વર અને આત્મા બન્ને અહંના પોષક છે. અહીં ચાર હાથવાળા અને ધર્મના ઉદ્ધાર અર્થે વારંવાર જન્મ લેવાની ઇચ્છા ધરાવનારા ઈશ્વર વ્યક્તિવિશેષની વાત કરું છું. સર્વ-શક્તિમાન નહીં, અને શક્તિસ્વરૂપ ઈશ્વરની વાત નથી કરતો. એમની ઈશ્વરની કલ્પના એમના અહંને પોષે છે. એ એમનાં પાપ માફ કરે છે. એ દયાળુ છે. એ જ એમને ભૂલો કરાવે છે. એને એમની જરૂર છે. એટલે એમને એ જન્મ આપે છે અને મૃત્યુ આપી એમને એ પાછા બોલાવે છે. ઈશ્વરને ખુશ કરવા એ પુણ્યો કરે છે. ઈશ્વર નારાજ થશે એ ડરે એ પાપ નથી કરતા. આમ, પોતાના અહંને પોષવા ધર્માચરણનું આશ્વાસન એમણે મેળવ્યું છે. મૃત્યુ પછી પણ અમર, અવિનાશી, અજિક્ય રહેવાના અહંને પોષવા એમણે આત્મા શોધ્યો છે. કલ્પના-શીલ પણ ભ્રમણા ઉત્પન્ન કરનારા મને એમને અહીં સાથ આપ્યો છે: ભ્રમણાનું સ્વર્ગ! ભ્રમણાની જમીન પર ભ્રમણાનાં વૃક્ષ અને ભ્રમણાનાં ફળ!

ખૂબ જ નિયમબદ્ધ અને શિસ્તમાં રાચતી પ્રકૃતિનો એક ગુણ અકસ્માત છે. કદાચ એ એનો મૂળભૂત ગુણ પણ હોઈ શકે. જેમ વાંકીચૂંકી લીટીના સૂક્ષ્મ ટુકડા કરવામાં આવે તો એ બધા જ સીધા જ હોય એવો ભ્રમ થાય, એમ સાવ અનિયમિત અને આકસ્મિક રીતે વર્તતી આ પ્રકૃતિના અંશને - ખૂબ જ સૂક્ષ્મ અંશને જોવાથી નિયમિતતા અને શિસ્તબદ્ધતાનો ભ્રમ થાય છે. રોજ સૂર્ય નક્કી કરેલા સમયે ઊગે છે અને આથમે છે. સંવત્સર પણ ખૂબ જ નિયમિત હોય એમ આપણને લાગે છે. આપણે કાળનો જે ટુકડો માપી રહ્યા છીએ તે આપણને કદાચ ખૂબ મોટો લાગતો હશે, પણ અનંતકાળની ગણનામાં એ તો માત્ર એક બિંદુ જ છે, ક્ષણ છે. સૂર્ય અબજો વર્ષ પહેલાં આજના સમયે ઊગતો નહીં હોય અને એકાદ કરોડ કે અબજ વર્ષ પછી ભવિષ્યમાં આમાં ફેરફાર થવાની શક્યતા

નકારી શકાય એમ નથી. અબજો વર્ષના સંદર્ભમાં જોવામાં આવે તો સૂર્યને ખૂબ જ અનિયમિત અને બેકાબૂ રીતે વર્તનાર પદાર્થ તરીકે માનવો પડે. પૃથ્વીની ગતિને પણ આ જ લાંછન લાગુ પાડી શકાય. શક્ય છે કે પૃથ્વી કે સૂર્યનો ગોળો અચાનક ફાટી પણ પડે! આવા વિશાળ અને અનંતકાળના સંદર્ભમાં નિયમિતતાનો ગુણ અકસ્માતમાં બદલાઈ જતો હોય છે. પૃથ્વી અને સૂર્યનું અંતર એક અકસ્માત છે. આ અકસ્માતના કારણે જ જીવસૃષ્ટિ આ જગત પર શક્ય બની છે. વ્યક્તિનો જન્મ પણ અકસ્માત છે, મૃત્યુ પણ અકસ્માત છે. પુરુષના કરોડો શુક્રાણુઓમાંથી એકાદ અકસ્માત સ્ત્રીના અંડને ફલિત કરે છે અને વ્યક્તિનો જન્મ થાય છે. આ અકસ્માત છે અને અકસ્માત હમેશાં ચમત્કાર હોય છે. અકસ્માત - અનિયમિતતાના એકાદ અંશને તમે વૈજ્ઞાનિક કસોટીએ ચડાવી કોઈ નિયમ નક્કી કરી શકો ખરા, પણ અકસ્માત હમેશાં અકસ્માત રહેતો હોય છે. નિયમ વિશાળતા ધારણ કરે ત્યારે એ અકસ્માત બને છે.

આ અકસ્માત - આકસ્મિકતા, અનિયમિતતા અનિવાર્ય અને આવશ્યક છે. એ જ માનવીને અહંના પાશમાંથી છોડાવી ઈશ્વરને વ્યક્તિના બદલે શક્તિ તરીકે, ભાવના તરીકે ઓળખાવવામાં સમર્થ છે. નિયમનાં બધાં જ બંધનોમાંથી મુક્ત શક્તિનો પરિચય આ અકસ્માત જ કરાવી શકે છે.

બૌદ્ધિકો, મનોવિજ્ઞાનીઓ જ્યારે તાગ લેવા બેસે છે, ત્યારે આ અકસ્માતના, ચમત્કારના પ્રકૃતિના ગુણને અવગણે છે. કદાચ એમને એ ગુણ - નિયમ વિશે ખબર જ નથી. સ્કાઈઝો ફ્રેનિયા, સ્પ્લિટ પર્સનાલિટી સુધી પહોંચેલું મનોવિજ્ઞાન કે અન્ય ભૌતિક શારીરિક વિજ્ઞાન જ્યાં સુધી આ અકસ્માતના ગુણને સ્વીકારશે નહીં, ત્યાં સુધી એ અધૂરું જ રહેવાનું.'

'પણ અકસ્માતના ગુણને સ્વીકારવાથી કયો ફરક પડે છે ?' અત્યાર સુધી શાંત બેસી સાંભળી રહેલા નિકુંભ આનંદે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે મને આનંદ થયો. એ રસ લેવા લાગ્યો હતો એ જોઈ મેં ઉત્સાહથી કહ્યું:

'અકસ્માત, આકસ્મિકતા, અનિયમિતતાને સ્વીકારી લેવાથી જ જડતામાંથી, ક્રમિકતામાંથી અને નિયમિતતામાંથી મુક્તિ મળે છે, બૌદ્ધિક બંધનોનો અંત આવે છે અને ભાવનાત્મક વિશાળતાની - મુક્તિની શરૂઆત થાય છે. ધર્મ નિયમ છે, પુનર્જન્મ અથવા આત્મ ક્રમિકતા છે અને શરીર જડતા છે.

અકસ્માતના ગુણને સમજવા માટે કાળનાં અબજો વર્ષના ટુકડાને સમજવો પડે છે. એ સમજાય કે તરત જ અહં બદલાવા લાગે છે. પરમ ચેતનાના પ્રથમ સંકલ્પના કારણે પ્રચંડ વિસ્ફોટ થયો ત્યારથી એ વિસ્ફોટના કારણે નિર્માયેલું આ બ્રહ્માંડ પ્રેમની ભાવનામાં સંપૂર્ણ રીતે પરિવર્તન પામે એ કાળને સમજી શકે એ મનુષ્ય પૃથ્વીના, સૂર્યના અબજો વર્ષના ઇતિહાસની ક્ષુલ્લકતા આપોઆપ સમજી જાય છે. બુદ્ધિથી નહીં, મનથી સમજવાનું - અનુભવવાનું. આ જ્ઞાન બધા જ

અહંને ઓગાળી નાખે છે ત્યારે કોઈ પ્રશ્ન રહેતો નથી, કોઈ શંકા રહેતી નથી. આ મહાન કાળને ધારણ કરનાર, સંકલ્પથી વિસ્ફોટ કરનાર મહાન શક્તિના આ ચમત્કારોનો અનુભવ થયા પછી એને કશે ચમત્કાર દેખાતો નથી. અકસ્માત એના માટે સ્વાભાવિક બને છે. અનિયમિતતા જ એનો નિયમ બને છે.

અહંનો નાશ થતાં જ મનુષ્ય ધર્મ, ઈશ્વર અને આત્માની ભ્રમણામાંથી મુક્તિ મેળવે છે. આ અનુભવ કલ્પના-યોગથી જ શક્ય બને છે અને કલ્પનાયોગ જ એની શક્તિ છે.'

'આમ છતાં તમે જગજિતના મૃત્યુનો બદલો આનાથી કેવી રીતે લઈ શકશો તે મને સમજાતું નથી.' નિકુંભ આનંદ બોલ્યો.

'તમને તમારા આ ચમત્કારોની, શક્તિની, બલિદાનની વ્યર્થતા સમજાશે કે તરત જ મને જગજિતના મૃત્યુનો બદલો મળી જશે.'

નિકુંભ આનંદ ખડખડાટ હસી પડ્યો : 'મહાશય, અમારા આ અઘોરી-ઓનો અહં તમે સમજો છો એટલો નરમ નથી.'

'જાણું છું. વિકટતા ન સમજું એટલો નાદાન તો નથી જ, છતાં પ્રયત્ન કરવા ઇચ્છું છું.'

'આજે દેવી સમક્ષ તમારા પ્રાણની રક્ષા માટે હું પ્રાર્થના કરીશ!' નિકુંભ આનંદ ફરીને ઉપહાસ કરતો હસ્યો

થોડા સમયની ખામોશી પછી મેં આકાશ તરફ જોયું ત્યારે અઘોરીઓ સાથેના બીજા દિવસની શરૂઆતની છડી પોકારતી ઉષાની લાલી પૂર્વ બાજુના પહાડ પાછળ ડોકાઈ રહી હતી.

શહેરમાં જે સંકોચ આપણને વળગેલો રહે છે તે આવા જંગલમાં આપોઆપ સરી પડે છે. મુંબઈ જેવા શહેરમાં રેલવે લાઈનની આસપાસ વહેલી સવારે કે મોડી સાંજે શૌચ કરવા બેઠેલાં સ્ત્રી-પુરુષોને જોઈએ છીએ, ત્યારે જુગુપ્સા જાગે છે, પણ જંગલમાં એ જ ક્રિયા સાવ સ્વાભાવિક બની જાય છે. નાનાં બાળકોની જેમ સાવ સહજ રીતે શૌચ કરતા અઘોરીઓ અને સ્ત્રીઓને વાતો કરતાં જોઈ મને કશું જ અજુગતું લાગતું નથી. દિવસ અને રાત દરમિયાન એમની અઘોર સાધનામાં વ્યસ્ત આ અઘોરીઓ ખૂબ ભયાનક લાગતા હતા, પણ તે સમયે સાવ નિર્દોષ દેખાતા હતા. હું અને નિકુંભ પાછા ફરી રહ્યા હતા ત્યારે ઝાડના થડ પાસે બેઠેલી માતા અદિતિએ બૂમ પાડી અમને બોલાવ્યા. સહજ સંકોચ સાથે હું એમની સામે ઊભો રહ્યો ત્યારે એમણે સ્વાભાવિકતાથી કહ્યું: 'નિકુંભ, આમનો પરિચય આજે બાબા અલખ આનંદ સાથે કરાવજે.'

'એમનો પરિચય એમને છે જ. માંડલાથી એમની સાથ જ આવ્યા હતા.' નિકુંભ આનંદે કહ્યું.

'અચ્છા, પણ આત્માને બોલાવવાની બાબાની શક્તિનો પરિચય તારા અતિથિને નહીં હોય. એ પ્રયોગ બતાવવાનો પ્રબંધ જરૂર કરજે.'

'અવશ્ય.' નિકુંભ આનંદે કહ્યું અને અમે આભાર માની વિદાય લીધી.

'મૃતાત્માને બોલાવવાના પ્રયોગો તો તમે જોયા જ હશે.' નિકુંભ આનંદે મને પૂછ્યું.

'ઘણા.' જવાબમાં મેં કહ્યું હતું.

'બાબા અલખ આનંદ જે પ્રયોગ કરે છે તેવો પ્રયોગ તમે તમારી જિંદગીમાં જોયો નહીં હોય.' નિકુંભ આનંદે ખૂબ દૃઢતાથી કહ્યું.

'જ્યારે આત્મા નામના પદાર્થની એની માન્યતાથી મુક્તિ મળી ગઈ હોય પછી મૃતાત્માઓનું આકર્ષણ રહે?'

'આ પ્રયોગ જોયા પછી કદાચ તમે તમારી માન્યતા બદલાવો પણ ખરા!'

'તમે એટલે કે આ અઘોરીઓ આત્મા વિશે કેવી માન્યતા ધરાવો છો ?' મેં પૂછ્યું.

'દેવતત્ત્વને સૃષ્ટિનું કારણ કહેનારા તત્ત્વજ્ઞાનીઓથી કદાચ વિરુદ્ધ મત ધરાવતા સ્વભાવવાદીઓ, યદૃચ્છાવાદીઓ, ભૂતવાદીઓ અને યોનિવાદીઓની મૂળ વિચારસરણી અઘોરપંથીઓના વિચારના મૂળમાં છે. તાંત્રિકો અને માંત્રિકોએ યોનિવાદને વિશેષ મહત્ત્વ આપ્યું છે. યોનિવિચાર, યોનિઆચાર, યોનિપ્રચાર, જે વર્ષો પહેલાં આ વિચારસરણીના મૂળમાં હતો. આ યોનિવાદીઓ સાથે એ પછી લિંગાયતો ભળ્યા અથવા તો એમને સ્વીકારી લેવામાં આવ્યા. આ શાક્તો કહેવાયા. એક જમાનામાં આ દેશમાં અનેક શક્તિપીઠો હતાં. યોનિ અને લિંગને જ શક્તિનાં ધારક માનવામાં આવે છે. આત્મા શક્તિરૂપે અવતરવા ઇચ્છે છે ત્યારે એ યોનિ અને લિંગનો સંયોગ ઇચ્છે છે. આત્મા સનાતન તત્ત્વ છે. એ શરીરમાં રહે છે. સ્ત્રી આત્મા અને પુરુષ આત્મામાં ભેદ હોય છે. શક્તિરૂપ અગ્નિનાં ઘોર અને અઘોર એવાં બે રૂપ છે. ઘોર રુદ્ર અને અઘોર શિવ છે. ઘોર મૃત્યુ અને અઘોર અમર્ત્ય છે. ઘોર ધનુષ વડે કાળરૂપી બાણોની વર્ષા કરી મૃત્યુને પ્રગટ કરી શરીરના બંધનમાંથી આત્માને મુક્ત કરે છે.

અઘોરધર્મીઓ મંત્ર સાધે છે. મંત્રનો આત્મા ચંદ્રલોકમાં પહોંચે છે, ચંદ્રલોકનો દેવતા આત્માને પૂછે છે: 'તું કોણ છે?' ત્યારે આત્મા કહે છે કે 'તું છે તે જ હું છું.' ચંદ્રલોકનાં દ્વાર ખૂલવાથી આત્મા એમાં પ્રવેશ કરે છે. આ પછી એ આત્મા બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં વિજરા નામની નદી અને ઇલ્યા નામના વૃક્ષ પાસે સાલજ્ય નામની નદી છે. અને -'

'આગળનો વૃત્તાંત હું જાણું છું.' એમ કહી મેં નિકુંભ આનંદને રોક્યો. એ ખડખડાટ હસી પડ્યો.

'સરસ કથા છે, સાંભળો.' એણે હસતાં-હસતાં જ આગ્રહ કર્યો.

'બ્રહ્મ અને આત્માના સંવાદ સુધી આ કૌષિતકી ઉપનિષદ મેં વાંચ્યું છે.'

'તો આપ વિજયશાલિની મંત્રની શક્તિ જાણો છો?' નિકુંભ આનંદે આશ્ચર્યથી પૂછ્યું.

'વાંચ્યું છે - પણ તાંત્રિકો પાસેથી એનો અનુભવ નથી મેળવ્યો.' મેં કહ્યું.

'ત્યાં જુઓ.' દૂર આંગળી ચીંધી એણે મારું ધ્યાન દોર્યું.

માંડલાથી મને લાવનાર બાબા અલખ આનંદ બે પગ પહોળા કરી ત્યાં ઊભા હતા. એમણે અદબ ભીડી હતી. એમના ચહેરા પર કઠોરતા હતી અને ખુલ્લી લાલ, વિશાળ આંખો આકાશ સામે મંડાયેલી હતી. આકાશમાં આંખ સામેથી પસાર થનાર પક્ષીઓ ગોળીથી વીંધાયાં હોય એમ મૃત્યુ પામી ટપોટપ પડતાં હતાં. અન્ય અનેક અઘોરીઓ એમને અધ્ધરથી ઝીલી લેતા દોડાદોડ કરી રહ્યા હતા. નિર્દોષ પક્ષી પર થઈ રહેલા ત્રાટકનો એ સંહારક પ્રયોગ પાડાના બલિદાન કરતાં વધારે ઘૃણાસ્પદ અને ત્રાસજનક હતો.

*

પ્રકરણ ૧૨

દસેક મિનિટ ચાલેલા ત્રાટકના એ પ્રયોગ પછી સાઠ-સિત્તેર જેટલાં પક્ષીઓનો ત્યાં ઢગલો થઈ ગયો હતો. અલખ આનંદની આંખો ત્રાટકના કારણે લાલચોળ બની ગઈ હતી. કેટલીક વાર પછી એણે અમારા તરફ જોયું. ગઈ કાલની ઉપેક્ષા હજીયે ત્યાં હતી. નિકુંભે એમને માતા અદિતિનો સંદેશો કહ્યો. મૃતાત્માને બોલાવવાના પ્રયોગ વિશે જાણવાની મારી ઉત્કંઠા પણ મેં એમને નમ્રતાથી જણાવી. થોડી વાર પછી એ બોલ્યા: 'એ પ્રયોગ આપ દિવસના પ્રકાશમાં જોવા ઇચ્છો છો કે રાતના અંધકારમાં?'

'દિવસનો પ્રકાશ જ વધુ યોગ્ય રહેશે.' મેં કહ્યું.

'તો તમે બપોરના ભોજન પછી મને મળજો.' અલખ આનંદે કહ્યું.

'અવશ્ય.' અને અમે ત્યાંથી વિદાય થયા.

'અલખ આનંદના મૃતાત્માને બોલાવવાના પ્રયોગમાં કઈ વિશિષ્ટતા છે?' મેં નિકુંભ આનંદને ફરીથી પૂછ્યું.

'તમે આ અગાઉ ક્યારેય મૃતાત્માને બોલાવવાના પ્રયોગો જોયા છે ખરા' નિકુંભે સામો પ્રશ્ન કર્યો.

'અનેક, અનેક પ્રકારના.'

'ક્યારેય પ્રભાવિત થયા છો?'

'શરૂઆતમાં થયો હતો, પણ એમાં સમાયેલું છળ અને રહસ્ય જાણ્યા પછી નહીં.'

'અલખ આનંદના પ્રયોગથી તમે અવશ્ય પ્રભાવિત થશો. એ મૃતાત્માને સાક્ષાત્ તમારી સમક્ષ પ્રત્યક્ષ કરશે.' નિકુંભ આનંદે કંઈક ગર્વથી કહ્યું.

મેં કંઈ જવાબ ન આપ્યો.

એ પછી કંઈક ખાવું અને ઊંઘવું જરૂરી હોવાથી મેં એમની રજા માગી. ત્યાં અઘોરીઓ આખી રાત જાગતા અને વહેલી સવારથી બપોર સુધી ઘોર્યા કરતા. મેં પણ એમને જ અનુસરવાનું નક્કી કર્યું હતું. દિવસના ઊંઘવાથી એક બીજો પણ લાભ હતો - મચ્છરોના ત્રાસથી મુક્તિ.

ત્રણેક કલાક ઊંઘ્યા પછી મેં ભોજનની તૈયારી કરી. એ દરમિયાન મારા દિમાગમાં તો મૃતાત્માઓ જ ઘૂમ્યા કરતા હતા. ચૈતન્યાનંદજીએ જ્યારે મને આત્મા વિશે સમજ આપી અને ચેતના અને ભાવનાના સંયોજનથી કેવી રીતે આત્માની કલ્પનાએ આકાર લીધો એ જ્યારે સમજાવ્યું હતું, ત્યારથી જ આ મૃતાત્માઓએ મારો પીછો પકડ્યો હતો. મૃતાત્માને બોલાવવાના અનેક પ્રયોગો

મેં જોયા હતા. મૃતાત્મા હોય તો આત્મા હોય જ એમ સિદ્ધ થઈ શકે. શરૂઆતમાં તો મને આ મૃતાત્માઓનું તૂત સાચું પણ લાગ્યું હતું. એવા પ્રયોગો મેં પણ આદર્યા હતા.

મૃતાત્મા બોલાવવાનો સહુથી સરળ અને વ્યાપક પ્રયોગ થાય છે, એ છે પ્લેન્ચેટ. અનેક લોકોએ આ પ્રયોગ જોયો હશે. હિન્દુધર્મની આત્માની કલ્પનાને બુદ્ધે પડકારી હતી. બૌદ્ધધર્મ આમ છતાં આત્માનો પર્યાય આપી શક્યો નહોતો. એ પછી જૈનોએ ફરી આત્માની કલ્પનાને સ્વીકૃતિ આપી. કંઈ કેટલાય સાધુઓ 'આત્મા છે' એમ સાબિત કરવા આ અત્યારના પ્લેન્ચેટ જેવો જ પ્રયોગ તે સમયે કરતા.

અત્યારે જે પ્લેન્ચેટનું સ્વરૂપ છે તે આ પ્રમાણે છે: એક લીસી સપાટી-વાળા બાજોઠ યા ટેબલ પર ગોળાકારમાં અંગ્રેજી અક્ષરો છૂટાછવાયા ગોઠવવામાં આવે છે. એકથી શૂન્ય સુધીના આંકડાઓ પણ લખવામાં આવે છે. આ પછી ત્રણ શ્રદ્ધાળુ વ્યક્તિ એક કાચના ગ્લાસને વચમાં મૂકી તે પર પોતાની આંગળી અડકાડે છે. એક વ્યક્તિ કોઈ જાણીતા મૃતાત્માનું સ્મરણ કરી એનું આવાહન કરે છે. થોડા જ સમય પછી ગ્લાસ આપોઆપ સરકવા લાગે છે. તમે એ મૃતાત્માનું નામ પૂછો એટલે વારફરતી અક્ષરો પર જઈને એ પોતાનું નામ બતાવે છે. આ પછી સવાલો પૂછવાની આજ્ઞા માગવામાં આવે છે. એ વાઈ-ઈ-એસ પર જઈ પોતાની સંમતિ આપે છે. એ પછી સવાલો પૂછવામાં આવે તો 'યસ' અથવા 'નો'માં, તો ક્યારેક પૂરા શબ્દોમાં પણ જવાબ આપે છે. એટલે કે ગ્લાસ વારાફરતી સરકતો દરેક અક્ષર પાસે જઈ એક શબ્દ બનાવે છે.

આ પ્રયોગ મેં જાતે અનેક વાર કર્યો છે. આ પ્રયોગના અનેક નિષ્ણાતોને પણ મળ્યો છું. એમના પ્રયોગો પણ જોયા છે. પુનર્જન્મવાળાઓની વાતોએ જેટલો મને નહોતો સતાવ્યો એટલે આ 'પ્લેન્ચેટે' મને સતાવ્યો હતો. આ પછી તો મળનારા જવાબોનું અને એ પ્રયોગમાં ભાગ લેનારાઓનું અનેક સવાલો પૂછીને મેં માનસશાસ્ત્રીય પૃથક્કરણ કર્યું. એ પછી એનું રહસ્ય સમજાયું.

મનની અજોડ શક્તિ વિશે હું આગળ જ લખી ચૂક્યો છું. એ જ મનની શક્તિનો આ અજબ પણ સીધો-સાદો તમાશો છે. ત્રણ શ્રદ્ધાળુ વ્યક્તિનું મન જ્યારે ઇચ્છે છે, એક પ્રબળ ઇચ્છા કરે છે, ત્યારે ગ્લાસ એ ઇચ્છાશક્તિના કારણે જ ચાલે છે. ત્યાં કોઈ આત્મા આવતો નથી. મારા આ વિધાનમાં જેને શંકા હોય તેણે આ પ્રમાણે પ્રયોગ કરી જોવો.

પ્રયોગ કરનારી ત્રણેય વ્યક્તિને ભૂતકાળમાં બન્યો હોય પણ જાતે ન જાણતી હોય એવો એકાદ સવાલ કરવો. જવાબ ખોટો આવશે. ત્રણેયમાંથી એકાદ વ્યક્તિ આનો જવાબ જાણતી હશે તો જવાબ સાચો આવવાની તેંત્રીસથી છાંસઠ ટકા શક્યતા રહે છે. ભાવિ વિશેના દસમાંથી નવ - બલકે સોમાંથી નવ્વાણું

સવાલો ખોટા પડે છે. ટૂંકમાં, પ્રયોગ કરનાર વ્યક્તિઓના મન કે અજ્ઞાત મનમાં જે વાત હોય તે જ પ્લેન્ચેટમાં પ્રત્યક્ષ થાય છે, એ સિવાય કશું થતું નથી.

આ પ્રયોગમાં ગ્લાસ આપોઆપ ચાલવા લાગે છે, એટલે આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવનારાઓ એમાં જીવ આવ્યો હોય એમ માની લે છે. ગ્લાસ ખરેખર જ ચાલતો હોય ત્યારે નક્કર બનેલી માનસિક શક્તિ જ એને ધકેલે છે. આમાં ક્યારેક ચાલાકી કરી કોઈ વાર હાથથી ધકેલવામાં આવતો હોય એવું પણ બને છે ખરું.

આવા પ્રયોગોમાં શ્રદ્ધા ધરાવનારાઓએ આટલી વાત લક્ષમાં રાખવી જરૂરી છે કે જો આત્માએ પુનર્જન્મ લીધો હોય તો એ શરીર છોડી કેવી રીતે આવી શકે ? ઘણા એમ દલીલ કરે છે કે મૃત્યુ પછી આત્મા તરત જન્મ લેતો નથી. આવા એક દાખલામાં એક આત્માએ બીજા મૃત આત્મા વિશે સમાચાર આપતાં જણાવેલું કે એણે એક અન્ય સ્થળે જન્મ લીધો છે. જ્યારે બીજી જગ્યાએ એ જ સમયે એ જ આત્માને બોલાવી પ્રયોગ કરવામાં આવ્યો હતો! આવા મૃતાત્માઓ જ્યારે પોતાના ભૂતકાળની વાતો કરે છે ત્યારે પ્રયોગ કરનારા એ વાતો જાણતા હોય એવી જ હોય છે અથવા તો સાવ કાલ્પનિક, ન ચકાસી શકાય એવી હોય છે. આ મૃતાત્મા બોલાવવાના તૂતનો ઉપયોગ અનેક ગઠિયાઓ ભોળા લોકોને બનાવવા પણ કરે છે.

મૃતાત્માને બોલાવવા માટે માધ્યમોનો પણ ઉપયોગ થાય છે. સબળ મનની કે વશ થઈ શકે એવું મન ધરાવતી વ્યક્તિઓ માધ્યમ બને છે અને મૃતાત્માને પોતાના શરીરમાં સ્વીકારે છે. આવા પ્રયોગોમાં માધ્યમો ભ્રમણામાં હોય છે અથવા તો ટેલીપથી દ્વારા એ સામે બેઠેલી વ્યક્તિના માનસિક વિચારોને ઝીલીને વર્તે છે, જવાબ આપે છે. ઠગાઈના અનેક કિસ્સાઓ આમાં બને છે. ક્યારેક અકસ્માત કંઈક સાચું બને તો એના એટલા ઢોલ પીટવામાં આવે છે કે ખોટી વાતો ઢંકાઈ જાય.

આવા કિસ્સાઓ નોંધવા બેસું તો એક જુદું પુસ્તક બનાવવું પડે.

કેટલાંક માધ્યમો જે આત્માને બોલાવવો હોય એના મૃત્યુની તારીખ અને સમય પૂછે છે. આ મૂર્ખાઈ અને અજ્ઞાનની પરાકાષ્ઠા છે. મૃતાત્માઓ જો હોય તો એ સાતમા આસમાનમાં કે અવકાશમાં વસે છે એમ એ લોકો જ કહે છે. એ લોકોમાં સમય અને તારીખનું અસ્તિત્વ છે ખરું? સમય અને તારીખ મનુષ્યે પોતાની સગવડ ખાતર રચ્યાં છે, આત્માને એ કેવી રીતે લાગુ પડી શકે?

ખૂબ કોશિશ કરવા છતાં આ ધતિંગો મને આત્માના અસ્તિત્વ વિશે પ્રતીતિ કરાવી શક્યાં નહોતાં.

બારેક વાગ્યે નિકુંભ આનંદ મને લેવા આવ્યો ત્યારે હું ભોજન કરી

પરવારી ચૂક્યો હતો. અમે બન્ને થાંભલાઓવાળા ઓટલા પરથી પસાર થઈ છેક સામેના છેડે પહોંચ્યા. ચોગાનમાં ગઈ કાલ જેવી જ ધમાલ હતી. કેટલાક અઘોરીઓ યજ્ઞની ફરતે બેસી આહુતિઓ આપી રહ્યા હતા, જ્યારે બહારના ભાગ તરફથી સાતેક અઘોરીઓ એક પાડાને ખેંચી યજ્ઞ તરફ લઈ જઈ રહ્યા હતા. મેં નિકુંભને પૂછ્યું: 'આજે પણ બલિદાન અપાશે?'

'સાધના ચાલશે ત્યાં સુધી રોજ. અઘોરીઓને પણ રોજ ખાવા તો જોઈએ જ ને?' એણે હસીને કહ્યું.

મધ્યના મોટા ઓરડાનો દરવાજો ખુલ્લો હતો. ખોપરીઓના ઢગલા પાસે ચાર અઘોરીઓ માટીની મૂર્તિ બનાવી રહ્યા હતા. નિકુંભ આનંદે કહ્યું: 'એ ચામુંડાની મૂર્તિ બનશે.' બાજુમાં જ એક પાટ પર પેલી ગઈ કાલે વામદેવે આણેલી અને જેના પર પૂતલિકા પ્રયોગ કરવામાં આવ્યો હતો એ છોકરી સૂતી હતી એ તરફ આંગળી ચીંધી એ બોલ્યો:

'આ છોકરીના આત્માની સ્થાપના બલિદાન પછી આ મૂર્તિમાં કરવામાં આવશે, જેને અમે પ્રાણપ્રતિષ્ઠા કહીએ છીએ.'

દિમાગમાં એવા સણકા ઊઠતા હતા કે મેં આગળ પૂછવાનો વિચાર જ માંડી વાળ્યો.

એ પછી ડાબી બાજુ વળીને અમે 'યુ' આકારના મકાનના બીજા છેડે પહોંચ્યા. ત્યાં એક ઓરડામાં અલખ આનંદ અમારી રાહ જોતા બેઠા હતા. અમે બન્ને એમની સામે બેઠા. કશા પણ સંવાદ વગર સમય વીતવા લાગ્યો. ક્યારેક હું એમની તરફ જોતો તો ક્યારેક જમીન તરફ જોઈ રહેતો. ચારે દીવાલો પર નજર ઘૂમીને ફરી અલખ આનંદ પર કેન્દ્રિત થતી. એમની આંખો સાથે મારી આંખો ટકરાતી ત્યારે એક ખેંચાણ અનુભવાતું. ફરી એ તાર તૂટતો અને નજર ઘૂમવા લાગતી. એની વિશાળ દાઢીના વાળ એની છાતીના વાળ સાથે એવા એકરૂપ થઈ જતા કે દાઢી છેક પેટ સુધી પથરાઈ ગઈ હોય એમ લાગે. ફરી એ આંખોમાં તાકવાની ઇચ્છા થઈ આવતી. ગાંજો ફૂંકીને લાલ બનેલી આંખો - એ આંખોની ભયાનક શક્તિનો પરિચય મેં સવારે જ જોયો હતો. ચિત્કાર પણ કર્યા વગર તૂટી પડતાં પક્ષીઓ મારી આંખ સામે ઘૂમવા લાગ્યાં હતાં. હું પણ એક પક્ષી હોઉં એવો મને અનુભવ થયો અને અચાનક એમની નજરના તાર સાથે મારું માનસિક જોડાણ થઈ ગયું.

અલખ આનંદ થોડા સળવળ્યા. એ બેઠા હતા તે આસન પાછળથી એમણે એક પૂતળું બહાર કાઢ્યું. બે અઢી ફૂટ ઊંચા એ પૂતળાને એમણે પોતાની પાસે આસન પર ઊભું રાખ્યું. એ વિચિત્ર હતું, ભયાનક પણ હતું. એનો ચહેરો માનવખોપરીને રંગીને બનાવવામાં આવ્યો હતો. ખોપરીમાં આંખની બખોલની

જગ્યાએ હાલીચાલી શકે એવી મોટી કોડીઓ જડવામાં આવી હતી. માથા પર બનાવટી વાળ ચોંટાડ્યા હતા. દાંતની આસપાસ લાલ રંગથી હોઠ ચીતરવામાં આવ્યા હતા. ખોપરીની નીચે જડબાનો ભાગ પણ હતો, જે હાલીચાલી શકતો હતો અને ખોપરી મોઢું ખોલતી હોય એવો ભાસ થતો હતો.'ખોપરીની નીચે કપડાંના ગાભામાંથી બનાવ્યું હોય તેવું બેડોળ શરીર હતું.

અલખ આનંદ એ પૂતળાથી દૂર ખસ્યો અને સામે જોઈ મંત્રોચ્ચાર કરવા લાગ્યો. એક જ સૂરમાં ઉચ્ચારાતા એ મંત્રોમાં પણ તીવ્ર સ્વરોની હાજરી વર્તાતી હતી. એકધારા મંત્રોચ્ચાર અને શાંત વાતાવરણને કારણે ઝોકું આવી જતું અને હું ઝબકી જતો. કેટલો સમય આમ ચાલ્યું હશે એની પણ મને જાણ રહી નહોતી. એ પછી ખોપરીની પેલી કોડીની આંખો ચકળવકળ થઈ ઘૂમવા લાગી અને પૂતળાનું મોં ખૂલી ઉઘાડબંધ થઈ આંખ કચકચાવવા લાગ્યું ત્યારે જ મારી ઊંઘ ઊડી.

'તમે કયા મૃતાત્મા સાથે વાત કરવા ઇચ્છો છો?' અલખ આનંદનો ગંભીર અવાજ સંભળાયો. ક્ષણવાર તો કોઈ જીવતા માણસનું નામ દઈ એના આત્માને બોલાવવાની મશ્કરી કરવાનો વિચાર થઈ આવ્યો, પણ તરત જ એ વિચાર માંડી વાળી મેં જગજિતનું નામ આપ્યું.

ક્ષણભર શાંતિ પથરાઈ ગઈ.

ધીરેધીરે અલખ આનંદના હોઠ ફફડવા લાગ્યા અને સ્પષ્ટ શબ્દો સંભળાવા લાગ્યા. થોડીક મિનિટો પછી ફરી પેલા પૂતળામાં હરકત થવા લાગી. અચાનક એ પૂતળાએ પોતાનો ચહેરો અલખ આનંદ સામે ઘુમાવ્યો.

અલખ આનંદે ધીમેથી પૂછ્યું: 'તું કોણ છો?'

ખૂબ જ દૂરથી અને ઊંડાણમાંથી આવતો હોય એવો અવાજ સંભળાયો: 'જગજિત, હું જગજિતનો આત્મા છું.'

અલખ આનંદે મારી તરફ આંગળી ચીંધી કહ્યું: 'ત્યાં બેઠી છે તે વ્યક્તિને તું ઓળખે છે?'

પૂતળાએ ચહેરો મારા તરફ ઘુમાવ્યો. થોડી વાર એ પૂતળું મને તાકીને જોઈ રહ્યું. ખોપરીની આંખની કાળી બખોલમાં કોડીઓ ઘૂમવા લાગી અને પછી સ્થિર થઈ. થોડી વાર પછી ફરીથી પેલો ઊંડો ગંભીર અવાજ સંભળાયો: 'હા, એ મારો મિત્ર છે.'

'નામ?'

પૂતળાએ મારું નામ બતાવ્યું.

'એ તને સવાલો પૂછવા ઇચ્છે છે, તારી સાથે વાત કરવા ઇચ્છે છે, તું જવાબો આપીશ? વાત કરીશ?' અલખ આનંદે પૂતળાને કહ્યું.

ક્ષણભરની શાંતિ પછી પૂતળું બોલ્યું: 'હા.'

એ પછી અલખ આનંદે મને કહ્યું: 'તમે તમારા મિત્રના આત્મા સાથે વાત કરો.'

'જગજિત, તને મળીને ખૂબ આનંદ થયો.' મેં કહ્યું.

'મને પણ આનંદ થયો છે.'

હવે હું સંપૂર્ણ સભાન બન્યો હતો. અલખ આનંદે કરેલો મોહનિદ્રાનો પ્રયોગ ધીરેધીરે એની અસર મારા પરથી ગુમાવી રહ્યો હતો. ત્યાં શું ચાલી રહ્યું છે એ મારી સમજમાં ધીરેધીરે આવી રહ્યું હતું.

'એક સવાલ પૂછું?' મેં પૂતળા સામે જોઈ કહ્યું.

'પૂછ.'

'માઈક્રોડોલની ફોર્મ્યુલાની તને ખબર છે?'

ઘડીભર એ રૂમમાં સન્નાટો છવાઈ ગયો. અલખ આનંદ અને નિકુંભ આનંદ બન્ને મારી તરફ તાકી રહ્યા. પૂતળાએ પોતાની ખોપરી અલખ આનંદ તરફ ફેરવી. પૂતળું અને અલખ આનંદ એકબીજા સામે ફસફસાટ કરતા રહ્યા. થોડી વારે અલખ આનંદે મને કહ્યું: 'તમારો સવાલ તમારા મિત્રનો આત્મા સમજી શકતો નથી!'

'આશ્ચર્ય!' હું બોલ્યો: 'સાવ સીધી વાત જગજિતનો આત્મા સમજી શકતો નથી?'

'તમે શું પૂછવા ઇચ્છો છો ?' અલખ આનંદે મને પૂછ્યું. એના અવાજમાં મૂંઝવણ હતી.

'માઈક્રોડોલ ફિલ્મ ડેવલપ કરવા માટેનું ખૂબ જાણીતું કેમિકલ છે. એ કેમ બનાવવામાં આવે છે તે વિશે મેં જગજિતને પૂછ્યું છે. જગજિતના આત્માને આ સાવ સાદીસીધી વાતની ખબર હોવી જોઈએ જ.'

ઘડીભર શાંતિ છવાઈ રહી.

એ પછી અલખ આનંદે કહ્યું: 'આત્મા સાથે તમારે આવી ભૌતિક ચર્ચાઓ કરવી ન જોઈએ. કંઈક આધ્યાત્મિક પૂછો.'

ફરીથી પૂતળાએ ચહેરો મારા તરફ ફેરવ્યો.

મેં પૂછ્યું: 'મૃત્યુ પછી આત્માની ગતિ કેવી થાય છે? એ કયાં જાય છે?'

પૂતળું એના ધીરગંભીર અવાજે બોલવા લાગ્યું. કોડીઓ હાલતી ત્યારે જાણે આંખો ઉઘાડબંધ થતી હોય એવો ભાસ થતો. જડબું હાલતું અને પૂતળું બોલતું હોય એમ લાગતું હતું.

'શરીરથી મુક્ત થઈ આત્મા ચંદ્રલોકમાં પહોંચે છે.' ચંદ્રલોકનો દેવતા આત્માને પૂછે છે: 'તું કોણ છે?' ત્યારે આત્મા કહે છે કે, 'તું છે તે જ હું છું.' આથી ચંદ્રલોકનાં દ્વાર ખૂલે છે અને આત્મા એમાં પ્રવેશે છે. આ પછી એ આત્મા બ્રહ્મલોકમાં જાય છે. બ્રહ્મલોક સુધી જે માર્ગ છે તેને દેવયાન કહે છે. આ બ્રહ્મલોકમાં એક સરોવર છે, વિજરા નામની નદી છે અને તેના કિનારે ઇલ્ય નામનું ઘટાદાર વૃક્ષ છે. થોડે દૂર સાલજ્ય નામની નગરી છે. એ નગરીની મધ્યમાં અપરાજિત નામનો મહેલ છે. એ મહેલમાં સમગ્ર આકાશને આવરી લેતો મંડપ છે અને સુંદર આસનો છે. સોનેરી ચમકતો પલંગ છે. માનસી અને ચાક્ષુષી નામની બે નારીઓ પુષ્પો ભેગાં કરી માળાઓ ગૂંથે છે. ત્યાં આત્મા બ્રહ્મને મળે છે. બ્રહ્મને મળતાં પહેલાં એ વિજરા નદીમાં સ્નાન કરી જરાથી મુક્ત થાય છે. અનેક અપ્સરાઓ એ આત્માને બ્રહ્મના અલંકારોથી સજાવે છે. એ પછી આત્મા પોતાના પાપપુણ્યનો ત્યાગ કરે છે. એ પછી સાલજ્ય પ્રદેશમાં પહોંચે છે, જ્યાં એ બ્રહ્મનો રસ અને તેજ પ્રાપ્ત કરે છે. એ પછી...'

હું ખડખડાટ હસી પડ્યો: 'એય જગજિત! તને આ કથાકીર્તનમાં ક્યારથી રસ પડવા લાગ્યો? કાશીના કોઈ પંડિતને ઘેર તો તેં જન્મ નથી લીધો ને?' મારા વચ્ચે જ આમ ઉપાલંભ કરતો હોઉં તેમ બોલી પડવાથી અલખ આનંદ મારા પર ચિડાયો. પૂતળું શાંત ચૂપચાપ ઊભું રહી ગયું.

'આપ આત્મા કો બૂલાકર ઉસસે મજાક નહીં કર સકતે!' અલખ આનંદ ધમકી દેતાં બોલ્યો: 'આત્મા રૂઠેગી તો આપકો નુકસાન કર સકતી હૈ!'

'યહ આત્મા મેરા કુછ નહીં બિગાડ સકતી. યહ તો મેરે જિગરી દોસ્ત કી આત્મા હૈ.' મેં હસીને કહ્યું: 'આપ આત્મા કો બિદા કર દે. મુઝે ઔર કુછ પૂછના નહીં હૈ. મુઝે આપ કે પ્રયોગ સે સંતોષ હુઆ હૈ.' માંડમાંડ ગંભીર રહેવાનો પ્રયત્ન કરતાં હું આ બોલી શક્યો હતો.

થોડી જ વારમાં જ મેં અને નિકુંભ આનંદે ત્યાંથી વિદાય લીધી. બહાર નીકળી હું નિકુંભને મારી સાથે છેક જંગલ સુધી ઢસડી ગયો. ત્યાં એકાંતમાં હું ખૂબ હસ્યો. નિકુંભ આનું કારણ પૂછતો રહ્યો. હસવું રોકાયું નહીં ત્યારે મેં કહ્યું:

'આત્મા છે એમ સાબિત કરવા માટેનો એક વધુ પ્રયોગ મેં નિષ્ફળ જતો આજે જોયો અને મને એનો આનંદ થઈ રહ્યો છે.'

'આ પ્રયોગને તમે નિષ્ફળ કહો છો?'

'ચોક્કસ! આ તમારો અલખ આનંદ ફક્ત શબ્દભ્રમ ઊભો કરે છે. અમે જેને વેન્ટ્રીલોક્વિસ્ટ કહીએ છીએ તે સિવાય આ તમારો અઘોરી કશું વધારે નથી. હા, વેન્ટ્રીલોક્વિસ્ટો પોતાના હાથની કરામતથી પૂતળાના ચહેરાના અને હોઠના હાવભાવ હલનચલન કરાવતા હોય છે. આ તમારો અઘોરી એ હલનચલન-

પોતાની માનસિક શક્તિથી કરે છે.'

'પણ...' નિકુંભ આનંદ કંઈક મૂંઝવણ સાથે મને તાકી રહ્યો.

'માઈક્રોડોલવાળો સવાલ મેં કર્યો અને જવાબ ન મળ્યો ત્યારે જ હું આ તારા અઘોરીની ચાલાકી પારખી ગયો હતો. માઈક્રોડોલ વિશે તારા આ અઘોરીએ ક્યારેય કંઈ સાંભળ્યું પણ નહીં હોય. જગજિતનો આત્મા જ જો ખરેખર આવ્યો હોત તો એ મને માઈક્રોડોલની ફોર્મ્યુલા કહી શકત. અઘોરી મારા અજ્ઞાત મન પર કબજો જમાવીને પણ આનો જવાબ પામી શકે તેમ નહોતો, કારણ કે માઈક્રોડોલની ફોર્મ્યુલાની મને પણ ખબર નથી. એ ટોપ સિક્રેટ ફોર્મ્યુલા આત્મા હોય અને ગુપ્ત રીતે જાણી શકે તો જ જણાવી શકે. આમ થઈ શક્યું નહીં. બાકી આત્માની ગતિવાળો જવાબ તો સવારે તમે અધૂરી મૂકેલી વાતનો જ ઉત્તરાર્ધ હતો.

પણ એક વાત જરૂર કબૂલ કરવી પડશે. તમારા આ અલખ આનંદનો ખેલ મેં આજ સુધીમાં જોયેલા આત્મા બોલાવવાના બધા જ ખેલને ટપી જાય એવો હતો. પ્લેન્ચેટ તો સામાન્ય છે. શરીરમાં આવતા આત્માના ખેલ મેં જોયા છે. એક ભાઈ એમ કહેતા હતા કે એના હાથમાં આત્મા પ્રવેશે છે. તમે સવાલ પૂછો અને હાથમાં પ્રવેશેલો આત્મા લખીને જવાબ આપતો. ફક્ત ભ્રમણા. આવાં માધ્યમો મોટા ભાગે એક ભ્રમણામાં જીવતાં હોય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો આ પણ એક રોગ છે. આવી ભ્રમણામાં શક્તિશાળી મન ક્યારેક સામી વ્યક્તિના અજ્ઞાત મનનો અજાણપણે કબજો લઈને કેટલીક ભુલાઈ ગયેલી વાતો આપણી સામે રજૂ કરે છે ત્યારે આશ્ચર્ય થાય છે. મોટા ભાગે આવાં માધ્યમો સૂચનો કરતાં હોય છે. ભાગ્યે જ આવાં સૂચનો સાચાં પડે છે અને સાચાં પડે છે ત્યારે પણ વ્યક્તિનું શ્રદ્ધાળુ મન જ એને સાચાં પાડતું હોય છે.

ભ્રમણાના આ ખેલે આત્મા છે એમ સાબિત કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. આ અજ્ઞાને માનવજાતને ભયાનક નુકસાન પણ કર્યું છે. આત્મા - અજરઅમર આત્મા - પુનર્જન્મ અને પૂર્વજન્મ! દુઃખ તો એ છે કે આવી ભ્રમણામાં આનંદ અને સુખ માનનારા આમાંથી બહાર નીકળવા પણ ન ઇચ્છી શકે એટલા ઇચ્છરહિત બની જાય છે.

આ ખેલે કેટલા ઠગોને - બદમાશોને પોષ્યા છે! ભ્રમણાને સત્ય માનનારાં માધ્યમો કરતાં પણ અનેકગણાં વધારે આ માન્યતાનો ગેરલાભ લેનારા ઠગો આ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. આત્મા જન્મ-પુનર્જન્મ અને પૂર્વજન્મમાં સંસ્કારાયેલા માનવીઓને એ ઠગે છે. સામાન્ય માણસ તો આત્મા - મૃતાત્મા બોલાવવાના આ ચમત્કારોને સાચા જ માની લે છે અને તમારા આ અલખ આનંદ જેવા અઘોરીઓ જો આવા સચોટ પ્રયોગો કરે તો કેટકેટલાને ઠગી શકે?

આ તમારો અલખ આનંદ સર્વોત્તમ ઠગ છે.'

વાતો કરતાં-કરતાં અમે એક મોટી શિલા પર બેસી ગયા હતા. વાતોમાં અમને અમારી આસપાસનું ધ્યાન પણ રહ્યું નહોતું. અચાનક પાંદડાં ખખડવાના અવાજથી મેં અને નિકુંભ આનંદે પાછળ ફરી જોયું અને નિકુંભે ચીસ પાડી.

મારી પાછળ જ અલખ આનંદ અદબ ભીડીને દૃઢતાથી ઊભો હતો. એના ત્રિશૂલ પરથી સૂર્યનાં કિરણો પરાવર્તિત થઈને મારી આંખમાં ભોંકાવા લાગ્યાં.

o o o

પ્રકરણ ૧૩

મારું હૃદય એકાદ ધબકારો ચૂકીને જોરજોરથી ધડકવા લાગી ગયું હતું. અલખ આનંદની ઉપસ્થિતિથી નિકુંભ આનંદે પણ પ્રક્ષોભ અનુભવ્યો. અમે ત્રણેય કેટલીય પળો સુધી એકબીજાને તાકતા એમ જ ઊભા રહ્યા. આખરે અલખ આનંદે જ ખામોશીનો અંત આણ્યો.

'હું તને કેટલાક પ્રશ્નો પૂછવા ઇચ્છું છું.' એણે મારી સામે જોઈ કહ્યું.

કંઈક સ્વસ્થતા પ્રાપ્ત થતાં જ મેં કહ્યું: 'મારા વર્તનથી આપને કોઈ દુઃખ થયું હોય તો માફ કરશો...પણ એ પરિસ્થિતિમાં...'

'મારા પ્રશ્નોના જવાબ આપશો?' એણે વચ્ચે જ પૂછ્યું.

'એમ કરતાં હું આનંદ અનુભવીશ.'

'માંડલામાં પેલા બ્રાહ્મણે જ મને તમારા વિષે વાત કરી હતી. એ તમારા વિચારોથી તમારા સ્વામી-મિત્રના કારણે પરિચિત હતો. આત્મા વિશેના તમારા વિચારોથી મને ક્રોધ ઊપજ્યો હતો; આમ છતાં હું તમને એક વાત કહેવા ઇચ્છું છું. આત્મા વિષેના મારા વિચારોથી પણ મને સંતોષ નથી. મારું છળ હું જાણું છું. તમે મારું છળ જાણી ગયા. આમ ક્યારેય બન્યું નથી. એટલે જ હું તમારા મોઢે આત્મા વિષેના તમારા વિચારો જાણવા ઇચ્છું છું.'

અલખ આનંદ દેખાતો હતો એનાથી વધારે નિખાલસ નીકળ્યો. મેં એની પાસેથી આવા સ્પષ્ટ એકરારની આશા રાખી નહોતી. એ આશાથી પ્રેરાઈને મેં એને કહ્યું: 'હું તમને એ વિષે કહીશ, પણ તમારે પણ મારા પ્રશ્નોના ઉત્તરો આપવા પડશે.' એણે સંમતિમાં ડોકું હલાવ્યું. આ સંવાદના કારણે નિકુંભ આનંદે નિરાંતનો શ્વાસ લીધો. અમે ત્રણેય કૂંડાળું વાળી એક વૃક્ષની છાયામાં બેઠા. 'તમે કયો પ્રશ્ન પૂછવા ઇચ્છો છો?' મેં પૂછ્યું.

'તમે આત્માના અસ્તિત્વને શા આધારે નકારો છો?'

'એક સ્પષ્ટતા કરી દઉં. હું આત્માના અસ્તિત્વને નકારતો નથી. પણ એ આત્માના આપણે કલ્પી લીધેલા ગુણોનો અસ્વીકાર કરું છું, જેમ કે આત્માનો ફરી ફરી જન્મવાનો ગુણ. આ ગુણનો હું અસ્વીકાર કરું છું.'

'કારણ કહો.' અલખ આનંદે સ્વાભાવિક જ આજ્ઞા કરી.

'હું આત્માને કોઈ અલગ એકમ - યુનિટ માનતો નથી. આત્મા બે તત્ત્વોનો બન્યો છે. અત્યાર પૂરતાં તો એ બે, ફક્ત બે જ તત્ત્વને સ્વીકારીને મારે આ વાત કહેવી પડશે. એક ચેતના, બીજી ભાવના. હજારો વર્ષ પહેલાં જ્યારે માનવીએ પોતામાં શક્તિનો અને એક અમર તત્ત્વનો અનુભવ કર્યો ત્યારે એને

એણે આત્મા તરીકે સ્વીકારી લીધો. એ જોતો હતો, અનુભવતો હતો કે કોઈ શક્તિ - કોઈ ચેતના એને જીવતો રાખે છે. એ શક્તિ, એ ચેતના જતી રહે છે અને એ મૃત્યુ પામે છે. આમ છતાં એને જીવનના સાતત્યનો પણ અનુભવ થતો હતો. એણે જોયું કે માનવી-વ્યક્તિ મરે છે છતાં યાદરૂપે ક્યારેક જ્ઞાન, ક્યારેક પ્રેમ કે વાસનારૂપે એ જીવિત રહે છે. આ અનુભવે એણે આત્માની શોધ કરી. આ શોધમાં એણે ચેતના અને ભાવનાને અલગ તારવ્યાં ન હતાં - મર્યાદિત જ્ઞાનની એ સીમા હતી. જેમ ત્યારે પાણી - પાણી હતું, આજે એ બે હાઈડ્રોજન અને એક ઓક્સિજન છે. આત્મા ત્યારે આત્મા હતો, આજે એ ચેતના અને ભાવના છે.

ચેતના અને ભાવના એ સતત વહેતા પ્રવાહ છે. એ કોઈ ટુકડા કે એકમ નથી. વીજળીના સતત વહેતા પ્રવાહમાંથી વીજળીનો ગોળો શક્તિ - પ્રકાશવાની શક્તિ પ્રાપ્ત કરે છે. કાળક્રમે વીજળીનું પ્રકાશમાં રૂપાંતર કરવાની ગોળાની ક્ષમતા નાશ પામે છે ત્યારે વીજળીનો પ્રવાહ કે પ્રકાશનું વિસ્તરવું તો નાશ પામતા નથી.

એ જ રીતે ચેતના-શક્તિ ક્ષીણ થાય છે, વપરાય છે, ઘસાય છે, જ્યારે ભાવના હંમેશાં વૃદ્ધિ પામે છે, ફેલાય છે, વિસ્તરે છે. એમ પણ કહી શકાય કે ચેતનાનું જ ભાવનામાં પરિવર્તન થાય છે - જેમ કે ઊર્જાનું પ્રકાશમાં રૂપાંતરિત થવું.

સ્ત્રી-પુરુષ-સમાગમથી જ આ ચેતના સતત વહેતી રહે છે. જીવંત ઘટકો જ જીવની ઉત્પત્તિ કરે છે. જડ શરીર જરા પ્રાપ્ત કરી ક્ષીણ થતાં પહેલાં જ પોતામાંથી અન્ય ઘટક ઉત્પન્ન કરી એનામાં ચેતના-પ્રવાહ ચાલુ રાખે છે. ચેતનાનો પ્રવાહ કાળની સાથેસાથે જ પેઢી દર પેઢી વહ્યા કરે છે.

આ વહેવું એ નિરર્થક નથી. ઊર્જા બાળીને જેમ પ્રકાશ મેળવવામાં આવે છે એમ જ ચેતનાના ક્ષયથી - વપરાશથી ભાવનાની વૃદ્ધિ કરવામાં આવે છે. માનવીનાં બુદ્ધિ-સંસ્કાર અનુસાર એ ચેતનાનું ભાવનામાં રૂપાંતર થાય છે.'

'આત્માને આત્મા ન સમજતાં ચેતના અને ભાવના સમજવાથી શો ફરક પડે છે?' અલખ આનંદે પૂછ્યું.

'આત્મા સાથે જ આપણે પૂર્વજન્મ - પુનર્જન્મ અને પરમાત્માને સાંકળ્યા છે. આ ભ્રમણા નાશ પામે છે. આત્માને ચેતનાનો પ્રવાહ સમજવાથી એની શક્તિનો કેવી રીતે નાશ થાય છે, એ તરત સમજાય છે. એ શક્તિ પાછી મળવાની નથી. દીપકમાં બળેલું તેલ પાછું આવી શકતું નથી. એ સાથે જ ભાવનાની અમરતા સમજતાં એમાં વૃદ્ધિ કરવાની ઇચ્છા જન્મે છે. માનવી ભાવના દ્વારા જ સતત જીવતો રહી શકે. સારાં કર્મથી, સારા વિચારોથી સારી ભાવના જન્મે છે. અનેક આત્માની ઉપર કોઈ પરમાત્મા છે એ ભ્રમણા પણ નાશ પામતાં એ પોતાને

પરમ ચેતનાના મૂળ પ્રવાહનો જ અંશ સમજે છે: આથી એવી વ્યક્તિનું સ્વાભિમાન જાગૃત થાય છે. પુનર્જન્મ નથી એમ જ્ઞાન થતાં એ આ જન્મમાં જ આ જડ શરીરનું ચેતના દ્વારા ભાવનામાં રૂપાંતર કરે છે.'

'તમારી વાત સત્ય છે એમ માની શકાય ?' અલખ આનંદે આશંકા વ્યક્ત કરી.

'અનુભવ્યા વગર કશાને સત્ય ન માનવું જોઈએ. કલ્પનાયોગ દ્વારા જ સત્યનો અનુભવ થઈ શકે.'

'આ કલ્પનાયોગ છે ?' અલખ આનંદે ફરી પૂછ્યું.

'મનના શક્તિમાન ઘોડાને સંયમની લગામ નાખી સ્નેહના માર્ગે સત્ય તરફ લઈ જવાનો પ્રયાસ એટલે કલ્પનાયોગ.'

આ પછી મેં એમને વિસ્તારથી કલ્પનાયોગ સમજાવ્યો. મનની શક્તિ વિશે એ અજાણ તો નહોતા જ.

'અલખ આનંદ, તમને ખબર છે કે કઈ શક્તિ વડે તમે આકાશમાં ઊડતાં પક્ષીઓને પાડી શકો છો ?'

'ત્રાટકવિદ્યાથી મેં એ શક્તિ પ્રાપ્ત કરી છે.'

'અને ત્રાટકવિદ્યા તમે મંત્રો દ્વારા મનની શક્તિને એકાગ્ર કરી મેળવી છે. તમે કોઈ ઊડતા નિર્દોષ પક્ષી પર તમારા મનની શક્તિઓ એકત્ર કરી અને ચેતનાના પ્રવાહનો ફ્યુઝ ઉડાડી દો છો અને એ પક્ષી મૃત્યુ પામે છે. હકીકતમાં આ મનની શક્તિ પર બુદ્ધિ-સંસ્કારે ચડાવેલી વિકૃતિ છે. તમે મનને ઓળખતા નથી, મંત્રને ઓળખો છો. તમે તમને ઓળખતા નથી અને તંત્રને ઓળખો છો. ત્રાટકની કે એવા જ કોઈ ચમત્કારની પ્રાપ્તિ એ તમારા જીવનની અંતિમ સિદ્ધિ છે. તમારાં બુદ્ધિ-સંસ્કાર તમને એનાથી આગળ લઈ જઈ શકતાં નથી, જેમ કોઈ કૃપણ ફક્ત ધનપ્રાપ્તિને જ પોતાનું જીવનધ્યેય બનાવે તેમ. તમારામાં અને એ કૃપણમાં કોઈ ફરક નથી. એકાદ પક્ષીને નિષ્પ્રાણ કરવાથી તમને કઈ સિદ્ધિ પ્રાપ્ત થાય છે ? ફક્ત અબુધો-અજ્ઞાનીઓ-અંધશ્રદ્ધાળુઓ તમારી વાહવાહ કરે છે. આનાથી નથી તમારું કલ્યાણ થતું, નથી એ મૂર્ખોનું. તમે તમારી શક્તિની ભ્રમણામાં અટવાયા કરો છો, મનની સાચી શક્તિને ઓળખી શકતા નથી અને મનની વિકૃતિના મૃગજળ પાછળ દોડ્યા કરો છો.'

મારું આ લાંબું સંભાષણ જે રીતે અલખ આનંદ ચૂપચાપ સાંભળી રહ્યા હતા એ જોઈ નિકુંભ આનંદ આશ્ચર્ય અનુભવતો હતો. સવારે લાલચોળ આંખે પક્ષીઓ પાડતા અલખ આનંદની આંખોમાં ત્યારે ફક્ત જિજ્ઞાસા હતી.

'તમારા મન પર છવાયેલી આ વિકૃતિને ખંખેરી-ફગાવી એ મનની શક્તિઓને પ્રકૃતિ તરફ વાળવી. અત્યારે ફક્ત એટલું જ કરવાનું અને કલ્પના-

યોગ તમને એમાં મદદ કરશે.' થોડી વાર પછી મેં કહ્યું: 'મેં તમારા પ્રશ્નોનો જવાબ આપ્યો છે. હવે હું તમારા વિશે જાણવા ઇચ્છું છું.'

અલખ આનંદની ભયાનકતા અલોપ થઈ ગઈ હતી. નજીક આવતાં જ માનવીઓ એકબીજાને ઓળખવા લાગે અને આશંકાઓ નાબૂદ થાય એમ અમે વધુ નજીક આવ્યા હોઈએ એમ મેં અનુભવ્યું.

'હું યાદ કરું છું - કરી શકું છું ત્યારથી જ મને ખબર છે કે હું આ અઘોરીઓ સાથે છું, ખૂબ નાનો હતો ત્યારથી. તમને ખબર છે, આ અઘોરીઓ ક્યાંથી આવે છે? એમની જમાત કેવી રીતે વિસ્તરે છે? અઘોરીઓ મરે પછી નવા અઘોરીઓ ક્યાંથી આવે છે?'

મેં હસીને ડોકું હલાવી 'ના' પાડી.

'અઘોરીઓની જમાત વિશિષ્ટ માનસિક શક્તિ ધરાવતા બાળકોનું ક્યારેક અપહરણ કરે છે. ક્યારેક કોઈ સંસારીની વિશિષ્ટ સેવા બદલ એમને એકાદ બાળક દાનમાં પણ મળે છે. ભાગ્યે જ આ નિકુંભ આનંદ જેવા ભણેલાઓ સ્વેચ્છાએ આ જમાતમાં ભળે છે. તેમને ભળવા દેવામાં આવતાય નથી, કારણ કે બહારના મોટી ઉંમરે જમાતમાં ભરતી થનારાઓ પર શંકાની નજર રખાય છે. નિકુંભ એનો વૃત્તાંત તમને કહેશે. અઘોરીઓને પોતાનું બાળક હોતું નથી. અઘોરી ક્યારેય રેતસનો ક્ષય કરતો નથી. રેતસને એ પોતાના શરીરમાં જ સમાવે છે.'

'તાંત્રિક સંભોગ કરવા છતાંય?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'સ્ખલન કરનારો અઘોરી ધર્મથી પણ સ્ખલિત થઈ જાય છે. એને ભયાનક સજા કરવામાં આવે છે.' વાત આડે પાટે ચડી ગઈ પણ રસપ્રદ હોવાથી મેં એમને ટોક્યા નહીં. એ જાતે જ ફરી પોતાનાં વૃત્તાંત પર આવ્યા:

'મેં મારી આસપાસ હમેશાં આ અઘોરીઓને જ જોયા છે. ગામેગામ ભટકતાં અમે શિક્ષા પ્રાપ્ત કરીએ છીએ. મને અહીં જ દીક્ષા આપવામાં આવી, મંત્રસિદ્ધિના પ્રયોગો શીખવવામાં આવ્યા અને હું મારી શક્તિઓમાં વૃદ્ધિ અનુભવવા લાગ્યો. મારી દૃષ્ટિ પડતી અને વૃક્ષ સુકાવા લાગતાં. મારી આંખો ફરતી અને પશુઓ તરફડવા લાગતાં, પક્ષીઓ પ્રાણ ત્યજી દેતાં. હું મારી જાતને દૈવી શક્તિઓથી વિભૂષિત માનવા લાગ્યો. મહાશક્તિ ચામુંડાની અસીમ કૃપાનો હું અનુભવ કરવા લાગ્યો. જીવંત મનુષ્યો તો ઠીક પશુઓ અને પક્ષીઓ ઉપરાંત મૃતાત્માઓ પર પણ જોતજોતામાં મેં કાબૂ મેળવી લીધો હતો. હું આજ્ઞા કરતો અને ભલભલા આત્માઓ મારી સામે આવી પ્રત્યક્ષ થતા. હું એમને જોઈ શકતો, અનુભવી શકતો અને એક દિવસ એકાએક મને લાગ્યું કે આ બધી ભ્રમણા છે. એ ભ્રમણાને હું સમજી શકતો નહોતો. આત્માઓ જાણે મને છળતા હોય એવો ભાસ થવા લાગ્યો. જે જીવાત્માઓ પર મેં અધિકાર જમાવ્યો હતો એ જ આત્માઓ હવે મારી પાછળ લાગ્યા હતા.

આ છલનાના કારણે હું વ્યગ્ર બન્યો હતો.' અલખ આનંદ આટલું કહી મારી સામે જોવા લાગ્યા. એમની આંખોમાં પ્રશ્નો હતા. મેં કહ્યું:

'મનની ભ્રમણા ઉત્પન્ન કરવાની શક્તિનો આ પ્રભાવ છે. યોગીઓ, જ્ઞાનીઓ આને માયા કહે છે. આ શક્તિને ન સમજી શકવાના કારણે જ મનને મારવાની, દાબવાની, નકામું બનાવી દેવાની ચેષ્ટાઓનો પ્રારંભ થયો. બંધનમાંથી છૂટવા મથતા માનવીને આ મન છલના કરી નવાં બંધનોમાં બાંધે છે. અપૂરતા જ્ઞાનના કારણે અને મનને - મનની કલ્પનાશક્તિને ખતમ કરવાના કારણે આમ બને છે. કામ, ક્રોધ, લોભ, મોહમાંથી છૂટવા મથતા માનવીને માયા પુનર્જન્મની કામના, આ જન્મ પર ક્રોધ, મોક્ષનો લોભ અને સ્વર્ગનો મોહ આપે છે. સત્યને પામવાની કલ્પનાશક્તિ નષ્ટ થઈ હોવાના કારણે ઈશ્વરપ્રાપ્તિની ભ્રમણા થતાં જ એ સિદ્ધિ પ્રાપ્ત થયાનું માની લે છે, જેમ તમે કોઈક શક્તિ પ્રાપ્ત થતાં જ દૈવી કૃપા થઈ એમ માનો છો તેમ જ. કલ્પનાશક્તિ ગુમાવી બેઠેલો માનવી કાલ્પનિક ભ્રમણાને સત્ય માને છે, જેમ તમે આત્માને - એની છલનાને સત્ય માની લ્યો છો તેમ.'

'આ ભ્રમણામાં પણ સત્યાંશ અનુભવાય છે.' અલખ આનંદે પૂછ્યું: 'ક્યારેક આ ભ્રમણા પણ સત્યનો અનુભવ કરાવે છે, એમ શા માટે બને છે?'

'દાખલા તરીકે?' મેં પૂછ્યું.

'કેટલીક વ્યક્તિઓ એમનાં મૃત સ્વજનોના આત્માને ખરેખર જ પ્રત્યક્ષ આવેલો અનુભવે છે, એમની સાથે વાતચીત કરે છે. એ પ્રયોગ સંતોષકારક પણ હોય છે. આમ કેવી રીતે બની શકે?'

'અચેતન મનમાં સચવાયેલી સ્મૃતિઓ જ આ છલના કરે છે. હું મારા કોઈ સ્વજનના આત્માને પ્લેન્ચેટ અથવા માધ્યમ દ્વારા બોલાવું છું ત્યારે સ્મૃતિમાં મેં કલ્પી લીધેલા સવાલો-પ્રસંગો વગેરે સામે આવે છે, ત્યારે મને આત્માનો ભ્રમ થાય છે.' થોડી વાર રહી મેં ઉમેર્યું, 'આત્મા જો અનેક શરીર બદલતો હોય તો એ કોઈ એક વ્યકિતનો આત્મા છે એમ કહી શકાય?' અલખ આનંદ પાસે આનો જવાબ નહોતો. એણે કહ્યું:

'તમારી વાતો કંઈક પ્રતીતિકર લાગે છે. છતાંય...'

'અનુભવ્યા વગર એને માની લેશો નહીં.' મેં તરત જ કહ્યું: 'વાતો માની લેવાથી જ જ્ઞાનને અને માનવીને, કલ્પનાશક્તિને ભયાનક નુકસાન થાય છે - થયું છે.'

'પરકાયા- પ્રવેશનો પ્રયોગ તમે જોયો છે?' અલખ આનંદે પૂછ્યું.

'સાંભળ્યો છે, જોયો નથી.' મેં કહ્યું.

'વામદેવ એ પ્રયોગ કરે છે. પરાત્પર પણ કરી શકે છે.' નિકુંભ બોલ્યો.

'જોવા મળે?' મારી જિજ્ઞાસા સળવળી.

'એ પ્રયોગ જોયા પછી તમે આત્મા છે એમ માનશો?' અલખ આનંદે પૂછ્યું.

'પ્રયોગથી પ્રતીતિ થશે તો અવશ્ય. મારી માન્યતાઓ જડ નથી.'

સાંજ સુધીનો સમય તો ચાલ્યો ગયો. બીજા એક પાડાનું બલિદાન. પેલી બાલિકાને બોલાવી વામદેવે ફરી પૂતલિકા-પ્રયોગ કર્યો. માટીના પૂતળામાં એ ધારદાર હથિયાર ભોંકતો અને પેલી માસૂમ છોકરી વેદનાની ચીસ પાડી ઊઠતી. નિકુંભે પૂછ્યું:

'આ કેમ થાય છે? તમારી રીતે આનો કોઈ જવાબ તમારી પાસે છે? તમે કાલે કહ્યું તેમ શાણ્ડિલ્યનાથે પૂતળાની ડોક તોડી અને તમારો મિત્ર જગજિત મૃત્યુ પામ્યો. આ પૂતળા અને વ્યક્તિ વચ્ચે શા સંબંધ છે?'

જવાબ ન આપતાં હું એને વામદેવની નજીક ખેંચી ગયો. યજ્ઞકુંડની સામે જ એક ઊંચી પાટ પર છોકરીને સુવાડવામાં આવી હતી. એ સાવ અચેત હતી. મોઢા અને શરીર પર ચોપડેલા અને હવે સુકાઈ ગયેલા માટી જેવા લેપને કારણે એ પણ જાણે માટીની પૂતળી હોય એવી લાગતી હતી. એનાથી થોડે દૂર વામદેવ પદ્માસન વાળી બેઠો હતો. એની સામે જ ગઈ કાલે બનાવેલું માટીનું પૂતળું હતું. અઘોરીઓનું ટોળું એમને ઘેરીને ઊભું હતું. આગલા દિવસ જેવી જ ઉત્તેજના અને ઉશ્કેરાટ ત્યારે પણ હતાં. તીક્ષ્ણ હથિયાર અધ્ધર ઝાલી રાખ્યું હતું. એના હોઠ ફફડતા હતા અને એ મંત્રોચ્ચાર કરતા હોય એમ લાગતું હતું. થોડીથોડી વારે એ પેલા પૂતળામાં હથિયાર ભોંકતો અને છોકરી વેદનાથી ચીસ પાડી ઊઠતી. સાથે જ અઘોરીઓ હર્ષનાદ કરતા હતા. અદિતિ અને પરાત્પર પણ એક બાજુ ઊભાં-ઊભાં આ વિધિ જોઈ રહ્યાં હતાં.

હું નિકુંભને લઈ ફરી બહાર આવ્યો. ઓટલા પર એકાંત જગ્યા જોઈ અમે બેઠા. મેં કહ્યું: 'વામદેવના આ પ્રયોગમાં પૂતળાનું કશું મહત્ત્વ નથી. એમનું સબળ મન છોકરીને વેદના - દર્દ પહોંચાડવાનો સંકલ્પ કરે છે અને છોકરીને વેદના થાય છે. માટીના પૂતળા સાથે એમની સાધના જોડાઈ ગઈ છે એ કારણે એમના મનને કેન્દ્રિત કરવા એનો ઉપયોગ થાય છે એ ખરું પણ એની આવશ્યકતા નથી. પૂતળા અને પેલી માસૂમ છોકરીને જો કોઈ સંબંધ હોય તો અન્ય કોઈ એ પૂતળાને વેદના પહોંચાડે તો છોકરીને વેદના થવી જોઈએ, પણ એમ થશે નહીં એની મને ખાતરી છે. ફક્ત વામદેવ જ એ કરી શકે, કારણ કે છોકરીનું અજ્ઞાત મન વામદેવની સબળ માનસશક્તિના કબજામાં છે. ઇચ્છો તો તમે પૂતળાને વેદના પહોંચાડી ખાતરી કરી જુઓ.'

નિકુંભ આનંદ ચૂપ રહ્યો.

'આજે પણ તાંત્રિક સંભોગનો પ્રયોગ થશે?' મેં પૂછ્યું.

'સાધના ચાલશે તે દરમિયાન રોજ થશે.' નિકુંભે કહ્યું.

'એક સ્ત્રી એક પુરુષને એ પ્રયોગ પછી મારે મળવું પડશે. એ પ્રયોગ દરમિયાન એ કેવો અનુભવ કરે છે એ મારે જાણવું છે. બની શકશે?'

'માતા અદિતિ અને પરાત્પરની આજ્ઞા મેળવવી પડશે. આશા છે, મળી જશે.'

'આટલું કામ અવશ્ય કરજો.' મેં વિંનતી કરી, 'પ્રત્યક્ષ ભાગ લેનારની પ્રતિક્રિયાઓ જાણ્યા સિવાય તમારા આ પ્રયોગને જાણવાનો મારી પાસે કોઈ અન્ય માર્ગ નથી.'

એ હસ્યો.

સૂર્યાસ્ત થયા પછી યજ્ઞ પાસેથી ટોળું વીખરાયું. અઘોરીઓ એમનું ભોજન કરવા ગયા અને એ દરમિયાન મેં પણ પેટપૂજા કરી લીધી. થોડી વાર પછી ચોગાન મશાલના અજવાળામાં ઝગમગી રહ્યું હતું. કાળા આકાશમાં તારાઓ સ્પષ્ટ દેખાતા હતા અને તમરાંઓનો એકધારો અવાજ રાત તરડાતી હોય એવો આભાસ ઉત્પન્ન કરતો હતો. નિકુંભ આવ્યો, બોલ્યો: 'વામદેવજી તમને પરકાયા-પ્રવેશનો પ્રયોગ બતાવવા તૈયાર થયા છે. અત્યારે જ ચાલો.'

મારે બીજું કામેય શું હતું?

એક પછી એક ઓરડા પસાર કરતા અમે જેનું બલિદાન આપવાનું હતું અને જેની પર થોડા સમય પહેલાં જ પૂતલિકા-પ્રયોગ કરવામાં આવી રહ્યો હતો એ છોકરીને જ્યાં રાખવામાં આવી હતી એ ઓરડા પાસે પહોંચ્યા. ઓરડામાંથી વિચિત્ર સુગંધ આવી રહી હતી. એ સુગંધ સાથે મશાલમાં બળતા તેલની વાસ ભળવાથી વિચિત્ર અનુભૂતિ થતી હતી.

વામદેવ એક ઊંચા આસન પર છોકરીની બાજુમાં જ બેઠો હતો. બાબા ભૈરવનાથ પણ તે સમયે ત્યાં હાજર હતા. એમણે મારી તરફ સ્મિત કર્યું. મેં બન્નેને અભિવાદન કરી એક આસન પર જગ્યા લીધી. કેટલીક સાવ ઔપચારિક વાતો પછી વામદેવ કહ્યું: 'મૃત અને જીવંત શરીર વચ્ચેનો ભેદ તમે પારખી શકો છે ખરા?'

'કોઈ ડૉક્ટર જેટલી ચોકસાઈથી નહીં, પણ સામાન્ય રીતે ભેદ ખબર પડે.' મેં કહ્યું.

'આગળ આવી જુઓ, આ છોકરી જીવે છે કે મૃત્યુ પામી છે?' વામદેવની આ વિચિત્ર વાતથી હું હેબતાઈ જ ગયો.

'આવો, તપાસી જુઓ. તમે જે પરકાયાપ્રવેશનો પ્રયોગ જોવા ઇચ્છો છો તેનો આ એક ભાગ જ છે.' બાબા ભૈરવનાથે કહ્યું.

હું પેલી છોકરી પાસે ગયો. જરા પણ હલનચલન ક્યાંય દેખાતું નહોતું. મેં એની છાતી પર, હૃદય પાસે મારો કાન મૂક્યો. કોઈ અવાજ ત્યાં સંભળાતો નહોતો. એના નાક પાસે મેં મારો હાથ મૂક્યો. શ્વાસોચ્છ્વાસની ક્રિયા સાવ બંધ હતી.

'આ તો મરી ગઈ છે!' મેં ચોંકીને કહ્યું.

'તમને ખાતરી છે?' વામદેવે પૂછ્યું.

મેં નિકુંભ સામે જોયું, 'આ ડૉક્ટર હતા; એમને તપાસવા કહો.'

'એમના નિર્ણય ઉપર તમે શંકા તો નહીં કરોને?'

મેં ડોકું ધુણાવી ના પાડી. નિકુંભ આનંદે એ છોકરીની નાડ તપાસી, એ જરા પણ ચાલતી નહોતી.

'એ મૃત્યુ પામી છે.' નિકુંભે કહ્યું.

અચાનક મારા મનમાં વિચાર આવ્યો. એ છોકરીના મૃત્યુની ખાતરી અપૂરતી હતી. મેં વામદેવને કહ્યું, 'એ છોકરીના પગને અગ્નિનો સ્પર્શ કરાવીએ. એ જીવતી હશે તો વેદનાની ચીસ પાડી ઊઠશે.'

'ત્યાંથી મશાલ ઊંચકી તમે જ એ પ્રયોગ કરો.' વામદેવે કહ્યું.

દીવાલ પાસે જઈ મેં મશાલ લીધી. ધીરેધીરે પેલી યુવતી પાસે પહોંચ્યો. ઘડીભર એના માસૂમ ચહેરાને તાકી રહ્યો. નજર એના શરીર પર ફરી વળી. એ મડદાની જેમ સ્થિર પડી હતી. એના બન્ને પગ અક્કડ અને સીધા હતા. મેં એના પગના નાજુક અંગૂઠા પર મારું ધ્યાન કેન્દ્રિત કર્યું. એ અંગૂઠાને મશાલનો સ્પર્શ કરાવવાનું નક્કી કરી મેં મશાલને એ પગ પાસે લીધી. મારા હાથ ધ્રૂજતા હતા. કપાળ પરથી પરસેવો ટપકવા લાગ્યો. આંખોમાં બળતરા થવા લાગી અને હોઠ સુકાવા લાગ્યા. એકાદ ક્ષણ માંડ એના અંગૂઠાને મેં મશાલનો સ્પર્શ કરાવ્યો હશે, ત્યાં જ મારા હાથમાંથી મશાલ છટકી ગઈ.

એ છોકરી કશી પણ વેદનાનો અહેસાસ કર્યા વગર નિશ્ચેષ્ટ, નિષ્પ્રાણ પડી હતી.

○ ○ ○

પ્રકરણ ૧૪

હું ફરી મારા આસન પર જઈ બેઠો.

'આ યુવતીમાં પ્રાણ નથી. એના પ્રાણ મેં પૂતળીમાં કેદ કર્યા છે. હવે થોડી જ ક્ષણો પછી મારો જીવ, મારો આત્મા, મારો પ્રાણ આ યુવતીના શરીરમાં પ્રવેશ કરશે.' વામદેવ ખૂબ જ ગંભીર અવાજે બોલ્યા.

'અમને એની ખાતરી કેવી રીતે થશે?' મેં ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'થશે.' ફક્ત એક જ શબ્દમાં વામદેવે જવાબ આપ્યો.

વામદેવે મંત્રોચ્ચાર શરૂ કર્યા. મંત્રશક્તિની અનુભૂતિ ખૂબ જ તીવ્ર હતી. વામદેવની સાધના અને શક્તિનો એ પ્રતાપ હતો. સમગ્ર જગતનું વાતાવરણ જાણે સાવ સ્તબ્ધ બની ગયું હોય એવી શાંતિ અનુભવાતી હતી. પ્રાણવાયુની શુદ્ધતા અને હાજરીની ખાતરી મને મારા શ્વાસોચ્છ્વાસમાં પણ થવા લાગી. મારો શ્વાસોચ્છ્વાસ પણ આપોઆપ જોરથી ચાલવા લાગ્યો. આવી અદ્‌ભુત શક્તિ મેં ભાગ્યે જ કોઈ સાધકમાં જોઈ હતી. દસપંદર મિનિટ પછી વામદેવનું શરીર શાંત થવા લાગ્યું. એના શરીરમાં જડતા પ્રવેશી. પેટ અને છાતીનું હલનચલન સાવ રોકાઈ ગયું. સાથે જ પેલી છોકરીના શરીરમાં હલનચલન થવા લાગ્યું. એની છાતી અને પેટમાં કંપન જોઈ શકાતું હતું. વામદેવનું શરીર નિશ્ચેષ્ટ થવા લાગ્યું તેમ છોકરી સચેત થવા લાગી. થોડી વાર પછી વામદેવ એમના આસન પર ઢળી પડ્યા અને તરત જ છોકરીએ આંખ ખોલી નાખી.

આ અજબ તમાશાથી હું એવો હેબતાયો હતો કે મને કંઈ સૂઝ્યું ન હતું. મેં મને જ ચીંટિયો ભરી ખાતરી કરી લીધી કે હું કોઈ સંમોહનની અસર નીચે નથી. વામદેવના શરીર અને છોકરીના શરીર સાથે જે મારી આંખ સામે બન્યું એથી તો સ્પષ્ટ રીતે સમજાતું હતું કે વામદેવના પ્રાણે - આત્માએ પેલી છોકરીના શરીરમાં પ્રવેશ કર્યો હતો!

એકાએક છોકરી આસન પર બેઠી થઈ. થોડી જ વાર પહેલાં જેને મેં મરેલી જાહેર કરી હતી એને આમ બેઠી થતી જોઈ મારું દિલ કંપવા લાગ્યું. મેં મારા ભય પર કાબૂ મેળવવાનો પ્રયાસ આદર્યો, તે જ સમયે છોકરીએ મારી તરફ જોઈ કહ્યું:

'હું છોકરીના શરીરમાં પ્રવેશેલો વામદેવનો આત્મા છું. તમારે જે કંઈ પૂછવું હોય તે મને પૂછો.'

મને ચક્કર આવવા લાગ્યાં. આખા ઓરડાને ડોલતો અને ફરતો હું અનુભવવા લાગ્યો. છોકરીના મોઢામાંથી વામદેવનો ઘેરો, ગંભીર અવાજ આવી રહ્યો હતો અને વામદેવ તો ત્યાં નિશ્ચેષ્ટ પડ્યા હતા!

હું સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે થોડી વાર શાંત બેસી રહ્યો. આ તમાશો જોવા હવે ખાસ્સી ભીડ જામી હતી. મેં મારી નજર એ છોકરી પર સ્થિર કરી. એ માસૂમ છોકરી અત્યારે ભયાનક દેખાતી હતી, એના શરીર પર અને ચહેરા પર ચોંટેલા લેપને કારણે અને એના ભયાનક હાવભાવ અને લાલઘૂમ આંખોના કારણે આ ભયાનકતામાં વધારો થતો હતો. થોડી વારની સ્તબ્ધતા પછી એ પોતાના બન્ને હાથ આગળ ટેકવી મારા તરફ ઝૂકી અને મોઢું ફાડી મારી તરફ 'હાઆઆઆ' કરી પોતાનો ઉચ્છ્વાસ ફેંક્યો. એના ગરમ ઉચ્છ્વાસમાં ગાંજાની તીવ્ર વાસ આવતી હતી. હું, એ છોકરી ઉપરાંત ત્યાંના બધા જ અઘોરીઓ વામદેવની શક્તિની પકડમાં આવી ગયા હતા.

મારે એ અસરમાંથી મુક્તિ મેળવવા સાથે જ એ છોકરીને પણ અસરમાંથી મુક્તિ અપાવવી આવશ્યક હતી.

વ્યક્તિમાં દેવ-દેવી આવવાના તમાશા મેં જોયા હતા. આવા તમાશામાં ગ્રસ્ત થયેલી વ્યક્તિ પોતાને એ દેવ કે દેવી સમજીને એવું જ વર્તન કરે છે. એક છોકરીના શરીરમાં હનુમાન આવતા ત્યારે એ ભયાનક કૂદાકૂદ કરતી અને અસીમ બળનું પ્રદર્શન પણ કરતી હતી. આ અગાઉ હું કહી ચૂક્યો છું એમ શક્તિશાળી મનને દબાવી રાખવાથી ઉત્પન્ન થતી ભ્રમણાનું આ પરિણામ હોય છે. આ વામદેવ-અઘોરી એ માસૂમ છોકરીના દિલોદિમાગ પર ઘણા સમયથી સવાર થયો હોય તો જ આમ બનવું શક્ય હતું. આ હું સમજી શકતો હતો, પણ ત્યાં એ પુરવાર કરવા માટે ફક્ત ભાષણ કરવાથી ચાલે એમ નહોતું.

'વામદેવજી, તમને આ છોકરીના શરીરમાં કેવો અનુભવ થાય છે?' આખરે મેં પ્રશ્ન કર્યો.

'સરસ.'

'આપ આ નવા શરીરમાં આનંદમાં છો?'

'હા.'

'આપે આ છોકરીના શરીરમાં પ્રવેશ કેવી રીતે, ક્યાંથી કર્યો?'

'નાસિકા દ્વારા, મારી દૈવી શક્તિથી.'

'આત્માનું સ્વરૂપ કેવું હોય છે?'

'દિવ્ય જ્યોતિ જેવું.'

'સ્મૃતિ ક્યાં રહે છે?'

'માનવીના મસ્તકમાં.'

'આત્મા અને સ્મૃતિને સંબંધ છે?' મેં પૂછ્યું. થોડી વાર ખામોશી રહી. એ પછી છોકરીના મુખ દ્વારા વામદેવનો અવાજ આવ્યો:

'ના.'

'તમે વામદેવજીને ઓળખો છો?'

'હું વામદેવ છું.'

'આત્માનું નામ વામદેવ છે કે શરીરનું?'

થોડી વાર ખામોશી અને ફરીથી એક તીવ્ર વાસવાળો ફુત્કાર એ છોકરીએ કર્યો.

મને થયું કે એ જવાબ ટાળવા ઇચ્છે છે.

મેં બીજો પ્રશ્ન કર્યો: 'શરીર અને આત્માને શો સંબંધ છે?'

'રથી અને રથનો.' જવાબ તરત મળ્યો.

'અગ્નિ અને સમિધ એ દૃષ્ટાંત વધુ સચોટ નથી?'

'કોઈ ફરક નથી.'

'બન્ને ખોટાં છે.' મેં કહ્યું.

'પુરવાર કરી શકશો?'

'શરીરને જીર્ણ વસ્ત્ર, રથ કે સમિધ સાથે સરખાવવું એ મૂર્ખતા છે. સ્ત્રી-શરીર અને પુરુષ-શરીર એક અન્ય શરીરનું નિર્માણ કરે છે. વસ્ત્ર, રથ અને સમિધ આમ કરી શકતાં નથી. શરીર સંપૂર્ણ રીતે જ ચેતનામય શક્તિથી વિભૂષિત છે. શરીરના નિર્માણની સાથે જ એના અણુઅણુમાં ચેતનાનો પ્રવાહ વહેવા લાગે છે. એનામાં કોઈ આત્મા પ્રવેશતો નથી. શરીર મૃત્યુ પામે છે ત્યારે કોઈ આત્મા ચાલ્યો જતો નથી, ફક્ત ચેતના સાથેનો એનો સંબંધ તૂટે છે - કપાય છે. વીજળીનો ગોળો પ્રકાશતો બંધ થાય તો એમાંથી કંઈ વીજળી ચાલી નથી જતી, પ્રવાહ સાથેનો સંબંધ તૂટે છે. એવી જ રીતે વસ્ત્ર, રથ અને સમિધ ફક્ત એક ચેતનામય પ્રવાહ સાથેનો સંબંધ જ ગુમાવે છે.'

'મૂર્ખ!' છોકરીના મુખમાંથી વામદેવ બરાડ્યો. હાથ પછાડી ઊછળવા લાગ્યો. ક્રોધથી લાલ આંખો સળગી ઊઠી હતી.

'આત્મા ક્રોધ કરતો નથી.' મેં ધીરેથી કહ્યું.

આ દરમિયાન અદિતિ મારી પાછળ આવી બેસી ગયાં હતાં. એમણે મારા તરફ ઝૂકી કાનમાં ખૂબ જ ધીરેથી કહ્યું, 'આ વિવાદ બંધ કરો. પ્રયોગથી સંતોષ થયાનું જણાવી તમે એમને પાછા પોતાના શરીરમાં જવા કહો.'

થોડી વાર હું ચૂપ બેસી રહ્યો, વિચારતો રહ્યો. માતા અદિતિની સલાહ મને વાજબી લાગી. મારે જે જાણવું હતું તે મેં જાણી લીધું હતું. કદાચ અદિતિ અને નિકુંભે પણ જાણી લીધું હતું. એ ક્રોધી અઘોરીને વધુ ભડકાવવો યોગ્ય ન લાગવાથી મેં અદિતિની સલાહ પ્રમાણે કર્યું.

છોકરી થોડી વાર ભયાનક ધમપછાડા કરતી રહી, પછી ધીરેધીરે શાંત થવા લાગી. અદિતિએ એને પહેલાં સૂતી હતી એમ સુવડાવી. એ ફરીથી સાવ નિશ્ચેષ્ટ બની ગઈ અને વામદેવજીએ પહેલાંની જેમ જ મંત્રોચ્ચાર કરતાં સ્વસ્થતા પ્રાપ્ત કરી. ત્યાં જમા થયેલા અઘોરીઓએ વામદેવનો જયજયકાર કર્યો. વામદેવે એ સહુનું અભિવાદન સ્વીકાર્યું અને મારા તરફ નજર કરી ત્યારે એ નજરનો ક્ષોભ અને તિરસ્કાર હું પામી ગયો હતો. મને થયું કે માતા અદિતિની સલાહ સ્વીકારીને મેં ડહાપણ જ કર્યું છે. બાબા ભૈરવનાથ સાથે થોડી વાતો કરી અમે બહાર નીકળ્યા.

નિકુંભ આનંદ આગળ ચાલતો હતો. હું થોડાં ડગલાં પાછળ હતો. અચાનક એક ઓરડામાંથી વિતથનાથ નીકળી આવ્યા અને કહેવા લાગ્યા: 'વામદેવ મહામૂર્ખ અને ઘમંડી છે. એના ઘમંડને ચૂર્ણ થતો જોઈ આજે મને આનંદ થયો છે.' હું કંઈ બોલ્યો નહીં. એમની ક્ષમા માગી આગળ ચાલવા લાગ્યો.

ચોગાનમાં તાંત્રિક મૈથુનના પ્રયોગ માટેની તૈયારીઓ ચાલી રહી હતી. અમે ત્યાંથી થોડે દૂરના એક તાપણા પાસે જઈ બેઠા. જંગલની રાત ફરી એક વાર એની ભયાનકતા ધારણ કરવા લાગી હતી. જંગલી જનાવરોનો ઘુરકાટ અને શિયાળની લાળી કંપાવી મૂકે એવાં હતાં. ત્યાં બેઠાં એક વાર વિચાર આવી ગયો કે મારે હવે અહીંથી વળતી સવારે જ વિદાય લઈ લેવી જોઈએ. જિજ્ઞાસુ મન બલિદાનની રાત સુધી રોકાઈ જવા દલીલો કરી મનાવવા લાગ્યું. રોજરોજ એકનો એક કાર્યક્રમ જોવાનો અને અઘોરીઓ સાથે વિનાકારણ દલીલોમાં ઊતરી ઝઘડો વહોરી લેવાનું પણ યોગ્ય ન હતું, આમ છતાં અનાયાસ એમ થઈ જતું અને એનાં ખતરનાક પરિણામો ભોગવવાની મારી તૈયારી નહોતી. હું દ્વિધા અનુભવતો બેઠો રહ્યો. નિરાશા પણ અનુભવતો હતો. કોઈ અઘોરીના ઘમંડને ચૂર કરવા કે મારા અભિમાનને પોષવા હું અહીં આવ્યો ન હતો. મારી જિજ્ઞાસા મને અહીં સુધી ખેંચી લાવી હતી અને એ જિજ્ઞાસાને તો હજી ક્યાં જરીયે સંતોષ થયો હતો?

થોડી વાર પછી બાબા અલખ આનંદ પણ ત્યાં આવી પહોંચ્યા. બેસતાંવેંત જ એમણે પૂછ્યું: 'પરકાયા-પ્રવેશના પ્રયોગ વિશે તમારો શો અભિપ્રાય છે?'

'આપ ત્યાં જ હતા. આપને શું લાગ્યું?' મેં સામો પ્રશ્ન કરી એમનો અભિપ્રાય જાણવાની કોશિશ કરી.

'મને કશું સમજાયું નથી.' એમણે નિખાલસતાથી કહ્યું.

'બાબા અલખ આનંદ, તમે ભયાનક પૂતળા પાસે બોલાવો છો અને વામદેવ છોકરીના શરીર પાસે બોલાવે છે, એમાં ફરક નથી. તમે શબ્દભ્રમ કરો છો. એ વધુ શક્તિશાળી છે અને મન-કાયા પર ખૂબ આસાનીથી કબજો જમાવી શકે છે.'

'છોકરીનું શરીર મૃત શા માટે લાગતું હતું?'

'માનસિક શક્તિથી ચેતનાને ક્ષીણ કરી શકાય છે. અનેક યોગીઓ આ પ્રયોગ કરે છે. ખાસ કરીને હઠયોગીઓ તો પોતાના શરીરને કેટલાક દિવસો સુધી સાવ અચેતન અવસ્થામાં રાખી શકે છે. હકીકતમાં આવા પ્રયોગમાં ચેતના સાથેનો સંબંધ સાવ કપાતો નથી, ફક્ત ક્ષીણ થાય છે - એટલો ક્ષીણ થાય છે કે આપણે એને મૃત સમજી લઈએ છીએ.' થોડી વાર પછી મેં ઉમેર્યું, 'છોકરીની ચેતના ક્ષીણ થઈ હતી. સાવ સાધારણ મનશક્તિ જાગૃત થયેલી અને ચેતના ખોઈ બેઠેલી છોકરી પર વામદેવ જેવો સમર્થ શક્તિ - માનસિક શક્તિ ધરાવતો અઘોરી કબજો જમાવી શકે એમાં કોઈ આશ્ચર્ય નથી. હકકીતમાં તો વામદેવના મનની આ વિકૃતિ છે. આ પ્રયોગ-સિદ્ધિઓ પછી એની સાધના અને શક્તિની ઇતિશ્રી આવી ગઈ છે. દૈવીશક્તિની ભ્રમણાએ એના ઘમંડને ચરમસીમાએ પહોંચાડ્યો છે અને એ હવે આગળ વધવાનું ભૂલી ગયો છે.'

'આત્મા વિશેના તમારા વિચારોમાં આ પ્રયોગ પછી કોઈ ફરક પડ્યો ખરો?' અલખ આનંદે ફરી પૂછ્યું.

'જરા પણ નહીં. ઊલટા મારા એ વિચારો વધુ દૃઢ થયા છે. વામદેવ સાથેના સંવાદમાં તમે જોયું કે મેં સ્મૃતિ વિષે પૂછ્યું હતું. સ્મૃતિ શરીર સાથે રહે છે. સ્મૃતિ નાશ પામે છે, ક્ષીણ થાય છે. આત્મા હોય તો એને સ્મૃતિ-જ્ઞાન-લાગણી સાથે કોઈ સંબંધ હોઈ શકે નહીં. વામદેવનો આત્મા સ્મૃતિ અને જ્ઞાન કહેતો હતો અને ક્રોધ જેવી લાગણી વ્યક્ત કરતો હતાં. એ ઢોંગ અને બનાવટ હતાં. દીપકના તેલ અને માટીના કોડિયામાં પ્રકાશવાનો અને બાળવાનો ગુણ આવી શકતો નથી. તેલમાં સૂક્ષ્મ રીતે પ્રકાશ અને ગરમી તમે ફક્ત કલ્પનાથી અનુભવી શકો. આ કલ્પના અજ્ઞાનના કારણે ન પચે તો ભ્રમણા બને છે અને જ્ઞાનનો વિસ્તાર કરે તો સ્વયં પ્રકાશ બને છે.'

અલખ આનંદને સંતોષ થયો હોય એમ મને લાગ્યું.

○ ○ ○

વાતના ક્રમને અતિક્રમીને આ જ પ્રસંગ અંગે માતા અદિતિ સાથે થયેલી ચર્ચા અહીં નોંધી લઉં.

આમ તો એમણે અઘોરીઓ સાથે આવી ચર્ચામાં સાવધ રહેવા માટે ચેતવણી આપવા જ મને બોલાવ્યો હતો.

'અઘોરીઓ પંડિત હોતા નથી. એ ઉપરાંત એમની સિદ્ધિઓમાં એમને દૃઢ વિશ્વાસ છે. આ વિશ્વાસને ડગાવવાની કોઈ કોશિશ કરે તો એ અહીં કોઈ સાંખી લેશે નહીં. તમે અમારા મહેમાન છો. બાબા ભૈરવનાથે તમારા વિશે

ખાતરી આપી હોવાના કારણે જ તમને અહીં પ્રવેશ મળ્યો છે.' આવું અને આવા મતલબનું એમણે મને એક લાંબું ભાષણ આપ્યું હતું.

'મારો એવો કોઈ આશય નથી. જિજ્ઞાસાવૃત્તિ અને સત્ય પામવાની ઇચ્છાના કારણે ક્યારેક મારાથી અયોગ્ય વર્તન થયું હોય તો હું માફી ચાહું છું.' મેં નમ્રતાથી કહ્યું; પછી ઉમેર્યું, 'આત્મા વિશે ખાતરી કરાવી શકે એવા કોઈ સંત-મહાત્માની શોધમાં હું હંમેશાં રહ્યો છું. કોઈ છળ અથવા ભ્રમણાને સહજતાથી સ્વીકારી શકતો નથી, એટલે જ ચર્ચામાં ઊતરી પડું છું.'

એ પછી એમણે આત્મા વિશેના મારા વિચારો જાણવાની ઇચ્છા વ્યક્ત કરી. ઠેઠ ચૈતન્યાનંદ સાથેના પ્રસંગથી શરૂ કરી મેં એમને બાબા અલખ આનંદ સાથે થયેલી વાતચીત સુધીના મારા અનુભવો કહ્યા. અલખ આનંદના છળની તો એમને પણ ખબર નહોતી, શબ્દભ્રમ વિશે જાણી એમણે ખૂબ જ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. વામદેવે પેલી માસૂમ છોકરી પર કેવી રીતે માનસિક રીતે કબજો જમાવ્યો હશે એ વિશેના મારા વિચારો પણ મેં એમને જણાવ્યા. એમણે તરત જ કહ્યું:

'તમારી વાતમાં કંઈ તથ્ય હોય એમ લાગે છે. વામદેવ ઘણા સમયથી આ છોકરીના સંપર્કમાં હતો. છોકરીનાં માબાપ વામદેવનાં અનન્ય ભક્ત છે. અહીં આ છોકરીને અમે લાવ્યાં એ પૂર્વે જ સખત તાવના કારણે એ છોકરી મૃત્યુ પામી છે, એમ માનવામાં આવતું હતું. છોકરીના મૃતદેહનો કબજો વામદેવે છોકરીનાં માબાપ પાસેથી માગી લીધો હતો. એ પછી છોકરી જીવતી હોવાની મને આશંકા થઈ આવી હતી!'

વામદેવ છોકરીની ચેતનાને ક્ષીણ કરી શક્યો હતો એની મને આનાથી ખાતરી થઈ ગઈ હતી.

વધુ એક વખત ચેતવીને અદિતિએ મને વિદાય કર્યો હતો.

○ ○ ○

ચોગાનની મધ્યમાં સ્ત્રીઓ અને અઘોરીઓ - દીક્ષાર્થી અઘોરીઓનું નૃત્ય ઉત્તેજનાની ચરમસીમાએ પહોંચી ગયું હતું. હું અને નિકુંભ આનંદ પણ ત્યાં ટોળામાં જઈ એ જોવા લાગ્યા.

તાંત્રિક સંભોગ અંગે અનેક વિચિત્ર માન્યતાઓ પ્રવર્તે છે. આ વિશે લખાયું છે પણ પુષ્કળ. આનાં મૂળ શિવપુરાણમાં છે. શિવપાર્વતીને આ તંત્રનાં પ્રણેતા માનવામાં આવે છે. બ્રહ્મચર્યના વિચારથી આ સાવ ભિન્ન - વિરુદ્ધ વિચાર છે. એક સામ્ય બન્નેમાં છે. મનોનિગ્રહને બન્નેએ સમાન મહત્ત્વ આપ્યું છે. બ્રહ્મચર્યપાલને એ પાલનકર્તાઓમાં મહદ્અંશે જે રીતે વિકૃતિઓ સર્જી એ જ રીતે આ તાંત્રિક સંભોગની ક્રિયાએ પણ એના સાધકોમાં ભયાનક વિકૃતિઓ સર્જી.

બ્રહ્મચર્ય કરતાં પણ તાંત્રિક સંભોગમાં વિકૃતિને વધુ અવકાશ હતો.

માનવી જ્યારથી જિંદગી વિષે વિચારતો થયો ત્યારથી જ એ જન્મ-મરણના બે છેડાઓને જોતો રહ્યો છે, તપાસતો રહ્યો છે અને ત્યારથી જ રહસ્ય પામવાની કોશિશ કરતો રહ્યો છે. સ્ત્રી-યોનિ દ્વારા જીવનના આગમન સાથે જ કદાચ સદીઓ પછી એને સંભોગની શક્તિનું ભાન થયું. પુરુષ અને સ્ત્રી બે ભિન્ન પ્રકારની પ્રકૃતિઓને પણ એ ઓળખવા લાગ્યો. આ બે શક્તિઓના સંયોજનનાં અદ્દભુત પરિણામો પણ એણે તપાસ્યાં. સંભોગમાં એક અપૂર્વ સુખ અને અદ્દભુત આનંદનો અનુભવ એણે જિંદગીમાં પ્રથમ વાર અનુભવ્યો. વારંવાર એ આનંદ-સુખ માણવાની લાલસાએ એને કામી-સંસારી બનાવ્યો. એ જ પ્રત્યાઘાતમાંથી બ્રહ્મચર્યના વિચારનું પણ સર્જન થયું. ક્ષણિક સુખ માટે સ્ત્રીઓ પાછળ ભાગતા પુરુષો - એ માટે યુદ્ધે ચડતા પુરુષો - એ માટે એકબીજાની હત્યા કરતા પુરુષો...કામ, ક્રોધ, લોભ, મોહમાંથી છૂટવા મથતા વિચારકોએ સંભોગેચ્છાને જ ફાંસીએ ચડાવવાનું નક્કી કરી એના મુખ પર બ્રહ્મચર્યનો બુરખો ઓઢાડી દીધો. આ બ્રહ્મચર્યથી એને કામ પર વિજય મેળવ્યાનો સંતોષ થયો. એ પોતાને શક્તિશાળી માનીને ભ્રમણામાં જીવવા લાગ્યો.

આ સાથે વામમાર્ગીઓએ આ બ્રહ્મચર્યના પ્રત્યાઘાત રૂપે જ તાંત્રિક મૈથુનને મહત્ત્વ આપ્યું. સ્ત્રી-પુરુષનું જોડકું અભિન્ન - અનિવાર્ય છે એ એમના મતે સ્પષ્ટ હતું. આમ છતાં સ્વેચ્છાચારને એ વામમાર્ગી વિચારકો પણ સંયમની લગામ બાંધવા ઇચ્છતા હતા. એમના વિચારમાં મહત્ત્વની વાત એ હતી ફક્ત સ્ત્રી કે ફક્ત પુરુષ અપૂર્ણ, અધૂરાં હતાં. આ અધૂરાશને પૂર્ણ કરવા માટે તાંત્રિક સંભોગની સાધના રચવામાં આવી હશે. અલબત્ત, આ કંઈ એક દિવસ, એક વર્ષ કે એક સદીમાં તૈયાર થયેલી સાધના નથી, હજારો વર્ષના અનુભવો, સંશોધનો, ભ્રમણાઓ, પ્રાપ્તિઓનો સાચોખોટો જવાબ છે.

આધુનિક વિદ્યુત એન્જિનિયરો નેગેટિવં-પોઝિટિવ પ્રવાહોને લઈ જેમ એક સંપૂર્ણ સર્કિટ - વર્તુળનું નિર્માણ કરે છે, એમ જ સ્ત્રી-પુરુષનાં બે અસમાન તત્ત્વોને સંયોજી આ તંત્રની રચના કરવામાં આવી છે. આ તાંત્રિક અઘોરીઓ કહે છે તેમ મૂળ ચોસઠ પ્રકારે આ સંયોજન થઈ શકે છે. સ્થૂળ રીતે જે તંત્ર બતાવવામાં આવે છે તે તો ભૂમિતિના અનેક આકારોના સંમિશ્રણ જેવા હોય છે. વિવિધ પ્રકારે સ્ત્રી-પુરુષ શરીરો જોડવાથી આ જ પ્રકારનાં શક્તિનાં વર્તુળો બન્ને વચ્ચે રચાય છે એમ માનવામાં આવે છે. સ્ખલનથી આ વર્તુળો તૂટે છે. એટલે તાંત્રિક સાધકો મનોનિગ્રહ વખતે સ્ખલનને રોકે છે. હકીકતમાં આ પ્રકારનો મનોનિગ્રહ - બ્રહ્મચર્યમાંના મનોનિગ્રહ કરતાં પણ સ્વાભાવિક રીતે જ પ્રબળ હોય છે.

મનોવૈજ્ઞાનિક અને ચિકિત્સકો માટે પડકારરૂપ થઈ પડે એવો આ કોયડો છે. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે મનને દાબવાથી મનની શક્તિઓ

ક્ષીણ થાય છે. બ્રહ્મચર્ય અને તાંત્રિક સંભોગમાં એથી ઊલટાં પરિણામો આવતાં મેં જોયાં છે. સમજપૂર્વક આચરવામાં આવતા બ્રહ્મચર્યથી બ્રહ્મચારીનાં તેજ-શક્તિ વધે છે. તાંત્રિક સાધકોમાં તો આ શક્તિ માપી શકાય, જોઈ શકાય, અનુભવી શકાય એટલી હદે ઊછળતી હોય છે.

દબાણથી થતા પ્રતિકારના કારણે નિર્મિત થતી શક્તિ પણ આ હોઈ શકે. મારી દૃષ્ટિએ તો વ્યક્તિના મને સ્વીકારી લીધેલા જ્ઞાનના કારણે બ્રહ્મચર્ય કે તાંત્રિક મૈથુનની સફળતાના કારણે એ જે આનંદ અનુભવે છે, તેનાથી જ એને આ શક્તિ પ્રાપ્ત થાય છે. બન્ને પ્રકારમાં મનને મારવાનું દૂષણ તો સરખું જ છે, એટલે જ આનંદ પ્રાપ્ત થયા છતાં મામૂલી સિદ્ધિઓના કારણે વ્યક્તિ ભ્રમણામાં ફસાઈને વિકૃત બને છે.

અચાનક થંભી ગયેલાં વાદ્યો અને ચીસાચીસથી મારી અને નિકુંભની ચર્ચા અટકી પડી. મશાલના ઝાંખા અજવાળામાં અને ટોળાની ભાગંભાગમાં શું થયું એ પણ કળવું મુશ્કેલ હતું. યજ્ઞની આસપાસ વિવિધ તાંત્રિક પ્રકારોમાં સંયોજાયેલાં યુવાન અઘોરીઓ અને સ્ત્રીઓ પડ્યાં હતાં. વામદેવ અને પેલો વશીકરણવાળો જાડો અઘોરી બૂમો પાડી કેટલાકને દોડાવી રહ્યો હતો. અલખ આનંદ એ દિશામાંથી જ અમારી તરફ આવ્યો ત્યારે ખબર પડી કે એક અઘોરી એક સ્ત્રીને ઉપાડીને જંગલ તરફ નાસી જવાની કોશિશ કરતો હતો. થોડી વાર પછી એ બન્નેને પકડીને યજ્ઞ પાસે હાજર કરવામાં આવ્યાં.

'બળાત્કાર માટે અમારામાં ખૂબ જ ક્રૂર સજા છે.' અલખ આનંદે કહ્યું, 'કાલે એનો ન્યાય પરાત્પર કરશે.'

એ થોડી વારની ધાંધલ શમ્યા પછી ફરી વાદ્યો ધીરેધીરે વાગવા લાગ્યાં. કાળી રાત અને ટમટમતા તારાઓ જાણે મૂર્છામાંથી જાગતાં હોય એમ પેલાં યુગલો ધીરેધીરે ઊભાં થઈ નૃત્ય કરવાં લાગ્યાં. બેએક કલાક ચાલેલા તાંત્રિક મૈથુન પછી પણ એમના નૃત્યમાં તાજગી અને ચેતના હતી. બીજા એકાદ કલાક પછી બેફામ ઉત્તેજનાથી નાચ્યા પછી એ રાત્રીનો કાર્યક્રમ પૂરો થયો.

નિકુંભ આનંદ મને એક યુગલ પાસે લઈ ગયો. અરસપરસ પરિચય કરાવ્યા પછી એણે કહ્યું, 'પરાત્પરની આજ્ઞાથી આ બન્ને તેમનો આ સાધના દરમિયાનનો અનુભવ તમને કહેશે.'

અમે ચારેય એક તાપણાની આસપાસ ગોઠવાયાં.

○ ○ ○

પ્રકરણ ૧૫

યુવકના ચહેરા પર શીતળાનાં ચાઠાં હતાં અને આંખોમાં ચમક. કાળી નાની દાઢી પાછળથી પણ એનાં વિશાળ જડબાં સ્પષ્ટ દેખાતાં હતાં. શરીર એકવડું પણ સ્નાયુબદ્ધ અને કસાયેલું હતું. નિકુંભે એનો પરિચય કરાવતાં કહ્યું કે એણે ભારતીય દર્શનશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે. સંસ્કૃત ઉપરાંત એ હિંદી પણ સારી રીતે બોલી શકતો હતો. યુવતી પણ તેજસ્વી હતી. કાળા સીસમમાંથી કોઈ કલાકારે તરાશી હોય એવી લાગતી હતી. નિકુંભે એના વિશે કહ્યું કે એ સ્વેચ્છાએ આ પ્રયોગમાં ભાગ લઈ રહી છે. અન્ય યુવતીઓની જેમ સંમોહનની અસર નીચે એ આ તાંત્રિક પ્રયોગ કરતી નથી. માતા અદિતિની એ યુવતી પર કૃપા હતી અને એણે જ એને પ્રયોગ માટે પ્રેરી હતી.

મેં યુવક અઘોરીને પૂછ્યું, 'ભારતીય દર્શનશાસ્ત્ર તમને આકર્ષી ન શક્યું એવું તમને કયું તત્ત્વ આ અઘોરપંથ-વામમાર્ગમાં મળ્યું? - તમે શાથી આ પંથમાં ભળ્યા છો? ઉપરાંત તમારા તાંત્રિક મૈથુન વિશે પણ મને જિજ્ઞાસા છે.'

થોડી વાર એ વિચારી રહ્યો. વિચારીને જવાબ આપવાવાળા અઘોરીને જોઈ મને ખરેખર આનંદ થયો હતો. એ બોલ્યો: 'તમને ખબર તો હશે કે હિંદુધર્મની બધી જ શાખા-પ્રશાખાઓનાં મૂળ વેદમાં છે. આ અઘોરપંથ પણ એનાથી ભિન્ન નથી. વેદમાંથી જ વિચારો મળતા રહ્યા છે અને મળતા રહેશે. આ અહીં તમે જે અઘોરપંથનું સ્વરૂપ જોઈ રહ્યા છો એ કદાચ એનું આધુનિક રૂપ છે. બેએક હજાર વર્ષ પહેલાં ટોચ પર બિરાજતો આ વામમાર્ગ અન્ય ધાર્મિક શાખાઓની જેમ જ ધીરેધીરે પતનની ગર્તામાં ખૂંપતો રહ્યો. સામાન્ય જનસમાજથી વિમુખ હોવાના કારણે એનું પતન પણ ક્યાંક સમાજથી ઝડપી હતું તો કયાંક એ જ કારણસર એની વિશિષ્ટતા થોડાક અંશે જળવાઈ પણ રહી છે. આ દેશમાં અંગ્રેજોના આગમન પછી તો અઘોરપંથનું નિકંદન જ નીકળી ગયું એમ કહી શકાય. રાજ્યાશ્રય ઝૂંટવાઈ ગયો. બનાવટી લેભાગુ અઘોરીઓએ સામાન્ય જનતાને લૂંટી અને સાચા અઘોરીઓ દૂર જંગલમાં અથવા તો હિમાચ્છાદિત પર્વતોમાં ચાલ્યા ગયા. પરાત્પર છેલ્લાં વીસેક વર્ષથી ફરીને આ અઘોરીઓને સંગઠિત કરવાનું કામ કરી રહ્યા છે. વામમાર્ગીઓનું કોઈ આગવું સાહિત્ય નથી. શૈવપંથીઓ અને દેવીભક્તોનાં છૂટાંછવાયાં સૂત્રો. તમે જોયું હશે કે અહીં બોલાતા મંત્રોમાં પણ કોઈ શુદ્ધતા રહી નથી. આમ છતાં એ સિદ્ધ થાય છે એ પણ આશ્ચર્ય છે. પરાત્પરની આજ્ઞાથી હું મંત્રો-નિયમો-ક્રિયાકાંડો વગેરેને શુદ્ધ સ્વરૂપ આપવાની કોશિશ કરી રહ્યો છું. અહીં તમે આ જે અઘોરીઓને જોઈ રહ્યા છો, એમને પરાત્પરે એમની શક્તિઓ ઓળખીને ભેગા કર્યા છે. આમ, આ પ્રથમ વાર જ

આટલા મોટા પાયા પર આ કાર્ય થઈ રહ્યું છે. મતભેદો પુષ્કળ છે. વિતથનાથ જેવા અઘોરી પોતાની શક્તિઓનું રહસ્ય ખોલવા તૈયાર નથી. અને કેટલાક હાથચાલાકી કરનારા જાદુગરો પણ અહીં આવી ગયા હોય એ સંભવિત છે.' યુવક ખૂબ જ સ્પષ્ટતાથી બોલી રહ્યો હતો. એ જે રીતે ખ્યાલ આપી રહ્યો હતો તેથી મને આનંદ થઈ રહ્યો હતો. એણે આગળ ચલાવ્યું, 'સ્ત્રીઓને અઘોરપંથમાં સામેલ કરવા વિશે જ અહીં મોટો મતભેદ છે. વામમાર્ગમાં સ્ત્રીઓને હમેશાં ભોગ્ય જ લેખવામાં આવી છે. અદિતિ જેવી તેજસ્વી સ્ત્રી એ સ્વીકારવા તૈયાર નથી. પુરુષ અને પ્રકૃતિ બન્ને ભાવ પુરુષ અને સ્ત્રી શરીરમાં રહ્યા છે એમ તેમનું માનવું છે. પુરુષમાં જેમ પૌરુષ અને પ્રાકૃતિક તત્ત્વો છે એમ જ સ્ત્રીમાં પણ એ બન્ને તત્ત્વો છે. પુરુષ સ્ત્રીને તાંત્રિક સંભોગમાં ભોગવી જેમ શકિત પ્રાપ્ત કરી શકે એમ જ સ્ત્રી પણ પુરુષને ભોગવીને શક્તિ પ્રાપ્ત કરી શકે. આ તમને હું એટલા માટે વિસ્તારથી સમજાવી રહ્યો છું કે અહીં ચાલતા તાંત્રિક સંભોગના પ્રયોગને તમે સારી રીતે સમજી શકો.'

મેં કહ્યું: 'તમે જેટલો વિસ્તાર કરશો એટલો મને આનંદ થશે.'

એણે યુવતી તરફ આંગળી ચીંધી કહ્યું, 'આ સ્ત્રી એ પ્રયોગનો એક ભાગ છે. હવે હું તમને ખેચરી-પ્રયોગ વિશે સમજ પાડીશ. ખેચરી નામ તમે યોગ વિશેનાં ઉપનિષદો વાંચ્યાં હશે તો સાંભળ્યું હશે. ખેચરી એટલે બ્રહ્મચર્ય પણ થઈ શકે. 'ખ' અથવા 'ખે' એટલે આકાશ અને એ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું એટલે બ્રહ્મચર્ય અથવા ખેચરી. શરીરમાં મુખ ઉપરના ભાગને બ્રહ્મરંધ્ર કહેવામાં આવે છે. આપણે જેને તાળવું કહીએ છીએ ત્યાં જીભ અડાડવાથી આ ખેચરીના પ્રયોગની શરૂઆત થાય છે, એમ કહેવાયું છે. दुर्लभा खेचरीविद्या तदभ्यासोऽपि दुर्लभः ।

આ વિદ્યાનો માંત્રિક અને તાંત્રિક બંને રીતે પ્રયોગ થાય છે. યોગ અને હઠયોગથી પણ આને સિદ્ધ કરવામાં આવે છે. બાબા વિતથે આંગળી વડે પોતાનું તાળવું ખોતરી નાખી છેક માથાની ખોપરી સુધી છેદ પાડ્યું છે.'

આ સાંભળી મારાથી પૂછ્યા સિવાય ન રહેવાયું: 'ખરેખર?'

'તમે એમને મળી ખાતરી કરી લેજો.' યુવકે કહ્યું, 'એ ખૂબ જ કઠિન પ્રયોગ છે. એમની વાત અત્યારે રહેવા દઈએ, પણ એક વાત નિશ્ચિત છે કે તાળવે જીભ અડાડવાથી ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. યોગમાં પણ ધ્યાન કેન્દ્રિત ન થતું હોય તો તાળવે જીભ અડાડી રાખવાની સલાહ આપવામાં આવે છે. તાંત્રિક સંભોગમાં પણ આ ખેચરી પ્રયોગનો એ રીતે ઉપયોગ કરવામાં આવે છે. આમ સંભોગ દરમિયાન અમે અમારી જીભને તાળવે અડાડી રાખીએ છીએ. આમ કરવાથી અમારું ધ્યાન તૂટતું નથી. ખેચરી મુદ્રા બંધાયેલી હોય ત્યાં સુધી વીર્યબિન્દુ સ્ખલિત થતું નથી. સ્ત્રીઓ પણ આ પ્રમાણે પ્રયોગ કરે તો એમના રજસનું સ્ખલન થતું નથી. વેદમાં કહેવાયું છે:

શશિસ્થાને વસેદ બિન્દુસ્તયોરૈક્યં સુદુર્લભમ્ ॥
બિન્દુ: શિવો રજ: શક્તિબિન્દુરિન્દુ રજો રવિ: ॥

પુરુષના વીર્યને સૂર્ય અને શિવ સાથે અને સ્ત્રીના રજસને ચંદ્ર અને શક્તિ સાથે અહીં સરખાવવામાં આવ્યું છે. તાંત્રિક મૈથુનમાં વીર્ય અને રજસને પોતાના જ શરીરમાં પચાવી લેવું એ મુખ્ય કાર્ય છે. તાંત્રિકોનાં આસનો એ યોગના જ પ્રકાર છે. એના કારણે આ શક્તિ શરીરમાં આસાનીથી પચી જાય છે. સ્ત્રી અને પુરુષ કુદરતે નિર્મિત કરેલાં બે વિશિષ્ટ તત્ત્વો અથવા શક્તિઓ - નેગેટિવ, પોઝિટિવ છે એ તો તમે સમજતા જ હશો. આ બન્ને શક્તિઓનું મિલન જો નવી જિંદગી પેદા કરી શકતું હોય તો તો એ જ મિલનમાં થતો શક્તિનો ક્ષય રોકવામાં આવે અને એ શક્તિને પચાવી જવામાં આવે તો શક્તિનો જબરદસ્ત સંગ્રહ થઈ શકે. પુરુષ કે સ્ત્રી ફક્ત બ્રહ્મચર્ય-અસંભોગ કરે તો એ શક્ય નથી એમ અમે દૃઢપણે માનીએ છીએ.'

'આ તાંત્રિક સંભોગ વખતે તમે કેવો અનુભવ કરો છો?' મેં પૂછ્યું.

'તમે સંસારીઓ અને બ્રહ્મચર્યમાં માનનારાઓ સંભોગને પાપ ગણો છો, એટલે તમારું શારીરિક, ઉપરાંત માનસિક-આધ્યાત્મિક સ્ખલન પણ થાય છે. અમે આને ધાર્મિક વિધિ ગણીએ છીએ, એટલે સ્વાભાવિક જ અમને માનસિક અને આધ્યાત્મિક શાંતિ મળે છે. તમે જે અર્થમાં શારીરિક સુખ કહો છો એવું નહીં પણ પ્રકૃતિ સાથેના અનન્ય સંસર્ગનું એક અલૌકિક સુખ અમને જરૂર મળે છે. બેત્રણ કલાકનો સમય ફક્ત એકાદ ક્ષણ જેટલો અનુભવાય છે.' એ યુવાને કહ્યું.

'તમે તૃપ્તિ અનુભવો છો ખરા?' મેં પૂછ્યું.

એ હસી પડ્યો. 'સંસારીઓની અને અમારી તૃપ્તિની વ્યાખ્યામાં ફરક છે. ભોજન કર્યા પછીની તૃપ્તિ અને અનાજથી સભર ખેતરને જોઈ ખેડૂતને થતી તૃપ્તિમાં ઘણો ફરક હોય છે. પ્રયોગ સિદ્ધ થવાથી અમને જે અલૌકિક તૃપ્તિ મળે છે એની પાસે તમારી ક્ષણિક તૃપ્તિનો આનંદ કંઈ વિસાતમાં નથી.'

'આ આનંદ ભ્રામક નથી? સંભોગેચ્છા એ ફક્ત નવજીવનના નિર્માણ માટે જ પ્રકૃતિએ આપી છે. એનો વ્યર્થ પ્રયોગ હાનિકારક બની શકે.' મેં કહ્યું.

'નવા જીવનનું નિર્માણ કરવું એનાથી નવા જીવનની શક્તિને પોતામાં સમાવવી એ વધુ શ્રેષ્ઠ છે. જીવનની શૃંખલા લંબાય એના કરતાં આ જ જીવનમાં મોક્ષ મળે એ બહેતર છે. આ વિચારથી જ હું અઘોરપંથ પ્રત્યે આકર્ષાયો છું. આ પંથમાં બધું જ આ જીવનમાં ભોગવી લેવાનું છે. આ જીવન પછી કશું જ બાકી ન રહે, કશું જ નહીં.'

યુવકના સ્પષ્ટ વક્તવ્યથી મને સંતોષ થયો હતો. આમ છતાં એના વિચારો સાથે હું સંમત નહોતો. જે મારે જાણવું હતું એ જાણ્યા પછી વધુ ચર્ચા

કરવાનો અર્થ એને એની માન્યતાઓમાંથી ડગાવવા સિવાય અન્ય ન હોઈ શકે અને માતા અદિતિની સૂચના પછી હું એમ કરવા ઇચ્છતો નહોતો. મેં યુવાનનો આભાર માન્યો. એ પછી મેં યુવતીને પૂછ્યું: 'આ પ્રયોગ દરમિયાન તમને કેવો અનુભવ થયો?'

એ સહેજ સંકોચ અનુભવવા લાગી. નિકુંભે કહ્યું, 'આ તમારો સંકોચ અદિતિજીની શિક્ષાથી વિરુદ્ધ છે.' આ સાંભળ્યા પછી એણે કહ્યું: 'શારીરિક કારણોસર પુરુષો સ્ત્રીને ભોગ્ય માને છે. સ્ત્રીઓએ પણ આ સ્વીકારી લીધું છે. સ્ત્રી શક્તિ છે એ શાક્તોનો મત હજારો વર્ષથી રહ્યો છે. આમ છતાં, લિંગાયતોના પ્રાદુર્ભાવ પછી શાક્તોના પરમભક્તો હંમેશાં પુરુષો રહ્યા. પુરુષોએ, એમનાં શાસ્ત્રોએ સ્ત્રીને અબળા બનાવી ગોંધી રાખી છે. શિયળ, કૌમાર્ય, સતીત્વ, માતૃત્વ, વગેરે અપ્રાકૃતિક ભાવનાઓનું જાણીબૂઝીને સ્ત્રીઓમાં આરોપણ કરવામાં આવ્યું છે.'

અઘોરપંથીઓના અજ્ઞાનીઓ વચ્ચે એક સ્ત્રીને આવું કહેતી સાંભળી મને આશ્ચર્ય થયું. એને પ્રોત્સાહિત કરવાના ઇરાદાથી મેં કહ્યું, 'તમારા વિચારો અઘોરીઓના મેં સાંભળેલા વિચારોથી ઘણા ભિન્ન છે.'

'નહીં.' એ દૃઢતાથી બોલી, 'અઘોરીપંથીઓ મૂળમાં દેવીના ભક્તો રહ્યા છે. પહેલાં સ્ત્રીઓએ જ આ પંથની શરૂઆત કરી હતી. કામાક્ષીદેવી અને કામરુ-દેશની વાતો તમે સાંભળી હશે. દર્શનશાસ્ત્રમાં યોનિવાદ સૌથી પુરાણો છે. સમાજ, રાજ્ય અને યુદ્ધોના કારણે સ્ત્રીઓનું મહત્ત્વ ઘટવા લાગ્યું, એમ જ યોનિવાદીઓ પર લિંગાયતોએ કબજો મેળવ્યો. આ વિવાદ તો ચાલ્યા જ કરશે. એનો કોઈ અંત જ નથી. એનો અંત ફક્ત તંત્ર-વિદ્યા જ લાવી શકે.'

'કેવી રીતે?' મેં પૂછ્યું.

'તાંત્રિક મૈથુનમાં કોઈ કોઈને ભોગવતું નથી. પુરુષ અને સ્ત્રી પ્રકૃતિની અલગ ધારાઓનું મિલન કરીને ફક્ત એક યોગ સાધે છે.'

' પણ એ યોગથી ઊપજે છે શું?'

'દેખીતી રીતે કશું જ નહીં. પણ વૃત્તિઓ પરના વિજયના કારણે જે એક અદ્‌ભુત આનંદની લહર દોડે છે એ શરીરને શક્તિથી ભરી દે છે.'

'આવી ભ્રમણા બ્રહ્મચારીઓ પણ અનુભવે છે.'

'આ ભ્રમણા નથી હકીકત છે.' યુવક-યુવતીએ બન્નેએ દૃઢતાથી કહ્યું.

'કોઈ દલીલ નહીં પણ, સમય જ એ પુરવાર કરી શકે. મેં એવા અનેક બ્રહ્મચારીઓને જોયા છે કે જેમણે પોતાનું સમગ્ર જીવન મૈથુનથી બચવામાં જ ખરચી નાખ્યું છે. અંતસમયે કામવૃત્તિ પર વિજય - એ પણ કેવો કંગાલ! મેળવ્યા સિવાયનો કોઈ જિન્દગી જીવ્યાનો સંતોષ એમને મળતો નથી. એમની દિનચર્યા, કર્મ, ભોજન, વિચારો બધું જ જાણે ફક્ત એક એમના બ્રહ્મચર્યની રક્ષા કાજે

વપરાય છે. પ્રયાસો, વ્યર્થ પ્રયાસોની - એક કલ્પી લીધેલ શત્રુ સામેના યુદ્ધની - જિન્દગી જાણે અર્થહીન બની જાય છે. તમારા આ વિતથનાથ વ્યર્થ લાંબી જિંદગીનું ઉદાહરણ નથી?'

બન્ને પાસે કોઈ જવાબ નહોતો. નિકુંભે ચર્ચાનો અંત ત્યાં જ લાવી લીધો. મેં બન્નેનો ખૂબખૂબ આભાર માન્યો. એ બન્ને વિદાય થયાં. સુંદર, બુદ્ધિમાન, ભાવનાશીલ બે યુવાન જિન્દગીઓ કોઈક વ્યર્થ પ્રયોગમાં ખતમ થઈ રહી હતી? કોણ જાણે!

એમની વિદાય પછી નિકુંભ આનંદે પૂછયું: 'બ્રહ્મચર્ય અને તાંત્રિક પ્રયોગને પણ તમે સ્વીકારતા નથી એટલે...'

મેં એને વચ્ચે જ રોક્યો, 'નિકુંભ, હું મૈથુનની મહત્તા સ્વીકારું છું, પણ બ્રહ્મચારીઓનું એ મૈથુન કે તમારું વિમૈથુન કે સંસારીઓનું અતિમૈથુન - આ બધા જ પ્રકારો અપ્રાકૃતિક, અસ્વાભાવિક છે અને તેથી જ મને અસ્વીકાર્ય છે. મનુષ્યે જીવનના તત્ત્વદર્શન માટે બે છેડાઓ પકડ્યા છે, એક મૃત્યુ, બીજો જન્મ. આ બન્ને પર એની શક્તિઓની લાચારી સ્પષ્ટ છે, એટલે એણે મૈથુન પર પોતાનું જોર અજમાવ્યું છે. ત્રણે પ્રકારનાં વિકૃત મૈથુનમાં મનુષ્યના મનની શક્તિનો નાશ થાય છે. બ્રહ્મચારીઓ પોતાની કામવૃત્તિ પર વિજય મેળવવા પોતાના મન પર સતત ચોકી રાખે છે, અનેક બંધનોમાં એને બાંધે છે અને એમની શક્તિઓને રોળી નાખે છે. વિજયની ભ્રમણાનો ક્ષણિક આનંદ મેળવે છે. એ જ પ્રમાણે આ તાંત્રિકો પણ મનને બાંધીને એની શક્તિઓને ખતમ કરે છે. સંસારીઓ તો પોતાના મનને મૈથુનની આસપાસ ભમાવીને જ એનો સર્વનાશ કરે છે. વિકરાળ સિંહવાઘને વશ કરી શકનારા રિંગ-માસ્ટર પાસે ઉંદરોનો ખેલ કરાવવા જેવી આ વાત છે. પ્રચંડ સૂર્યશક્તિનો તમે ચૂલો સળગાવવામાં ઉપયોગ કરો અને રાજી થાઓ, એવી આ વાત છે.

મૈથુનને આટલું વિકૃત રૂપ આપવાની જરૂર જ નથી. એ કુદરતની મહાન ભેટ છે. મનુષ્ય પોતાની પરંપરાને એના વડે જીવતી રાખી શકે છે. એ સ્વાભાવિક, કુદરતી અને સંયમથી બંધાયેલી રહે એટલે બસ. મનુષ્યેતર જીવોને મન નથી. એમનું મૈથુન ફક્ત કુદરતી આવેગને અનુસરે છે. મનુષ્યને મન મળ્યું છે તે કંઈ મૈથુન વિશે મનન કરવા નથી મળ્યું એટલું મનુષ્યે સમજી લેવું જરૂરી છે. વૈશ્વાનરથી તમે ચલમ સળગાવો અને સૂરજને ભંડકિયામાં બંધ કરવા જેવી આ મૂર્ખતા છે. મૈથુનને અશ્લીલ ગણી એથી પણ મહાન મૂર્ખતા કરવામાં આવે છે. નવજીવન પ્રગટાવનાર એ ક્રિયા અશ્લીલ કેમ હોઈ શકે ? અહીં મેદાનમાં ખુલ્લંખુલ્લાં અનેક યુગલોને સંભોગ કરતાં જોઈ એને કોઈ અશ્લીલ ન કહી શકે. એનાથી હું પ્રભાવિત પણ થયો હતો, પણ એની વ્યર્થતા જાણ્યા પછી એ કાર્ય મૈથુન જેટલું જ નિરર્થક અને અશ્લીલ બની જાય છે.'

'બ્રહ્મચર્ય, સંસારનાં બંધનો અને તાંત્રિક મૈથુનથી વ્યભિચાર પર અંકુશ તો મુકાયો જ ને છે ને?' નિકુંભ આનંદે પૂછ્યું.

'જરા પણ નહીં. ડરનો, લાલચનો, ભ્રમણાનો અંકુશ છે. મૈથુન એ પોતાના જીવનની પરંપરા લંબાવવાનું સાધન છે. મૈથુનથી જ એ સંતાન-સ્વરૂપે પુનર્જન્મ મેળવશે અને એ ક્રિયા કુદરતી અને પવિત્ર છે એમ મનુષ્યને સમજાવવામાં આવે તો અશ્લીલતા અને વ્યભિચાર આપોઆપ નાશ પામે. સંતાનપ્રાપ્તિ માટે એ ધર્મ છે, મૈથુન એ કુદરતી, ધાર્મિક, પવિત્ર કાર્ય છે એમ જ્યારે સમજાશે ત્યારે આપોઆપ જ સંયમથી નિયંત્રિત થશે, સ્વભાવ બનશે.'

'એ માટે તો કેટલો કાદવ ઉલેચવો પડશે!'

'સમજાય તો એ ખૂબ સહજ છે, સહેલું છે.'

બન્ને ખામોશ બેસી વિચારતા રહ્યા. હું વિચારતો હતો નિકુંભ વિશે-નિકુંભ શાના/વિશે વિચારતો હશે!? પરોઢ થવા આવ્યું હતું ને તમરાં અને શિયાળવાંના રડવાના અવાજ શમી ગયા હતા. પર્વત પાછળથી ઉષાની લાલિમા ડોકાઈ રહી હતી. પક્ષીઓનો કલરવ શાંત વાતાવરણને ભરી દેતો હતો. વરસાદના છાંટા પડ્યા અને બધું જ ખૂબ આહ્લાદક બની ગયું.

આંખોમાં ઊંઘ ભરાવા લાગી હતી. મેં નિકુંભને કહ્યું. અમે બન્ને ત્યાંથી ઊઠ્યા. મેં ઓરડીની બહાર જ ઓટલા પર લંબાવ્યું.

સવારના કૂણા તડકાનો ગરમાવો શરીરને શેકે એ પહેલાં જ નિકુંભ આનંદે મને ઢંઢોળીને જગાડ્યો: 'ચાલો, પરાત્પર યાદ કરે છે.'

મેં આજુબાજુ જોઈ પૂછ્યું: 'અત્યારે શા માટે?'

'આફત.'

'શું છે?'

'રોષે ભરાયા છે. અલખ આનંદે ત્રાટકનો પ્રયોગ કરવાની અનિચ્છા દર્શાવી છે. વામદેવે પરાત્પરને કહ્યું છે કે તમે જ એને ભરમાવ્યા છે. પરાત્પરનો રોષ ભભૂકી ઊઠ્યો છે.'

મારી ઊંઘ ઊડી ગઈ. મેં ધીરેથી કહ્યું: 'બાબા ભૈરવનાથ ક્યાં છે?'

'નિર્મલ આનંદ એમને બોલાવવા ગયો છે. એમને પણ પરાત્પરે બોલાવ્યા છે.'

મેં નિરાંતનો શ્વાસ લીધો. એ જોઈ નિકુંભ બોલ્યો: 'મહાશય, મામલો તમે ધારો છો એટલો સરળ નથી. પરાત્પરનો ક્રોધ ભયાનક છે અને સાથે વામદેવ છે.'

મોઢા પર પાણી છાંટી લઈ કંઈ પણ બોલ્યા વગર હું એની સાથે ચાલી નીકળ્યો.

પ્રકરણ ૧૬

વચમાંના મોટા ઓરડામાં પરાત્પર લકુલેશની બેઠક હતી. દીવાલથી થોડે આગળ એક ઊંચા આસન પર વ્યાઘ્રચર્મ પર સિદ્ધાસન જમાવી એ બેઠા હતા. ભવ્ય ચહેરા પર સફેદ જટા અને સફેદ લાંબી દાઢી વચ્ચે મોટી-મોટી આંખો ક્રોધથી લાલ થઈ ભભૂકતી હતી. એમના ગૌર વર્ણે રતાશ પકડી હતી. જમણો હાથ ખોળામાં પડેલી ખોપરીને પંપાળતો હતો અને ડાબા હાથમાં એમણે ત્રિશૂળને આડું ઝાલી રાખ્યું હતું. ભૈરવનાથ, વામદેવ, સંમોહનવાળો જાડો અઘોરી અને નિર્મલ આનંદ પણ ત્યાં ટોળામાં સામેલ હતા. અદિતિ ક્યાંય દેખાતાં ન હતાં. પરાત્પરની સામે જ એક યુવાન અઘોરી મસ્તક નમાવી ઊભો હતો. એની બાજુમાં એક યુવતી ડૂસકાં ભરતી મસ્તક ઝુકાવી બન્ને હાથ ભેગા કરી ઊભી હતી. નિકુંભે ધીરેથી કહ્યું: 'ગઈ કાલે યુવતીને ઉઠાવી ભાગી ગયો હતો એ અઘોરી છે, એનું નામ સુનંદ છે.'

પરાત્પરે ત્રિશૂળ જમીન પર ઠોક્યું. ચોતરફ શાંતિ છવાઈ ગઈ. થોડી વાર એ ચારે તરફ જોતા રહ્યા પછી નજર ક્ષિતિજ પર ઠેરવી બોલ્યા: 'મા શક્તિ! મા ચામુંડા! ભવાની!' એ પછી થોડી વારે યુવાન અઘોરી સુનંદ પર નજર ઠેરવી કહ્યું: 'પાપ માફ ન કરી શકાય. યૌન સંબંધે તમને ત્રણ વર્ષ જ્ઞાન આપ્યા પછી આ સાધનામાં સામેલ કરવામાં આવ્યા હતા. તંત્ર-મંત્રનું મહત્ત્વ તમે સ્વીકારીને જ આ સાધનામાં જોડાયા હતા. આ પંથનાં નીતિ-નિયમો તમે સારી રીતે જાણો છો. સ્ત્રી સાથે મૈથુનનો અર્થ અહીં બળાત્કાર કરવામાં આવે છે. તાંત્રિક વિધિની આવશ્યકતા સિવાય સ્ત્રીસ્પર્શને પણ અહીં વર્જ્ય ગણવામાં આવે છે. આ નિયમનો અને એનો ભંગ કરવાથી થતી સજાનો પણ તમને ખ્યાલ છે.' એ પછી થોડી વાર ખામોશી છવાઈ ગઈ. ફરીથી એ બોલ્યા ત્યારે એમના અવાજમાં ભારોભાર વ્યથા હતી. એ શબ્દો પેલા યુવકને ઉદ્દેશીને નહીં પણ સમગ્ર અઘોરીઓને ઉદ્દેશીને બોલાતા હતા એ સ્પષ્ટ હતું: 'અઘોરીધર્મ, શાક્તોધર્મનો નાશ આવા વ્યભિચારના કારણે જ થયો હતો. સંયમનો નિયમ તોડી શાક્તો, અમર્યાદ ભોગમાં પડ્યા અને આ જગત પરથી એમનો નાશ થઈ ગયો. આપણે અહીં ફરી શાક્તોના પુનરુત્થાન માટે ભેગા થયા છીએ. શરૂઆતથી જ આ દૂષણને ડામી નહીં દઈએ તો આ સાધનાનો કોઈ અર્થ નથી.' ફરી એમણે ખોંખારો ખાધો. થોડી વાર આંખો ઢાળી રાખી એ બોલ્યા: 'આપણા નિયમ મુજબ આ ગુનેગારને સજા કરવામાં આવે. એના હાથનાં બંને કાંડાં અને જીભ કાપી લઈ એને અહીંથી કાઢી મૂકવામાં આવે. સજાનો અમલ અત્યારે ને અહીં જ કરવામાં આવે.'

હું ધ્રૂજી ઊઠ્યો. આ ભયાનક હતું. આવી સજા! આ ક્રૂરતા હતી. મારું

માથું ભમવા લાગ્યું. મને ચક્કર આવવા લાગ્યાં. બાજુમાં ઊભેલા નિકુંભના ખભે મેં માથું ટેકવી લીધું. બન્ને હાથથી એણે મને ઝાલી લીધો ન હોત તો હું ત્યાં જ ઢળી પડ્યો હોત. સાચા અર્થમાં હું કંપવા અને ધ્રૂજવા લાગ્યો હતો. ભયથી મારાં ગાત્રો ગળી જશે એમ મને લાગતું હતું. મને યાદ આવ્યું કે મને પણ અહીં પરાત્પરે ગુનેગાર તરીકે જ બોલાવ્યો હતો.

માંડ સ્વસ્થતા પ્રાપ્ત થઈ ત્યારે પરાત્પરની સામે અલખ આનંદ ઊભો હતો. એ વિકરાળ અને પ્રચંડ અઘોરી પરાત્પરની સામે ત્યારે ગરદન ઝુકાવી ઊભો હતો. પરાત્પર એને કહી રહ્યા હતા: 'અલખ આનંદ, તમે આ સાધનાના એક આધારસ્તંભ છો. તમારી શક્તિ પર અમને ગર્વ છે. ત્રાટકનો પ્રયોગ ન કરીને તમે અમારી આશાઓ પર પાણી ફેરવી રહ્યા છો. મા ચામુંડાની દયાનો અનાદર કરવાનું કેવું ભયાનક પરિણામ આવે છે એની તમને ખબર છે?'

'મા ચામુંડાની ઇચ્છાથી જ મેં આ પ્રયોગ ન કરવાનો નિશ્ચય કર્યો છે.' ગરદન ઊંચી કરી એણે કહ્યું. અલખ આનંદનો આવો જવાબ સાંભળી ટોળામાં ગણગણાટ થવા લાગ્યો.

'મા ચામુંડાની ઇચ્છા?!' પરાત્પરે આશ્ચર્ય વ્યક્ત કર્યું: 'મા એવી ઇચ્છા વ્યકત કરે જ નહીં.' એમના અવાજમાં દૃઢતા હતી.

'શા માટે ન કરે?' અલખ આનંદના જવાબમાં ઉદ્દંડતા હતી.

પરાત્પરનો રોષ ભભૂકી ઊઠ્યો: 'અલખ આનંદ, તમે અઘોરીનાં નીતિ-નિયમોનો ભંગ કરી રહ્યા છો! અહીં સહુ ચામુંડામાતાના ભક્તો છે. મા શક્તિના નામે તમે વાદ ન કરી શકો. તમે અપરાધ કર્યો છે અને એની સજા તમારે ભોગવવી જોઈએ.'

'સજા કોણ નક્કી કરશે?' અલખ આનંદે કહ્યું.

'પરાત્પર. આપણે પરાત્પરને એ અધિકાર આપ્યો છે.' વામદેવ વચમાં જ બોલી ઊઠ્યા.

'હું સજા સ્વીકારીશ, પણ એ પછી અન્ય કોઈને પણ આ અપરાધ બદલ દોષિત નહીં ઠરાવાય એની મને ખાતરી જોઈએ.' અલખ આનંદે દેખીતી રીતે જ મારા ઉપર ઉપકાર કર્યો હતો. હું સ્તબ્ધ બની ગયો. પ્રથમ દિવસે ભેટેલા આ વિકારળ અઘોરીની ઉદારતા મને સ્પર્શી ગઈ. ટોળામાં ગણગણાટ ચાલુ થઈ ગયો હતો. કંઈ પણ કહેવાની શરૂઆત કરે એ પહેલાં જ ત્યાં માતા અદિતિએ પ્રવેશ કર્યો.

'હું કંઈક કહેવા ઇચ્છું છું.' એમણે દૃઢતાથી કહ્યું.

વામદેવ અને પરાત્પર કંઈક મસલત કરવા લાગ્યા. આ પછી પરાત્પરે

ભૈરવનાથ તરફ ઝૂકીને પણ કંઈક કહ્યું. આખરે એ અદિતિ તરફ જોઈ મોટેથી બોલ્યા: 'કહો.' એક શબ્દમાં અદિતિની દખલગીરી પ્રત્યે ભારોભાર નારાજગી વ્યક્ત થતી હતી.

'આપણે અહીં સાધના માટે મળ્યાં છીએ. હજારો વર્ષ પછી કદાચ આ પ્રથમ વાર બન્યું છે. ભિન્ન-ભિન્ન વિચારધારા, સિદ્ધિઓ ધરાવતા અઘોરીઓ-વામમાર્ગીઓ-કાપાલિકો અહીં ભેગા થયા છે. સહુને પોતાનું મંતવ્ય વ્યક્ત કરવાનો અધિકાર છે. પોતાની સિદ્ધિઓનું પ્રદર્શન કરવું કે ન કરવું એનો પણ દરેકને અધિકાર છે. પરાત્પર સારી રીતે જાણે છે કે સિદ્ધિઓનું પ્રદર્શન દરેક સમયે શક્ય પણ નથી. અલખ આનંદ જેવા પ્રખર વામમાર્ગીને સજા કરવામાં આવશે તો આપણા આ વામમાર્ગ પરથી સહુનો વિશ્વાસ ડગી જશે, ઇતિહાસનું પુનરાવર્તન થશે અને આ સંમેલનનો કોઈ ઉપયોગ નહીં રહે.' અદિતિના આ વક્તવ્ય પછી અઘોરીઓ જાણે બે છાવણીમાં વહેંચાઈ ગયા હોય એમ 'હૂ-હૂ' અને 'હા-હા'ના સામસામા પોકારો કરવા લાગ્યા. ત્રિશૂળ ઉછાળી, ખોપરીઓ પછાડીને એ જોરદાર ચર્ચા કરવા લાગ્યા. આ જોઈ બાબા ભૈરવનાથે કહ્યું: 'આપ સહુ થોડો સમય બહાર જાઓ. અમને મસલત કરવાનો થોડો સમય આપો. થોડી વાર પછી અમે અમારું મંતવ્ય તમને જણાવશું.'

નિકુંભ આનંદ મને બહાર ખેંચી ગયો. થોડી જ વારમાં એ ઓરડો ખાલી થઈ ગયો. થોડે દૂર વિતથનાથ અને અદિતિ ત્યાં ઊભાં હતાં. એમણે અમને ઇશારાથી પાસે બોલાવ્યા. મારા તરફ જોઈ અદિતિએ કહ્યું: 'તમારી હાજરી અહીં કેટલાક અઘોરીઓને ગમતી નથી. મેં તમને ચેતવ્યા હતા છતાં તમે મારી ચેતવણીને અનુસર્યા હો એમ લાગતું નથી.'

'મેં કશું જ અયોગ્ય કર્યું નથી. અહીં હું તમારા વિશે જે જાણવા આવ્યો છું એ જાણવા માટે મારે સાધારણ ચર્ચા કરવી પડે. અલખ આનંદ જેવા અઘોરીને એનાથી ક્યાંક પોતાની ભૂલ જણાય તો એમાં વાંક મારો નહીં પણ તમારો જ છે એમ સમજવું જોઈએ. તમારા પ્રયોગમાં કચાશનું જ આ પરિણામ હોઈ શકે.'

'પરાત્પર કે વામદેવ આ માનવા માટે તૈયાર નહીં થાય અને તમને માનતા કરવાના એમના માર્ગો મહાભયાનક હશે એની તમને ખાતરી તો થઈ જ હશે.'

હું ચૂપ રહ્યો.

અદિતિએ કહ્યું: 'હવે દલીલો કરશો નહીં. પરાત્પર કહે તે માથે ચડાવવા તૈયાર રહેજો. ભૈરવનાથજીના પ્રયાસના કારણે બહુબહુ તો તમારે આજે જ અહીંથી વિદાય લેવાનું બનશે.'

હું ખૂબ નિરાશ થયો હતો. મેં કશું જ કરવાનો પ્રયાસ કર્યો નહોતો. એ

સહજ બન્યું હતું. અલબત્ત, મારું ચાલે તો આ અઘોરીઓના ક્રૂર પ્રયોગો હું તત્કાળ બંધ કરાવું, પણ મારી લાચારી, નિરાશા, હતાશાનો કોઈ પાર નહોતો. જગજિત વખતે અનુભવેલી મનોદશાનું જાણે પુનરાવર્તન થઈ રહ્યું હતું. અલખ આનંદ મળ્યા. મેં એમનો આભાર માન્યો. એમણે પ્રેમથી મારા ખભા પર હાથ મૂક્યો. મને એમની મક્કમતા પર માન ઊપજ્યું અને મારી હાલત પર મને શરમ થવા લાગી.

થોડા સમય પછી પરાત્પર બહાર આવ્યા. વેરવિખેર થયેલા અઘોરીઓ એ ઊભા હતા ત્યાં જમા થયા. અદિતિ, અલખ આનંદ, વિતથનાથ વગેરે પણ ત્યાં જઈ ઊભાં રહ્યાં. વામદેવ અને ભૈરવનાથ પરાત્પરની પાછળ આવી ઊભા. પરાત્પરે એક હાથ ઊંચો કરી સહુને શાંત રહેવાની મુદ્રા કરી. શાંતિ સ્થપાયા પછી એ બોલ્યા: 'મા ચામુંડાની આજ્ઞા છે કે દેવી શક્તિએ આપણને અહીં આવવા પ્રેર્યા છે. ફરીથી એના શાક્તોનો ઉદય થાય એમ એ ઇચ્છે છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અમે એવા નિર્ણય પર આવ્યા છીએ કે બળાત્કાર કરનાર અઘોરીની સજા કાયમ રાખવી. એ સજાનો અમલ અલખ આનંદે કરવો.' કોઈ કંઈ કહે એ પહેલાં તો બધાએ મા શક્તિ અને પરાત્પરનો જયજયકાર કર્યો. એ કોલાહલ શાંત થયો એટલે પરાત્પરે મારી તરફ જોઈ કહ્યું: 'આ સજાનો અમલ થતો આપણા આ અતિથિ નજીક ઊભા રહી જુએ. એમ ન કરી શકે તો એ અહીંથી વિદાય થાય.' હો હો હો અને ઉપાલંભના અનેક ચાળા મારા તરફ કરીને પરાત્પરના આ નિર્ણયને પણ અઘોરીઓએ વધાવી લીધો. થાંભલાને અઢેલીને ઊભો-ઊભો હું પગના અંગૂઠાથી ધરતી ખોતરતો હતો. હતાશાથી આંખમાં ઝળઝળિયાં આવ્યાં હતાં. ક્રોધથી શરીર કંપતું હતું. આઘાતથી માથું ભમતું હતું.

વિતથનાથે નજીક આવી કહ્યું: 'જોવા જ આવ્યા છો તો જોયા વગર ચાલી ન જશો. કાયર ન થશો. આ અનુભવ પણ લ્યો.'

મારી ઓરડીમાં જઈને ભોંય પર પડ્યો અને આંખ મીંચાઈ ત્યાં સુધી વિતથનાથના શબ્દો કાનમાં ગુંજતા રહ્યા.

*

ભયાનક સપનાંઓથી સભર એ ઊંઘ હતી. થોડી વારમાં જગજિત દેખાતો અને એનાં કાંડાં હાથ પરથી ખરી પડતાં. જીભ બહાર લબડી પડતી. અચાનક ચહેરો બદલાતો અને મારો જ ચહેરો ત્યાં દેખાતો. એક વિશાળ ચિતાનો અગ્નિ પ્રગટે છે અને હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો. અશાંત મનને શાંત કરવા યોગ સિવાય કોઈ ઉપાય નહોતો. અર્ધાએક કલાક પછી શાંતિ મળી. પાછો આવ્યો. કૂવા પર જઈ મેં હાથ-મોં ધોયાં. કોઈકે મજાકમાં કહ્યું પણ ખરું- 'ક્યા જાનેકી તૈયારી હો રહી હૈ?' જવાબમાં હસવા સિવાય કોઈ ઉત્તર આપી શકાય એમ નહોતો. મારી ઓરડીમાં જઈ ખીચડી બનાવતો હતો ત્યાં નિકુંભ આવ્યો.

મને સ્વસ્થ જોઈ એણે આનંદ વ્યક્ત કર્યો: 'અદિતિજીએ કહ્યું છે કે તમે રોકાવાના છો એ જાણી પરાત્પરને પણ ખુશી થઈ છે.'

'બીજો કોઈ રસ્તો નથી.' ફિક્કું હસી મેં કહ્યું. પછી પૂછ્યું: 'અલખ આનંદજીના પ્રત્યાઘાત કેવા છે?'

'અઘોરીઓ માટે આ કંઈ અસામાન્ય બનાવ નથી. કાંડાં, જીભ, પગનાં આંગળાં કાપી નાખવાં, ઇન્દ્રિયમાં સળિયો ભોંકવો કે કોઈ પણ પ્રકારે શરીરને પીડવું - આ સામાન્ય છે.'

'પણ પેલા યુવાન અઘોરીની જિંદગી તો બરબાદ થઈ જશે!'

'આ સાવ સામાન્ય સજા છે. કેટલાય અઘોરીઓને આ સજા ખૂબ નરમ લાગી છે.' નિકુંભે ચર્ચા આટોપી લેતો હોય એમ કહ્યું.

બપોરના પાડાના બલિદાનનો વિધિ પત્યા પછી મને ચોગાનની વચ્ચે લઈ જવામાં આવ્યો. મનને મજબૂત કરી અઘોરીઓના આ ઘોર કૃત્યને જોવાનો મેં નિશ્ચય કર્યો હતો. ચોગાનની વચમાં પણ યજ્ઞથી થોડે દૂર અંગ્રેજી 'વાય' આકારની બે મોટી ડાળીઓ જમીનમાં ખોસવામાં આવી હતી. એના પર એક જાડું લાકડું ગોઠવવામાં આવ્યું હતું. લગભગ બધા જ અઘોરીઓ ત્યાં જમા થયા હતા. કેટલીક સ્ત્રીઓ ઓટલા પર ઊભીને આ જોઈ રહી હતી. બે અઘોરીઓ પેલા યુવાન અઘોરી સુનંદને દોરી લઈ આવ્યા. એ ચૂપચાપ એમની સાથે ચાલતો હતો. નિકુંભે મને કહ્યું કે એણે સજા સ્વીકારી છે. મા શક્તિનો અપરાધ કર્યો હોવાનું ભાન થતાં જ એ સજા સ્વીકારવા તૈયાર થયો છે. સ્વેચ્છાએ જ એ પોતાનાં બન્ને કાંડાં અને જીભ કાપી આપવા તૈયાર થયો હતો, પણ અલખ આનંદને આ કામ સોંપાયું હોવાથી એને દુઃખ થયું હતું. સજા પહેલાં સોમરસ પીવાનો પણ એણે ઇનકાર કર્યો હતો. મને આશ્ચર્ય થયું અને આઘાત લાગ્યો. મેં નિકુંભ આનંદને કહ્યું પણ ખરું. હું અને નિકુંભ આનંદ નજીક જઈ ઊભા રહ્યા. થોડી વારમાં જ બે અઘોરીઓ પેલા સજા પામેલા યુવાન અઘોરી સુનંદને દોરી લાવ્યા. એ ખૂબ જ સ્વસ્થતાથી ચાલતો હતો. ચહેરા પર દૃઢતા સ્પષ્ટ દેખાતી હતી. પરાત્પર, વામદેવ, ભૈરવનાથ, અદિતિ વગેરે પણ યજ્ઞની આસપાસ ઊભાં રહી ગયાં હતાં. અઘોરી સુનંદે પરાત્પરને અભિવાદન કર્યું. એના બન્ને હાથ કાંડાંમાંથી પેલા ઝાડના થડ સાથે બાંધવામાં આવ્યા. એણે પરાત્પર સામે જોઈ વિનંતીભર્યા સ્વરે કહ્યું: 'હું અંતિમ વાર મા ચામુંડાની આરાધના કરવા ઇચ્છું છું.' પરાત્પરે સમ્મતિ આપી. સુનંદનો અવાજ બુલંદ અને મધુર હતો. ખૂબ જ ભરેલા અને આર્દ્ર અવાજે એણે દેવીકવચ ગાવાની શરૂઆત કરી:

ઓમ્ યદ્ ગુહ્યં પરમં લોકે સર્વમ્ રક્ષાકરં નૃણામ્
યન્ન કસ્ય ચિદાખ્યાતં તન્મે બ્રૂહિ પિતામહ ॥

સર્વ અઘોરીઓ પણ એની સાથે ગાવા લાગ્યા. વાતાવરણ બોઝલ બનવા લાગ્યું. પ્રસંગની ગંભીરતાનો ભાર વધવા લાગ્યો હતો.

અસ્તિ ગુહ્યતમં વિપ્ર સર્વ ભૂતોપકારકમ્ ।
દેવ્યાસ્તુ કવચં પુણ્યં તચ્છૃણુષ્વ મહામુને ॥
પ્રથમં શૈલપુત્રી ચ દ્વિતીયં બ્રહ્મચારિણી ।
તૃતીયં ચન્દ્ર ઘણ્ટેતિ કૃષ્માણ્ડેતિ ચતુર્થકમ્ ॥
પંચમં સ્કન્દમાતેતિ ષષ્ઠં કાત્યાયનીતિ ચ ।
સપ્તં કાલરાત્રિશ્ચ માહગૌરિતિ ચાષ્ટમમ્ ॥
નવમં સિદ્ધિદાત્રી ચ નવદુર્ગા પ્રકીર્તિતા ।
ઉક્તાન્યેતાનિ નામાનિ બ્રહ્મણૈ મહાત્મના ॥
અગ્નિના દહ્યમાનસ્તુ શત્રુમધ્યે ગતો રણે ।
વિષમે દુર્ગમે ચૈવ ભયાર્તાઃ શરણં ગતા ॥

એના ઉચ્ચારો ખૂબ જ સ્પષ્ટ હતા. ગાયન પણ પદ્ધતિસર થતું હતું. ચામુંડાનાં નવ રૂપો વર્ણવ્યાં, એનાં વાહનો - વરાહ, મહિષ, ગજ, ગરુડ, વૃષ, શિખિ, હંસ, આદિનું વર્ણન. એના પછી માના સોળ શણગારનું વર્ણન. હાથમાં ઘરેણાં-આયુધો શંખ, ચક્ર, ગદા, શક્તિ, હલ, મુસલ, ખેટક, તોમર, પરશુ, પાશ, ત્રિશૂળ વગેરેનું વર્ણન -

મહાબલે મહોત્સાહે મહાભય વિનાશિનિ ।
ત્રાહિ માં દેવિ દુષ્પ્રેક્ષ્યે શત્રૂણાં ભયવર્ધિનિ ॥

એ પછી સર્વે દિશાઓની દેવી તરીકે, શરીરના અંગઅંગની રક્ષા કાજે રોમરોમ માટે ચામુંડાનું આવાહન કરાયું. એ પછી કવચનો મહિમા -

પ્રાપ્નોતિ પુરુષો નિત્યં મહામાયા પ્રસાદતઃ ।
લભતે પરમં રૂપં શિવેન સહ મોદતે ॥

આ પછી દેવીસૂક્તનો પાઠ બધા જ અઘોરીઓ એકસાથે કરવા લાગ્યાઃ

નમો દેવ્યૈ મહાદેવ્યૈ શિવાયૈ સતતં નમઃ ।

સૂર્ય ભયાનક રીતે માથા પર ત્રાટકી રહ્યો હતો. હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. મંત્રોની મંત્રમુગ્ધ કરી દેનારી અસર પણ હવે કેવો ભયાનક કાંડ થવાનો છે એની સતત યાદમાંથી મને મુક્ત કરી શકતી નહોતી. એને ભૂલવા હું પણ મંત્રોમાં સૂર પુરાવતો હતો -

યા દેવી સર્વભૂતેષુ વિષ્ણુમાયેતિ શબ્દિતાઃ ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

દેવીસૂક્ત પૂરું થતાં જ સુનંદે ખૂબ જ દર્દભર્યા અવાજે ક્ષમાપન્ન સ્તોત્ર શરૂ કર્યું :

ન મંત્ર ન યંત્રં તદપિ ન જાને સ્તુતિમહો ।
ન ચાલ્વાનં ધ્યાનં તદપિ ચ ન જાને સ્તુતિકથા: ॥
ન જાને મુદ્રાસ્તે તદપિ ચ ન જાને વિલપનં ।
પરં જાને માતસ્ત્વદનુસરણં ક્લેશ હરણમ્ ॥

અલખ આનંદનો ઘેરો અવાજ પણ જાણે ભીતરથી આવતો હોય એમ બધા અવાજની ઉપર થઈને મને સ્પષ્ટ સંભળાવા લાગ્યો. એ મારી બાજુમાં જ ઊભા હતા. એમના હાથમાં તે દિવસે પાડાની ડોક વધેરવા ઉપયોગમાં લેવાયેલું વજનદાર, ધારદાર ખડ્ગ હતું.

મત્સમ: પાતકી નાસ્તિ
પાપઘ્ની ત્વન્સમા નહિ ।
એવં જ્ઞાત્વા મહાદેવી
યથાયોગ્યં તથા કુરુ ॥

સ્તોત્ર પૂરું થતાં જ પરાત્પરે ઇશારો કર્યો. અલખ આનંદે ખડગ ઊંચક્યું. સુંનદે મૂઠીઓ વાળી કાંડાંને દઢ કર્યાં. મેં ખડ્ગ તરફ જોયું. સૂર્યના પ્રકાશમાં એ વીજળીની જેમ ચમકી રહ્યું હતું. સમગ્ર ચેતનાને આંખની પાંપણોમાં ભેગી કરી મેં એને ખુલ્લી રાખવા પ્રયત્ન કર્યો. એક જ ક્ષણમાં ખડ્ગ વીંઝાયું. સુનંદનાં કાંડાં પર જવાના બદલે એ ખડ્લ અલખ આનંદે પોતાની જ ગરદન પર ઝીલ્યું! 'મા'ના નામનો એક ચિત્કાર થયો અને બીજી જ ક્ષણે અલખ આનંદનું માથું ધડથી અલગ થઈ દડતું-દડતું યજ્ઞકુંડ પાસે જઈ અટક્યું. ગળામાંની રુદ્રાક્ષની માળાના મણકા વેરવિખેર થઈ જમીન પર વેરાઈ ગયા. અલખ આનંદનું ધડ એમ જ ઊભું હતું. માથા વગરના લોહી-નીગળતા ધડનું દશ્ય ભયાનક હતું. કેટલીક ક્ષણ સ્થિર ઊભા પછી ધડ ઢળવા લાગ્યું. એ પ્રચંડ શરીરને બેચાર અઘોરીઓએ આગળ આવી ઝાલી લીધું. સ્તબ્ધતા ચારે તરફ છવાઈ ગઈ હતી. આ અણધાર્યા બલિદાનથી સન્નાટો છવાઈ ગયો. મેં પરાત્પર સામે જોયું. એ ધ્રૂજતા હતા. સુનંદ આંખો બંધ કરી એમ જ ઊભો હતો. સ્તબ્ધતા અને શાંતિથી ચોંકી જ્યારે એણે આંખો ખોલી ત્યારે અલખ આનંદનો દેહ અને મસ્તક જોઈ એણે ભયાનક ચીસ પાડી.

આ બધાને જ ટપી જાય એ રીતે વિતથનાથ યજ્ઞ પાસે ઊભો-ઊભો ભયાનક અટ્ટહાસ્ય કરી રહ્યો હતો.

○ ○ ○

પ્રકરણ ૧૭

ત્રીજા દિવસની મોડી રાત્રે નિકુંભ આનંદ મને બોલાવવા આવ્યો ત્યારે હું જમીન પર પડ્યો પડ્યો છતને જોઈ રહ્યો હતો. જમવાની ઇચ્છા જ નહોતી થઈ. ઉબકા આવવા લાગતા. આંખ બંધ કરતો અને અલખ આનંદનો ચહેરો નજરે પડતો. માથું કેવું ભયાનક લાગતું હતું?! આંખો ફાટેલી અને રક્તના છાંટા તો મારાં કપડાં પર પણ ઊડ્યા હતા!

હું અને નિકુંભ આનંદ રાત્રે બેસતા ત્યાં જ તાપણા પાસે જઈ બેઠા. ચોગાનમાં તો તે રાત્રે પણ તાંત્રિક મૈથુન પહેલાંનું નૃત્ય જોરશોરથી ચાલી રહ્યું હતું. અમારા હૃદયની ભીતરના વિષાદને ન જુએ એને ખ્યાલ પણ ન આવે કે બપોરે ત્યાં કેવું ભયાનક દૃશ્ય સર્જાયું હતું!

'બાબા ભૈરવનાથે મામલો સંભાળી લીધો ન હોત તો બપોરે ભયાનક કત્લેઆમ થઈ ગઈ હોત!' નિકુંભ આનંદ કહી રહ્યો હતો: 'એમણે વામદેવ અને પરાત્પરને સમજાવી લીધા. અદિતિજીએ પણ સુનંદને મુક્ત કરાવવામાં મોટો ભાગ ભજવ્યો.'

'સુનંદને મુક્ત કર્યો?' મેં પૂછ્યું.

'હા, પણ હવે એ સાધનામાં ભાગ લઈ શકશે નહીં.'

'એનાથી શો ફરક પડશે?' મેં પૂછ્યું.

'સામાન્ય રીતે કશો નહીં, પણ એક અઘોરી માટે આ મહાન અપમાનજનક કહી શકાય.'

'અલખ આનંદના બલિદાન પછી આવા અપમાનની શી જરૂર હતી?'

'ભૈરવનાથ બધા જ અઘોરીઓને સંતોષવા ઇચ્છતા હતા. આના સિવાય કોઈ માર્ગ ન હતો.' મને પણ નિકુંભની વાત યોગ્ય લાગી. ભૈરવનાથ અને અદિતિજીના હાથમાં બધો દોર હોવાથી શાંતિ રહેશે એમ મને લાગ્યું. થોડી વાર અમે ખામોશ બેઠા રહ્યા.

નિકુંભે ખામોશી તોડતાં કહ્યું: 'બીજી એક આશ્ચર્યજનક ઘટના બની છે'

'શું?'

'નિર્મલ આનંદને અલખ આનંદના આ બલિદાનથી જબ્બર આઘાત લાગ્યો છે. સાધનામાંથી એણે પોતાની જાતને સ્વેચ્છાએ પાછી ખેંચી લીધી છે.' નિકુંભના કહેવા સાથે જ મારો હાથ ચોંટાડી દેનાર એ યુવાન અઘોરીનો ચહેરો મારી આંખ સામે તરવરવા લાગ્યો. 'એ તમને મળવા પણ ઇચ્છે છે.' નિકુંભે ઉમેર્યું. હું ચમક્યો.

'શા માટે?'

નિકુંભ જવાબ આપે તે પહેલાં જ જાણે મારા સવાલના જવાબમાં હોય એમ નિર્મલ આનંદ ત્યાં આવી પહોંચ્યો. નિકુંભે એને બેસવા ઇશારો કર્યો. મેં ફક્ત એની સામે જોઈ ગરદન ઝુકાવી અભિવાદન કર્યું.

'અલખ આનંદજીના બલિદાનથી આપને ખૂબ જ આઘાત લાગ્યો હશે એ હું સમજી શકું છું, કારણ કે ફક્ત બે-ત્રણ દિવસના સહવાસ પછી હું એમના અવસાનના કારમા આઘાતને જીરવી શકતો નથી.' એણે કશું કહ્યા વગર ફક્ત મારી સામે જોયું. એની આંખમાં અસહ્ય વેદના હતી. અલખ આનંદ જ એના ગુરુ હતા. છેક શરૂઆતથી જ એ અલખ આનંદને પિતા સમાન માનતો હતો. એ અઘોરીની આંખોમાં વેદનાના ભાવ જોઈ મેં આશ્ચર્ય અનુભવ્યું હતું.

'અલખ આનંદજીમાં આવો અચાનક પલટો કેમ આવ્યો? તમે એવું કયું જાદુ એમના પર અજમાવ્યું હતું?' કોઈ પણ જાતના ભાવ વિના ઉચ્ચારાયેલા તેના આ પ્રશ્ને હું મૂઝાયો. એ મારા પર કોઈ આક્ષેપ કરવા ઇચ્છતો હતો કે ખરેખર જાણવા ઇચ્છતો હતો? જે હોય તે. મેં નિખાલસ રહેવાનો જ નિશ્ચય કર્યો.

'કશું જાદુ નહોતું, મિત્ર! જાદુની અસરમાં આવી જાય એટલા કાચા તો અલખ આનંદ નહોતા જ. ફક્ત અહંકારનું આવરણ હટી ગયું અને એ બદલાઈ ગયા.'

'અહંકારનું આવરણ?' નિર્મલ આનંદના પ્રશ્નમાં હવે આશ્ચર્યનો ભાવ સ્પષ્ટ હતો.

'હા, અહંકારનું આવરણ. એ એટલું મજબૂત છે કે એને ભેદતાં યુગો નીકળી જાય છે અને એવું નાજુક છે કે ક્યારેક એક ફૂંક-માત્રથી એનો નાશ થાય છે. અહંકાર, અહં માનવીનો પીછો મૃત્યુ પછી પણ પકડી રાખે છે અને ક્યારેક સંત અને સંન્યાસીઓને પણ ગેરુઓ રંગ બની જકડી રાખે છે. અહંકારના આવરણ નીચે મનુષ્ય અજ્ઞાનને જ્ઞાન અને અંધકારને પ્રકાશ માની બેસે છે. દ્વૈત-અદ્વૈતના ચક્કરમાં ફસાઈને ભ્રમણાને સત્ય અને સત્યને ભ્રમણા માને છે. શબ્દની ભાવનાને ભૂલી એ અર્થને પકડે છે અને અર્થના અનેક અનર્થ કરે છે. આ અહં જ મનુષ્યને ક્યારેક યોગી તો ક્યારેક ભોગી અને ક્યારેક વામમાર્ગી તો ક્યારેક યામમાર્ગી બનાવે છે. કંઈક હોવાની, અસ્તિત્વની ભાવના જ્યાં સુધી મનુષ્યમાં ટકી રહે છે ત્યાં સુધી અહંકારમાંથી એને મુક્તિ મળતી નથી, એનો મોક્ષ થતો નથી. જાણવા છતાં મુક્ત થવું અતિમુશ્કેલ છે અને ક્યારેક સહજ, અલખ આનંદની જેમ ક્ષણમાં જ અસ્તિત્વની ભાવનાથી મુક્ત થઈ જવાય છે.'

'એમનું બલિદાન આત્મહત્યા નથી?' નિર્મલ આનંદે પૂછ્યું.

'ના.' મેં દૃઢતાથી કહ્યું: 'સૈનિક યુદ્ધમાં મૃત્યુ પામે અથવા કોઈ પોતાની

શ્રદ્ધા ખાતર શહીદ થાય એને આત્મહત્યા કેમ કહી શકાય?'

નિર્મલ આનંદે કોઈ જવાબ ન આપ્યો. મેં જ આગળ ચલાવ્યું: 'અલખ આનંદને એમના જ્ઞાનની વ્યર્થતા સમજાઈ. ઘોરકૃત્યો પરથી એમની શ્રદ્ધા ઊઠી ગઈ. સાથે જ એમની શક્તિઓ પણ ચાલી ગઈ હતી. એ તે પછી ત્રાટક કરી શક્યા ન હોત. પરાત્પરના નિર્ણયે એમના પર પરાણે એક ઘોર કૃત્ય કરવાની જવાબદારી નાખી. ઘોર કૃત્ય કરવા કરતાં એમણે પોતાનું બલિદાન આપવું યોગ્ય માન્યું. એમના માટે એ સિવાય અન્ય કોઈ માર્ગ નહોતો.' થોડી વાર થોભી મેં એને પૂછ્યું: 'ચૈતન્યાનંદ વિશે તમે સાંભળ્યું છે?'

'એમના વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે.' નિર્મલ આનંદ બોલ્યો.

'એમના અંતિમ દિવસોમાં હું એમની સાથે હતો. અહંકારના આવરણથી એ તડપતા હતા. એ એમાંથી છૂટવા ઇચ્છતા હતા, પણ એ સહજ નથી. કોઈક ભક્ત કે લાખોમાં એકાદ સંત કે ક્યારેક અલખ આનંદ જેવા સાહજિક જ એ કરી શકે છે. અહંકારનો નાશ કરવાનાં ભાષણો આપતા એવા કંઈક જ્ઞાની મેં જોયા છે જે પોતે જ અહંકારમાં ફસાયા હોય. સંસાર છોડીને સંન્યાસીના આશ્રમોનો નવો સંસાર બનાવી કદી ન છૂટી શકે એવા બંધનમાં જકડાતા અહંકારીઓનો આ જગતમાં તોટો નથી. કંઈક સિદ્ધિ મળતાં તમને અહંકાર ઊપજે અને તમે ત્યાં જ અટકી જાઓ છો. સિદ્ધિનાં રમકડાંથી રમ્યા કરો છો અને અજ્ઞાનમય બચપણ છેક મૃત્યુ સુધી તમને જકડી રાખે છે.'

નિર્મલ આનંદે વચ્ચે જ પૂછ્યું: 'તમે તમારા અહંકારનું શું કર્યું છે?'

'કશું જ નહીં. મેં એની સાથે મિત્રતા કરી છે.' થોડી વાર પછી ઉમેર્યું: 'આ મારો પ્રયોગ છે. બીજ જમીનમાં દટાઈ પોતાના કોચલાને તોડીને બહાર આવવાનો પ્રયત્ન ન કરે એ જેટલું ખોટું છે એટલું જ ખોટું એ ફક્ત એક ક્ષણમાં ધડાકા સાથે ઝાડ બની જાય એ પણ છે. અહંકારમાંથી બહાર આવવા જ ન ઇચ્છનારા, અંકુરવા ન ઇચ્છનારા બીજ જેવા છે અને ધડાકા સાથે વૃક્ષ થઈ જનારા આ અલખ આનંદ જેવા હોય છે. એક અનર્થ છે, બીજું વ્યર્થ છે. બીજે ધીરેધીરે જેમ વૃક્ષ બનવું પડે, એમ અહંકારે પણ ધીરેધીરે સ્વાભિમાનમાં પલટાવું પડે. અહંકારનો ફક્ત નાશ થવાથી કશો લાભ નથી થતો. એ સ્વાભિમાનમાં પલટાય તો જ મનુષ્યને લાભ કરી શકે. પ્રકૃતિનાં જડ, ચેતન કે ભાવનાત્મક તત્ત્વોનો નાશ શક્ય નથી, ફક્ત પરિવર્તન શક્ય છે. અજ્ઞાનવશ મનુષ્ય દબાણને નાશ સમજે છે, પણ જ્યારે આ દબાયેલી વૃત્તિનો વિસ્ફોટ થાય છે ત્યારે સ્વ-હત્યા જેવી હોનારત સર્જાઈ શકે છે. અલખ આનંદમાં એમના અહંકારનો નાશ તો થયો, પણ વિસ્ફોટ થઈને. ત્યાં કશું જ જાદુ નહોતું. એમ થવાનું જ હતું. એમને ફક્ત બહાનું મળી ગયું.'

અમારી વાતો ધ્યાનથી સાંભળી રહેલા નિકુંભ આનંદે પૂછ્યું: 'અહંકારથી સ્વાભિમાનમાં કેવી રીતે પરિવર્તન થાય અને બન્નેમાં શો ફરક છે?'

'હોવાની - અસ્તિત્વની ભાવના વગર મનુષ્યને - એના જીવનને કોઈ આધાર નથી. તત્ત્વવેત્તાઓએ એ ભાવનાનો નાશ કરવા માટે અનેક માર્ગો સૂચવ્યા છે. કોઈક કહે છે 'હું'ને ભૂલી પરમેશ્વરને યાદ કરો. કોઈ કહે છે હું-ને જ કેન્દ્ર ગણી, એમાં બ્રહ્માંડને સમાવી દો. બન્ને ભ્રમણા છે. અસ્તિત્વની ભાવના વગર જીવવું શક્ય જ નથી. આ ભાવનાને પ્રયત્નપૂર્વક ભુલાવીને એક ભ્રમણા ઊભી કરી શકાય છે, પણ એ સત્યથી દૂર જ રહે છે. 'હું'માંથી 'તું' અને 'આપણને'નો વિસ્તાર થાય છે. અહંકાર એ જીવવા માટેનો આધાર છે. એ દુર્ગુણ છે - એ એક જંગલી જનાવર છે. એને તમે છોડી શકો એમ નથી, એ શક્ય જ નથી, ત્યારે તમારી પાસે ફક્ત એક માર્ગ રહે છે. એને જંગલીમાંથી આજ્ઞાંકિત કેળવેલું બનાવો. અહંકારને સ્વાભિમાનમાં પલટાવો. એ સહેલું નથી; પણ એટલે જ જીવનમાં જીવવાનો આનંદ આવે છે. મારી પાસે મારો અહંકાર ન હોત તો હું અહીં આવ્યો ન હોત અને અહંકારને સ્વાભિમાનમાં પલટાવવાની ક્રિયા સતત ચાલતી જ રહે છે, મૃત્યુ સુધી. એ સતત ચાલતી પ્રક્રિયા છે. અહંકાર ખૂબ જ ધીરેધીરે સ્વાભિમાનમાં પલટાય છે અને સ્વાભિમાનની ઊંચાઈને કોઈ મર્યાદા નથી.'

થોડી વાર પછી શાંતિ છવાઈ ગઈ. કેટલીયે વાર સુધી અમે ખામોશ બેઠા. શિયાળના રડવાના અવાજને સાંભળતા રહ્યા. કોઈ કશું જ બોલતું નહોતું. ત્રીજા દિવસની રાત ધીરેધીરે ચોથા દિવસના પ્રભાતમાં પલટાઈ રહી હતી.

સવારે જંગલમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે ભૈરવનાથ સામા મળી ગયા. એમણે જ કહ્યું: 'આજનો દિવસ તમે વિતથનાથ સાથે વિતાવજો.' મને તો ભાવતું હતું અને વૈદ્યે બતાવ્યા જેવું થયું.

અલખ આનંદના મૃત્યુ સમયે ખડખડાટ હસતો વિતથનાથનો વિચિત્ર ચહેરો મારી આંખ સામે તરવા લાગ્યો. એમણે ખેચરી વિદ્યા સિદ્ધ કરી છે એમ પણ મેં સાંભળ્યું હતું.

એક લાંબી ઊંઘ અને ભોજન પછી મેં એ ડોસાને શોધી કાઢ્યા. એ ત્યારે સિદ્ધાસન પર બિરાજમાન થઈ પોતાની દાઢી છાતી પર ટેકવીને અડધી ઉઘાડી આંખે યોગ સાધી રહ્યા હતા. થોડા સમય પછી એમણે આંખો ખોલી. મારી સામે જોઈ કટાક્ષયુક્ત સ્વરે બોલ્યા: 'સિદ્ધાસન છે. તેં તે દિવસે કુંડલિની વિશે કહ્યું હતું કે સદા પરમ આનંદમાં રહેનારની કુંડલિની આપોઆપ જાગ્રત થાય છે, તો સિદ્ધનાં લક્ષણો ધરાવતો કોઈ પણ મનુષ્ય આ સિદ્ધાસન વગર પ્રયાસે કરી શકે?'

'અવશ્ય. હું એમ ચોક્કસપણે માનું છું.'

'તો તું આસન કરી શકશે?' એમણે હસતાં-હસતાં પૂછ્યું.

હું મૂંઝાયો. મેં ક્યારેય આવાં આસનો કરવાનો પ્રયત્ન કર્યો નહોતો, એમ છતાં મેં એમને પૂછ્યું: 'સિદ્ધિનાં લક્ષણો અને આ આસનની વિશિષ્ટતા મને કહો.'

'કુંડલિની જાગ્રત થઈ ગઈ હોય અને સર્વ પરિસ્થિતિમાં જે આનંદમાં રહેતો હોય, જીવનરહસ્ય જેને પ્રાપ્ત થયું હોય અને જેને સર્વશક્તિમાનનો સાક્ષાત્કાર થયો હોય એ સિદ્ધપુરુષ છે. આ સિદ્ધાસનમાં ડાબા પગની પાની મૂલાધાર-ચક્ર એટલે કે ગુદા અને લિંગની વચ્ચે ટેકવી સમગ્ર શરીરનો ભાગ એના પર લેવો. જમણા પગની પાની નાભિ નીચે અને પંજો ડાબા પગની ઉપર રાખવો. શરીર ટટ્ટાર રાખવું અને ચિત્ત ભ્રમરની વચ્ચે સ્થિર કરવું.' આસન વર્ણવતાંની સાથે જ વિતથનાથે એ કરી પણ બતાવ્યું. અમારા બન્નેની આસપાસ અઘોરીઓનું ટોળું આ તમાશો જોવા જમા થયું હતું. મેં વિતથનાથને નમ્રતાથી કહ્યું:

'સિદ્ધનાં લક્ષણો મારામાં છે કે નહીં એની મને ખબર નથી. આ આસન પૂર્વે મેં ક્યારેય કર્યું નથી, આમ છતાં આ આસન અત્યારે કરવાનો પ્રયાસ હું જરૂર કરીશ.' મારું આમ કહેવું સાંભળી ત્યાં જમા થયેલા અઘોરીઓ હસવા લાગ્યા. મારું જાડું શરીર લોટાની જેમ ગબડી પડશે એમ કહી અંદરઅંદર મારી મજાક કરવા લાગ્યા. મેં વિતથનાથને કહ્યું: 'એકાદ દર્ભનું આસન આ પ્રયોગ કરવા માટે મને આપો. આપની જેમ મારે પગ કઠણ જમીન પર સહેલાઈથી રહી શકશે નહીં.' એમણે તરત જ એક દર્ભનું આસન મંગાવી આપ્યું.

મેં ડાબા પગને વાળી એની પાની પર મારા શરીરને ધીરેધીરે ટેકવ્યું. મૂલાધાર નીચે સહેલાઈથી પગ ગોઠવ્યા પછી બન્ને હાથની મદદ વડે મેં મારા જમણા પગની પાની નાભિ નીચે અને પગનો પંજો ડાબા પગ વચ્ચે ઉપર રહે એમ ગોઠવ્યો. શ્વાસ ખેંચી શરીરને ટટ્ટાર કર્યું. આ એટલું સહેલાઈથી હું કરી શક્યો કે મને પણ આશ્ચર્ય થયું. એ જ અવસ્થામાં હું કેટલોક સમય બેઠો રહ્યો. વિતથનાથ માનથી અને અન્ય અઘોરીઓ વિસ્મયથી મને જોઈ રહ્યા હતા. થોડા સમય પછી આસન છોડવાની મેં વિતથનાથ પાસે આજ્ઞા માગી. એમણે રજા આપી, સંતોષ વ્યકત કર્યો.

'આ આસન કરી શક્યો એનું મને આશ્ચર્ય થાય છે.' મેં કહ્યું: 'આમ છતાં મને આ આસન ઉપરાંત ખેચરી વિદ્યાનું રહસ્ય જાણવું છે. તમે કાળને હરાવી કેવી રીતે મહા-આયુષ્યમાન થયા - હવે એ રહસ્ય પણ મારે જાણવું છે. આ યોગના પ્રકાર છે અને તમે અઘોરી છો તો એ બન્નેનો સુમેળ તમારામાં કેવી રીતે થયો એ પણ મારે જાણવું છે.' એકીસાથે આટલા પ્રશ્નો સાંભળી હસીને એમણે કહ્યું: 'તમારી જિજ્ઞાસાવૃત્તિ ખૂબ જ તીવ્ર છે. રહસ્યો કહેવાં યોગ્ય નથી. આમ છતાં તમે યોગ્ય વ્યક્તિ છો એટલે હું તમને એ જરૂર કહીશ.'

'જિજ્ઞાસુ તરીકેની મારી યોગ્યતા આપે સ્વીકારી એટલે મને આનંદ થયો છે.'

એમણે બધા જ અઘોરીઓને ત્યાંથી હાંકી કાઢ્યા. પછી એ મને એમના ઓરડાની બારી પાસે લઈ ગયા. ત્યાં માતા ચામુંડાનું યંત્ર દોર્યું હતું. એ યંત્રને નમન કરવા એમણે કહ્યું. મેં તેમ કર્યું. એ પછી બારીમાંથી પ્રકાશ આવતો હતો ત્યાં ઊભા રહી મને નજીક બોલાવ્યો. એમણે પોતાનું મોઢું પહોળું કર્યું. મને તાળવામાં જોવા હાથથી ઇશારો કર્યો. મેં નીચા વળી જોયું. તાળવામાં એક મોટું છિદ્ર હતું. એમણે મારા જમણા હાથની વચલી આંગળી ઝાલીને એ છિદ્રમાં પ્રવેશાવી. પૂરી આંગળી પેસી જવા છતાં એ છિદ્રનો અંત પામી શકાતો નહોતો. મને ખૂબ આશ્ચર્ય થયું. મેં આંગળી પાછી ખેંચી લીધી એટલે એમણે કહ્યું: 'તાળવાને આંગળીના નખથી ખોતરી ખોતરી મેં આજ્ઞાચક્ર અને સહસ્રારને ભેદી નાખ્યાં છે. આ બ્રહ્મરંધ્ર છે. આ ખેચરી પ્રયોગ છે.

ન રોગો મરણં, તસ્ય ન નિદ્રા ન તૃષા ક્ષુધા ।
ન ચ મૂર્ચ્છા ભવેત્ તસ્ય યો મુદ્રાં વેત્તિ ખેચરીમ્ ॥
પીડ્યતે ન ચ રોગેણ લિપ્યતે ન સ કર્મભિ: ।
વાધ્યતે ન ચ કેનાપિ યો મુદ્રાં વેત્તિ ખેચરીમ્ ॥
ચિત્તં ચરિતા યસ્મા જિહ્વા ચરતિ ખે યત: ।
તેનેયં ખેચરી મુદ્રા સર્વસિદ્ધિ નમસ્કૃતા: ॥

આ પ્રમાણે ખેચરીની મહત્તા આપણાં શાસ્ત્રોએ વર્ણવી છે. હઠયોગીઓ નખ વડે તાળવાને ખોતરી એ સિદ્ધ કરે છે.'

o o o

પ્રકરણ ૧૮

ભારતીય તત્ત્વજ્ઞાનમાં આત્મા કરતાં શરીરને ગૌણ ગણવામાં આવ્યું છે. કેટલાક વિદ્વાનો-ચિંતકોએ તો શરીરને પીંજરું કે કેદખાનું પણ કહ્યું છે. આત્મા કર્મોના કારણે શરીરના બંધનમાં પડે છે અને તેમાંથી કાયમ માટે મુક્તિ મેળવવી એ જ આત્માનું કર્તવ્ય-ધર્મ ગણવામાં આવે છે. આ વિચારસરણીના કારણે અનેક યોગીઓ-અઘોરીઓ-હઠયોગીઓ પોતાના શરીરને પીડે છે, એને નિષ્ક્રિય બનાવે છે. હિમાલયના બરફમાં ઉઘાડા શરીરે રહેવું, ખીલાના બિછાના પર સૂવું, શરીરની સંવેદનશીલ ઇન્દ્રિયોને હથિયારો દ્વારા છેદવી કે દિવસો સુધી જમીનમાં જીવતા દટાઈ રહેવું એ માન્યતાના કારણે શક્ય બન્યું છે.

વિતથનાથ બસ્સો વર્ષથી પણ વધુ વયના હોય તો એમાં શંકાને કોઈ કારણ નથી. શરીરને અનેક રીતે પીડવામાં જ એમણે એમની જિંદગી વ્યતીત કરી નાખી હતી. જીવ-ચેતના શરીરમાં ઊર્ધ્વગમન કરે છે એમ આ યોગીઓ માને છે. વિતથનાથ યોગીઓ, હઠયોગીઓ અને અઘોરીઓ સાથે રહ્યા છે. કુંડલિની જાગ્રત કરવાની યૌગિક પદ્ધતિઓની સાધના એમણે કરી, પણ સંતોષ ન થયો. એ પછી હઠયોગીના સંપર્કમાં આવ્યા. જેણે એમને તાળવું ખોતરી બ્રહ્મરંધ્ર ભેદવાની આ રીત શીખવી. ત્રીસેક વર્ષની અસહ્ય યાતના પછી એ શક્ય બન્યું.

'ક્યારેક નિરાશ થતો. વળી નવી આશા સાથે તાળવું ખોતરવા લાગતો. અસહ્ય પીડામાં દિવસો સુધી બેભાન અવસ્થામાં જ પસાર થઈ જતા અને જાગતો ત્યારે ઘા રૂઝાઈ ચૂક્યો હોય, કશું ખાઈ ન શકાય, દૂધ સાથે રક્ત પેટમાં ચાલ્યું જાય, માથું જાણે આખા વિશ્વનું વજન ઊંચકીને ફરતું હોય એમ ભારે લાગે. ત્રીસ-ત્રીસ વર્ષ આમ જ વીતી ગયાં. એક દિવસ મેં અનુભવ્યું કે મારી આંગળી સહસ્રારને સ્પર્શી છે. તૃપ્તિનો - સિદ્ધિનો આનંદ મેં પ્રથમ વાર અનુભવ્યો.' વિતતનાથે કહ્યું. આમ છતાં આ કહેતાં સમયે એમના ચહેરા પર પ્રસંગ યાદ કરવાનો આનંદ નહોતો. એ માટે એ ગર્વ અનુભવતા હોય એમ પણ ન લાગ્યું. એમણે આગળ ચલાવ્યું: 'વર્ષો વીતી ગયાં એ આનંદને માણતાં. એ પછી ચૈતન્યાનંદનો ભેટો થયો.'

'ચૈતન્યાનંદ?! તમે એમને મળ્યા હતા?'

'હા. એમણે પણ ખેચરી સિદ્ધ કરી હતી, પણ જુદી રીતે. જીભને એમણે એટલી લાંબી કરી હતી કે એ ઠેઠ કપાળે અડતી.' મને યાદ આવ્યું, હું જ્યારે એમની સાથે હતો ત્યારે એ વારંવાર નાકના ટેરવાને પોતાની જીભ અડાડતા; કપાળે જીભનો સ્પર્શ કરાવતા મેં એમને ક્યારેય જોયા ન હતા.

'ચૈતન્યાનંદના સંપર્કથી મને ભાન થયું કે આવી સિદ્ધિઓનો કશો અર્થ

નથી. એ કહેતા: 'આનો શો અર્થ છે? આ કૃપણતા છે. કશુંક મેળવવું-સંઘરવું એ નરી કૃપણતા છે. ત્રીસ વર્ષના સતત પ્રયત્ન પછી કરોડપતિ થઈ શક્યો હોત, હિમાલય ચડી શક્યો હોત, સમ્રાટ બની શક્યો હોત, પણ આપણે આ મેળવવા તો સંસારનો ત્યાગ કર્યો નહોતો. બ્રહ્મરંધ્ર ફોડ્યા પછી ફક્ત આનંદ મળે છે, પણ એ કંઈક મેળવ્યાનો આનંદ છે. આપ્યાનો આનંદ શાશ્વત છે. તારી કે મારી પાસે આપવા જેવું કશું છે?' અને મારી આંખો ઊઘડી ગઈ હતી. વ્યર્થ જીવનના પશ્ચાત્તાપથી મન ભરાઈ ગયું. ખૂબ જીવ્યો, ખૂબ જીવ્યો, પણ શા માટે?'

વિતથનાથના કરચલીવાળા ચહેરા પર વેદના છવાઈ ગઈ. ચૈતન્યાનંદ પણ એવી જ વેદના સહેતા હતા. મારી આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. ચૈતન્યાનંદની કૃપા યાદ આવી ગઈ. હું પણ સિદ્ધિઓ મેળવવા પાછળ એક દિવસ પાગલ હતો. એમણે ન ચેતવ્યો હોત તો?

કેટલીય વાર ખામોશ રહ્યા પછી મેં શરૂઆત કરી, 'ભૂલ ક્યાંક થાય છે. ભ્રમણા ભુલાવે છે. આપણી પૂર્વના અનેક લોકોએ જીવનને ક્યારેક ફક્ત નાટક, તો ક્યારેક સ્વપ્ન અને સજારૂપ કહ્યું છે. દ્વૈત-અદ્વૈતવાદીઓ આત્મા-પરમાત્માના વિચારની આસપાસ ઘૂમ્યા કર્યા છે - પરમાત્માથી દૂર અને પરમાત્માની પાસે. જીવનનું સાચું રહસ્ય શોધવાની કોઈએ પરવા જ નથી કરી. રહસ્ય મળી ગયું હોય એમ માનીને વર્તવાથી જ ભ્રમણા થાય છે. હું પણ ભ્રમણાના માર્ગે હતો. ચૈતન્યાનંદે એમના અનુભવો પછી મને ચેતવ્યો. ફરી હું જીવનનું રહસ્ય શોધવા લાગ્યો. સર્જન, સંહાર, પાલન, ફરી નવસર્જન અને એનો સંહાર. લખવું અને ભૂંસવું, ચીતરવું અને ભૂંસવું, શીખવું અને ભૂલવું, જન્મવું અને મરવું, ઊગવું અને આથમવું, આ વિશાળ વિશ્વ ફકત નાટક નથી, તુક્કો નથી. સ્વપ્ન નથી. આની પાછળ કશુંક રહસ્ય જરૂર છે.

જ્ઞાન પુસ્તકોમાંથી, પુરાણોમાંથી, વેદોમાંથી આપણે શોધીએ છીએ. જીવન વિશે સાચું જ્ઞાન જોઈએ તો જીવનમાંથી - પોતાના, બીજાના જીવનમાંથી શોધવું પડે. અનુભવ, વિચાર, કલ્પના અને વાસ્તવિકતાના અનેક ચકરાવા ભેદ્યા પછી મને સમજાયું કે જીવન હેતુમય છે. માટીમાંથી સુંદર પુષ્પ બને છે અને સૌંદર્ય અને સુવાસ, પુષ્પના નાશ પછી પણ બાકી રહે છે. જે બાકી રહે છે તે જ સત્ય છે. અનેક મનુષ્યોના જીવન પરથી સમજાય છે કે સ્નેહ જ સર્વોત્તમ ભાવના છે. સ્નેહ-પ્રેમમાં માનવજીવનનું પરિવર્તન એ જ જીવનનો હેતુ છે. આ સમજ્યા પછી કોઈ સામાન્ય સિદ્ધિ આકર્ષી શકતી નથી.'

'એ સમજવું આટલું સરળ છે, તો મનુષ્યને સમજાતું શા માટે નથી ? મનુષ્ય માયાના ચકરાવામાં સતત શા માટે રહેતો નથી?' વિતથનાથે પૂછ્યું.

'જીવન મુખ્યત્વે ત્રણ તત્ત્વોનું બન્યું છે. એક આ જડ શરીર. જડતત્ત્વમાં ક્યારેય આ વિશ્વમાં વધારો-ઘટાડો થતો નથી. ફક્ત પરિવર્તન થાય છે. અન્ન,

વાયુ, અગ્નિ, આકાશ, જળ વગેરે તત્ત્વોથી બનેલું શરીર ફરી એમાં જ પરિવર્તન પામે છે. પૃથ્વીના જડતત્ત્વમાં અંશમાત્રનો પણ ઘટાડો થતો નથી. આ પછી બીજું તત્ત્વ છે ઊર્જા-ચેતના જીવ. આ દીપકમાં રહેલ ઈંધણમાં છુપાયેલી શક્તિ છે, જે શરીરને જીવંત રાખે છે. શરીર, અન્ન, જળ, વાયુ, અગ્નિ દ્વારા પોષાતું અને ઊર્જા ગ્રહણ કરતું હોવા છતાં એની શક્તિઓ ક્ષીણ થતી રહે છે. શક્તિનો હમેશાં ક્ષય થાય છે. સૂર્યશક્તિ પણ ધીરેધીરે, ખૂબ જ ધીરેધીરે, ખૂબ જ ધીરેધીરે નાશ પામી રહી છે. જગતની સર્વ શક્તિ આખરે નાશ પામે જ છે. ત્રીજું તત્ત્વ છે ભાવના. આ જ એક એવું અદૃશ્ય તત્ત્વ છે જે સદા વૃદ્ધિ પામે છે. માટીનું કોડિયું તૂટીને માટી બને છે. દીપકની શક્તિ નાશ પામે છે. પણ પ્રકાશ અને ઉષ્મા કદી નાશ પામતાં નથી. ભ્રમણાના કારણે દીપક બુઝાય ત્યારે પ્રકાશનો નાશ થાય એમ આપણે માનીએ છીએ, પણ એ ફેલાયો હોય છે, નાશ પામ્યો હોતો નથી; અનુભવાતો કે દેખાતો નથી, પણ એ ત્યાં અવશ્ય છે જ.

જડતત્ત્વ જીવનના આધારરૂપ છે. શક્તિ એને જીવંત બનાવે છે. જ્ઞાની શક્તિનું રૂપાંતર શ્રેષ્ઠ ભાવનામાં કરે છે. મોહવશ મનુષ્ય પ્રથમ જડતત્ત્વના પ્રેમમાં પડે છે. શરીર, દ્રવ્ય, જમીન, ઝવેરાત આદિમાં જ એને જીવનનું સાર્થક્ય લાગે છે. આમાં પણ આ દ્રવ્યનો સંગ્રહ કરનાર નીચ છે, કારણ કે આમ કરવા માટે જ એ અન્યને જડતત્ત્વોથી વંચિત રાખવાના ઉપાયો વિચાર્યા કરે છે. ગરીબી-અમીરી ઇશ્વર યા પ્રકૃતિ-નિર્મિત નથી. એ એવા જડ પદાર્થના પ્રેમીઓનું નિર્માણ છે. પોતાનાં દુષ્કૃત્યોને એ કર્મવાદ, ભાગ્યવાદ આદિ સિદ્ધાંતોથી રક્ષે છે. બીજા તત્ત્વ શક્તિનો સંગ્રહ કરનારા તમારા જેવા અઘોરીઓ અને રાજા-મહારાજાઓ-સમ્રાટો અને નેતાઓ છે. અન્ય જીવો દુર્બળ રહે એમ એ ઇચ્છે છે. માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એમનાં શાસ્ત્રો છે. બુદ્ધિ-જ્ઞાનનો ઉપયોગ પણ જડ અને શક્તિ-તત્ત્વોના સંગ્રહ માટે કરવાનું જ આવા લોકો શીખવે છે.

ત્રીજું શ્રેષ્ઠ તત્ત્વ ભાવના છે. એ તત્ત્વ સ્વતંત્ર નથી. જડ અને શક્તિના આધારે જ એનો વિકાસ થાય છે. અજ્ઞાન, અધૂરું જ્ઞાન અને ભ્રમણા ભાવનાને સતત જડ અને શક્તિમાં બાંધી રાખવાનો પ્રયત્ન કરે છે. પરમજ્ઞાન કલ્પનાયોગ અને મનની શકિતનો સાક્ષાત્કાર થતાં જાગ્રત થાય છે અને ભાવના, જડ અને શક્તિ તત્ત્વોમાંથી ધીરેધીરે મુક્ત બને છે. આ પછી ફક્ત પ્રેમની ભાવનામાં જ સમગ્ર ચેતનાનું પરિવર્તન થાય છે, આગનો સ્પર્શ પામ્યા પછી દીપક પ્રકાશવા લાગે છે તેમ.

આ છે જીવનનું રહસ્ય. જીવન એ સ્વપ્ન નથી. નાટક કે કેદ પણ નથી. શક્તિને સ્નેહમાં બદલવાની પ્રક્રિયા છે.'

'તો આ રહસ્ય સહજ શા માટે નથી? ગૂઢ શા માટે છે? શક્તિને સ્નેહમાં બદલાવું-પલટાવું છે, તો અટપટું, ભ્રમણાયુક્ત, માયાયુક્ત જીવન શા માટે?' વિતથનાથે પૂછ્યું.

'માટી જ સુગંધ બની જાય તો ફૂલ બનવાનો આનંદ ક્યાંથી મળે? આનંદ મેળવતાં પ્રેમમય બનવું એ જીવનની પહેલી શરત છે. જીવવા માટે આનંદ આવશ્યક છે. પ્રેમનું સર્જન કરવાનો આનંદ પ્રેમમય બની જવા કરતાં પણ વિશેષ છે. સંહાર, સર્જન, સંઘર્ષ પ્રકૃતિના ગુણ છે, જીવનને આનંદમય બનાવે છે. પ્રેમનો અનુભવ આનંદ વગર થતો નથી અને આનંદ જીવ્યા સિવાય મળતો નથી.'

'હું બહુ લાંબું જીવ્યો છતાં મેં આનંદનો અનુભવ કર્યો નથી.' વિતથનાથે પોતાના પાતળા અને એકવડા શરીર પર નજર નાખતાં કહ્યું: 'આ શરીર સાથે મેં ખૂબ સંઘર્ષ કર્યો છે, છતાંય આનંદનો મને અનુભવ થયો નથી.'

'કાળ પણ સાપેક્ષ છે. જડ ચેતન અને ભાવનાના સંદર્ભમાં એ બદલાય છે. તમે જડ શરીરમાં શક્તિનો સતત સંચય કરતા રહ્યા. શક્તિનો સંચય ભ્રામક છે, એમ તમને જ્ઞાન હોત તો તમે આમ ન કરત. યુવાનીમાં મૃત્યુ પામનાર જ્ઞાનેશ્વરે ભાવનાનો સંચય અને વૃદ્ધિ કર્યાં હતાં. આજે પણ એ જીવિત છે. જેટલા ભૂતકાળનું જ્ઞાન તમે પ્રાપ્ત કરી શકો એટલું જ ભૂતકાળમાં તમારું જીવન લંબાય છે અને ભવિષ્યનું જ્ઞાન પ્રાપ્ત કરી શકો એટલું તમે ભવિષ્યમાં જીવો છે. ભવિષ્યનું જ્ઞાન એટલે બનાવો કે તવારીખનું જ્ઞાન નહીં પણ સત્ય તરફ લઈ જનારું જ્ઞાન. ભાવનાઓ - તમારી સ્નેહમય ભાવનાઓ જીવતી રહે એ જ જરૂરી છે. જડ શરીર હોય કે ન હોય તેથી શો ફરક પડે છે ?'

'આનંદનો અનુભવ તો સર્વને થાય છે. પ્રેમમાં - સ્નેહમાં સંપૂર્ણ પરિવર્તન સહુ માટે શક્ય નથી એમ શા માટે?'

'સહુ માટે શક્ય છે. જે કર્તવ્ય માટે આપણે જીવતાં હોઈએ એ અશક્ય કેવી રીતે હોઈ શકે? આપણને આપણા કર્તવ્યની ખબર જ ન હોય તો આમ બને. ભૌતિકવાદીઓ પ્રયાસપૂર્વક મનુષ્યને તેના આ કર્તવ્યથી રોકે છે.'

'તો ભૌતિકવાદીઓને સાચા કર્તવ્યની ખબર છે?'

'ના અને હા. જડતત્ત્વ એટલું વ્યાપક અને આંખ સામે સ્પષ્ટ દેખાય છે કે એમાંથી પ્રાપ્ત થતો આનંદ મનુષ્યને ભ્રમણામાં નાખે છે. આમ છતાં આનંદનો પ્રથમ અનુભવ મનુષ્યને જડ તત્ત્વથી જ થાય છે. સ્ત્રી પ્રાપ્ત કરવી એ જડ આનંદ છે. સંભોગ એ ચેતનાનો આનંદ છે. આ બન્ને આનંદનું રહસ્ય સમજતાં જ મુક્તિ મળે છે અને ભાવનાત્મક આનંદની શરૂઆત થાય છે. ભૌતિકવાદીઓ જાણ્યે-અજાણ્યે જડ-ચેતન આનંદમાંથી મનુષ્યને મુક્ત થવા દેતા નથી. અધ્યાત્મવાદીઓનાં-યોગીઓનાં-તાંત્રિક-માંત્રિકોનાં સ્વર્ગ અને સિદ્ધિઓ આનું ઉદાહરણ છે. આનંદ અનુભવ છે અને પ્રેમ પ્રાપ્તિ. બન્ને એક જ છે. અનુભવ વગરની પ્રાપ્તિ અને પ્રાપ્તિ વગરનો અનુભવ કશા જ કામનો નથી.'

તે દિવસ ચૌદશનો હતો. મા ચામુંડામાતાની મૂર્તિની પ્રતિષ્ઠા થવાની

હતી. ચોગાનમાં એ માટેની તૈયારી ચાલી રહી હતી. વિતથનાથ સાથે કલાકોની ચર્ચા બાદ હું નિકુંભ આનંદ સાથે મોડી સાંજે એ વ્યવસ્થા નિહાળતો હતો.

ઘાસ અને માટીમાંથી મૂર્તિ છ-સાત ફૂટ જેટલી ઊંચી બનાવવામાં આવી હતી. ચહેરો રૌદ્ર હતો. ગળામાં સાત ખોપરીઓની માળા ભયાનક લાગતી હતી. ગદા, તલવાર, ભાલો, પાશ, ત્રિશૂળ, ચક્ર આદિ આયુધો તેના આઠ હાથમાં આપવામાં આવ્યાં હતાં. મૂર્તિને રંગીન મણકાઓ અને કોડીઓથી સજાવવામાં આવી હતી. સૂર્યાસ્ત સમયે ચાર અઘોરીઓ એ મૂર્તિને ઊંચકીને યજ્ઞવેદિ સમક્ષ લાવ્યા. ત્યાં એક ઊંચા માટીના બનાવેલા ઓટલા પર એને મૂકવામાં આવી. અંધારું છવાયું અને મશાલો પ્રગટાવવામાં આવી ત્યાં સુધી મંત્રોચ્ચાર ચાલુ હતા. મંત્રોથી દેવીનું આવાહન કરવામાં આવી રહ્યું હતું. સર્વપ્રથમ દેવીની શક્તિની પ્રશંસા કરવામાં આવી. એ પછી શક્તિની એ દેવીને રક્તનો અભિષેક કરી પ્રાર્થવામાં આવી કે એ ત્યાં હાજર થઈ એમના ભોગનો સ્વીકાર કરે. ડાકલા જેવા કોઈ વાદ્યમાંથી સતત એકધારો એકતાલમાં અવાજ આવી રહ્યો હતો. તે દિવસે નૃત્યસમયે ધૂણી રહેલો અઘોરી અત્યારે પણ મૂર્તિની સામે બન્ને હાથમાં સળગતાં લાકડાં ઝાલી નાચી રહ્યો હતો. આ પછી દેવીને માંસ અને મદિરાનો અભિષેક કરવામાં આવ્યો. મદિરા બધા જ અઘોરીઓને પણ પ્રસાદરૂપે વહેંચવામાં આવી. પરાત્પર, ભૈરવનાથ, વામદેવ, અદિતિ વગેરે એ ટોળામાં જોઈ શકાતાં હતાં, પણ વિતથનાથ દેખાતા નહોતા. મદિરાનો પ્રસાદ લીધા પછી અઘોરીઓ પણ ગોળ ફરતા નાચવા લાગ્યા હતા. સળગતાં લાકડાં લઈને નાચતો અઘોરી હવે એ સળગતાં લાકડાં પોતાના શરીર પર ચાંપતો હતો અને એને કંઈ થતું ન હતું. અઘોરીઓ હર્ષથી ચિચિયારીઓ પાડતા અને પેલો અઘોરી ઉશ્કેરાઈ વધુ મુશ્કેલ પ્રયોગ કરતો હતો. અંતમાં એણે સળગતું લાકડું પોતાના મુખમાં ખોસી દીધું. ભૈરવનાથે એ પછી એ અઘોરીના પ્રયોગોને રોક્યા. પરાત્પર આગળ આવ્યા. દેવીને નમન કરી એમણે મંત્રોપાસના શરૂ કરી. મંત્રોપાસના પછી વામદેવ બલિદાન માટે લવાયેલી પેલી બારેક વર્ષની છોકરીને દોરી લાવ્યો. છોકરી ત્યારે પોતાના પગ પર ચાલી રહી હતી. સ્વેચ્છાએ જ એ ત્યાં આવી રહી હોય એવો ભાસ થતો હતો. એના બન્ને હાથમાં ફૂલો હતાં. એના નાજુક ખભા પર વામદેવનો વિકરાળ પંજો દબાયો હતો. પૂતળાની જેમ ચૂપચાપ એ ત્યાં ઊભી રહી. પરાત્પરે દેવીની મૂર્તિને સંબોધી એ કન્યાના બલિદાનનો સંકલ્પ કર્યો:

'હે શકિતદાત્રી મા! તારી અસીમ કૃપા પામવા અમે આ આહુતિઓનો યજ્ઞ કરી રહ્યા છીએ. અનેક પ્રકારની આહુતિઓ આપી અમે તને પ્રસન્ન કરી છે. સિદ્ધિઓ રૂપે અમે તારી કૃપા પામ્યા છીએ. યજ્ઞની સર્વોચ્ચ આહુતિ રૂપે અમે આ કન્યાનું બલિદાન આપવાનો સંકલ્પ કરીએ છીએ. મા, તારી સંહારશક્તિને અમારી આ અંજલિ છે. તું સર્જનશક્તિ છો, તું જ સંહારક શક્તિ પણ છો. તારા ખપ્પરમાં

કાળ જીવોને હોમે છે. તારું ખપ્પર એ મહાયજ્ઞ છે. કાળે કરીને સર્વ જીવો એમાં આહુતિ બની હોમાશે. એ મહાયજ્ઞમાં આ બલિદાનરૂપે અમારી સમ્પત્તિ પ્રાપ્ત કર. જે યજ્ઞ અમે કરી રહ્યા છીએ એ તારા મહાયજ્ઞનું જ પ્રતીક છે. હે મહાદેવી! બલિદાનરૂપે અમારા અર્ધ્યનો સ્વીકાર કર!' વામદેવે છોકરીનો ખભો દબાવ્યો એટલે એણે દેવીનાં ચરણોમાં ફૂલ ધર્યાં. અઘોરીઓએ દેવીનો જયજયકાર કર્યો.

આ પછી પરાત્પર લકુલેશે બધા જ અઘોરીઓને સંબોધીને નાનું પ્રવચન કર્યું. પ્રવચનમાં સાધનાની મહત્તા અને બલિદાનનું રહસ્ય સમજાવવામાં આવ્યું: 'પ્રકૃતિરૂપી શક્તિના યજ્ઞકુંડમાં મનુષ્યની આહુતિ આપવી એ અઘોર-ધર્મ છે. કુમારી યુવતીની આહુતિ શ્રેષ્ઠ છે. યજ્ઞો લુપ્ત થઈ રહ્યા છે. યામીઓ યજ્ઞમાં ઘૃત અને શ્રીફળની આહુતિ આપી દેવોની વંચના કરે છે. વામમાર્ગીઓ માટે એ શક્ય નથી. મહાકાળ જીવનું ભક્ષણ કરીને જ તૃપ્તિ અનુભવે છે. નિર્બળનું ભક્ષણ કરી બળવાન વધુ શક્તિમાન બને છે. શક્તિમાન બનવું એ જ શ્રેષ્ઠ સાધના છે. શક્તિશાળી જ મહાકાળને પ્રસન્ન કરી શકે છે; મહાકાળના પડકારને ઝીલી શકે એ જ એમને પ્રસન્ન કરી શકે છે. અન્ય એનો ભક્ષ્ય બને છે. કાળપુરુષ શક્તિની આરાધનાથી જ પ્રસન્ન થાય છે. મા ચામુંડા મહાશક્તિ છે. મંત્ર એની વાણી છે. માંસમદિરા એનાં ભક્ષ્ય છે. મૈથુન એની સર્જનશક્તિ અને મૃત્યુ સંહારક શક્તિ છે.'

એક યુવાન અઘોરી ધસમસતો આવી પરાત્પર સામે ઊભો રહ્યો. મકાન તરફ આંગળી ચીંધી એ કંઈક કહી રહ્યો હતો. કોલાહલ અને ગણગણાટના કારણે સ્પષ્ટ નહોતું સંભળાતું, પણ વિતથનાથ અંગે કંઈક કહી રહ્યો હતો. પરાત્પર, અદિતિ, ભૈરવનાથ વગેરે વિતથનાથ જ્યાં રહેતા હતા એ તરફ ગયાં. વામદેવ પેલી છોકરીને લઈ ચાલ્યો ગયો. નિકુંભે મારી નજીક આવી ધીરેથી કહ્યું: 'મહાશય, તમે ફરી એક નવી મુસીબત ઊભી કરી છે.' મેં પ્રશ્નાર્થભર્યા ચહેરે એની સામે જોયું. 'વિતથનાથ આજે સમાધિ લઈ રહ્યા છે.' સાંભળીને હું ચમક્યો. 'શા માટે?' મેં પૂછ્યું. 'અહીંના કોઈ પણ અઘોરી કરતાં તમે જ એ સારી રીતે જાણતા હશો.' નિકુંભ આનંદના જવાબમાં કટાક્ષ હતો. હું ચૂપ રહ્યો.

'મૃત્યુ એક દિવસ તો સહુને ઝડપવાનું છે.' વિતથનાથ ઓટલા પર ઊભા-ઊભા અઘોરીઓને સંબોધી કહી રહ્યા હતા: 'મેં નિર્ણય કર્યો છે કે એ મહાકાળ મને એના ખપ્પરમાં ખેંચી લે તે પહેલાં હું જ મારા જીવનને આહુતિરૂપે એના ખપ્પરમાં અર્પણ કરી દઉં. હું ખૂબ લાંબું જીવ્યો છું. જીવનનો મોહ હવે ચાલ્યો ગયો છે. આંજે મૃત્યુની પરમશાંતિ મને આકર્ષી રહી છે. સમાધિ લેવાના મારા નિર્ણયને આપ સહુ સ્વીકારશો.'

અઘોરીઓને કંઈ વધુ વિચારવાનો સમય મળે તે પહેલાં તો ભૈરવનાથે 'વિતથનાથની જય' પોકારાવી પરિસ્થિતિ પોતાના કાબૂમાં લઈ લીધી.

વિતથનાથની સમાધિ માટે તૈયારી થવા લાગી ત્યારે પરાત્પરે મને પોતાની પાસે બોલાવ્યો. મારો હાથ ઝાલી એમણે કહ્યું: 'ચાલ, મારી સાથે ચાલ.' હું પાછળ-પાછળ જવા લાગ્યો. મેં પાછળ નજર કરી તો મને લાગ્યું કે અદિતિ અમને જોઈ રહી છે.

'મૃત્યુ વિશે તું શું જાણે છે?' પરાત્પરનો ઘેરો ગંભીર અવાજ સંભળાયો. અંધકારના કારણે એમના મુખ પરના ભાવો દેખાતા નહોતા. એમના સવાલનો આશય મને સમજાયો નહીં. એ શું મને મૃત્યુની ધમકી દેવા ઇચ્છતા હતા?

'આપનો આશય મને સમજાયો નથી.' મેં કહ્યું.

'અહીં આવવાનો તમારો આશય તો હવે અમને સમજાવા લાગ્યો છે.' ખૂબ ગંભીરતાથી એમણે કહ્યું.

'કોઈ ગુપ્ત આશય માટે હું અહીં આવ્યો નથી. મેં મારો આશય છુપાવ્યો પણ નથી. મારા વિચારો કોઈ અઘોરીને સ્પર્શે અને એના જીવનની રાહ એ બદલે તો એમાં મારો કોઈ વાંક નથી. અલખ આનંદ અને વિતથનાથ માટે મારા હૃદયમાં ચૈતન્યાનંદ જેટલો જ આદર છે.'

'અમે અમારા બે શ્રેષ્ઠ સાથીઓને ગુમાવ્યા છે.' પરાત્પરના અવાજમાં કંપ અને ક્રોધ સ્પષ્ટ વર્તાતા હતા.

'એમણે શ્રેષ્ઠ માર્ગ અપનાવ્યો છે.' મેં દૃઢતાથી કહ્યું.

એટલામાં જ અદિતિએ ત્યાં પ્રવેશ કર્યો. પરાત્પર તરફ ફરી એણે કહ્યું: 'અંતિમ ઇચ્છા તરીકે વિતથનાથે આમના માટે અભયના વચનની માગણી કરી છે.' હું ચમક્યો. વિતથનાથને પરાત્પરના કોઈ ઇરાદા વિશે જાણ થઈ હશે કે અદિતિએ જ આ માટે વિતથનાથને પ્રેર્યા હશે?!

પરાત્પર ખામોશ ધૂંધવાતા ઊભા રહ્યા. થોડા સમય પછી એમણે મારા તરફ જોઈ કહ્યું: 'તું જઈ શકે છે. આવતી કાલે તારી વિદાયનો પ્રબંધ કરવામાં આવશે.'

મેં એમનો આભાર માન્યો. એ પછી ઉમેર્યું: 'તમે મને મૃત્યુ વિશે પૂછ્યું હતું. ઇચ્છા હોય તો એ વિશે આપને કંઈક કહેવા ઇચ્છું છું.'

'મારી સાંભળવાની ઇચ્છા નથી.'

મેં અને અદિતિએ વિદાય લીધી. ચાલતાં-ચાલતાં મેં કહ્યું: 'કાલે વિદાય પછી પણ આપ મને હંમેશાં યાદ રહેશો. અહીં રહ્યો એ દરમિયાન આપે મારા તરફ ખૂબ મમતા બતાવી છે.'

અદિતિએ કોઈ જવાબ ન આપ્યો, ફક્ત સ્મિત કર્યું.

ચોગાનમાં ધમાલ શરૂ થઈ ચૂકી હતી. વિતથનાથ મા ચામુંડાની મૂર્તિ

સામે બેસી સ્તોત્રો ઉચ્ચારી રહ્યા હતા. અનેક અઘોરીઓ એમાં સૂર પુરાવી રહ્યા હતા. વિતથનાથ અત્યારે ખૂબ ભવ્ય દેખાઈ રહ્યા હતા. અદિતિજીએ કહ્યું: 'વિતથનાથની સમાધિના કારણે આજનાં કાર્યો વિલંબમાં મુકાશે.' મેં પૂછ્યું: 'આજે કયો ખાસ કાર્યક્રમ હતો?'

'આવતી કાલના બલિદાન માટેની પૂર્વ તૈયારીનો. વિલંબ થશે પણ બલિદાન ચોક્કસ સમયે જ અપાશે. એ નિશ્ચિત છે.'

'એક સવાલ પૂછું?' પૂછતાં પહેલાં મેં આજ્ઞા માગી લીધી.

'પૂછો.'

'બલિદાન - એક નિર્દોષ કન્યાના બલિદાન વિશે તમારો શો મત છે?'

'આ અમારા સંપ્રદાયનો નિયમ છે, વિધિ છે.'

'એક હત્યાથી તમે શું પ્રાપ્ત કરી શકશો?' હત્યા શબ્દથી ચોંકી એમણે કહ્યું: 'શાસ્ત્રોક્ત રીતે અપાતા બલિદાનને હત્યા કેવી રીતે કહી શકાય? તમારા સામાજિક-રાજકીય નિયમોને આધીન યુદ્ધ કે દેખાવો દરમિયાન થયેલા મૃત્યુને તમે હત્યા કહેશો?'

'એક સમજદાર માણસ ચોક્કસ એને હત્યા જ કહેશે.'

'તો વિતથનાથને સમાધિ માટે ઉશ્કેરવા એ પણ હત્યા છે.' અદિતિજીએ ખૂબ તીખાશથી આ વાક્ય ઉચ્ચાર્યું હતું.

'ના, આ સ્વૈચ્છિક બલિદાન છે. વિતથનાથ ખૂબ લાંબું જીવ્યા છે. જિન્દગીના થાકને હવે આરામની - ચિરનિદ્રાની જરૂર છે.'

'અને અલખ આનંદ?!'

'એ એમની સિદ્ધિઓની નિરર્થકતા જીરવી ન શક્યા. આમ છતાં એ શું કરવાના છે એનો મને ખ્યાલ હોત તો મેં એમને રોક્યા હોત. કોશિશ અવશ્ય કરી હોત.'

અમે અદિતિજીના ઓરડામાં પ્રવેશ્યા. એ પોતાના ઉચ્ચ આસને કંઈક વિચારમાં ડાબા હાથનો ટેકો લઈ ઢળીને આરામ કરતાં બેઠાં. ઇશારાથી જ એમણે મને સામે બેસવા સૂચવ્યું.

'બબ્બે મૃત્યુઓએ પરાત્પરને ખૂબ જ હચમચાવી મૂકયા છે.' અદિતિએ ધીરેથી કહ્યું.

'આવતી કાલનું બલિદાન એમને વધારે હચમચાવે એમ હું ઇચ્છું છું.' મેં પણ એટલી જ દૃઢતાથી કહ્યું. ચાર દિવસના અનુભવ પછી હવે હું કંઈક સ્વસ્થતાથી અને દૃઢતાથી બોલી શકતો હતો. મેં જોયું હતું કે આ અઘોરીઓ અજ્ઞાન હતા પણ દંભી નહોતા. એમની વિચિત્ર માન્યતાઓના કારણે દંભનો આભાસ થાય, પણ એ

ખેરવી નાખવો ખૂબ જ આસાન હતો. શહેરીઓ, બૌદ્ધિકો, જ્ઞાનીઓ, પંડિતોના દંભને મેં જોયો છે - ચામડી અને લોહી અને હાડકાં સાથે ભળી ગયેલો.

'અદિતિજી, મૃત્યુ અન્યનું, દૂરનું, નજીકનું, સ્વજનનું અને પોતાનું એકસરખું છે. એક બાર વર્ષની માસૂમ છોકરી પ્રત્યે જો કોઈને અનુકંપા ન જાગે તો તમારી આ સાધના શાને માટે છે? ફક્ત શક્તિનો સંગ્રહ કરવા? નર્યા ઝેરથી ભરેલી આ શક્તિ વિનાશ નોતરવા સિવાય કશું ન કરી શકે. ચૈતન્યાનંદજીએ મને કહ્યું હતું. શક્તિના પ્રચંડ સિંહાસન પર બેસીને પણ માણસ મૃત્યુ પાસે તો લાચાર બની જાય છે, ત્યાં ઝૂકીને, સલામ કરીને ઊભા રહેવું પડે છે. શક્તિ પ્રાપ્ત કરી તમે શું ઇચ્છો છો? જે શક્તિની આરાધના કરો છો એ મા પણ છે. એ મા શું માસૂમ બાળકીના બલિદાનથી રીઝવાની છે? બલિદાન આપવું જ હોય તો આપી દો તમારી મિથ્યા સિદ્ધિઓનું!' મારા અવાજમાં ઉશ્કેરાટનો અને લાગણીવશતાનો કંપ હતો.

'જુઓ, અહીં જે કંઈ થયું છે તે પર્યાપ્ત છે.' અદિતિજીએ કહ્યું: 'હવે કંઈ પણ વધારે થશે તો એ માટે તમારે જીવ આપવો પડશે. એવું થાય એમ અમે ઇચ્છતાં નથી. ભૈરવનાથે તમને ક્ષેમકુશળ પાછા શિવાનંદને હવાલે કરવાની જવાબદારી લીધી છે. એ જવાબદારી અમારે પાર પાડવાની છે. કાલ બપોર સુધી તમારે મારી સાથે જ રહેવાનું છે.'

'બલિદાન ક્યારે છે?' મેં વચમાં જ પૂછ્યું.

'આવતી કાલે સંધ્યાકાળે.' અદિતિજીએ કહ્યું: 'પણ ત્યાં સુધી તમારે રોકાવાનું નથી. બપોરે જ તમને વિદાય કરવામાં આવશે. આ નિશ્ચિત છે. સમય પસાર કરવા હું તમને એક સવાલ પૂછું?'

'ફક્ત સમય પસાર કરવા નહીં.' મેં કહ્યું.

'પરાત્પરને તમે મૃત્યુ વિશે કંઈક કહેવા ઇચ્છતા હતા એ મને કહો.'

હું ખામોશ રહ્યો. અદિતિએ પ્રશ્નને દોહરાવ્યો.

'મૃત્યુ કોઈને ગમતું નથી. મૃત્યુ એટલે જીવનનો અંત. મનુષ્ય મરવા ઇચ્છતો નથી. એ કોઈ ને કોઈ પ્રકારે આ વિશ્વ પર સતત જીવવા ઇચ્છે છે. જીવન ફરીફરી ભજવાતું એક નાટક છે, એમ કેટલાંક કહે છે. જીવન એક સજા છે, એમ કેટલાક કહે છે. જીવન ભગવાનને શોધવા માટેનો પ્રયાસ છે, એમ કેટલાક માને છે. આ બધાનો અંત ફક્ત એક મૃત્યુથી આવી જાય છે. ખરેખર તો મૃત્યુ છે એટલે જ માનવીને જીવન પ્રત્યે પ્રેમ છે. મૃત્યુ ન હોત તો? આ જીવન નર્ક બની જાય. મૃત્યુ એ તો કુદરતનો મહાન આશીર્વાદ છે. મૃત્યુ છે તો જીવનનો આનંદ આવે છે. જેણે જીવન પૂર્ણ રીતે જીવ્યું છે એના માટે મૃત્યુ મહાઆનંદ છે.

મૃત્યુ ત્રણ પ્રકારે થાય છે : જડ, ચેતન અને ભાવનાત્મક. જીવનમાં જડતત્ત્વો ફક્ત પરિવર્તન પામે છે. એનું મૃત્યુ શક્ય નથી. ફરીફરી જન્મવાનો કે

જીવનચક્રનો આભાસ કે ભ્રમણા થાય છે, તે આ જડતત્ત્વના કારણે. જડતત્ત્વોમાંથી શરીર બંધાય છે અને ફરી જડતત્ત્વમાં પરિવર્તન પામે છે. ફરી એમાંથી જ શરીરનું નિર્માણ થાય છે. ચેતનતત્ત્વ હંમેશાં નાશ પામે છે. મોક્ષ કે ફરી ન જન્મવાની ભ્રમણા આ તત્ત્વના કારણે થાય છે. વપરાયેલી શક્તિ ક્યારેય પાછી ફરતી નથી અને અમરત્વ, સતત જીવિત રહેવાની શક્યતા ફક્ત ભાવનાત્મક તત્ત્વના કારણે નિર્વિત થાય છે. જડત્વવાદીઓ સતત જન્મતા રહે છે. તમારા જેવા શક્તિવાદીઓ નાશ પામે છે. એ ફરી કદી જન્મવાના નથી અને ભાવનાવાદીઓ કદી મૃત્યુ પામતા નથી અથવા તો મૃત્યુ એ ફરી જન્મવાની શક્યતા, તદ્દન અશક્યતા અને અમરત્વ છે. પણ એ તમે કેવી રીતે જીવો છો તેના પર આધાર રાખે છે.'

અદિતિજી ખૂબ ગંભીર થઈ ગયાં હતાં. એક બોજ વાતાવરણ પણ જાણે ઝળૂંબી રહ્યો. હું ખામોશ એમને તાકતો બેઠો રહ્યો. એ શું વિચારતાં હશે એની કલ્પના કરવાનો આનંદ મેં થોડી વાર માણ્યો. ત્યાં એ બોલ્યાં: 'હું હૃદયપૂર્વક ઇચ્છું છું કે તમે અહીંથી હેમખેમ પાછા જઈ શકો.'

મેં એમની ભલી ભાવના માટે આભાર માન્યો અને આશ્વાસન પણ આપ્યું કે હું ચોક્કસ ક્ષેમકુશળ પાછો ફરીશ.

બહાર કોલાહલ વધ્યો હતો. વિતથનાથની જયના પોકારો સંભળાતા હતા. હું અને અદિતિજી બહાર આવ્યાં. નિકુંભ આનંદ બહાર જ ઊભો હતો. અદિતિજીએ પ્રશ્નાર્થ-દષ્ટિએ એની સામે જોયું. નિકુંભે કહ્યું: 'વિતથનાથના અંતિમ સંસ્કાર અંગે વિવાદ હતો. વિતથનાથે પોતાને અગ્નિદાહ આપવાની આજ્ઞા કરી છે. કેટલાક અઘોરીઓને આ યોગ્ય લાગ્યું નહોતું. પરાત્પરે આખરે વિતથનાથની મરજીને જ માન આપવાનું નક્કી કર્યું છે.'

મેં નિકુંભને પૂછ્યું: 'તમારા આ અઘોરપંથમાં અંતિમ સંસ્કાર કેવી રીતે કરવામાં આવે છે?'

એણે અદિતિ તરફ જોયું જાણે જવાબ આપવા માટે અનુજ્ઞા ઇચ્છતો હોય. અદિતિએ જ જવાબ આપવાની ઇચ્છા વ્યક્ત કરી.

'આ ખૂબ જ ગુપ્ત સંસ્કાર છે. અલખ આનંદના અંતિમ સંસ્કાર થયા એની તમે અહીં હાજર હોવા છતાં તમને ખબર ન પડી. ખબર ન પડે એ માટે અમે ખૂબ સાવધ હતાં. અમારા નિયમો તોડીને હું તમને આ કહી રહી છું, કારણ કે અંગત રીતે હું માનું છું કે આ જાણવાનો તમને અધિકાર છે.'

મેં એમનો ખૂબ આભાર માન્યો, સાથે જ મને યાદ આવ્યું કે અલખ આનંદના મૃતદેહનું શું થયું એ મેં જાણ્યું જ નહોતું! એક એકાંત ખૂણામાં ઊભાં રહી અદિતિજીએ મને કહેવાની શરૂઆત કરી: 'અઘોરીને મૃત્યુની છાયા નજર

આવે છે ત્યારે એ ઘોર જંગલમાં અથવા તો હિમાલયનાં બરફીલાં મેદાનોમાં પોતાના એક મુખ્ય શિષ્ય સાથે ચાલ્યા જાય છે. પોતાના દેહનું દાન એ શિષ્યને કરે છે. ગુરુ તંદુરસ્ત હોય તો શિષ્ય ગુરુના દેહનું ભક્ષણ કરે છે.'

આ સાંભળીને મને ઊબકા આવવા લાગ્યા. ચિતરી ચડતી હોય એમ મેં આંખે હાથ દાબી દીધા. અદિતિજીએ હસીને કહ્યું: 'આ ખૂબ સામાન્ય છે. ગુરુ પોતાની શક્તિઓનો વારસો આ રીતે શિષ્યને આપે છે. ગુરુની ખોપરીનો સ્વીકાર પણ મુખ્ય શિષ્ય કરે છે. અઘોરીઓની આ પરંપરા છે, કર્તવ્ય છે. વર્ષોથી આમ જ થતું આવ્યું છે. વિતથનાથની ખોપરી સ્વીકારવાનો અધિકાર પરાત્પરને છે, પણ અગ્નિદાહની ઇચ્છા વ્યક્ત કરી વિતથનાથે પરાત્પરને એ અધિકારથી વંચિત કરી દીધા છે. પરાત્પર જો પોતાના એ અધિકારને વળગી રહ્યા હોત તો નક્કી કંઈ ગરબડ થાત. પણ વિતથનાથની ઇચ્છાને સ્વીકારી એમણે મૂંઝવણ અત્યારે તો ટાળી છે, પણ પરંપરાનો ભંગ કરવા બદલ વામદેવ જેવા અઘોરીઓ નિશ્ચય કંઈક ધમાલ કરશે.'

'અલખ આનંદના મૃતદેહનું શું કરવામાં આવ્યું?' મેં પૂછ્યું.

'એ નિર્મળ આનંદનો અધિકાર હતો. એણે અલખ આનંદનું માંસ ખાવાનો અને રુધિર પીવાનો ઇનકાર કર્યો. અલખ આનંદના અન્ય શિષ્યોને અધિકાર સોંપવામાં આવ્યો. બાર દિવસ પછી એમના મસ્તકની ખોપરીનો અધિકાર સોંપવા માટે યોગ્ય શિષ્ય નક્કી કરવામાં આવશે.'

મને કમકમાટી થઈ આવી. વિતથનાથે સમાધિમાં બેઠાં-બેઠાં જ દેહ છોડ્યો. એમના ચહેરા પર પરમ શાંતિની ઝલક દેખાતી હતી. મા ચામુંડાની મૂર્તિ નજીક જ એમના દેહને એક આસન પર પાછળ ટેકો મૂકી બેસાડી રાખવામાં આવ્યો હતો. એકબે દિવસ પછી જ એમના દેહને અગ્નિસંસ્કાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

મોડી રાત સુધી નૃત્ય, માંસ-મદિરાનું ભક્ષણ અને તાંત્રિક મૈથુનનો અંતિમ પ્રોગ્રામ ચાલુ રહ્યો. મેં એ બધામાંથી શરૂઆતનો રોમાંચ ગુમાવ્યો હતો. ત્યાં જવાની પણ ઇચ્છા થતી નહોતી. પાછા ફરવાની ઘડી નજીક આવી રહી હતી. એટલે કુટુંબ અને મિત્રો યાદ આવી રહ્યાં હતાં.

પાંચમા દિવસના પ્રભાતે પરાત્પરે મને બોલાવ્યો. હું નિકુંભ સાથે ત્યાં પહોંચ્યો ત્યારે અદિતિ, ભૈરવનાથ, વામદેવ વગેરે પણ ત્યાં બેઠાં હતાં. મેં એમને નમસ્કાર કરી બેઠક લીધી. પરાત્પરે ભૈરવનાથને ઇશારો કર્યો એટલે એમણે પૂછ્યું: 'આપ છેલ્લે વિતથનાથ પાસે હતા ત્યારે એમણે તમને ખેચરી વિદ્યાનું રહસ્ય કહ્યું હતું?'

જવાબ આપતાં પહેલા મેં અદિતિ તરફ અનાયાસ જોયું. એમની આંખોમાં કંઈક વિશેષ સંકેત હતો. મેં વિચાર કરી કહ્યું: 'એમણે મને પોતાનું તાળવું બતાવ્યું

હતું. એ ઉપરાંત ખેચરી વિદ્યાની પોતાની સાધના અંગે થોડીક વાતો કરી હતી.'

'એ વિદ્યા એમણે તમને શીખવી હતી ?'

'મને એમાં કશું શીખવા જેવું લાગ્યું ન હતું. મેં શીખવાની કે એમણે શીખવવાની કોશિશ કરી ન હતી. મને એમાં કંઈ રસ નહોતો.'

આ પછી મને બહાર જવાની આજ્ઞા કરવામાં આવી. થોડી વાર નિકુંભ સાથે ગપ્પાં મારતો ઊભો રહ્યો. આ નાટકનું પ્રયોજન મને સમજાતું નહોતું. થોડી વાર પછી અદિતિજી બહાર આવ્યાં. અમે ચૂપચાપ એમની પાછળ ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા પછી એમણે કહ્યું : 'તમે ઘોર સંકટમાંથી ઊગરી ગયા. વામદેવના સાથીઓ તમને વિતથનાથના શિષ્ય તરીકે ઠસાવી દેવા માગતા હતા. તમે જો એમ કહ્યું હોત તો કે વિતથનાથે તમને ખેચરી વિદ્યા શીખવી હતી તો અઘોરપંથની પ્રણાલિકા મુજબ તમારે વિતથનાથના અંતિમ સંસ્કાર કરવા પડત.'

હું ધ્રૂજી ઊઠ્યો છતાં મેં કહ્યું : 'પણ વિતથનાથે તો પોતાની ઇચ્છા વ્યક્ત કરી જ દીધી છે !'

'એ ઇચ્છાને ઘોળીને પી જતા અને તમને હેરાન કરતા એમને રોકવા મુશ્કેલ થઈ પડે. એક મહામુશ્કેલીમાંથી તમે ઊગરી ગયા છો.'

થોડી વાર રહી એ બોલ્યા :

'બપોર સુધી તમને અમારે સંભાળવા પડશે. તમે પણ સંભાળજો મિત્રો કરતાં તમે દુશ્મનો વધુ ઊભા કર્યા છે.'

મારી ઓરડીમાં ઊંઘવા ગયો ત્યારે ઊંઘના બદલે એ જ વિચારો આવ્યા કરતા હતા. જ્યારે આપણે કોઈને મિત્ર બનાવવા જઈએ છીએ - ચાહવાની કોશિશ કરીએ છીએ ત્યારે શા માટે કેટલાકને દુશ્મન બનાવી મૂકીએ છીએ ? ક્યાંક આપણા પ્રેમમાં સ્વાર્થ તો નથી ? ક્યાંક આપણી દોસ્તીની ભાવનામાં તો ક્ષતિ નથી ? ખોટ ક્યાં છે ? કે પછી માણસોને પ્રેમ-દોસ્તી સામે જ દુશ્મની છે ? સત્યની કડવાશ, એનો તાપ શા માટે સહન થઈ શકતો નથી ?

આંખ મીંચાતી અને જાણે કોઈ હથેળીમાં ખીલા ઠોકતું હોય એવી ભ્રમણા થવા લાગતી. એક કરુણાર્દ્ર ચહેરો સામે આવતો - પીઠ લોહીથી ચીપચીપી બની જતી - ચહેરો કોનો હોય ? ચૈતન્યાનંદનો ? અલખ આનંદનો ? વિતથનાથનો ? કે -

○ ○ ○

પ્રકરણ ૨૦

સૂરજ પહાડ પરથી ડોકિયું કરવા લાગ્યો ત્યારે હું થાંભલાને અઢેલીને પરસાળમાં ઊભો હતો. અમાસનો દિવસ એ અઘોરીઓની સાધનાનો મહત્ત્વનો દિવસ હતો. મારો ત્યાં અંતિમ દિવસ હતો. કોણ જાણે કેમ પણ ત્યાંથી જવાનો આનંદ નહોતો થતો, ઊલટું મન વિષાદથી ભરાઈ ગયું હતું. મારા જીવનના આ યાદગાર પાંચ દિવસો અને આ અઘોરીઓ! અલખ આનંદથી શરૂઆત થઈ ... વિતથનાથ સુધી પહોંચેલી એ ચર્ચાઓ..., એમનો પ્રેમ! અદિતિજી અને નિકુંભ આનંદ અને નિર્મલ આનંદ! પ્રચંડ વામદેવ અને યુવાન સુનંદ! બલિદાન! મૂઠ! વશીકરણ! ખેચરી! પરકાયાપ્રવેશ!... કેવા રોમાંચક અનુભવો! જગજિત સદા યાદ આવ્યા કર્યો હતો - અને કેટલું બધું ભુલાઈ ગયું હતું! બહારના આખા જગતનું અસ્તિત્વ જાણે ખતમ થઈ ગયું હતું. અખબારો, ટી.વી. અને રેડિયો, લોકલ ટ્રેનો અને મિત્રોની ભીડ, સતત રણકતી ટેલીફોનની ઘંટડી જાણે સપનું બની ગઈ હતી. પ્રૂફ્સ અને ગૅલીઓ અને કૉલમોની દુનિયામાંથી મુક્તિ મળી હતી. કૉફી અને ચા પીતાં હૉટલના ટેબલ પરની બહશો! ભુલાઈ ગયેલા એક સ્વપ્નની જેમ યાદ આવવા લાગ્યું. પાછું એ દુનિયામાં જવાનું! એક નિઃશ્વાસ નખાઈ ગયો મારાથી. સોદાગરની ચા ઠંડી થતી હશે ને બીડી ફૂંકતો કામ કરતો હશે. ભાનુ આગલા અંકની ચિંતામાં નકામા નકામા બરાડા નાખતો હશે અને બેફિકર વિવેક 'હોતા હૈ ચલતા હૈ' કરી કોઈ મેગેઝિનનાં પાનાં ઊથલાવતો હશે. અને ઘેર? રસોઈ થઈ ગઈ હશે અને જમવાની, નાહવાની અને સ્કૂલ-કૉલેજ જવાની ધમાલ ચાલતી હશે...!

- પાછો જ ન ફરું તો એ દુનિયામાં?

માથું ઝાટકી મેં એ વિચારને ખંખેરી નાખ્યો. એક ભયની આછી લહર શરીરમાંથી પસાર થઈ ગઈ. કદાચ પાછો જ ન ફરી શક્યો તો? મને શિવાનંદની યાદ આવી.

નિકુંભ મારી પાસે આવ્યો, એણે કહ્યું: 'અદિતિજી બોલાવે છે.' ચૂપચાપ હું એની સાથે ચાલી નીકળ્યો. વચ્ચે જ આવતા એક ઓરડામાં વિતથનાથના દેહને રાખવામાં આવ્યો હતો. બે ઘડી હું ત્યાં ઊભો. ત્રણેક અઘોરી દેહનું ધ્યાન રાખતા ત્યાં બેઠા હતા. વિતથનાથ શાંત સમાધિમાં હોય એવા લાગતા હતા. શરીર પરની કરચલીઓ ફક્ત વધુ સ્પષ્ટ બની હતી. બે હાથ જોડી નમસ્કાર કરી અમે આગળ ચાલ્યા.

જેનું બલિદાન અપાનાર હતું એ માસૂમ છોકરીને જ્યાં રાખવામાં આવી હતી એ ઓરડામાં જ અદિતિ બેઠાં હતાં. ત્યાં ખાસ્સી ભીડ હતી. છોકરી ત્યારે સાવ

જાગ્રત અવસ્થામાં શાંત બેઠી હતી. વામદેવ એક નાના યજ્ઞકુંડમાં કંઈક હવન જેવું એ છોકરી પાસે કરાવી રહ્યો હતો. સ્વાહાના ઉચ્ચાર સાથે એ અડદ, જવ આદિના દાણા હોમવાનું સૂચન કરતો હતો અને છોકરી ચાવી દીધેલા પૂતળાની જેમ આજ્ઞાને અનુસરતી હતી. અને છોકરીના ચહેરા પર ચંદન-સુખડનો લેપ હતો. એને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં હતાં. અડદ અને જવના દાણા તડતડાટી સાથે ફૂટતા અને એ નિર્દોષ છોકરીના ચહેરા પર સ્મિત ફેલાઈ જતું હતું.

આ બધું જ ધાર્મિક રીતે થતું હતું, ધર્મના નામ પર થતું હતું અને ધર્મ માટે થતું હતું!

ધૂંધવાઈને જોયા કર્યા સિવાય હું શું કરી શકું?

અડધાએક કલાક પછી ત્યાંથી અમે વિદાય થયા ત્યારે ફરી એક વાર લાચારીથી, હતાશાથી મન ભરાઈ ગયું હતું. અદિતિજી પાસે હૈયું હળવું કર્યું. એમને મારી વ્યથા સમજાઈ હશે કે નહીં એ નથી ખબર, પણ એમની મમતાએ મને એમ કરવા પ્રેર્યો હતો.

'તમે જે કહો છો, વિચારો છો એમાં તમને શ્રદ્ધા છે?' અદિતિજીએ પૂછ્યું. એમનો સવાલ તલવારની ધાર જેવો અને આંખ ઉઘાડનારો હતો, 'અહીં જે કંઈ ચાલે છે તેની પાછળ અદ્ભૂત શ્રદ્ધા છે. તમે કદાચ એને અંધશ્રદ્ધા કહેશો, પણ એવી જરીક શ્રદ્ધા પણ તમને તમારામાં છે?' મારી પાસે જવાબ નહોતો. જીવનમાં એવી હજારો પળો આવી હતી જ્યારે હું હતાશ બન્યો છું, નિરાશ બન્યો છું, ત્યારે-ત્યારે મેં અનુભવ્યું છે - હતું કે મારી શ્રદ્ધા ડગી રહી છે, મારું સ્વાભિમાન ડોલવા લાગ્યું છે. તે દિવસે પણ મારી શ્રદ્ધા ડગમગવા લાગી હતી: 'જ્ઞાન, સત્યનો સાક્ષાત્કાર અને પરમપ્રેમનો અનુભવ - કશું જ જ્યારે કામ ન આવતું હોય ત્યારે?'

'એક બીજી વાત કહું?' અદિતિજી પ્રશ્ન કરી થોડી વાર થોભીને મારી સમ્મતિ માની બોલ્યાં: 'તમને અસંતોષ તો અમારા અઘોરીઓ કરતાં પણ વધારે છે!' અદિતિજીએ મારેલી આ બીજી થપ્પડ હતી અને એમની વાત સાચી હતી. એ આગળ બોલ્યાં: 'પાંચ દિવસમાં તમે અહીં જે અનુભવ્યું, તમે જે કંઈ કર્યું, બે અઘોરીઓનો જીવનરાહ બદલી નાખ્યો, કેટલાકને વિચારતા કરી મૂક્યા અને નિકુંભ, નિર્મલ અને પરાત્પર જેવાને પણ હચમચાવી મૂક્યા તે કમ નથી. તમે એક દિવસમાં જગતને બદલવા ઇચ્છો છો? એ શક્ય નથી. આટલા બધા આશાવાદી બનશો તો સદા નિરાશા સહન કરવી પડશે અને નિરાશા તમારી શ્રદ્ધાને ડગાવ્યા કરશે. ફૂલે સુગંધ ફેલાવવી જોઈએ. આખું જગત એનાથી મહેકી ઊઠે એવી ચિંતા કરવાની એણે કોઈ જરૂર ખરી?'

અદિતિજીના મુખેથી ચૈતન્યાનંદ બોલતા હોય એમ હું સાંભળી રહ્યો.

નિરાશા ચાલી ગઈ. એક સંતોષ-પરિતોષની ભાવના જાગવા લાગી.

'ફૂલે તો સુંગધ ફેલાવવી - બસ!' અદિતિજીનું આ વાક્ય જંગલમાંથી-પહાડો પરથી અને આકાશમાંથી પડઘાવા લાગ્યું.

મને થયું કે મે ઘણુંઘણું મેળવી લીધું છે. મેં અનાયાસ અદિતિજીનાં ચરણનો સ્પર્શ કર્યો. એમણે મારો હાથ ઝાલી કહ્યું: 'તમારી પાસેથી શીખેલું જ મેં તમને કહ્યું છે.'

'તમારી ખૂબખૂબ ઉદારતા મને હમેશાં યાદ રહેશે.' થોડી વાર પછી ઉમેર્યું: 'અદિતિજી, હું ક્યારનો ધર્મ વિશે વિચારતો હતો. ધર્મ શું છે અને અધર્મ શું છે? ધર્મ અધર્મ શા માટે બની જાય છે? ધાર્મિકતાના નામે પાખંડો શા માટે ચાલે છે? મનુષ્યોને પોતાના કર્તવ્યનો બોધ શા માટે નથી થતો? મનુષ્ય દુ:ખી શા માટે છે? બધા જ પ્રશ્નોનો જાણે જવાબ એકાએક મળી ગયો છે...

- સ્વાભાવિક, સહજ સુગંધ ફેલાવવી એ ધર્મ છે. એ સુગંધને બીજા ગ્રહણ કરે, સ્વીકારે એવી કામના કરવી એ અધર્મ છે. સુગંધ જ્યારે બીજા પર લાદવામાં આવે છે ત્યારે એ દુર્ગંધ બને છે અને લાદવાની આખી પ્રક્રિયા અનેક પાખંડોનું સર્જન કરે છે. પાખંડ લાદનારાઓ અન્યનું શોષણ કરી દુ:ખ ઉત્પન્ન કરે છે. સહજ રીતે સુગંધ ફેલાવવાનું કર્તવ્ય જ્યારે ભુલાય છે ત્યારે માનવીને અકર્તવ્યોની લંગાર ઘેરી વળે છે

- મારી શ્રદ્ધામાં, મારા સ્વાભિમાનમાં આજે અપૂર્વ વધારો થયો છે.'

o o o

ભોજન પતાવ્યું ત્યાં સુધી તો બધું ઠીકઠીક ચાલ્યું. અચાનક નિકુંભ આનંદ આવી ચડ્યો. મારી સાવ નજીક બેસી ખૂબ ધીરેથી બોલ્યો: 'તમારે નાસી જવું પડશે. વામદેવના કેટલાક સાથીઓનો ઇરાદો સારો હોય એમ લાગતું નથી. ભૈરવનાથ તમે બલિદાન જોઈને જશો એવું જાહેર કરશે, પણ મધ્યાહ્ન પછી જ્યારે ચોગાનમાં મહાપૂજા શરૂ થાય ત્યારે છટકી જજો. નિર્મલ તમારી રાહ જોતો કેડી પર ઊભો હશે. પહાડ પસાર કર્યા પછી વાહનનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. અદિતિજીએ પણ તમને આમ કરવા કહ્યું છે.'

ક્ષણેક ફફડાટ થઈ આવ્યો, પણ પછી સાવ નચિંત બની ગયો. હેમખેમ પાછા ફરવા વિશે મને કોઈ શંકા હવે રહી નહોતી. કોઈ અઘોરી મારું કશું બગાડી શકવાનો નથી, મારો વાળ પણ વાંકો કરી શકવાનો નથી એવી શ્રદ્ધા આપોઆપ જાગ્રત થઈ આવી હતી. આમ છતાં ભૈરવનાથની સૂચનાને અનુસરવાનું મેં નક્કી કર્યું હતું.

બપોરના યજ્ઞકુંડ અને ચામુંડાની મૂર્તિ સામે એક મોટી ચિતા ખડકી નાખવામાં આવી હતી. ચામુંડાની મૂર્તિને જંગલી ફૂલોથી શણગારવામાં આવી

હતી. મધ્યાહ્નથી જ અઘોરીઓ બેફામ નાચવા લાગ્યા હતા. બધાએ ખૂબ મદિરા પીધી હતી. માંસની જ્યાફત જોરશોરથી ચાલુ હતી. વામદેવ અને અન્ય અઘોરીઓ યજ્ઞકુંડ પાસે બેસી મંત્રોચ્ચાર કરતા હતા. પરાત્પર બાજુમાં જ એક ઊંચા આસન પર બેઠા હતા. એક અઘોરીએ પોતાનું ત્રિશૂળ જમીનમાં ખોસી ઊભું કર્યું, પછી પોતાની મંત્રશક્તિથી એણે લોખંડના ત્રિશૂળને સ્પર્શ કર્યા વગર જ વાળી નાખ્યું. બીજા એક અઘોરીએ આગ પર ચાલવાનો પ્રયત્ન કર્યો. સંપૂર્ણ સફળ થયો. ત્રિશૂળ ભોંકવા છતાં લોહી ન નીકળે એવો પ્રયોગ એક અઘોરીએ બીજા અઘોરી પર કર્યો.

હું ચૂપચાપ આ તમાશો જોયા કરતો હતો. વામદેવે મને નજીક બોલાવ્યો, 'તમે અમારા અતિથિ છો. તમારે કોઈ વિશેષ પ્રયોગ જોવાની ઇચ્છા છે?' એના સવાલમાં વ્યંગ અને તિરસ્કાર હતો જે હું સ્પષ્ટ અનુભવી શકતો હતો. એકાદ ક્ષણ હોઠ ભીડીને ઊભા રહ્યા પછી મેં નિશ્ચય કરી કહ્યું: 'અહીં આવ્યો ત્યારે સૌપ્રથમ નિર્મલ આનંદે દીવાલ પર મારો હાથ ચોંટાડી મને પોતાની શક્તિનો ચમત્કાર બતાવ્યો હતો. આજે મારે એ ચમત્કાર ફરી જોવો છે.' એમ કહી મેં મારો હાથ બાજુના થાંભલા પર મૂક્યો. મારો પંજો મેં જોરથી એ થાંભલા પર પછાડ્યો અને કહ્યું: 'તમારામાંથી કોણ મારો હાથ આ થાંભલા સાથે ચિટકાવી દઈ શકશે? મારે એ પ્રયોગ આજ ફરીથી જોવો છે.'

એક અઘોરી તરત જ મારી સામે આવ્યો. એ યુવાન હતો. ચહેરો ભયાનક હતો અને આંખોમાંની ક્રૂરતા એ વામદેવનો શિષ્ય હોવાની ચાડી ખાતી હતી. ખોપરીમાં વધેલી મદિરામાં જમણો હાથ ઝબોળી એણે કંઈક મંત્ર બોલી એના છાંટા મારા હાથ પર નાખ્યા. હું મારા પંજાને થાંભલા પર મૂકતો અને ઊંચકતો હતો. મારા હાથને કશી અસર થઈ નહોતી. બેએક વાર ફરીને પેલા અઘોરીએ મંત્રેલી મદિરા છાંટી, પણ મારો હાથ છૂટો જ રહ્યો. સ્તબ્ધ થયેલા અઘોરીઓએ ઉપહાસમાં અચાનક અટ્ટહાસ્ય કર્યું અને પેલો અઘોરી શરમાઈને બેસી ગયો.

'ખામોશ!' ત્રાડ પાડીને વામદેવ પોતાના આસન પરથી ઊભો થઈ ગયો. ટોળું સ્તબ્ધ બની ગયું. આશ્ચર્યકારક રીતે મેં મારી સ્વસ્થતા ગુમાવી નહોતી. પ્રચંડ, ભયાનક વામદેવ મારી સામે આવી ઊભો રહ્યો. છોકરીને ઊંચકી આવતો વામદેવ, પૂતલિકા-પ્રયોગ કરતો વામદેવ, પરકાયાપ્રવેશનું નાટક કરતો વામદેવ - એક ભયાનક સ્વપ્નની જેમ મને યાદ આવી ગયા. આંખ ઉઠાવી મેં એની સામે જોયું અને મને સમજાયું કે મેં એ ભૂલ કરી હતી. આંખનો દોર પકડી એ મને વશીભૂત કરવા ઇચ્છતો હતો. એક ક્ષણમાં તો મેં અનુભવ્યું કે હું એના પ્રચંડ પ્રભાવમાં આવી ગયો છું. શરીરમાંથી ઠંડી ધ્રુજારી પસાર થઈ ગઈ. થાંભલા પર મૂકેલા હાથ પર કીડીઓ ચાલવા લાગી હોય એવો અનુભવ થયો. ખૂબ પ્રયત્નપૂર્વક મેં મારા મનને દૃઢ કરી આંખોને આકાશ તરફ ફેરવી. ઝટકા સાથે

સંમોહનનો પ્રભાવ તૂટ્યો. હું લથડી પડ્યો. બીજી જ પળે મેં મારી જાતને સંભાળી લીધી અને ફરીથી થાંભલા પર મારો પંજો મૂકવા અને ઊંચકવા લાગ્યો. એણે સંતુલન ગુમાવ્યું હતું અને હવે એ ક્રોધથી કાંપતો હતો. મંત્રો બોલવામાં ભૂલ થવા લાગી. મંત્રોના અંતે મદિરા છાટવાનું પણ એ ભૂલી જવા લાગ્યો. મેં હસીને એની સામે જોઈ પંજો ઊંચકવા-મૂકવાની ક્રિયા ચાલુ રાખી.

અચાનક વામદેવે પોતાનું ત્રિશૂળ ઊંચક્યું. મૃત્યુ મારી નજર સામે દેખાવા લાગ્યું. મન પ્રસન્નતાથી સભર બની છલકાવા લાગ્યું હતું. મારી આસપાસ કશું જ ન હોય એવો મેં અનુભવ કર્યો. શાંત-નિર્મલ-સ્નેહસભર સુગંધથી આકાશ જાણે છવાઈ ગયું હતું. ચૈતન્યાનંદનો હસતો ચહેરો ક્ષણભર નજર સામે આવ્યો અને ચાલ્યો ગયો. આનંદના એ અદ્ભુત અનુભવમાંથી બહાર આવ્યો, ત્યારે મેં જોયું કે ભૈરવનાથ અને પરાત્પર વામદેવને સમજાવી દૂર લઈ જઈ રહ્યા હતા. ટોળું ચૂપચાપ વીખરાવા લાગ્યું હતું અને અદિતિજીએ પાસે આવી કહ્યું, 'નિર્મલ તમારી રાહ જૂએ છે. તમને વિદાય કરતાં અમને દુઃખ થાય છે, પણ...'

મેં હસીને એમને પ્રણામ કર્યા અને નિર્મલ આનંદ સાથે ચાલી નીકળ્યો.

ટેકરીની ટોચ પર પહોંચ્યો ત્યારે હજી સાંજ ઢળી નહોતી. ધાર પર જઈ અમે નીચે નજર કરી. ચિતાનો અગ્નિ પ્રગટી ચૂકેલો ત્યાંથી સ્પષ્ટ દેખાતો હતો. નગારાનો એકધારો અવાજ ધીમો પણ સ્પષ્ટ સંભળાતો હતો. કીડી જેટલા ઝીણા દેખાયા ત્યાં સુધી ત્યાં જ ઊભીને એ દૃશ્ય મેં જોયા કર્યું. એકાએક એક માસૂમ છોકરીની દર્દનાક ચીસથી જાણે આખું આકાશ કંપી ઊઠ્યું અને બીજી જ ક્ષણે નાગારાના અને અઘોરીઓના હૂ-હૂના અવાજોમાં એ ચીસ જાણે ધીરેધીરે ડૂબવા લાગી. મેં આંખ બંધ કરી કાન પર હાથ મૂકી દીધા. આંખ ખોલી ત્યારે આકાશ સંધ્યાના લાલ રંગે રંગાઈ ચૂક્યું હતું.

'તે દિવસે મારા જેવા સાવ નવાસવા અઘોરીએ તમારો હાથ આસાનીથી ચોંટાડી દીધો હતો અને આજે વામદેવ જેવા સમર્થને તમે નિષ્ફળ કેવી રીતે કરી શક્યા ?' ઢાળ ઊતરતા હતા ત્યારે નિર્મલ આનંદે મને પૂછ્યું.

'પાંચ દિવસમાં હું ખૂબ જ બદલાઈ ચૂક્યો છું, નિર્મલ ! તમારા પર શું અસર થઈ એની મને ખબર નથી. અલખ આનંદ કે વિતથનાથ પર થયેલી અસર પણ એમની જ શક્તિ અને ભાવના જાગ્રત થવાનું પરિણામ હતું. મેં કશું જ કર્યું નહોતું. કદાચ હું નિમિત્ત બન્યો હોઈશ, પણ મારામાં તમે બધાએ મળીને એક જબરજસ્ત પરિવર્તન લાવી દીધું છે. કંઈ કેટલાયે પ્રશ્નો મને મૂંઝવતા હતા તે તમારા સહવાસથી આપોઆપ ઊકલી ગયા છે. હું અહીં આવી રહ્યો હતો ત્યારે ડેનિયલ અને લિલિયન નામનાં બે હિપ્પીઓ મને ટ્રેઈનમાં મળ્યાં હતાં. ડેનિયલના એકરાર પછી મને થયું કે મનુષ્ય અઘોરી શા માટે બને છે એનું રહસ્ય સમજાયું છે. જેમ સતીઓના કારણે સમાજમાં વેશ્યાઓ અને ધનવાનોના કારણે નિર્ધન સર્જાય

છે એમ સંયમીઓના કારણે અસંયમી અઘોરીઓનું સર્જન થતું હશે એમ મને લાગ્યું હતું. પણ એ મારી ભૂલ હતી.

જડ, ચેતન અને ભાવનાત્મક ત્રિગુણ તત્ત્વો માનવીને પોતપોતાના બંધનમાં બાંધે છે. જ્યાં સુધી એ જીવનના રહસ્યને જાણી નથી શકતો ત્યાં સુધી એ આ તત્ત્વોની લાલસામાં અટવાયા કરે છે. જડતત્ત્વ માનવીને જડદ્રવ્યના મોહમાં નાખે છે. એવી જ રીતે ચૈતન્યતત્ત્વ એને સત્તાના મોહમાં નાખે છે. ભાવનાત્મક તત્ત્વ પણ માનવીને સ્નેહ કે પ્રેરણાના બંધનમાં નાખે છે - અને મને આ પાંચ દિવસમાં જે સત્ય મળ્યું છે તે આ છે:

પ્રેમ કરવો અને પ્રેમમય બનવું એમાં આસમાન-જમીનનો ફરક છે. પ્રેમ કરવા માટે અન્યની જરૂર પડે છે, પ્રેમમય બનવા માટે નહીં. ફૂલ સુગંધ આપે છે અને દીપક પ્રકાશ આપે છે. કોઈ એ સુગંધ કે પ્રકાશને આવકારે - અવગણે તેમાં એમને શું? એ સુગંધ ફેલાવશે. એ પ્રકાશ ફેલાવશે. બસ, એ ફક્ત પ્રેમમય બનશે, પરિણામ કે પારિતોષિકની પરવા કર્યા વગર.

જે દિવસે આવ્યો ત્યારથી પેલી માસૂમ છોકરીની મને ચિંતા થયા કરતી હતી, તમારા અઘોરીઓ પર ક્રોધ આવતો હતો. આજે એમાંનું કશું નથી. છોકરીની ચિંતા નથી. અઘોરીઓ પર કોઈ રોષ નથી. નિર્મલ, મારી ક્ષતિઓ, મારી ઊણપોનું મેં અહીં આ પાંચ દિવસમાં નિરીક્ષણ કર્યું છે. હું પ્રેમમય બન્યા સિવાય પ્રેમ કરવા નીકળ્યો હતો. કોઈ પોતાના પ્રકાશનો ઉપયોગ નથી કરતું એવો દીપકને અફસોસ થાય ખરો? થાય તો કેવું હાસ્યાસ્પદ લાગે? આ તેં હાથ ચોંટાડ્યો હતો અને વામદેવે આજે નિષ્ફળ પ્રયત્ન કર્યો તેમાં ફક્ત એટલો જ ફરક પડ્યો છે. તે દિવસે મારા હાથ ગંદા હતા. પાંચ દિવસના તમારા સહવાસ પછી એ કંઈક ચોખ્ખા બન્યા છે અને મને આજે સમજાયું છે કે આપણે આપણને ફક્ત સ્વચ્છ કરવાની જરૂર છે, વિશેષ કશું જ નહીં.'

ઝાંખા અજવાળામાં મેં નિર્મલની વિદાય લીધી ત્યારે અમારી બન્નેની આંખો અનાયાસ ભીની બની હતી. નિકુંભને યાદ અને બાબા ભૈરવનાથ તથા માતા અદિતિજીને અને પરાત્પર સહિત સહુને પ્રણામ કહી મેં નિર્મલ તરફથી ઝડપથી મારું મુખ ફેરવી લીધું.

સ્ટેશનવૅગનની બત્તીઓ પ્રકાશી ઊઠી. એકાદ ગીત ગણગણવાની ઇચ્છા થઈ આવી. અમાસની કાળી રાત્રે ટમટમતા તારાઓ તરફ એક નજર નાખી અને મેં સ્ટેશનવૅગનમાં પ્રવેશ કર્યો. મારા આશ્ચર્ય વચ્ચે સ્વામિ શિવાનંદ મને ભેટી પડ્યા.

ο ο ο

પ્રકરણ ૨૧

પાંચ દિવસની મુલાકાતની વાત વીસમા પ્રકરણમાં જ આમ તો પૂરી થઈ ગઈ. આ છેલ્લું પ્રકરણ લખવા બેઠો છું ત્યારે મારી સામે તમારા અનેક પ્રશ્નો ઊભેલા હું જોઈ શકું છું. આશ્ચર્ય, આઘાત, આશંકાઓને અતિક્રમીને આ મારો અનુભવ આજે તમારો બની ગયો છે.

આ અદ્‌ભુત અનુભવ માટે પ્રેરનારું બળ કયું હતું મારી પાસે? આ અનુભવ પછી એ પ્રેરકબળમાં મારી શ્રદ્ધા કેટલી વધી? આ અનુભવથી મને-તમને કશો ફાયદો થયો ખરો? હું ઇચ્છું છું કે પ્રશ્નો તમારા અંતરમાં પણ જાગે. પ્રશ્નો તમારામાં જગાવવા માટે જ મેં આ વાત તમને કહી છે.

તમે ક્યારેય તમારો પોતાનો - તમારી જાતનો વિચાર એકાંતમાં, વિશાળ ધરતી અને અનંત આકાશના સાંનિધ્યમાં બેસી કર્યો છે ખરો? ફક્ત એક વાર તમારા જીવનના આગમ, હેતુ અને અંત વિશે વિચારો. બસ, ફક્ત એક વાર- સાચા હૃદયથી, સદ્‌ભાવનાથી - અને જવાબ મેળવવાની કોશિશ કરો - સતત-સતત-સતત.

હું તમને કહેવા ઇચ્છતો હતો - ઇચ્છું છું અને ઇચ્છીશ તે ઘણુંખરું મેં કથા દરમિયાન કહ્યું છે. આમ છતાં તમને આ વાતમાં ઉલ્લેખાયેલા સ્વધર્મ અને કલ્પનાયોગ વિશે વિશેષ જાણવાની ઇચ્છા થઈ હશે, કારણ કે એ જ આ અનુભવ માટે મારાં પ્રેરકબળ હતાં. એમાં જ મને શ્રદ્ધા હતી અને એ શ્રદ્ધામાં જ હું વૃદ્ધિ ઇચ્છતો હતો.

આ જગતમાં અનેક ધર્મો છે. મારા હિસાબે જગતમાં માણસ માટે હોવા જોઈએ તે કરતાંય વિશેષ છે. ઈશ્વરો છે અને ઈશ્વરી ફરમાનો જેવાં શાસ્ત્રો અને પુરાણોની કોઈ કમી નથી. તમારા માટે જ્ઞાનને ગૂંચવવા પૂરતા વિદ્વાનો અને પંડિતો આ જગતમાં થઈ ગયા છે અને વર્તમાનકાળમાં પણ હાજર છે. અનેક પંથો, ગુરુઓ, યોગીઓ, તાંત્રિકો, માંત્રિકો અને અઘોરીઓથી આ દુનિયા છલકાઈ રહી છે. સુખશાંતિના સસ્તા અને કઠિન માર્ગોના ભોમિયા તમને ભૂલા પાડવા માટે ચારે તરફ ભટકી રહ્યા છે ત્યારે....

સ્વધર્મ અને કલ્પનાયોગની કોઈ જરૂર છે ખરી?

મારા માટે છે - મને લાગે છે કદાચ તમને પણ એની જરૂર છે. તમારા-મારા સેંકડો, લાખો, કરોડો સાથીઓને એની જરૂર છે. તમારી - મારી આવતી પેઢીને એની જરૂર છે - અને એ મેં અનુભવ્યું છે. તમારા સેંકડો-હજારો પ્રશ્નો મારી સામે આવી ઊભા છે. મારા પોતાના જ હજારો પ્રશ્નો છે - હતા - હશે - અને મને જવાબ મળ્યો છે - મળતો રહેશે.

ધર્મ શું છે ? કેવો હોવો જોઈએ ? શા માટે હોવો જોઈએ ? ધર્મ સ્વભાવ છે કે ફરમાન ? ધર્મ ઈશ્વર-પ્રેરિત છે કે ઈશ્વર મનુષ્ય-પ્રેરિત છે ? ઈશ્વર કોણ છે ? શું કરે છે ? શા માટે કરે છે ? એ ખરેખર છે ખરો ? - અને છે તો કેવો છે ? હતાશ બનાવે, ગુલામ બનાવે, કચડે, ભ્રમણાઓમાં ફસાવે એ ધર્મ છે ?

એ પ્રપંચ છે.

મનુષ્ય સ્વાથી પ્રાણી છો એ હંમેશાં અન્યનો ઉપયોગ પોતાના લાભ ખાતર ખરવા ઇચ્છે છે. જે મનુષ્ય ધર્મનો અને ઈશ્વરનો પણ ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરે એમાં કોઈ નવાઈ છે ખરી ? એણે વિચારોનો, જ્ઞાનનો ઉપયોગ પોતાના માટે તો કર્યો જ, પણ પોતાના જ સાથીઓને કચડવામાં, તેમને ગુલામ બનાવવા પણ કર્યો. શરમની વાત તો એ છે કે આવાં અઘોર કૃત્યને એ ધર્મ-કર્મ-કર્તવ્યના નામે દંભી અંચળો પણ ઓઢાડી શકે છે !

વિદ્વાનો, જ્ઞાનીઓ, તત્ત્વજ્ઞાનીઓ, ધર્માચાર્યો, ગુરુઓ અને ભગવાનના કહેવાતા અવતારોએ ધર્મ પર એટલા વિવાદો, પ્રચારો, ભાષણો, ટીકાઓ અને શાસ્ત્રોનો ઢંગ રચી દીધો છે કે મનુષ્યનો સાચો ધર્મ તો એને શોધવા છતાંય મળતો નથી.

ધર્મ વિશે કક્કોય ન જાણતો માનવી ધર્મના નામે સોગંદ ખાઈ શકે છે, તલવાર ઊંચકી શકે છે અને અન્ય માનવીની કતલ કરી શકે છે. ઈશ્વરને લાલચ આપી પોતાના પક્ષમાં લઈ એ અન્ય માનવીનું શોષણ કરી શકે છે, જેને એ પોતાનું સદ્‌ભાગ્ય અને શોષિતનું દુર્ભાગ્ય કહે છે. એ પોતાની ચાલાકીનો વધુમાં વધુ ઉપયોગ પોતાના દુષ્કૃત્યોને ઢાંકવા અને ભયથી ભાગવા માટે કરે છે. મૃત્યુના ભયથી ભાગવા એ અવિનાશી, અજર, અમર આત્માની કલ્પના કરી એને ફરી-ફરી જન્માવી શકે છે. પોતાના સ્વાર્થને ન પોષે તેવાં કૃત્યને એ પાપ ઠરાવી શકે છે. પોતાના દુષ્કૃત્યોને પુણ્યનાં ફળ ગણાવી છુપાવી શકે છે.

આ વિશ્વમાં ફક્ત એક પ્રકૃતિ - કુદરતના ધર્મ સિવાય કોઈ ધર્મ નથી. એ સિવાયના ધર્મો એ માનવીએ પોતાના સ્વાર્થ માટે રચેલા પ્રપંચો છે.

જીવનમાં તમે સંતાપ પામો છો, દુઃખી છો, ભય પામો છો અને તમે કોઈ મંદિરમાં ફૂલ ચડાવવા પહોંચી જાઓ છો, ગુરુનું રક્ષણ શોધો છો અને વધુ ને વધુ નિર્બળ બનો છો, ધર્મ તમને નિર્બળ બનાવે છે, ઝનૂની બનાવે છે. અંધ-શ્રદ્ધાળું બનાવે છે, કોઈકના સ્વાર્થને આમાં રસ છે. એ ઇચ્છે છે કે તમે નિર્બળ બનો. એ ઇચ્છે છે કે તમે તમારી પરિસ્થિતિને સ્વીકારી લ્યો.

સ્વધર્મ ક્રાંતિકારી વિચાર છે. તમને તમારી પરિસ્થિતિથી સંતોષ હોય તો આ તરફ આવશો નહીં. તમને ગુલામી મંજૂર હોય તો આ તરફ જોશો નહીં.

તમે સત્યને સહન ન કરી શકતા હો તો આ તરફ આવવાનો વિચાર જ ન કરશો.

સ્વાર્થને ફેંકી દેવાની તમારી તૈયારી ન હોય તો મુઠ્ઠીઓ ભીંસીને મોં બંધ રાખી બેસી રહેજો.

સ્વધર્મનો સ્વીકાર કરતાં પહેલાં તમારે તમારા મિથ્યાજ્ઞાન, મિથ્યા માન્યતાઓ અને સ્વાર્થને ફેંકી દેવાં પડશે. પ્રકૃતિથી દૂર આવ્યા છો - તમારે પ્રકૃતિ પાસે પાછા જવું પડશે.

સ્વધર્મનું તત્ત્વજ્ઞાન - સત્ત્વજ્ઞાન ત્રણ શબ્દોમાં સમાયું છે :

સત્ય-સંયમ-સ્નેહ.

આ સિવાય કશું જ નહીં. આ જ ત્રણ શબ્દો પર વિશ્વનો દરેક ધર્મ રચાયો છે, છતાં સ્વાર્થી પંડિતો, વિદ્વાનોએ, ધર્મના ઠેકેદારોએ એના પર વિવાદના, માન્યતાઓના, આડંબરના અને દંભના ચાફડાઓ રચ્યા છે. તમારે તો ફક્ત આ ચાફડાઓને તોડવાના છે.

તમને સુખ, સફળતા, સિદ્ધિ ને દ્રવ્યની પ્રાપ્તિ અને સત્તાખોરીમાં તોલતાં શીખવવામાં આવે છે કોઈ શાહુકાર છે - કોઈ સત્તાધીશ છે, તો એ તેના કોઈ સત્કર્મના પ્રભાવ-ફળ નથી. એ એના સ્વાર્થે કરાવેલી પ્રાપ્તિ છે અને તમારી મૂર્ખતાનું પરિણામ છે. પ્રકૃતિએ સર્વ મનુષ્યો માટે સમાન તક પૂરી પાડી છે. સ્વાર્થીઓ તમારી તકને ઝૂંટવી લે છે અને એમનો ધર્મ તમને એ પરિસ્થિતિ સ્વીકારી લેવા તૈયાર કરે છે. સહુ મનુષ્યો એકસરખાં છે. સહુને જીવવા માટે હવા, પાણી, અનાજની જરૂર છે. સહુને સમાન જન્મ અને સમાન મૃત્યુ છે. આ તમારો હક છે. તમારા હક પ્રત્યે સભાનતા એ જ તમારો સ્વધર્મ છે અને બીજાના હકનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ ન કરવો એ તમારો સ્વધર્મ છે અને આ જ સત્ય છે.

સ્વાર્થ જ અધર્મનો બાપ છે, અનર્થનો પિતા છે. સંયમ તમને સ્વાર્થમાંથી મુક્તિ અપાવે છે ફક્ત તમારા હક પૂરતું જ લ્યો. હકથી જરા પણ ઓછું નહીં. હકથી જરા પણ વિશેષ નહીં. અન્યને અન્યાય કરવામાં સંયમ - અન્યાય સહન કરવામાં સંયમ, વાણી, ભોજન, વિચાર, પ્રેમ વાસના દરેકમાં સંયમ - આ સ્વધર્મ છે. જીવવું એ તમારો હક છે. જીવવા માટે અન્યને પણ જીવવાનો હક છે, આ સ્વીકારો.

'સ્નેહ.' શા માટે જીવો છો તમે ? તમારા સમગ્ર અસ્તિત્વને - તમારી જડતાને, તમારી ચેતનાને, તમારી ભાવનાઓને તમારે સ્નેહમાં પલટાવવાની છે. આ જ તમારા જીવનનું ધ્યેય છે. જીવનનું ધ્યેય જે જાણતો નથી એ અટવાયા કરે છે. આ વિશે તમારે સતત વિચારવાનું છે. હું કશું જ કહી શકું નહીં. કરોડો શબ્દોમાં ન કહી શકાય એવું આ 'મૌન' કર્તવ્ય છે. સમજાવવાની-સમજવાની નહીં પણ સ્વીકારવાની આ વાત છે. આ સત્ય છે અને એ જ સ્વધર્મ છે.

આટલું સમજી લ્યો અને જુઓ, સ્વીકારી લ્યો અને અનુભવો.

તમને કોઈની જરૂર નથી - ઈશ્વરની, ખુદાની, 'ગૉડ'ની, શાસ્ત્રોની, પંડિતોની, જ્ઞાનીઓની. તેમને વિવાદો કરવા દ્યો. ઈશ્વરના સ્વરૂપ વિશે ઝઘડવા દ્યો, શાસ્ત્રાર્થ કરવા દ્યો, સ્વર્ગ, નર્ક, આત્મા, પરમાત્મા, જન્મ, પુનર્જન્મ, વગેરેની ભ્રમણામાં ભલે એમને જ રહેવા દ્યો. મંત્ર-તંત્ર એમને મુબારક હો. પાપ-પુણ્યનાં તોલમાપ ભલે એ નક્કી કર્યા કરે. તમે જ્યારે સત્યને જાણી લ્યો છો ત્યારે તમને આ કશું સ્પર્શતું જ નથી. તમે ફક્ત જીવો છો, સંપૂર્ણ રીતે જીવો છો, આનંદથી જીવો છો, સ્નેહમય બની જીવી રહ્યા છો.

સ્વધર્મ વિવાદોનો, પાંડિત્યનો, શાસ્ત્રાર્થનો વિષય નથી. એ જીવન જીવવાનો માર્ગ છે. આમાં ફક્ત એવી રીતે જીવી શકાય, બાકી કશું જ નહીં.

આ ખૂબ જ સહેલું છે, છતાંય નથી, કારણ કે સ્વાર્થ તમારી ચામડીની જેમ તમને ચોંટ્યો છે. એ તમારા લોહીમાં વહી રહ્યો છે. એ તમારા શ્વોસોચ્છ્શ્વાસમાં ગૂંથાયો છે.

સતત પ્રયત્ન જ સ્વાર્થને સંયમમાં-સ્નેહમાં-પરમાર્થમાં પલટાવી શકે. શ્વાસ લેવામાં જરાય પરિશ્રમ લાગતો નથી, એમ સ્વધર્મનો સ્વીકાર કરતાં જ પરિવર્તનની પ્રક્રિયા આપોઆપ શરૂ થાય છે. તમારે ફક્ત જાગ્રત - જીવંત રહેવાની જરૂર છે. એ સરળ બની જશે. ફક્ત એક વાર એને ત્યાગવાનો નિશ્ચય કરો - નિશ્ચય તો કરો!

એવા પણ દિવસો હતા જ્યારે હું ધર્મને શોધવા શાસ્ત્રો વાંચતો હતો, ગુરુઓ શોધતો હતો, મંદિરોમાં ભટકતો હતો. સ્વાર્થની ગંધ બધે જ આવતી હતી. અંગ્રેજીમાં એક શબ્દ છે-'એક્સપ્લોઈટ' કે 'ઈક્સપ્લોઈટ' જેના બે અર્થ શબ્દકોશમાં આપવામાં આવ્યા છે - મહાપરાક્રમ અને 'ગેરલાભ લેવો સ્વાર્થ માટે.' સ્વાર્થસિદ્ધિને જ આ જગતમાં મહાપરાક્રમ ગણવામાં આવે છે! હું થાક્યો. એકાએક સમજાયું કે સાચો ધર્મ તો, - માનવી માટેનો, સાચો ધર્મ તો - માનવી પાસે જ મળી શકશે. માણસોને ઓળખવાની શરૂઆત કરી. સ્વાર્થ અને મૂર્ખતાના પોપડા ઉખેડતાં-ઉખેડતાં ક્યાંક આંસુઓની વચ્ચે ટમટમતો પ્રકાશ દેખાયો. ધર્મે કાયરતા આપી છે અને સ્વાર્થીઓને લૂંટવાનો પરવાનો આપ્યો છે. કરોડો માનવીઓ ફક્ત જીવે છે. ફક્ત જન્મના કારણે જ કોઈ ધાર્મિક છાપ સ્વીકારી લે છે. એ છાપ એને એક ભ્રામક સલામતી આપે છે. કરોડો માનવીઓ પોતાના જીવનધર્મ વિશે સભાન નથી, કારણ, સ્વાર્થીઓએ તેમને એમ રહેવાની ફરજ પાડી છે. સત્તાધીશ ઇચ્છે છે કે એની સામે કોઈ માથું ઊંચકે નહીં. કાયદાથી, બળથી, ધાર્મિક પ્રલોભનો-પ્રપંચોથી એ પોતાના સ્વાર્થને પોષતો રહે છે. ધનવાન, બુદ્ધિમાન પણ સ્વાર્થને ખાતર અન્ય મનુષ્યનું શોષણ કરવા આ જ યુક્તિ અજમાવે છે. દુઃખની વાત તો એ છે કે શોષાનારા મૂર્ખતાના કારણે આ સ્વીકારી લે છે. એમને ઇરાદાપૂર્વક મૂર્ખ

બનાવવામાં આવે છે. સ્વધર્મ સ્વાર્થીઓને અને સ્વાર્થનો ભોગ બનેલાઓને પણ સાચો માર્ગ બતાવે છે. એ જીવન જીવવાનો માર્ગ છે, જીવંત બનવાનો માર્ગ છે. મૃત્યુ તરફ એ આંધળી દોટ નથી. કર્મના ફળની વાતો કરો ત્યારે મહેરબાની કરી એનું મૂલ્યાંકન ભૌતિક સમૃદ્ધિ કે અભાવમાં કરશો નહીં. સ્વધર્મ મનુષ્યને ભાવનાત્મક ઊંચાઈએ લઈ જનારો માર્ગ છે. સંતોષી, આનંદી, પ્રેમાળ, સંયમી, જિજ્ઞાસુ, જીવંત મનુષ્ય મને બતાવો. એ જ મનુષ્ય એનાં સત્કર્મોનું ફળ ભોગવી રહ્યો છે. એ સ્વધર્મી છે, સાચો સ્વધર્મી.

સ્વધર્મી નિઃસ્વાર્થ છે. એ ચમત્કારો કરી અન્યને પોતાના પ્રભાવ નીચે લાવવા નથી ઇચ્છતો. એ એવી સંપત્તિ નથી ઇચ્છતો જે બીજાનો હક છીનવીને હાંસલ કરવામાં આવી હોય. એ એવા દરેક વિચારને અમાન્ય કરે છે, જેમાં સ્વાર્થની ગંધ આવતી હોય.

કલ્પનાયોગ શું છે?

ઘણા મનુષ્યોમાં એક ગેરસમજ પ્રવર્તે છે. યોગને લોકો સિદ્ધિ માને છે. હકીકતમાં યોગ એ તો ફક્ત એક સાધન છે. સ્વાર્થીઓના પ્રપંચના કારણે મનુષ્યો સાધના પ્રાપ્ત થતાં જ સિદ્ધિ પ્રાપ્ત થઈ એમ માની લે છે. કલ્પનાયોગ પણ સ્વધર્મને અનુભવવાનું સાધન છે. માત્ર સાધન - ફક્ત તલવાર હાથમાં આવી જવાંથી વિજય પ્રાપ્ત થતો નથી.

અનેક માનવીઓના સંપર્કમાં આવ્યા પછી મેં જોયું કે મોટા ભાગના મનુષ્યો પોતાની માનસિક શક્તિઓથી સાવ અજાણ છે. મન વિશે ભયાનક ગેરસમજો ઊભી કરવામાં આવી છે. ધર્મ, સમાજ, સત્તા, કાનૂન વગેરે મનના ભયાનક દુશ્મનો છે. મને કહેવા દો, આમ જાણીબૂઝીને કરવામાં આવ્યું છે. મનને મારો, મનને દબાવો, મનને કાબૂમાં રાખો, મન ભયાનક-ખરાબ છે, એમ તમને શીખવવામાં આવી રહ્યું છે. આ પ્રપંચ તમારા લોહી સાથે ભેળવી દેવામાં આવ્યો છે. નિર્બળ મનના કારણે જ તમે ભ્રામક માન્યતાઓનો ભોગ બનો છો અને સ્વાર્થના ખપ્પરમાં તમારું બલિદાન આપો છો.

મનની અજબ શક્તિઓ વિશે આ અગાઉ મેં 'ચમત્કાર અને નમસ્કાર'માં લખ્યું છે. આ પુસ્તકમાં પણ આપે એ વાંચ્યું છે. અઘોરીઓ કોણ છે તમને ખબર છે? મનની શક્તિઓનો પોતાના સ્વાર્થ ખાતર ઉપયોગ કરનાર દરેક મનુષ્ય અઘોરી છે અને મનની નિર્બળતાના કારણે એ સ્વાર્થનો ભોગ બનનારો દરેક મનુષ્ય બલિદાન માટેનું જાનવર કે પેલી અબુધ મૂર્ખ છોકરી છે.

કલ્પનાયોગ તમને તમારી મનની અદ્‌ભુત શક્તિનો પરિચય કરાવે છે. કલ્પવૃક્ષનું નામ તમે સાંભળ્યું હશે. કલ્પવૃક્ષ એ જ તમારી કલ્પનાશક્તિ છે. કલ્પના સિવાય કશું જ આ જગતમાં શક્ય નથી. ક્યારેક કોઈ 'આ કલ્પના છે કે

સત્ય?' એમ પૂછે છે ત્યારે મને એ માનવીની મૂર્ખતા ઉપર દુ:ખ થાય છે. સત્યની આગળ જ્ઞાન અને જ્ઞાનની આગળ કલ્પના રહે છે. કલ્પનાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને જ્ઞાન વડે જ સત્યને પામી શકાય છે. કલ્પના-સંકલ્પ વગર એક પણ વસ્તુ-વિચાર-જ્ઞાનની સંભાવના તમે મને બતાવી શકશો?

કલ્પનાયોગનો સાધન તરીકે ઉપયોગ કરતાં પહેલાં સ્વધર્મના ત્રણ શબ્દોના ધર્મનો ભાવનાત્મક રીતે સ્વીકાર કરવાની જરૂર છે: સત્ય-સંયમ-સ્નેહ. મનના ઘોડાને જ્યારે તમે પલાણો ત્યારે સ્નેહની મંઝિલ, સંયમની લગામ અને સત્યનો માર્ગ નિશ્ચિત હોવો જરૂરી છે. આમ ન હોય તો બેકાબૂ મન તમને ભ્રમણાઓના જંગલમાં ભટકાવી મૂકે.

આ યોગની શરૂઆત પલાંઠી મારી શાંતિથી બેસીને કરી શકાય છે, પણ એ સતત પ્રક્રિયા બનવી જોઈએ. પાંચ-દસ-પંદર મિનિટ શાંત બેસી રહેવાથી મનને આરામ મળે છે ખરો, પણ એનાથી મંઝિલે પહોંચી શકાતું નથી. અનેક પ્રકારના યોગ કરનારાઓ મન શાંત થતાં જ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એમ માની લે છે. આ ભ્રમણા છે. કલ્પનાયોગ એ ફક્ત મનને શાંત કરવા માટેનો યોગ નથી. એ મનને બળવાન કલ્પનાશક્તિથી ભરપૂર અને સંકલ્પથી છલકતું બનાવનારો યોગ છે. આ સ્વધર્મીનો યોગ છે. આ યોગમાં નિષ્ક્રિયતાને અવકાશ નથી. તમારાં જડ, ચેતન અને ભાવનાત્મક તત્ત્વોને સ્નેહમાં પલટાવવાનો એક મહાનિર્ધાર છે, મહાસંકલ્પ છે. તમે જેમ ક્ષણેક્ષણે શ્વાસ લ્યો છો અને જીવો છો એમ જ આ કલ્પનાયોગ પણ તમારી માનસિક શક્તિને સતત સત્યના માર્ગે સંયમની લગામ નાખી સ્નેહની મંઝિલ તરફ લઈ જાય છે. પ્રત્યેક શ્વાસ સાથે સાધવાનો યોગ છે.

મનની અદ્ભુત શક્તિ વિશે અહીં ફરીથી દોહરાવીશ. શક્તિ હંમેશાં બેધારી હોય છે. એ તારી શકે અને મારી શકે. એ શક્તિ આસુરી પણ બની શકે. મનની શક્તિનો દુરુપયોગ કરનારાઓ જ અસુરો અને અઘોરીઓ છે. શક્તિ સ્વાર્થનો ભોગ બને ત્યારે ભ્રમણામાં ફસાય છે. મનની અદ્ભુત શક્તિ જ જડ-ચેતન તત્ત્વને સ્નેહમય ભાવનામાં પલટાવી શકે.

તમારે ફક્ત આટલું જ કરવાનું છે - સ્વધર્મ પર સ્વાર્થનો રાફડો બાઝ્યો છે તેને તોડવાનો છે. એ માટે કલ્પનાયોગ તમને માનસિક શક્તિ પૂરી પાડશે. એ તોડ્યા પછી તમારી જાતનું સંપૂર્ણ પરિવર્તન સ્નેહમાં કરવાનું છે. આ જ શ્રેષ્ઠ કર્મ છે. આ શ્રેષ્ઠ કર્મના બદલામાં તમને કોઈ ભૌતિક લાભ થવાનો નથી, સ્વર્ગ મળવાનું નથી, ઈશ્વરનાં દર્શન થવાનાં નથી અને સ્નેહમય બની ગયા પછી તમને એ બધાયની કોઈ આવશ્યકતા છે ખરી? સ્નેહમય બન્યા પછી પૂર્વજન્મ, પુનર્જન્મ અને આત્માની ચિંતા શા માટે? સ્વધર્મીને કોઈ ચિંતા નથી, કારણ કે એને કોઈ સ્વાર્થ નથી.

સ્વાર્થ ઊધઈ જેવો છે. જરા બેદરકાર રહો અને એ તમને ચોંટશે,

ખતરનાક જંતુની જેમ વધતો રહેશે - ફેલાતો રહેશે. એટલે એનાથી સતત ચેતતા રહો. તમે ભાગો, એ તમને પકડવા દોડશે. તમે એને છોડો, એ એનાં અનેક મોહિની - રૂપે તમારી સામે આવશે. સ્વાર્થ ધર્મનો સ્વાંગ સજી શકે છે, પંડિતાઈ કરી શકે છે, સાધુ બની શકે છે, ઈશ્વર બની શકે છે, સ્વર્ગ બની શકે છે અને અજરઅમર આત્મા બની શકે છે. એ લાભદાયક જ્ઞાન બની શકે છે, સેવાનો ચહેરો પહેરેલી સત્તા બની શકે છે અને સ્વાર્થથી ગંધાતું દાન બની શકે છે. પત્નીના, પતિના પ્રેમને એ છોડતો નથી, માની મમતાને પણ ગંધાવી શકે છે. એ ભક્તિને ભ્રષ્ટ કરી શકે છે અને એ દંભ તો એનો માનીતો ચહેરો છે.

મરજીવા સાગરમાં ડૂબકી મારે ત્યારે ખોબો ભરીને મોતી લાવે. આ અનુભવના સાગરમાં મેં અને તમે એક ડૂબકી લગાવી છે. મોતી વીણી લાવવાની મારી ઇચ્છા નહોતી, નહોતી ઇચ્છા ફેફસાંને મજબૂત કરવાની. ઘણા મિત્રોએ કહ્યું હતું : 'ત્યાં જઈ પાંચ દિવસ રહી આવ્યો અને એકાદો ચમત્કાર પણ શીખી ન લાવ્યો ?' કેટલાક માનતા કે હું 'કંઈક' શીખી લાવ્યો છું. હું ફક્ત હસતો. મેં જે મેળવ્યું તે લાખો મોતીઓ અને કરોડો ચમત્કારો કરતાં પણ વિશેષ છે. મેં જે મેળવ્યું છે તે જ તમને આપવાની મેં કોશિશ કરી છે. સ્વીકારવાની જવાબદારી તમારી છે.

- આખરે તો સત્ય હોય તે જ શેષ રહે છે. આ અનુભવકથામાં જે સત્ય હો તે જ તમારી સ્મૃતિમાં રહો. અજ્ઞાન અને અજ્ઞાનના આધારે રહેલો સ્વાર્થ નાશ પામો.

(સંપૂર્ણ)

લેખકનું સરનામું :

સુરેશ સોમપુરા
૧૪, યોગાયોગ, પી. એમ. રોડ,
વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૭
ટે. નં. ૬૧૩૩૨૪૮

આ પુસ્તક ૧૯૭૭માં એક ગુજરાતી સાપ્તાહિકમાં
ધારાવાહિક રૂપે પ્રસિદ્ધ થયું.

ગુજરાતી ભાષામાં બે મહિનામાં જ
બે આવૃત્તિઓ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ.

મરાઠીમાં બે સાપ્તાહિકોમાં ધારાવાહિક રૂપે આવી.

હિંદીમાં અત્યાર સુધીમાં નવ દૈનિકોમાં
જુદા જુદા સમયે અને સ્થળે ધારાવાહિક રૂપે પ્રસિદ્ધિ પામી.

કન્નડ ભાષાના એક ધરખમ ફેલાવો ધરાવતાં
સાપ્તાહિકમાં પ્રસિદ્ધિ પામી.
પુસ્તકની બે આવૃત્તિઓ કન્નડ ભાષામાં પ્રસિદ્ધ થઈ.

પંજાબી ભાષામાં - 'ટ્રિબ્યુન'માં પ્રસિદ્ધિ પામી.

મલયાલમ ભાષામાં પણ પ્રસિદ્ધિ પામી છે.

આ સફળતાનું કારણ છે : સત્ય - સંયમ - સ્નેહનો
સ્વધર્મનો સંદેશ.

ભારતના લાખો લોકોએ વાંચ્યું.

આપે આ પુસ્તક વાંચ્યું છે ?

